॥ श्री नाथजी ॥



કોપીરાઇટ–વલ્લભભાઇ છગનલાલ દેસાઇ, રીચી [illegible], અમદાવાદ.
એડવાન્સ પ્રીન્ટરી, અમદાવાદ.

॥ श्रीकृष्णाय नमः ॥

श्री भक्तिग्रन्थमाला. ग्रन्थाङ्क ६४.

શ્રીશુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રતિપાદિત

જગદ્‌ગુરૂ શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રકટિત

श्रीपुष्टिमार्गीय

नाम-निवेदन मंत्र निरूपण

नाममंत्रः—અષ્ટાક્ષરમંત્ર ઉપરનું યાવત્પ્રાપ્ય સાહિત્ય

निवेदनमंत्रः—બ્રહ્મસમ્બન્ધમંત્ર-ગદ્યમંત્ર ઉપરનું યાવત્પ્રાપ્ય સાહિત્ય

સચિત્ર—પાંચ રંગીન ચીત્રો, ૪ સાદાં ચીત્રો

સંચાહક
લેખક
પ્રકાશક

લલ્લુભાઈ છગનલાલ દેસાઈ

વ્યવસ્થાપકઃ—"શ્રી ભક્તિગ્રન્થમાળા" કાર્યાલય
રીચીરોડ, નં ૫૭, મેડા ઉપર
ઘરનું ઠે. કાલુપુર, હીંકવા ચોકી સામે, ટેંમલાપોળ નં. ૩૩૬
અમદાવાદ

ન્યો. રૂ. ૧-૪-૦

આ ગ્રન્થમાં નીચેના વિષયોનો સમાવેશ છે.

૧ નામમંત્ર—શ્રી અષ્ટાક્ષરમંત્ર મૂળ, શબ્દાર્થ, અક્ષરાર્થ, વિવેચન, ટીકા, ટીપ્પણ સાથે વ્રજભાષા તથા ગુજરાતી ટીકા સાથેનું યાવત્પ્રાપ્ય સાહિત્ય.

૨ નિવેદનમંત્ર—બ્રહ્મસંબંધમંત્ર-ગદ્યમંત્ર ઉપર શ્રી કાશીવાળા શ્રી ગિરિધરજી મહારાજની શબ્દાર્થ, વિવેચન, તથા ભાવાર્થ સાથેની વ્રજભાષા ટીકા

શ્રી ગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રી વલ્લભજી, શ્રી વ્રજભૂષણજીમહારાજની સંસ્કૃત ટીકાનું ગુજરાતી ભાષાન્તર, સાંપ્રદાયિક ધુરંધર સુપ્રસિદ્ધ વિદ્વાનોના ગદ્યમંત્ર ઉપરના પ્રકીર્ણ લેખોનો સંગ્રહ.

ભક્તકવિ શ્રીદયારામભાઇ, પ્રો. જેઠાલાલ શાહ M. A., શાસ્ત્રી વસંતરામ, શાસ્ત્રી કેશવરામ, શ્રીયુત મૂલચન્દ્રતેલીવાળા, B.A.L.L B. શાસ્ત્રી મગનલાલ M. A., શ્રીયુત રણછોડદાસ પટવારી B.A. L. L. B. શાસ્ત્રી ચીમનલાલ, શ્રીતેલીવાળાનો અંગ્રેજી લેખ, અંગ્રેજ વિદ્વાન મી. ગ્રાઉઝ સાહેબ M. A. C. I. E. નો અંગ્રેજી લેખ, તેની ગુજરાતી ટીકા સાથે, સિદ્ધાન્ત રહસ્યની ટીકા, શાસ્ત્રી જ્યેષ્ઠારામ, શ્રીયુત અમૃતલાલ પારેખ, આદિ વૈષ્ણવ સાક્ષરોના મનનીય લેખો ને વિચારોનો મહાન સંગ્રહ

શ્રી વેદો, ઉપનિષદો, પુરાણો, તેમજ શ્રી ભાગવત, શ્રી ગીતાજી, શ્રી નારદભક્તિસુત્ર, બ્રહ્મસુત્ર-અણુભાષ્ય, તત્વદીપ નિબંધ, શ્રીસુબોધિનીજી, શ્રી ગર્ગસંહિતા, આદિ ઘણા પ્રાચીન ગ્રન્થોના આધારે ગદ્યમંત્રનું સમર્થ પ્રતિપાદન કરતું યાવત્પ્રાપ્ય સાહિત્યથી આ પુસ્તક શણગારવામાં આવ્યું છે.

વળી પ્રો. જેઠાલાલ શાહ M. A., તથા પ્રો. સાંકળચંદ શાહ M. A.નો વિદ્વત્તાપૂર્ણ ઉપોદ્ઘાતના મનનીય લેખો આવેલા છે.

ઉપરાંત ૧ શ્રી નાથજીનાં ૨ શ્રી યુગલસ્વરૂપ શ્રીકૃષ્ણ, ૩ શ્રી મહાપ્રભુજી, ૪ શ્રી ગુસાંઇજી, ૫ શ્રી ગોકુળનાથજીનાં સુશોભિત ત્રિરંગી ચીત્રો, તથા શ્રી ગિરિધરજી, શ્રી હરિરાયજી, શ્રી ઠકરાણી ઘાટનાં ચિત્રોથી આ પુ. ની શોભામાં વધારો કર્યો છે.

શ્રીવલ્લભાબ્દ : ૪૫૮
શ્રીવિક્રમાબ્દ : ૧૯૯૨
પ્રથમાવૃત્તિ, : ૨૦૦૦

ગ્રન્થસ્વામિત્વના
સર્વહક્ક
પ્રકાશકે સ્વાધીન
રાખ્યા છે.

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં
મણીલાલ કલ્યાણદાસે છાપ્યું
પાનકોરનાકા—અમદાવાદ.

K. C. SHAH Re. Dy. Postmaster
NSC Agent Sultanpura
Opp. Surpaneshwar Mahadev
VADODARA-390001

અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
આમુખ: પ્રો. જેઠાલાલ શાહ M. A.	૪
પ્રસ્તાવના પ્રો. સાંકળચંદ જેઠાલાલ શાહ M. A,	૧૩
નમ્ર નિવેદન [પ્રકાશક]	૧૬
મંગળાચરણ	૧

नाममंत्रनिरूपण

નામમંત્ર વ્યાખ્યા [શ્રી ગિરિધરજી મહારાજકૃત ... ... વ્રજભાષા	૨
અષ્ટાક્ષર મંત્ર અક્ષરાર્થ	૩
,, ભાવાર્થ	૪
,, દુસરો ભાવાર્થ	૫
મહા મંત્ર શ્રી અષ્ટાક્ષરનું માહાત્મ્ય ...	૬
શ્રી ગીતાજીની શ્લોક સંખ્યા	૧૧
माम् एकं शरणंव्रज	૧૨
અષ્ટાક્ષર મંત્ર અક્ષરાર્થ વિવેચન પૂર્ણ ટીકા ...	૧૩
જપ સમયે સ્વરૂપ ધ્યાન પ્રકાર	૨૦
શ્રી કૃષ્ણ: શરણંમમ	૨૧
ભક્ત કવિ શ્રી દયારામભાઇની આજ્ઞા ...	૨૩

॥ निवेदनमंत्रनिरूपण ॥

વ્રજભાષા ટીકા સાહિત્ય

ગદ્યમંત્ર અન્વયાર્થ [શ્રી ગિરધરજી મહારાજકૃત	૨૬
,, સમુદાય અર્થ ,, ,,	૨૭
,, ભાવાર્થ ,, ,,	૨૮
અષ્ટાક્ષર જપવિધિ	૨૯
નિવેદન મંત્ર દુસરો ભાવાર્થ	૩૦

બ્રહ્મસમ્બન્ધ મંત્ર ઉપરનું ગુજરાતી સાહિત્ય

ગદ્યમંત્ર પદાર્થ ... ... [પ્રો. જેઠગો શાહ M. A.]	૩૩
શ્રી ગોકુળનાથજીની સંસ્કૃત ટીકાનું ગુજરાતી ભાષાન્તર [શાસ્ત્રી વસંતરામ]	૩૭
શ્રી હરિરાયજી કૃત ગદ્યાર્થ ટીકા ... ... [શાસ્ત્રી કેશવરામ]	૫૦
નિવેદન તાત્પર્યાર્થ ટીકા	૫૧
શ્રી વલ્લભજી મહારાજ કૃત ગદ્યાર્થ ટીકા ... [શાસ્ત્રી કેશવરામ]	૫૩
ગદ્ય મંત્ર ભાવાર્થ ... ... [શ્રીયુત તેલીવાળા]	૫૭
બ્રહ્મસંબંધ	૬૩
બ્રહ્મસમ્બન્ધનું સ્વરૂપ ... ... [શાસ્ત્રી મગનલાલજી M. A.]	૭૧
ભક્ત કવિ શ્રી દયારામભાઇ	૭૩
સ્વરૂપ ધ્યાન પ્રકાર ... ... [શાસ્ત્રી ચીમનલાલ]	૭૪
બ્રહ્મસમ્બન્ધ વિષે	૭૫
આત્મનિવેદન મહાનયજ્ઞ	૭૯
શ્રી વ્રજભરણજી વિરચિત ગદ્યાર્થ વિવૃત્તિ ટીકા	૮૦
[શાસ્ત્રી કેશવરામ] ...	૮૨
બ્રહ્મસમ્બન્ધ [શાસ્ત્રી ચીમનલાલ]	
બ્રહ્મસમ્બન્ધથી સર્વ દોષ નિવૃત્તિ ...	૮૩
,, પછી કર્તવ્ય	૮૪
બ્રહ્મસમ્બન્ધ વિષે અંગ્રેજી લેખ ... ... [શ્રીયુત તેલીવાળા]	૮૫
બ્રહ્મસમ્બન્ધ વિષે તુલનાત્મક લેખ મી. ગ્રાઉઝ મથુરા મેમોરીયલમાંથી અંગ્રેજી, ગુજરાતી ટીકા સાથે	૮૮-૮૯
શ્રી સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ મૂળ ગુજરાતી ભાષાન્તર સાથે [શાસ્ત્રી ચીમનલાલ] ...	૯૧
બ્રહ્મસમ્બન્ધ એટલે શું ?	૯૩
બ્રહ્મસમ્બન્ધ વિષે થતા આક્ષેપોના સપ્રમાણ પ્રત્યુત્તર [શાસ્ત્રી જેષ્ટારામ]	
श्रीकृष्णः शरणंमम	૧૧૪
ભગવત્કૃપા ને બ્રહ્મસમ્બન્ધ ... ... [શ્રીયુત અમૃતલાલ પારેખ]	
બ્રહ્મસમ્બન્ધ અને મહારાજ લાયબલ કેસ ... [શ્રીયુત અમૃતલાલ પારેખ]	

ચીત્રસુચી

૧ શ્રી નાથજી ત્રીરંગી મુખપૃષ્ઠ
૨ શ્રી યુગલસ્વરૂપ ત્રીરંગી
૩ શ્રી વલ્લભાચાર્યજી ત્રીરંગી
૪ શ્રી ગુસાંઇજી ત્રીરંગી
૫ શ્રી ગોકુળનાથજી ત્રીરંગી
૬ શ્રી હરિરાયજી
૭ શ્રી ગિરિધરજી કાશીવાળા
૮ શ્રી પુરૂષોત્તમજી લેખવાળા
૯ બ્રહ્મસમ્બન્ધ મંત્ર પ્રાકટ્ય સ્થળ શ્રીમદ્ ગોકુળ શ્રી ઠકરાણીઘાટ

———:o:———

॥ श्रीवल्लभः ॥

આમુખ

લેખકઃ—પ્રો. જેઠાલાલ ગોવર્દ્ધનદાસ શાહ M. A.

આ પુસ્તકમાં ગદ્યમંત્રની સમજુતી આપવામાં આવેલી હોઈ, તે વિષેના બે શબ્દો લખવાનું મને રા. રા. લલ્લુભાઈ દેસાઇ તરફથી કહેવામાં આવતાં આ લઘુ આમુખ હું લખવાને પ્રેરાયો છું.

પ્રત્યેક ધર્મમાં સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ જ્યારે તેમાં દીક્ષા લે છે, ત્યારે તેને માટે અમુક પ્રકારના સંસ્કાર આપવામાં આવે છે. દુનિયામાં ભાગ્યેજ કોઈ એવો ધર્મ હશે કે જેમાં અમુક દીક્ષાનો પ્રકાર ન હોય, ખ્રીસ્તી ધર્મમાં 'બેપ્ટીમીઝમ'નો સંસ્કાર વિધિ હોય છે, ઇસ્લામમાં પણ કલમો પઢાવી અમુક ક્રિયા કરવામાં આવે છે, હિંદુધર્મમાં પણ સામાન્ય રીતે દ્વિજને માટે ઉપવીત સંસ્કાર હોય છે, તેવીજ રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ થવાને માટે યોગ્યતા પ્રાપ્ત કરવાને બે પ્રકારના સંસ્કાર હોય છે. એક શરણમંત્રોપદેશદ્વારા પ્રાપ્ત થતો સંસ્કાર, અને બીજો આત્મનિવેદનનો પ્રકાર. શરણમંત્ર એ સામાન્ય રીતે અષ્ટાક્ષર મંત્ર કહેવાય છે. બીજો એ પંચાક્ષર કહેવાય છે અને તે 'ગદ્યમંત્ર' એ શબ્દથી વ્યવહારમાં રૂઢ થયેલ છે. આને બ્રહ્મસંબંધનો મંત્ર પણ કહેવામાં આવે છે. આ બ્રહ્મસંબંધ શબ્દના 'બ્રહ્મ' અને 'સંબંધ' એવા બે શબ્દો છે. 'સંબંધ' પહેલાં **સમ્** ઉપસર્ગ હોવાથી તેનો અર્થ સંપૂર્ણ, સમ્યક્ પૂરેપૂરી રીતે એવો થાય છે,' અર્થાત્ આ મંત્રદ્વારા જીવનું બ્રહ્મ સાથેનું જોડાણ થાય છે તે એવા પ્રકારનું છે કે તે કદી પણ છૂટી શકે નહિ. તે સંપૂર્ણ જોડાણ છે, કે જેને કાલ, કે કર્મ કે અદૃષ્ટ તોડી શકે નહિ. સંબંધ એટલે જોડાણ. જીવનું બ્રહ્મની સાથેનું પુનર્મીલન. જીવ સંસારની અંદર જ્યારથી આવ્યો ત્યારથી તે પ્રભુથી છૂટો પડયો છે. તેને છૂટો પડયે અનન્ત વર્ષો વહી ગયાં, તે એટલે સુધી કે પોતાનું મૂળ સ્વરૂપ પણ ભૂલી ગયો. આવી સ્થિતિમાં આવી પડેલા જીવનો ફરીથી પ્રભુ સાથેનો મેલાપ કેવી રીતે થઈ શકે તે માટેનો સંસ્કારમાર્ગ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ જેમાં દર્શાવ્યો છે, તે બ્રહ્મસંબંધમંત્ર કહેવાય છે. આ સંસ્કારથી જીવ પોતાનું મૂળસ્વરૂપ અર્થાત્ પોતે બ્રહ્મનો અંશ છે એ જાણી શકે છે, અને તે જાણીને તે પ્રભુ પાસે જવાને ભગવત્કૃપાની યોગ્યતા મેળવી શકે છે. આ ગદ્યમંત્ર એ યોગ્યતા શી રીતે મેળવવી તે દર્શાવે છે. અહીંઆં બ્રહ્મ શબ્દ ત્રીજી વિભકિતમાં લેવો જોઈએ, અને બ્રહ્મનો અર્થ કૃષ્ણ જ છે. શ્રીરઘુનાથજી આ શબ્દનો અર્થ પોતાની ટીકામાં આ પ્રમાણે આપે છે. **बृहत्वात् ब्रह्म पुरुषोत्तमः तत्संबन्ध तस्मिन्. देहात्मनो निवेदनम्** બ્રહ્મ એ સૌથી પરમ તત્ત્વ હોવાથી અને તેનાથી અધિક બીજું કોઇ નહિ હોવાથી તે 'બ્રહ્મ' સંજ્ઞાથી ઓળખાય છે. પણ તે પુરુષોત્તમજ છે. તેની સાથેનો સંબંધ એ બ્રહ્મસંબંધ ઓળખાય છે. આ સંબંધ અટલે તે પુરુષોત્તમમાં પોતાનો દેહ અને આત્માનું નિવેદન કરવું તે છે. શ્રીગોકુલનાથજી પણ બ્રહ્મ એટલે શ્રીપુરુષોત્તમજ લે છે. તેમની સાથે સંબન્ધ કરવો એટલે **सर्वसमर्पणेन तदीयत्वसंपादनं** અર્થાત્ પોતાનું જે કંઈ હોય તે બધું પ્રભુને સમર્પી દેવું અને પોતે તેનો છે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી. શ્રી ગિરિધરજી પોતાની ટીકામાં શા માટે શ્રીવલ્લભાચાર્યજીએ આ ગદ્યમંત્રને બ્રહ્મસંબન્ધ એ નામથી ઓળખાવ્યું, તેનો ખુલાસો નીચે પ્રમાણે આપે છે.

આ માર્ગમાં શ્રીયશોદોત્સંગ લાલિત શ્રીકૃષ્ણજ સેવ્ય હોવાથી અને અન્યલોકમાં તે પ્રભુ વિષે અવતાર તરીકેનો ભ્રમ ન થાય એટલા માટે તેવા ભ્રમને દૂર કરવાને માટે અહિઆં બ્રહ્મપદ મૂક્યું છે, આ બ્રહ્મ તે શ્રીકૃષ્ણજ છે. એમ જણાવવાને ગદ્યમંત્રમાં 'કૃષ્ણ' પદ સ્પષ્ટ રીતે યોજ્યું છે. શ્રીહરિરાયજી 'બ્રહ્મસંબન્ધ' શબ્દને કુમારિકાના સ્વયંવરની ઉપમાથી સમજાવે છે. જેમ કોઈ કુમારિકા લગ્ન કરતા પહેલાં સ્વયંવરમાં અમુક વરને પસંદ કરે છે, તેમ ભકતનો આ મંત્રદ્વારા

પ્રભુ સાથેનો સંબન્ધ બંધાય છે (**संबन्ध करणं कन्ययेव स्वयंवरः**) જેમ સ્વયંવર કરતી વખતે કન્યા એમ મનથી નિશ્ચય કરે છે કે, હું આ વરને વરૂં છું, તેથી હવે પછીથી હું તેની બનું છું. તેવીજ રીતે પ્રભુભક્તે એવો નિશ્ચય મનથી કરવો જોઈએ. એ નિશ્ચયથી પ્રત્યેક વસ્તુમાંથી પોતાપણાની મતિ દૂર કરવા જોઈએ. 'મારૂં જે કંઈ હું કહેવડાવું છું તે મારૂં હવે રહ્યું નથી, તે બધું પ્રભુનું છે, માટે હું એ પ્રભુને જ સમર્પીને કૃતકૃત્ય થાવું છું આવા પ્રકારની મનથી પ્રતિજ્ઞા લેવી જોઈએ. આનું નામ બ્રહ્મ-સંબન્ધ છે. (**स्वस्य सर्वपदार्थानां मनसा तेन योजनम्**) શ્રીપુરુષોત્તમજી પણ એજ આશય પ્રકટ કરે છે. **ब्रह्मसंबन्धोनाम सर्वस्मिन् भगवत्स्वामिकत्वरूपः संबन्धः** અર્થાત્ પ્રભુ સ્વામી છે અને હું દાસ છું એ ભાવ પ્રાપ્ત કરવો. અને તે પ્રાપ્ત કરવાને જે જે પદાર્થોને જીવ પોતાનાં માને છે અગર જેમાં તેની આસક્તિ અગર સ્વત્વ હોય તે બધાંઓનો પરિત્યાગ કરવો અને ભગવાનને સમર્પી દેવાં.

'બ્રહ્મપદ' કૃષ્ણના અર્થમાંજ છે. શ્રીવલ્લભાચાર્ય બ્રહ્મના બે સ્વરૂપો ગણાવે છે. એક 'બૃહત્' ગણિતાનંદ છે અને બીજાને પરબ્રહ્મ અગણિતાનંદ કહે છે. સામાન્ય રીતે ષોડશગ્રન્થમાં પ્રભુ માટે 'હરિ' શબ્દનો બહુધા ઉપયોગ કરે છે, પણ આ હરિ કે પરબ્રહ્મ તે 'કૃષ્ણજ' છે, એમ નીચેના વાક્યોથી પણ વિશેષ સ્પષ્ટ થાય છે. **परंब्रह्म तु कृष्णो हि** (સિ. મુ.) **परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः। अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम्** (સિ. મુ.) **तथा कृष्णं परं ब्रह्म** (સિ. મુ. ૧૪) **तस्माच्छ्रीकृष्ण मार्गस्थो विमुक्तः सर्वलोकतः। आत्मानन्दः समुद्रस्थं कृष्णमेव विचिन्तयेत्** (સિ. મુ. ૧૪–૧૫). નવરત્નમાં **यैः कृष्णसात् कृतप्राणैः** એ શ્લોકમાં ભગવાન્ એટલે કૃષ્ણનેજ આત્મનિવેદન કરવાનું કહ્યું છે. અંતઃકરણ પ્રબોધ ગ્રન્થના પ્રારંભમાંજ **कृष्णात्परं नास्ति दैवं** એ પંક્તિમાં કૃષ્ણથી અધિક કોઈ મોટું નથી એમ કહે છે. શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થમાં તો શ્રીકૃષ્ણનું શરણ લેવું જોઈએ એમ કહે છે. કારણકે અન્ય દેવો પ્રાકૃત છે. બૃહત્ ગણિતાનંદ છે. અને પૂર્ણાનન્દ તો હરિ કૃષ્ણ જ છે. ભક્તિવર્ધિની ગ્રન્થમાં **यदा स्याद्व्यसनं कृष्णे** તે પંક્તિમાં કહે છે કે, જીવને જો કૃષ્ણમાં વ્યસન થાય તો તે કૃતાર્થ થાય છે. નિરોધલક્ષણ ગ્રન્થમાં પણ ઇન્દ્રિયોનો નિરોધ કૃષ્ણમાં તેમનો વિનિ-યોગ કરીને કરવો એમ **कृष्णस्य सर्वं वस्तुनि भूम्नईशस्य योजयेत्** એ પંક્તિમાં જણાવ્યું છે. આ બધા પ્રમાણો ઉપરથી સમજાય છે કે, શ્રીમદ્વલ્લભાધીશના મતે બ્રહ્મસમ્બન્ધ એટલે કૃષ્ણ સાથેનો જ સમ્બન્ધ છે. અન્ય કોઈનો અવતાર કે દેવતા કે મનુષ્ય સાથેનો નથી.

વળી અહિંઆં 'બ્રહ્મસંબન્ધ'માં 'સમ્બન્ધ' શબ્દ યોજાયો છે. લય નથી. તેનું પણ તાત્પર્ય આ છે. શ્રીવલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈત મતમાં જીવ એ અંશ છે, અને પ્રભુ અંશી છે. જગત્ તેમ જીવને લીલા કરવાને પ્રભુએ સરજ્યા છે. **एकोऽहं बहुस्याम्। सवै नैव रेमे** એ વાક્યાનુસાર પ્રભુએ ક્રીડા કરવાને સૃષ્ટિ તથા જીવો સર્જ્યા છે. **यतो वा इमानि जातानि** એ શ્રુતિ વાક્ય પ્રમાણે જગત્ એ પ્રભુનું કાર્ય છે અને **यथाग्नेः क्षुद्राः विस्फुलिंगाः** એ પ્રમાણે જીવ એ ભગવાનનો અંશ છે. સત્–ચિત્ અને આનંદ એ બ્રહ્મના ધર્મો હોવાથી અને જીવ બ્રહ્મનો અંશ હોવાથી, તે ધર્મો પણ જીવના છે. પણ પ્રભુએ સ્વ-ઇચ્છાથી રમણને માટે જીવના આનંદાંશને તિરોભૂત કર્યો છે. આથી જીવ પોતાનું બ્રહ્મસ્વરૂપ ભૂલી જાય છે. જીવ એ અંશરૂપ છે તે **अग्निविस्फुलिंग** એ વેદ વાક્યથી **ममैवांशोजीवलोके** એ ગીતા વાક્યથી અને **अंशोनानाव्यपदेशाद्** એ બ્રહ્મસૂત્રના વાક્યથી સિદ્ધ થાય છે. **पराभिध्यानात् तु तिरोहितं ततो ह्यस्यबन्धविपर्ययौ**' એ (બ્ર. સૂ. ૩–૨–૧૨) સૂત્રના ભાષ્ય ઉપર શ્રીવલ્લભાચાર્યે જીવ અંશ છે એ સિદ્ધાન્ત સ્થાપિત કર્યો છે. ઇશ્વરની ઇચ્છાથી ભગવાનના ધર્મોનું તિરોધાન થયું છે. ભગવાનના છ ધર્મો–ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ બધાનું તિરોધાન થવાથી બ્રહ્મનો અંશ તે જીવ બન્યો છે. ઐશ્વર્યના તિરોધથી તેનામાં હિનતા પરાધીનતા આવી છે, વીર્ય ધર્મના તિરોધાનથી તે એટલો બધો નબળો બની ગયો છે કે તમામ પ્રકારનું દુઃખ તેને સહન કરવું પડે છે, યશના તિરોધાનથી તેનામાં હીનત્વ આવ્યું છે, શ્રીના તિરોધાનથી જન્માદિ સર્વ આપત્ તેને ભોગવવાં પડે છે, જ્ઞાનના તિરોધાનથી

દેહાદિમાં અહંબુદ્ધિ તથા તમામ વિપરીત જ્ઞાનનો અનુભવ કરે છે અને વૈરાગ્યના તિરોધાનથી વિષયમાં આસકત બને છે. પ્રથમના ચારથી તે સંસારના બન્ધને મેળવે છે, અને છેલ્લાં બેથી તેનામાં વિપર્યય આવે છે અર્થાત્ તેનું સ્વરૂપ તદ્દન બદલાઈ જાય છે. પોતે જાણે બ્રહ્મનો અંશ ન હોય તેવો બદલાઇ જાય છે એ પૂરેપૂરો સંસારી, રાગદ્વેષ, અને મમતાવાળો બને છે. પણ વાસ્તવિક રીતે જીવ એ પ્રભુનો અંશ છે. એ અંશીની સાથે જીવને ફરીથી પોતાનો સંબન્ધ મેળવવાનો છે, માટે 'સંબન્ધ' શબ્દ છે. શંકરાચાર્યના સિદ્ધાન્ત પ્રમાણે જીવ એ અવિદ્યાને લીધે આભાસ રૂપે દેખાય છે, વસ્તુતઃ તો તે આત્મા અગર બ્રહ્મ છે જ્યારે વિદ્યાથી અવિદ્યાની નિવૃત્તિ થાય અને જીવ મોક્ષ મેળવે ત્યારે તે જીવ નિર્વિકારી નિર્ગુણ બ્રહ્મ બની જાય છે. આને વિદ્યા તરીકે શંકરાચાર્ય ઓળખાવે છે. જેમ પાણીના વાસણમાં મીઠાનો કાંકરો નાખીએ અને તે તેમાં ઓગળી જાય તેમ જીવાત્મા એ પરમાત્મામાં ભળી જાય છે, અને જીવાત્માનો લય થાય છે. શ્રીવલ્લભાચાર્ય આવા પ્રકારના બંધ રૂપ મોક્ષને ફલ રૂપ સ્વીકારતાના નથી. એ તો **ब्रह्मविदाप्नोति परम्** (તૈ. ૨–૧૧)થી શરૂ કરી તેઓ **सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता** એ વાકયોમાં જણાવેલ અંશના ભોગ રૂપ અર્થાત્ રસાત્મક પ્રભુની સાથે લીલા વિગ્રહથી રસાનન્દ ભોગ રૂપ ફલને જ મુખ્ય માને છે. અને તે વિષે **संपद्याविर्भावः स्वेन शब्दात्** એ બ્ર. સૂ. ૪–૪–૧માં પણ જણાવ્યું છે. આ ફલની પ્રાપ્તિ માટે યોગ્યતા પ્રાપ્ત થાય તેટલા માટે જીવે પ્રભુ સાથેનો પોતાનો સંબન્ધ સમજવો જોઈએ. જેમ વધૂ થવાની ઈચ્છાવાળી કન્યા પોતે વરને એમ જાહેર કરે કે 'હું આજથી તમારી છું, તમે મારા સ્વામી છો. તેમ જીવે પણ પ્રભુને એમ હૃદયથી એકરાર કરીને જણાવવું જોઈએ કે આપ મારા સ્વામી છો, અને હું આપનો દાસ છું. આવી જાતની પ્રતિજ્ઞા પ્રેમમય જીવન માટે આવશ્યક છે. આવી પ્રતિજ્ઞા કન્યા લે તોજ તે પોતાના પતિ સાથેનો પ્રેમ સંબન્ધ જીવન પર્યંત વફાદારીથી ચલાવી શકે છે, અને પતિ પણ તેને ચાહે છે. પ્રભુભકતનો પણ પ્રભુમાં જ અનન્ય ભાવ અને પ્રીતિ રહે તેટલા માટે દુન્યવી તમામ વસ્તુઓમાંથી પોતાનું પોતાપણું તથા મમતા લેઈ લેવાં જોઈએ. અને પ્રભુને સમર્પી દેવાં જોઈએ. પુષ્ટિમાર્ગમાં પ્રભુ એ રસરૂપ છે, પ્રેમરૂપ છે. અને તે પ્રેમ (ભકિત)થી જ પ્રાપ્ત થાય છે. આ પ્રેમભકિત શુદ્ધ હૃદયની અને નિઃસ્વાર્થ વૃત્તિની હોવી જોઈએ. એવો નિઃસ્વાર્થ પ્રેમ પ્રભુ માટે ભકતને રહે તેટલા માટે આ ગદ્યમંત્રમાં શ્રીવલ્લભાચાર્યજી તેને પ્રથમ પરિત્યાગપૂર્વક સમર્પણ કરવાનો તથા તદીયત્વનો ઉપદેશ આપે છે. પ્રથમ તો પોતાનું જે કંઈ છે તે સંસાર દશામાં માને છે તે તેનું નથી, એ ભાવ ઉત્પન્ન થાય તોજ સંસારના કોઈપણ પદાર્થ સાથે તેની ચિત્તવૃત્તિ ખેંચાય નહિ. પ્રભુ પ્રેમ અનુભવતા પહેલાં જીવે એ સ્થિતિમાંથી પસાર થવું જોઈએ. (૧) સંસારથી વિમુખતા અગર પરાઙ્ મુખતાની સ્થિતિ (૨) પ્રભુ સન્મુખતાની સ્થિતિ. સંસાર વિમુખતા અર્થાત્ સંસાર મિથ્યા છે ખોટો છે એવું ભાન થતાં તેના તરફથી મન ખસી જાય એ સ્થિતિ. આ સ્થિતિ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે વૈરાગ્ય ભાવના ઉત્પન્ન થાય છે. સંસાર પ્રત્યે કેવળ વૈરાગ્ય ઉત્પન્ન થાય એટલુંજ બસ નથી. પણ સાંસારિક વિષયોથી વિમુખ બનતા મનના ચિન્તન માટે અન્ય કંઈક જોઈએ જો તે ન હોય તો શુષ્ક નકારાત્મક (negative) વૈરાગ્ય ભાવનાનો કંઈ પણ અર્થ થતો નથી. માટે આ ગદ્યમંત્રમાં શ્રીમદાચાર્યચરણે તદીયત્વનો ઉપદેશ આપ્યો છે. સંસારથી વિરકત બનેલા જીવને પ્રભુપ્રેમને પંથે વળવાને તે પ્રભુનો છે (તદીયત્વ) એવો ભાવ તથા અનુભવ એને થવો જોઈએ સમર્પણ વગર તદીયતા સિદ્ધ થઈ શકેજ નહિ. અને તદીયત્વ વગર પુષ્ટિમાર્ગીય ફલ દુર્લભ છે. માટે આ ગદ્યમંત્રમાં બ્રહ્મસમ્બન્ધ માટે બે આવશ્યક ભકિતમાર્ગીય ઉપાયો સમર્પણ અને તદીયતા નિવેદન અહિંઆં દર્શાવ્યાં છે.

બ્રહ્મસમ્બન્ધ એ આત્મનિવેદનથી ઓળખાય છે. એ એક પ્રકારની પ્રભુ માટેની 'ફકીરી' કે 'સંન્યાસ છે. પ્રભુને માટે 'મરીને જીવવાનો' એ મંત્ર છે. તેમાં ઉત્તમોત્તમ ત્યાગનો ઉપદેશ છે. પ્રત્યેક પ્રકારની ભકિતમાં 'ત્યાગ' તો હોય છેજ. ત્યાગ વગરની ભકિત કદી પણ હોઈ શકે નહિ. ભકિતમાં ભોગ હોય પણ તે ત્યાગપૂર્વક હોય છે. જ્યારે મનુષ્ય અમુક વસ્તુનો પરિત્યાગ કરે તોજ તે અન્તે અમુક ફલ ભોગવી

શકે એવો નિયમ પ્રત્યેક પ્રકારની ભકિતમાં હોય છે. દેશભકિત, ગુરુભકિત કે કોઈપણ પ્રકારની ભકિતમાં એ નિયમ પ્રવર્તે છે. દરેક દેશના ઈતિહાસમાંથી આપણે જોઈ શકીએ છીએ કે જે દેશે અમુક પ્રકારનો ત્યાગ દેખાડ્યો છે તેજ ફલ મેળવી શક્યા છે. જ્યારે સ્થૂલ પદાર્થોના ફલના અનુભવની બાબતમાં આવો નિયમ આપણે જોઈએ છીએ તો પ્રભુ પ્રેમ જેવા સૂક્ષ્મ અને અલૌકિક ફલના રસાસ્વાદમાં પણ તે નિયમ હોયજ. ટુંકામાં ભકિતના ફલભોગમાં પ્રથમ ત્યાગ હોવો જોઈએ.

આ ત્યાગ બે પ્રકારનો છે, એક તો દેહ તથા તેની સાથે સમ્બન્ધ ધરાવતી તમામ વસ્તુઓનો (objective) અને બીજો આત્મા તથા તેની સાથે સમ્બન્ધ ધરાવતી તમામ વસ્તુઓનો (subjective) પ્રથમ દેહને 'તદીય' બનાવવો જોઈએ. અર્થાત તેને જેના વિષે અહંબુદ્ધિ થાય છે અગર 'મારા તારા'ની લાગણીને ધરાવે છે, તે તમામ પ્રભુને સોંપી દેવાં જોઈએ. પત્ની, પુત્ર સગાંવહાલાંઓ, દ્રવ્ય વગેરે દેહની સાથે જોડાયલાં છે, દેહે તેને ઉત્પન્ન કર્યાં છે. 'આ મારી સ્ત્રી, આ મારો પુત્ર, આ મારૂં ઘર', વગેરે બુદ્ધિ દેહે કરીને જીવને થાય છે. આ એક પ્રકારનું જીવનું અજ્ઞાન છે. એ એનું એક ગાંડપણ છે. ઉન્માદ-વસ્થામાં જેમ માણસ ગમે તેમ બકે તેમ આ મારો મિત્ર અને મારો શત્રુ. આ મારૂં અને આ પારકું એવા પ્રલાપો જીવ કરે છે. જીવનો આ સન્નિપાત છે. જેને આપણે સંસાર કહીએ છીએ તેને શ્રીવલ્લભા-ચાર્ય સન્નિપાત કહે છે. આ પ્રકારના ઉપાધિજન્ય વ્યાધિમાં જીવ ફસાઇ ન પડે તેટલા માટે પ્રથમ તેમનો ત્યાગ કરવાનું કહેવામાં આવે છે. અર્થાત્ તે મારાં નથી પણ ભગવાનનાં છે. આ ઘર મારૂં નથી. આ પૈસો મારો નથી એવી મતિ જીવને થતાં તે પ્રભુ પ્રીત્યર્થે તેનો વિનિયોગ કરે છે. શ્રીવલ્લભાચાર્યે પુષ્ટિ-માર્ગીય જીવને 'સેવા' એજ પરમ સાધન ગણાવ્યું છે. સેવા એટલે પ્રભુમાં ચિત્તનું સતત ગુંથાવું તે છે. અર્થાત્ રાત ને દિવસ મન પ્રભુમયજ બની જાય. બીજા કશાનું તેને ભાન ન રહે. માનસી સેવાને તેટલા માટે ઉત્તમ કહી છે. પણ આ ભાવરૂપ સેવાની સિદ્ધિ માટે તેમણે તનુજા અને વિત્તજા સેવાનો ઉપદેશ આપ્યો છે, એનું કારણ એ છે કે સંસારના બાહ્ય પદાર્થોથી ચિત્ત વિક્ષિપ્ત ન થાય. પ્રથમ બાહ્ય પદા-ર્થોમાંથી જીવની આસકિત ખસેડીને, હવે તેણે આત્માને પ્રભુ તરફ વળવાને ઇન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ તથા તેમના ધર્મો પ્રભુને સમર્પી દેવા અને છેવટે પોતાના આત્માને સમર્પી દેવો. આ રીતે જ્યારે તમામ વસ્તુઓને પ્રભુને અર્પી દેવામાં આવે ત્યારેજ તે સમર્પણ કહેવાય. જો બીજી બધી વસ્તુઓ અર્પે અને આત્માને ન અર્પે તો તે અર્પણ સંપૂર્ણ બનતું નથી, તે અધૂરૂં ગણાય છે. એવું અધૂરૂં અર્પણ પ્રભુપ્રેમની અંદર અંતરાયરૂપ હોય છે. કુરબાની સંપૂર્ણ હોવી જોઈએ. તેમાં કોઇ પણ પ્રકારની આનાકાની કે સંકોચ હોવો જોઈએ નહિ. પ્રભુ માટે જો 'ફકીર' થયા તો ફકીરી પૂરેપૂરી હોવી જોઈએ. તેમાં પોતાના આત્માનો વિચાર કરવાનો નહિ. પ્રભુ માટે સર્વ વસ્તુનો ત્યાગ હોય એટલે નિવેદન છે, આપઘાત નહિ એવા આપઘાતરૂપી ત્યાગને આ સમ્પ્રદાયમાં સ્થાન નથી. શ્રીવલ્લભાચાર્ય જે ત્યાગ માગે છે તે એ કે દેહાદિકથી આત્માને પ્રભુ સેવામાં રોકવાં, તે વખતે લોક કે વેદનો ડર હોવો ન જોઈએ. સંસારનો ભોગ પણ અન્તરાયરૂપ નીવડવો ન જોઈએ. આળસ, તંદ્રા, પ્રમાદ, સર્વને દૂર કરીને પ્રભુ સેવા કરવાને જીવે તૈયાર થવું જોઈએ. દેહાદિ પ્રભુનાંજ છે, જીવનાં નથી. માટે પ્રભુની સેવામાં તેમને રોકવાં, આ નિવેદન મંત્રનું રહસ્ય છે.

તત્ત્વદીપ નિબન્ધમાં શ્રીવલ્લભાચાર્યજી જણાવે છે કે વિદ્યા અને અવિદ્યા એ બે પ્રભુની શકિતઓ છે. તેમાંની અવિદ્યાને લીધે જીવને સંસાર દશા મળે છે, પણ વિદ્યાથી તે સંસારમાંથી મુકત થાય છે. આ અવિદ્યા પાંચ રીતે જીવને સંસારગર્તમાં પૂરે છે. દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ, અન્તઃ-કરણાધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ. આ પ્રત્યેક એક પછી એક જીવની આજુબાજુએ આવેલાં આવરણો છે. આ આવરણોથી ઢંકાયલો જીવ અન્ધ બની જાય છે. તે પોતાની ખરી સ્થિતિ સમજી શકતો નથી. પોતે પ્રભુનો અંશ છે તેનું જ્ઞાન તેને નથી. આથી આ સંસાર જે તેને રહેવાનું ખરૂં સ્થાન છે તેમ માને છે. આ પાંચે અધ્યાસો જીવની આજુબાજુએ દીવાલોની માફક ઉભા છે, આથી કેદખાનામાં પડેલા કેદીની દશા ભોગવે છે. તેમાંથી બહાર નીકળવાની તેની તાકાત ચાલી જાય છે એ શકિતહીન, ગૌરવહીન, દીન,

એવો બની જાય છે. પણ આવી સ્થિતિમાંથી તેને બહાર કાઢવાને શ્રીવલ્લભાચાર્યે તેને આ આત્મનિવેદનનો માર્ગ દર્શાવ્યો છે. એનો ઉપાય અજમાવે તો તે જીવને પોતાની સ્થિતિનું ભાન થાય. પોતે 'તદીય છે, ભગવદીય છે,' પોતે એક રાંક, ગરીબડો નથી, પણ મહાન્ પુરુષનો બાળક છે, પ્રભુનો અંશ છે. આવું જ્ઞાન આપોઆપ ઉદય પામે છે. આ જ્ઞાન ઉત્પન્ન થતાં 'હે પ્રભો આ બધું એ–મારા દેહ તથા આત્મા –બધુંએ તમને સમર્પું છું, અને હવેથી હું તમારો દાસ 'સેવક' બનુ છું, આવી તદીયત્વની બુદ્ધિ ઉત્પન્ન થતી તેજ વિદ્યા છે. અર્થાત્ અવિદ્યાની નિવૃત્તિ અને વિદ્યાની પ્રાપ્તિ એ ઉભય કેવી રીતે જીવને સિદ્ધ થાય તે માટે આ નિવેદનમંત્ર યોજ્યો છે. નિવેદનમંત્ર એ એક હૃદયનો પલટો કરાવનાર તથા જીવનની આખી દૃષ્ટિ ફેરવી આપનાર અદ્‌ભુત કીમીયો છે અને સંસારમાં મૃતપ્રાય: બનેલા જીવને પ્રભુપ્રેમનું અમૃત વર્ષણ કરીને સજીવન કરનાર સંજીવિની ઔષધ છે.

પુષ્ટિમાર્ગમાં પ્રભુજ એ ફલરૂપ છે. ધર્માદિ ચાર પુરુષાર્થ પણ પ્રભુજ છે. પ્રભુજ ધર્મપુરુષાર્થ છે, તેજ અર્થ, તેજ કામ અને તેજ મોક્ષ છે. ચતુઃશ્લોકીમાં આ સિદ્ધાન્ત ઉપદેશેલો છે. માટેજ વૃત્રાસુરે પ્રભુ સિવાય બીજા કશાને માગ્યા નથી. જીવને મેળવવાના જે છે તે ભગવાન્ છે. માટેજ ગદ્યમંત્રમાં દારા, આગાર, પુત્ર, અને સગાંવહાલાંઓ જે પ્રીતિના વિષયરૂપ કામ પુરુષાર્થરૂપે છે તેને કામપુરુષાર્થરૂપ પ્રભુને નિવેદન કરવામાં આવે છે, કે જેથી સંસાર તરફ જીવ ખેંચાય નહિ. તેજ પ્રમાણે વિત્ત જે અર્થ છે તેને તથા પુણ્યકર્મ જે ધર્મરૂપ છે તેને પણ પ્રભુમાં નિવેદન કરવાનું કહ્યું છે કારણકે પ્રભુજ એ અર્થરૂપ છે અને ધર્મરૂપ છે. દેહ, ઈન્દ્રિયો પણ અન્તઃકરણ તથા આત્મા એ બધાં મોક્ષને મેળવવાનાં સાધનો છે અર્થાત્ મોક્ષરૂપ છે. તેને પણ મોક્ષ પુરુષાર્થરૂપ ભગવાન્‌માં નિવેદન કરવામાં આવે છે. ટુંકમાં પ્રભુ જ ધર્મ છે, તેજ અર્થ છે, તેજ કામ છે, તેજ મોક્ષ છે. પ્રભુની સાથે આ પુરુષાર્થોને સંબન્ધ થાય તોજ તે શોભે છે; અન્યથા નહિ માટે તે તમામ તથા તેના સાધનોનું આ ગદ્યમંત્રમાં પ્રભુને નિવેદન કરવામાં આવે છે.

આપણે ઉપર જોયું કે આ ગદ્યમંત્રમાં મુખ્ય બે ભાવનાઓ ગુંથેલી છે. એક 'સમર્પણ' અને બીજી 'તદીયત્વ'ની. આ બન્ને ભાવનાઓ વેદાદિ પ્રસ્થાન ચતુષ્ટયના સારરૂપ છે. તમામ શાસ્ત્રોનું દોહન કરીને જીવના ઉદ્ધારને માટે શ્રીવલ્લભાચાર્યજીને જે તત્ત્વ જણાયું તે જ આ ગદ્યમંત્ર છે. કહો કે શાસ્ત્રરૂપી સમુદ્રનું મંથન કરીને જે ઉત્તમમાં ઉત્તમ રત્ન તેમને પ્રાપ્ત થયું તે આ ગદ્યમંત્ર છે. જીવને પ્રભુ દર્શન કરાવી આપનારી તે અજબ ચાવી છે. પણ તે ચાવીને કેવી રીતે લગાડવી તે પ્રભુ કૃપા હોય તો જ જીવને તેની જાણ થઇ શકે છે.

હવે આપણે અહિંઆં દર્શાવેલી 'સમર્પણ'ની ભાવનાને વેદાદિનો આધાર છે કે નહિ તે જોઈએ. "મુણ્ડકોપનિષત્"માં આત્મા કહેતાં પરમાત્માની પ્રાપ્તિ જીવને કેમ થાય તે વિષે નીચેનો મંત્ર આવેછે.–

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ।

અર્થાત્—પરમાત્માની પ્રાપ્તિ ઉપદેશથી, બુદ્ધિથી, કે બહુ જ્ઞાનથી થઈ શકતી નથી પણ તે જેનું વરણ કરે છે, જેની ઉપર કૃપા કરે છે તેને જ પરમાત્મા પોતાની પ્રાપ્તિ કરાવે છે. અહિંઆં જીવના સાધનોથી પરમાત્માની પ્રાપ્તિ નથી એમ કહે છે. કારણ કે પ્રભુ તો 'આપ્તકામ' છે એટલે તેમને જીવના સાધનોની અપેક્ષા નથી. પણ તેજ સ્થળે એ મંત્રની પૂર્વેના મંત્રમાં એમ કહ્યું છે કે, પુરુષોએ કામનાથી રહિત થઈને પ્રભુની ભક્તિ કરવી જોઈએ. જો કોઈપણ કામનાઓની સિદ્ધિ માટે પુરુષ પ્રયત્ન કરે, તો તેની કામનાઓ એક પછી એક વધતી જાય અને તેનો પાર આવે નહિ. આથી તે કામનાઓના વમળમાં જ વધારેને વધારે ગુંચાઇ જશે, એટલે તેમાંથી તેને બચવાનો સમય જ નહિ આવે. પણ પ્રભુને વિષે જો પોતાની બધી કામનાઓ અર્પી દેવામાં આવે તો પ્રભુ પર્યાપ્તકામ અને કૃતાત્મા હોવાથી તે પુરુષની તમામ કામનાઓનો તેમાં લય થઈ જાય છે.

कामान्यः कामयते मन्यमानः स कामभिर्जायते तत्र तत्र ।
पर्याप्तकामस्य कृतात्मनस्तु इहैव सर्वे प्रविलीयन्ति कामाः

જેમ અગ્નિમાં અશુદ્ધ સોનાને નાખ્યું હોય તો તેની અશુદ્ધિઓ બળીને ભસ્મ થઈ જાય છે અને સોનું શુદ્ધ બને છે, તેમ પ્રભુમાં જ અર્પણ કરેલી કામનાઓ અર્થાત્ પ્રભુનેજ તમામ કામનાઓના વિષય બનાવવાથી તેની અશુદ્ધિઓ ગળી જાય છે, અને તે શુદ્ધ બને છે. સમર્પણ પણ એક યજ્ઞ છે કે જેમાં પુરુષની તમામ પ્રકારની કામનાઓની આહુતિ અપાય છે. આ આહુતિ અર્પનાર માયકાંગલો સામર્થ્યહીન નહોવો જોઈએ. પણ તે યજ્ઞમાં પ્રભુ માટે સર્વસ્વ અર્પવાની શક્તિ ધરાવનાર હોવો જોઈએ. આ રીતે કામનાઓને અર્પનાર પોતે અકામ તથા વીતરાગી બને છે અને તે પુરુષનો જ આત્મા પ્રભુ પાસે જઈ શકે છે (મું. ૩–૨–૫) આ તમામ કામનાઓમાંથી ઉત્પન્ન થનાર કર્મો તથા વિજ્ઞાનમય આત્મા એ સર્વે પ્રભુમાં જ એકત્ર થાય છે, જેમ નદીઓ સમુદ્રમાં પ્રવેશે છે તેમ (મું ૩–૨–૭)

પ્રશ્નોપનિષદ્ ૪–૬ના **स यथा सोम्य वयांसि वासो वृक्षं संप्रतिष्ठन्ते । एवं हवै तत्सर्वं पर आत्मनि संप्रतिष्ठते** એ મંત્રમાં કહે છે કે, જેમ પક્ષીઓ સાયંકાળ સમયે વૃક્ષ પ્રતિ નિવાસસ્થાન માટે જાય છે તેમ આ બધા જીવો પરમાત્મા તરફજ છેવટે વળે છે. અર્થાત્ જીવો અને પરમાત્માનો સંબન્ધ અહિંઆં શ્રુતિ દર્શાવે છે. પછીના મંત્રમાં ત્યાં જણાવે છે કે પૃથિવી તેની તન્માત્રા (ગંધ) જલ તથા તેની તન્માત્રા, વાયુ તેની તન્માત્રા, આકાશ તેની માત્રા. ચક્ષુ તથા તેનો વિષય, શ્રોત્ર તથા તેનો વિષય, ઘ્રાણ તથા તેનો વિષય, રસેન્દ્રિય તથા તેનો વિષય, ત્વચા તથા તેનો વિષય, વાણી તથા તેનો વિષય, હાથ તથા તેમનો ગ્રહણ કરવાના વિષયો, ઉપસ્થ ગુણ તથા તેનો વિષય, પાયુ તથા તેનો વિષય, પાદ તથા તેના વિષય, મન તથા તેનો વિષય, બુદ્ધિ તથા તેનો વિષય, અહઙ્કાર તથા તેનો વિષય, ચિત્ત તથા તેનો વિષય, પ્રાણ તથા તેનો વિષય, આ બધું પરમાત્માને લીધે હોવાથી પરમાત્મા રૂપ છે. એટલે તે બધાં પરમાત્માને અર્પવાં જોઈએ.

આ અર્પણ ત્યારેજ બરાબર થઈ શકે કે જ્યારે મનુષ્ય પોતાની જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો તથા પ્રાણ, અંતઃકરણ, બુદ્ધિ અને આત્મા એ બધાંને પ્રભુ સેવામાંજ યોજે. જેમ બરૂની છાલ નીચે આવેલા તેના ગરને ધૈર્યથી મનુષ્ય છુટું કરે તેમ ઇન્દ્રિયાદિની જાળમાં ભરાયલા આત્માને છૂટો કરવાને સમર્પણ એજ ખરેખરો ઉપાય છે. આ સર્મપણ દ્વારા મુક્ત અને શુદ્ધ થયેલો જીવ "**तदा विद्वान पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति**" એ શ્રુતિ વક્યાનુસાર પુણ્ય અને પાપને દૂર ફેંકી દે છે અને શુદ્ધ બની પરમાત્માની સાથે સામ્યની સ્થિતિ પ્રાપ્ત કરે છે (મું. ૩–૧–૩)

ભગવદ્ ગીતાના યજ્ઞનું નિરૂપણ કરનાર અધ્યાય ત્રીજામાં પણ સમર્પણની ભાવના આપવામાં આવી છે. ત્યાં **भुंजते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्** એ વાકયમાં સ્પષ્ટ જણાય છે કે મનુષ્યને ભોગ માટે જીવન આપવામાં આવ્યું નથી છતાં જે ભોગમાંજ રચ્યો પચ્યો રહે છે તે પૂરો સ્વાર્થી હોવાથી પાપી છે. જીવન ભોગ માટે નથી પણ ત્યાગ માટે છે. એ ત્યાગ એટલેજ યજ્ઞ. જેનામાં 'ત્યાગ' નથી તે અઘાયુ; પાપી અને ઇન્દ્રિયારામ છે (અ. ૩–૧૬) માટે તેણે જે કર્મો કરવાં તે અસક્ત થઇને કરવાં. પણ તે અનાસકિત કયારે થાય, કે જ્યારે પાતાનાં તમામ કર્મો ઇશ્વરને સમર્પી દેવામાં આવે ત્યારે તેટલા માટે અ. ૧૦ના શ્લો. ૨૭માં કહે છે–

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ।

'હે અર્જુન તું જે કંઈ કર્મ કરે, ભોગ ભોગવે, હોમ કરે, દાન કરે, તપ કરે તે મને અર્પણ કર' આમ કરવાથી પછીના શ્લોકમાં જણાવ્યા પ્રમાણે તે કર્મોના શુભ કે અશુભ ફલ રૂપ કર્મ-બન્ધનથી જીવ મુકત થાય છે અને સંસારમાંથી સંન્યસ્ત બનીને પ્રભુ સાથે તેના આત્માનું અનુસંધાન કરી શકે છે અને ઇશ્વરને પ્રાપ્ત થાય છે, આ રીતે અહિંઆં પણ અર્પણ ભાવના સમજાવી છે.

શ્રીમદ્‌ભાગવત તો 'સમર્પણ' ભાવનાનો જ ઉપદેશ સ્થળે સ્થળે આપે છે. અધ્યાય ૫ ના શ્લો. ૨૭માં પ્રભુને અર્પણ કરવા વિષે કહ્યું છે.

मनोवचोदृक्करणे हितस्य साक्षात्कृतं मे परिबर्हणं हि
विना पुमान्येन महाविमोहात्कृतान्तपाशान्न विमोक्तुमीशेत्

આમાં જણાવ્યા પ્રમાણે મન, વાણી, દૃષ્ટિ અને બીજી ઇન્દ્રિયોના કામનું ફળ પ્રભુને અર્પણ કરવું તે છે. તેથી ઈશ્વરને સઘળા વ્યાપારો અર્પણ જો કરવામાં ન આવે તો આ મહા મોહરૂપ કાલ પાશ (સંસાર)માંથી જીવ કદી પણ છૂટી શકતો નથી. આ ભાવના શ્રી ગોપીજનની ભક્તિદ્વારા દશમ સ્કંધમાં વિશેષ સ્પષ્ટતાથી દર્શાવી છે. બ્ર. સૂ. ૩-૪-૪૨માં **बहिस्तूभयथापि स्मृतेराचारात्** એ સૂત્ર ઉપરના ભાષ્યમાં પણ પ્રભુ ચરણે શ્રી ભાગવત ૧૧-૭-૬નો **त्वं तु सर्वं परित्यज्य स्नेहं स्वजनबन्धुषु । मय्यावेश्य मनः सम्यक् समदृग् विचरस्व गाम्** એ શ્લોકમાં પણ 'ગૃહત્યાગ'ની ભક્તિ માટે આવશ્યકતા દર્શાવતાં તે બધું પ્રભુને અર્પણ કરવું એમ કહે છે.

પ્રભુનો વેણુનાદ શ્રવણ કરીને ગોપીજન પ્રભુ તરફ જાય છે. પણ પ્રભુ તેમના પ્રેમની કસોટી કરવા તેમને કહે છે 'હે ગોપીઓ તમારે મારી પાસે આવવું જોઈએ નહિ. તમારે તો સંસારમાં રહીને તમારા પતિ, પુત્રો વગેરેની સેવા કરવી' આ રીતે તેમને સંસારમાં રહેવાનું જણાવે છે, ત્યારે ગોપીજન તેમને જણાવે છે કે અમે તો સંસારનો ત્યાગ કરીને આપની પાસે આવ્યાં છીએ. અમારે હવે સંસાર ન જોઈએ એમ કહીને જીવનો ધર્મ શું તે ત્યાં જણાવે છે. સુબોધિની ૧૦-૨૬-૩૧માં કહે છે.

मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं। संत्यज्य सर्वविषयांस्तव पादमूलम् ।

એ પંક્તિઓમાં જણાવ્યા પ્રમાણે ગોપીજન તમામ વિષયોનો ત્યાગ કરીને જ પ્રભુની પાસે સમુપસ્થિત થએલાં છે. આથી ત્યાં એ સિદ્ધાન્ત જણાવવામાં આવે છે કે **વિષયોનો ત્યાગ કર્યા સિવાય** પ્રભુ પાસે જીવ જઈ શકે નહિ તેમ પ્રભુ સાથે સંબન્ધ પણ જોડી શકે નહિ. શ્લો. ૩૩માં પ્રભુમાંજ જીવે રતિ કરવી જોઈએ. પતિ સુતાદિ દુઃખ આપનારાં હોવાથી રતિ કરવાથી જીવનું આત્યન્તિક શ્રેય થતું નથી. આ શ્લોકમાં શ્રી સુબોધિનીજીમાં શ્રીવલ્લભાધીશ આજ્ઞા કરે છે કે ઇન્દ્રિયોનો નિરોધ કરવો જોઈએ, ઇન્દ્રિયો જો નિરુદ્ધ બને તોજ આત્મગામિની થાય છે. પણ ખરી રીતે ઈન્દ્રિયો આત્મગામી ત્યારેજ બને છે કે જો તેનો વિનિયોગ પ્રભુ માટે થાય. આથી ઈન્દ્રિયોનો કેવળ નિગ્રહ જ કરવાનો નથી, પણ તે ઇન્દ્રિયોનો પ્રભુમાં વિનિયોગ કરવો. આથી પુત્રાદિમાં રતિ કરનાર નહિ પણ પ્રભુમાં જ રતિ કરનાર જ કુશલ છે.

निरुद्धानीन्द्रियाण्यात्मगामीनि भवन्ति। तत्राप्यात्मगामीनि तदैव भवन्ति, यदि त्वदर्थमुपयुक्तानि भवन्ति। अतः केवलनिग्रहकर्त्रपेक्षया ये त्वयि रतिं कुर्वन्ति ते कुशला इति.

આજ અર્થ શ્રીમદ્ ભાગવતના વેણુગીતના **अक्षण्वतां फलमिदं न परं विदामः** એ શ્લોકમાં જણાવેલો છે, ઇન્દ્રિયોવાળાઓનું ફલ ભગવાન્ છે. મોક્ષ નહિ. આ ફલરૂપ ભગવાનનો અનુભવ તેઓ તેમની ઇન્દ્રિયોથી કરે છે. અર્થાત્ ઇન્દ્રિયોનો વિનિયોગ ફલાનુભવમાં કરે છે. તે કેવી રીતે તે નીચેની કારિકાઓમાં શ્રીવલ્લભાધીશે જણાવ્યું છે.

भगवता सहसंलापो दर्शनं मिलितस्य च
आश्लेषः सेवनं चापि स्पर्शश्चापि तथा विधः ॥
अधरामृतपानं च भोगो रोमोद्गमस्तथा
तत्कूजितानां श्रवणमाघ्राणं चापि सर्वतः ।
तदन्तिकगति नित्यमेवं तद्भावनं सदा इदमेवेन्द्रियवतां फलं

પુષ્ટિમાર્ગમાં ઇન્દ્રિયાદિને કચરી નાખવાનાં નથી. પણ તેમને સાંસારિક વિષયોથી અલગ રાખીને પ્રભુ પ્રેમમાં જોડવાનાં છે. ઇન્દ્રયાદિ તેમજ તેમના વિષયો એ બધામાંથી 'અહંતા' મમતા કાઢી લેઈને

તેમને પ્રભુ પ્રાપ્તિનાં સાધન તરીકે ઉપયોગ કરવાનો છે. જેમ સર્પના દાંત જેમાં તેનું વિષ રહેલું છે, તે કાઢી નાખવામાં આવે તો પછી સર્પથી બ્હીવા જેવું રહેતું નથી તેમ ઇન્દ્રિયો અને તેના વિષયોમાંથી સંસારનું અહંતા મમતારૂપી વિષ કાઢી નાખવું જોઈએ એ વિષ દૂર થયું કે પછી તેનાથી ભય રહેતો નથી. આ વિષ કેવી રીતે કાઢવું તેનોજ ઉપાય 'નિરોધ' દર્શાવવામાં આવ્યો છે. આ નિરોધ તે 'સમર્પણ' નું અંગ છે.

સમર્પણ વગર તદીયતા અશક્ય છે. માટે ગદ્યમંત્રમાં પ્રથમ 'સમર્પણ' પ્રકાર જણાવ્યો અને પછી 'તદીયતા' દર્શાવી. તદીયતા એટલે 'હું ભગવાનનો દાસ છું' એવી ભાવના, દાસત્વ બધું ત્યજી દઈને, પ્રભુને સોંપી દઈને હવે જીવ પ્રભુની સેવા કરવાને યોગ્ય બન્યો છે એમ જણાવવાને મંત્રને અન્તે 'હું તમારો દાસ છું એમ પ્રતિજ્ઞા વચન છે. રાસપંચાધ્યાયીય અ. ૧, શ્લો. ૩૮ માં ગોપીજન પણ પ્રભુને સર્વ સમર્પી દઈને તેમની પાસેથી **तप्तात्मना पुरुष भूषण देहि दास्यम्** એમ વર પ્રાર્થે છે. તે તદીયતા–દાસ્ય માગે છે. કારણ કે તેમનો આત્મા પ્રભુના વિરહથી સંતપ્ત થયેલો છે. આ શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં **प्रभोरपेक्षित वस्तु समर्पणे हि दास्यं भवती** એ વાક્યમાં દાસ્ય માટે પ્રભુને અપેક્ષિત વસ્તુના સમર્પણની જરૂર દેખાડી છે. એ દાસ્ય મોક્ષ કરતાં પણ અધિક છે તે પછીના શ્લો૦ ૩૯ ના **भवाम दास्यः** ના નિર્વચનમાં સુબોધિનીજીના **प्रथमं सारूप्यं सालोक्यं सामीप्यं सायुज्यमिति मोक्षभेदा ते दास्याग्रे अप्रयोजकाः** એ વાક્યમાં જણાવ્યું આ ગોપીજનના દાસ્ય ભાવની સિદ્ધિ તેમના આત્મનિવેદનમાં છે. **तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः । तद्गुणानव गायन्त्यो नात्मागाराणि सस्मरुः** તેમનું મન પ્રભુમય બની ગયું. આથી પ્રભુના ગુણ ગાન ગાતાં ગાતાં તેમને પોતાના આત્માનું કે ગૃહનું સ્મરણ રહ્યું નહિ સ્મરણ ન રહ્યું એનું કારણ એકે સ્મૃતિ એ મનનો ધર્મ છે, તે મનમાં ઉત્પન્ન થાય છે, પણ મન તો ભગવાન્‌માં જ હતું. આથી તેમને ભગવાન્ સિવાય બીજા કશાનું ભાન રહ્યું નહિ. કોઇ કદાચ શંકા કરે કે, પોતાને ભલે પોતાના આત્માનું અગર ગૃહનું ભાન ન રહ્યું પણ બીજો કોઇ કદાચ આવીને કહી જાય તો તેમને તે બધાનું ભાન તો થાય ને જ ? આવી શંકાને પણ ગોપીજનની નિવેદન ભક્તિમાં સ્થાન નથી તેમ જણાવવાને કહે છે કે તેમના આલાપો પ્રભુ સાથે જ હતા, એટલે બીજા કોઈની સાથે વાત કરે કે બીજા કોઈની વાત શ્રવણ કરે એ સંભવતું જ નથી. વળી પુનઃશંકા થાય કે તેમને દેહ હોવાથી ભૂખ અને તરસ તો લાગે જ, અને જ્યારે તેની બાધા થાય ત્યારે તેમને દેહાદિનું સ્મરણ થાય જ. ત્યાં પણ જણાવવાનું કે તેમની દૈહિકી તમામ ચેષ્ટાઓ પણ પ્રભુમાંજ આવિષ્ટ હતી. છેવટે આપણને શંકા થાય કે ભલે મન, આલાપ તથા ચેષ્ટાઓ બધાં પ્રભુમાં હતાં, પણ તેમનો આત્મા તો અલગ છે તેથી અને જ્યાં સુધી આત્મા પૃથક્ હોય છે ત્યાંસુધી 'હું ઘટને જાણું છું' હું પટને જાણુ છું. એ પ્રકારનું અહંભાવ વાળું જ્ઞાન તેને રહે જ. ત્યાં જણાવે છે કે આ ગોપીજનોને તો તેમનો આત્મા પણ પ્રભુમયજ બની ગયો હતો. તેમની પાસે તેમનો આત્મા પૃથક્ છે કે કેમ તે પણ તે જાણતાં નહોતાં. જેમ તેમનાં મન ઇત્યાદિને તે ભૂલી ગયાં હતાં તેમ તેમના આત્માને પણ તે ભૂલી ગયાં હતાં આથી પ્રભુ સિવાય બીજા કશાનું ભાન તેમને નહોતું. અહિંઆં અદષ્ટથી પણ તેમને દેહાદિનું ભાન સંભવતું નથી. કારણ કે રાત ને દિવસ તેઓ પ્રભુનાંજ ગુણ ગાન ગાતાં હતાં. જો તે ગુણ ગાન વગર એમને એમ ઉભાં હોત, તો કદાચ અદષ્ટને લીધે પણ દેહાદિનું સ્મરણ થાત, પણ પ્રભુ ગુણગાનમાંજ પરાયણ હોવાથી તે સંભવતું નથી. આ રીતે ગોપીગીતમાં પ્રભુની સાથે સંબંધ બાંધવાને શ્રીગોપીજને કેવા પ્રકારનું સમર્પણ કર્યું તે જણાવે છે. આ ગદ્યમંત્રમાં શ્રી વલ્લભાધીશ આ પ્રકારનાજ સમર્પણ અને 'તદીયત્વ'ની ભાવના રજુ કરે છે સમર્પણ વગર તદીયત્વ સંપૂર્ણ બનતું નથી, અને દેહાદિ તમામના પરિત્યાગ પૂર્વક પ્રભુ પ્રિત્યર્થ આત્માને યોજવામાં ન આવે તો ત્યાં સુધી સમર્પણ સિદ્ધ થતું નથી એ આ ગદ્યમંત્રનો ભાવાર્થ સમજવાનો છે.

જે આ સમર્પણની ભાવનાને પોતાના જીવનમાં સંપૂર્ણ ઉતારી શક્યો છે તેજ ખરો યોગી, તેજ સંન્યાસી, તેજ સ્થિતપ્રજ્ઞ, તેજ ઉત્તમજ્ઞાની અને તેજ ખરો ભક્ત છે. અમુક વેષ ધારણ કરવાથી સંન્યાસ સિદ્ધ થતો નથી. તેને માટે તો દૃષ્ટિ બદલાવી જોઈએ. અને તે અસાર જણાતાં પ્રભુ એજ સારરૂપ છે, માટે પોતાનું જીવન એ પ્રભુ પ્રેમમાંજ અર્પી દેવું એવો દૃઢ સંકલ્પ થવો જોઈએ. અર્થાત્ પ્રભુ પ્રેમને માટે જેને સંસાર તુચ્છ લાગ્યો છે તેજ ખરો સંન્યાસી છે. આવા પુરૂષને કામ ક્રોધાદિ કે શબ્દાદિ બાધા કરતા નથી. જેણે ગદ્યમંત્રમાં દર્શાવ્યા પ્રમાણે પ્રભુને સમર્પણ કર્યું છે તેજ ખરો ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં સંન્યાસી અને પ્રભુ ભક્ત છે.

પુષ્ટિમાર્ગ એ અનુગ્રહનો માર્ગ છે. આ અનુગ્રહ જીવમાંથી અહંતા મમતા દૂર થઈને દૈન્યભાવ સ્ફુરે તો જ થાય છે. અને દૈન્યભાવની સ્ફુર્તિ નિઃસાધનતાને લીધે છે. આ નિઃસાધનતાની સિદ્ધિ માટે પણ સર્વવસ્તુનું સમર્પણ ગદ્યમંત્રમાં જણાવ્યું છે. આ સમર્પણથી જીવને સર્વાત્મભાવ અર્થાત્ તમામ સ્થળે પ્રભુ છે અને તમામ પ્રભુનું છે એવો ભાવ ઉત્પન્ન થાય છે આમાં દેહાદિની સ્ફુર્તિ જતી રહે છે, અને વિષયોનો ત્યાગ કરવામાં આવે છે. આવી જાતનો સર્વાત્મભાવ પ્રાપ્ત થવો તેનું નામ 'સમર્પણ' છે. આવા સમર્પણથીજ જીવ પ્રભુ સાથેનો પોતાનો સંબંધ પુનઃપ્રાપ્ત કરી શકે છે.

જેઠાલાલ ગોવર્ધનદાસ શાહના ભગવત્સ્મરણ.

શ્રીકૃષ્ણકીર્તનમાળા.

પ્રાચીન મહાનુભાવી ભક્તોની અમૃતવાણી ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રની બાલલીલા, દાઢીલીલા, પનઘટલીલા, સ્નેહલીલા, માખનચોરલીલા વગેરે સુબોધ ને ભાવવાહી રસરસિક ૨૦૦ ઉપરાંત પ્રાચીન કીર્તનોનો સંગ્રહ. ન્યો. રૂ.૦-૪-૦

કનકાભિષેકનો ઈતિહાસ.

જગદ્‌ગુરૂ, વિશ્વવંદ્ય, શ્રી વિભુવદનાનલાવતાર શ્રીમદ્વલ્લભાચાર્યજીએ વિદ્યાનગરનરેશ મહારાજા કૃષ્ણદેવની વિરાટ્ ધર્મસભામાં અનેક વિદ્વાન્ પંડિતોને પરાસ્ત કરી દિગ્‌વિજય મેળવ્યો, મહારાજાએ કનકાભિષેક કર્યો તેનો સચોટ હૃદયસ્પર્શિ પુરાવા ૪૦ ગ્રન્થોના પ્રમાણોથી અને સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન્ પ્રો. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ M. A. ની પ્રસ્તાવનાથી બહાર પાડેલ છે. તેમજ મહારાજા કૃષ્ણદેવની ધર્મની મહાસભાના ચિત્રો તથા કનકાભિષેકના ચિત્રો અમારી પ્રાચીન શોધખોળમાંથી મળી આવેલાં તે ચિત્રો મહાન્ ખરચે તૈયાર કરાવી આ પુસ્તક શણગારવામાં આવ્યું છે. ન્યો. માત્ર૦૪-૦

લલ્લુભાઇ છગનલાલ દેસાઈ.

રીચીરોડ. નં. ૫૭, **અમદાવાદ.**

॥ श्री गोपीजनवल्लभाय नमः ॥

પ્રસ્તાવના.

લેખક: પ્રો. સાંકળચંદ જેઠાલાલ શાહ. M. A.

હું માનું છું કે આવા પ્રકારના પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર હોયજ નહીં. હાલનો જમાનો જુદા પ્રકારનો છે એમ સઘળા કહે છે. જેટલાં ધર્મનાં પુસ્તકો સંસ્કૃતમાં લખાયાં તેને પ્રસ્તાવના છે? આપણી સંસ્કૃત ભાષામાં કોઈ પણ પુસ્તક રચાતું તેનું મંગળાચરણ ગ્રંથ કર્તા લખીને પુસ્તકનો ભાગ શરૂ કરતા. મંગળાચરણમાં પ્રભુની સ્તુતિ જ થતી અને તેમાંજ પુસ્તકની રૂપરેખા આવી જતી.

આપણા જમાનામાં છાપખાનાના સંચાએ ઘણોજ મોટો ફેરફાર કરી દીધો છે. ધર્મનાં, નીતિનાં, શાસ્ત્રોનાં, કોઈ પણ પ્રકારના પુસ્તકો હવે કોઇ પણ મનુષ્યને સહેલાઇથી મળી શકે છે. પહેલાં પુસ્તકો મળી શકતાં નહીં એ વાત ખરી, પણ ધર્મનું રહસ્ય જાણવાને માટે આખા દેશમાં ઘણાં મંદિરો હતાં અને ઘણા મંદિરના ગુરૂઓ હતા અને બીજા પણ સાધુ પુરૂષો હતા કે જેઓ હિંદુસ્તાનમાં ઠેકાણે ઠેકાણે ફરી ધર્મનો ઉપદેશ આપતા હતા. અત્યારે છાપખાનાને લેઇ ને દરેક જાતનાં પુસ્તકો છપાય છે. એટલે પુસ્તક મેળવવું સહેલું થઈ પડયું છે. બ્રિટીશ સરકારે કેળવણી સાર્વત્રિક કરી છે અને અંગ્રેજી નિશાળોમાં તથા કોલેજમાં સંસ્કૃતનું અધ્યાપન શરૂ કર્યું છે એટલે બ્રાહ્મણ જાતિ ઉપરાંત હિંદની ગમે તે કોમનો માણસ સંસ્કૃત ભણી શકે છે. આપણા હિંદુઓ સંસ્કૃત શીખે છે એટલું જ નહીં પણ યુરોપના લોકો પણ સંસ્કૃતનો સારો અભ્યાસ કરે છે અને આપણા હિંદુના કોઇ પણ ધર્મનું અને સંપ્રદાયનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે અને ઘણા વર્ષ સુધી અભ્યાસ કરી પોતે પુસ્તકો બહાર પાડે છે, આપણા દેશમાં પણ સંસ્કૃત ભાષાનું અધ્યયન શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં આપણે જોઈશું તો બ્રાહ્મણ સિવાય બીજી કોમના લોકોએ ધર્મનાં પુસ્તકો જાહેરમાં લાવવાને પ્રયત્ન કર્યો છે. સંસ્કૃત ભાષા અઘરી છે અને બધા તેનો અભ્યાસ ન કરી શકે તે સારૂ આપણા ધર્મમાં સંપ્રદાયના અનુયાયીઓ સંપ્રદાયનું જ્ઞાન મેળવી શકે તે સારૂ દરેક સંપ્રદાયના આચાર્યો પોતાના સંપ્રદાયના મુખ્ય ગ્રન્થોનું શ્રવણ પોતાના અનુયાયીઓને કરાવતા અથવા શાસ્ત્રીઓ રાખી પોતાના માર્ગના અનુયાયીઓને શ્રવણદ્વારા માર્ગનું જ્ઞાન મળે તેનો બંદોબસ્ત કરતા, કોઇ પણ સાચો સંપ્રદાય અથવા માર્ગ હશે તેની પાસે જ્ઞાનનો ભંડાર તો હોવોજ જોઈએ. કોઈ પણ સંપ્રદાયની કીંમત જનતા તેમ ઈતર માર્ગના અને ધર્મના પંડિતો તેના જ્ઞાનના સાહિત્ય પરથી કરશે. હિંદુ ધર્મની કીંમત જે દુનિયાના બધા ધર્મથી ઉંચી અંકાઈ છે તેનું કારણ શું? જ્યારથી યુરોપી પ્રજા આપણા દેશમાં આવી ત્યારથી તેમણે આપણા દેશના ધર્મના પુસ્તકોનું સંશોધન કરવા માંડયું અને તેનો સંગ્રહ કરવા માંડયો. આપણા પંડિતો દ્વારા તેમણે અભ્યાસ કરવા માંડયો અને પછી પોતાની ભાષાઓમાં તે જ્ઞાન તેમણે જનતાને મળે તે માટે લાખો રૂપિયા ખરચી બહાર પાડયું. તેમણે આપણા જ્ઞાન સાહિત્યના મુક્ત કંઠે વખાણ કર્યાં. આપણા ઋષિઓ અને મુનિઓ, કર્મ, જ્ઞાન અને ઉપાસનાના ગ્રંથો ઉત્તમમાં ઉત્તમ પ્રકારના કરી શકયા તેનું કારણ શું? તેઓ જે કામ કરતા હતા તે ધન સંપાદન કરવા કરતા નહોતા, પણ તેમનો બ્રાહ્મણ તરીકેનો ધર્મ બજાવવા કરતા હતા, ઇશ્વરનું, આત્માનું અને જગત્‌નું જ્ઞાન આપવા તેમણે પોતાના પુસ્તકની કંઈ પણ કીંમત રાખી નહોતી તેમ ગુરૂ થયા તો પણ પરોપકાર અર્થે પોતાનું જ્ઞાન પોતે જનતામાં પ્રસાર્યું હતું. જ્ઞાનની કીંમત લેઈને વેચવું એ વિચાર જ આપણા આર્યાવર્તમાં હતોજ નહીં. આત્મજ્ઞાન વેચાય નહીં. તે તો ખરા જીજ્ઞાસુને આપવામાં આવતું. આ ભાવના જ્ઞાન આપણે જોતા નથી. ઉપનિષદ્‌માં તે સંબંધમાં વાર્તા છે કે રૈકવ મુનિ પાસે રાજા આત્મજ્ઞાન લેવા જાય છે ત્યારે મુનિને પોતે ઘણું દ્રવ્ય ભેટ તરીકે ધરે છે પછી પોતાની દીકરી આપવાનું કહે છે. પણ રૈકવમુનિ કહે છે કે આત્મજ્ઞાન આવી ક્ષુલ્લક વસ્તુના સમર્પણથી મળતુ નથી તે તો આત્મ સમર્પણ થાય એટલે પોતે પોતાપણું ભૂલી ગુરૂની સેવા કરે ત્યારે તે જ્ઞાન ગુરૂ શિષ્યને આપે છે અને શિષ્યને ગુરૂની કૃપાથી તે જ્ઞાન ઉદ્‌ભવે છે અને ફળે છે. દ્રવ્યથી

ધર્મનાં પુસ્તકો વાંચવાથી ધર્મની
દુનિયાની બધી વસ્તુઓ મળી શકે પણ ખરૂં આત્મજ્ઞાન મળે નહીં. ગુરૂની સેવા સર્વભાવથી ન કરી
બાબતોનું આપણને જ્ઞાન થાય પણ જ્યાં સુધી ગુરૂ કર્યા ન હોય અને
હોય ત્યાં સુધી ખરૂં જ્ઞાન પ્રાપ્ત થાય નહી.

હવે વિચારવાનું એ રહ્યું કે ગુરૂ કેવા હોવા જોઇએ. જેવા અધિકારી હોય, તેવા ગુરૂ, અધિકારી પસંદ
કરી લે છે અથવા પોતે પરંપરાથી જે સંપ્રદાયમાં હોય તે સંપ્રદાયના ગુરૂને પોતાના ગુરૂ કરી લે છે કે ગુરૂ કેવા
હોવા જોઈએ એ બાબતમાં ભાગવતમાં તથા નિબંધમાં આચાર્યશ્રીએ લક્ષણ આપ્યાં છે. કે શાસ્ત્ર પ્રમાણે
આચાર્યનાં લક્ષણ લક્ષમાં રાખીએ તો તેવા આચાર્ય મળવા દુર્લભ છે એટલે હાલતો વંશપરંપરાથી જે
ગુરૂ અથવા આચાર્ય હોય તેમને હાલના અનુયાયીઓ માને છે ખરા પણ જેમ ગુરૂના તરફ ભાવ રાખતા
નથી તેમ સંપ્રદાયના પુસ્તકો તરફ પણ ભાવના ઓછી રાખે છે. વળી અંગ્રેજી વિદ્યા ભણ્યા પછી
વિદ્યાર્થીઓ તર્ક કરતા વધારે થાય છે એટલે સારા ગુરૂના અભાવે અથવા પોતાના ધર્મના સારા આચા-
ર્યની પાસેથી જ્ઞાન લીધા સિવાય પોતે તર્ક કરવા અને પોતાની કાચી બુદ્ધિ દોડાવવા મંડી પડે છે
અને ધર્મ તરફ ઘણા શંકાશીલ બને છે અને વખતે ધર્મ તરફ ઘૃણા કરનારા થાય છે અને કોઈ કોઈ
વખત તો નાસ્તિકતા તરફ દોરાય છે. કેટલાક જુવાનોને તત્વ તરફ જોવાની પાકી બુદ્ધિ થઈ નથી
હોતી તેથી અને હાલના સંપ્રદાયના અનુયાયીની રીતિઓને લક્ષમાં લેવાથી નાસ્તિકતા તરફ દોરાઈ જાય છે.

દુનિયામાં જે જે પ્રજાઓ કેળવાએલી ગણાય છે
હિંદુસ્તાનમાંજ ધર્મનાં મંદિરો છે તમ નથી.
તે બધાને પોતાનો ઈશ્વર તરફનો ભાવ અને ઇશ્વર પ્રતિની કૃતજ્ઞતા વ્યકત કરવાનાં સ્થાન હોય છે.
મુસલમાનોને મસીદ છે. ખ્રીસ્તીઓને પોતાનાં દેવળ છે, પારસીઓને પોતાની અગીઆરી છે. યાહુદી
લોકોને તેમનાં Synagogues છે, જૈન લોકોને તેમનાં મંદિર છે તેમ ઉપાશ્રય છે. બુદ્ધ લોકોને પોતા-
નાં મંદિરો છે, આ પ્રમાણે દરેક સંસ્કારી પ્રજા ઈશ્વર સન્મુખ કોઇપણ પ્રકારે થાયછે. દરેક ધર્મ
ઈશ્વર સાથે સંબંધ જોડવા સારૂ અમુક પ્રકારની ક્રિયાઓ અનુયાયી પાસે કરાવે છે. ખ્રીસ્તી લોકોમાં
બેપ્ટીઝમની ક્રિયા છે, મુસલમાનો કલમો ભણાવે છે.

રા. રા. લલ્લુભાઇએ જે પુસ્તકનું પ્રકાશન કર્યું છે તેમાં ખાસ કરીને નામમંત્ર અને બ્રહ્મ
સંબંધ મંત્ર જે પુષ્ટિમાર્ગના મૂળ પાયા રૂપે છે તેનું વિવરણ આચાર્યોએ અને આપણા માર્ગના બીજા
વિદ્વાનોએ કર્યું છે તેનો સંગ્રહ છે. લલ્લુભાઇએ પોતે સ્વતંત્ર પુસ્તક લખ્યું નથી.

લલ્લુભાઈ દેસાઇએ પોતાનાથી જેટલી બને તેટલી મહેનત લેઇને પ્રાકૃત ભાષા જાણનાર અનુયા-
યીઓ માટે આપણા માર્ગના મૂળ પાયાનું જ્ઞાન પ્રાપ્ત થવા સારો પ્રયાસ કર્યો છે. તેમણે આપણા–માર્ગ-
ના બગીચામાંથી ઉત્તમમાં ઉત્તમ પુષ્પ વીણી લાવી તેનો હાર કરી વૈષ્ણવ સમાજ આગળ ધર્યો છે.
પુષ્પોની વાસ કેવી છે અને હારની ગુંથણી કેવી છે તેની પરીક્ષા કરવાનું કામ વૈષ્ણવોનું છે.

દરેક કેળવાએલા અથવા સુધરેલી પ્રજાના મનુષ્યમાં લાગણી એ પ્રધાનપદ ભોગવે છે. ? દરેક મનુ-
ષ્યને પોતાના માતા પિતા તરફ, ભાઈ ભાંડુ તરફ, પોતાની જાતિ તરફ, પોતાના દેશ તરફ, પોતાના
રાજા તરફ, પોતાના ગુરૂ તરફ લાગણી હોય છે. જે મનુષ્યને આવી લાગણી ન હોય તો તેની બુદ્ધિ
આસુરી સમજવી. જે મનુષ્યને પોતાના માતા પિતા તરફ લાગણી ન હોય તો તેમની સેવા કરે, તેમનો
સુખપર વિચાર કરે તેમને દુઃખ ન થાય તે બાબત લક્ષમાં લે ? જો પશ્ચિમના સંસર્ગથી આવી લાગણી
જે આર્યાવર્તના મનુષ્યમાં સ્વાભાવિક Traditional છે તે દૂર થશે તો હિંદુસ્તાનના લોકોની શી
સ્થિતિ થશે તે કલ્પી શકાતું નથી. આપણે જોઇએછીએ કે ગમે તેવા ક્રુર પ્રાણીઓમાં પણ પોતાના બચ્ચાં
તરફ પ્રેમ હોય છે. લાગણી તો ગાયને પોતાના વાછડા તરફ હોય છે. આવી લાગણી જો પ્રભુએ ન
મુકી હોય તો નાના બાળકો તેમ પશુ પક્ષીનાં બચ્ચાંઓનું શું થાય ? તે કલ્પી શકાય તેમ નથી. આપણે જે
હિંદુધર્મના સંપ્રદાયમાં હોઇએ તે તરફ આપણી જો લાગણી ન હોય તો આપણું જીવન કેવું થશે તેનો
આપણને ખ્યાલ થવો જોઇએ. સનાતન ધર્મ જેમણે પ્રવર્તાવ્યો છે તેમણે હિંદુસ્તાનની પ્રજા ઉપર મહાન
ઉપકાર કર્યો છે. તેમણે હિંદુસ્તાનની પ્રજાનાં દૈવી લક્ષણ કાયમ રાખવા પ્રયત્ન કર્યો છે. મનુષ્યે સારા

આચાર વિચાર રાખવા હોય તો સનાતન ધર્મના સિદ્ધાન્તોનો અભ્યાસ કરવો જોઇએ અથવા તો સારા ગુરૂની પાસે તે સિદ્ધાન્તોનું શ્રવણ કરવું જોઇએ. પ્રભુએ મનુષ્યને કાન આપ્યા છે એ પ્રભુનો મહાન્ ઉપકાર છે, કારણ કે મનુષ્ય કાન દ્વારા ધર્મનું જ્ઞાન લેઈ શકે છે. આપણા હિંદુસ્તાનમાં જે જે ભકતો –સ્ત્રીઓ અથવા પુરૂષો થયા તે બધા શ્રવણ દ્વારા જ્ઞાન મેળવી થએલા છે. પ્રભુ તરફનો પ્રેમ પણ શ્રવણ જ્ઞાનથી તેમ ગુરૂની સેવાથી ઉત્પન્ન થયો છે. સંસારી જીવો પોતાની જીવન પ્રવૃત્તિ કરી કંટાળી ગયા હોય અને જેમને પોતાને સંસ્કૃતનો અભ્યાસ કરવાનો, શાસ્ત્રનો અભ્યાસ કરવાનો સમય ન હોય તેમને માટે ગુરૂ અને આચાર્યોએ કથા કરવાનો પ્રબંધ કર્યો હતો. સાચું આત્મજ્ઞાન જેમને જ્ઞાન અને વિજ્ઞાન બન્ને હોય તે આપી શકે અને તેમનોજ જન સમાજ પર પ્રભાવ પડે. ગુરૂ એટલે સાધુ પુરૂષ શ્રીકૃષ્ણપરમાત્મા પોતે ભાગવતમાં નીચે પ્રમાણે કહે છેઃ—

न ह्यम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः।
ते पुनन्त्युरुकालेन दर्शना देव साधवः॥

સાધુ પુરૂષની પ્રશંસા પોતે એટલે સુધી કરે છે કે સાધુપુરૂષના દર્શનથી જ મનુષ્ય પવિત્ર બની જાય છે. સાક્ષાત્ ભગવાનનો સંબંધ અને ગુરૂનો સંબંધ એકજ કાર્ય કરે છે એવું ભગવાન્ સ્વયં કહે છે. દરેક ધર્મનો ઉપદેશ ગુરૂ દ્વારા થાય છે. ગુરૂને આચાર્ય પણ કહે છે. આચાર્યની પરીક્ષા પસાર ન કરી હોય તો પણ આચાય કહેવાય છે. ઉપદેશ કરવા સારૂ આચાર્ય થવાની જરૂર છે. શાસ્ત્ર જાણવાની પણ જરૂર છે. સૌથી વધારે જરૂર પંડિતાઇ કરતાં ઇશ્વર પરાયણ વૃત્તિની છે. જે ગુરૂમાં ઇશ્વર પરાયણ વૃત્તિ અને કોઈપણ મનુષ્યને ઇશ્વર પરાયણ કરવાની શક્તિ છે તે ગુરૂ સર્વત્ર પોતાના અનુયાયીયોથી અને બીજા ધર્મના અનુયાયીઓથી પણ પૂજ્ય છે. આપણા સંપ્રદાયના આદ્ય ગુરૂ—આચાર્ય—શ્રીમદ્ વલ્લભાચાર્ય છે. તેમણે જે માર્ગ પ્રવર્તાવ્યો છે તેની પ્રશંસા દરેક ધર્મવાળા કરે છે. તેમણે આ સંપ્રદાયની દીક્ષા સારૂ જે મંત્રો કર્યા છે તે મનુષ્ય માત્રનું કલ્યાણ કરવા કર્યા છે. અને તે મંત્રનું 'રહસ્ય દરેક વૈષ્ણવે જાણવું જરૂરનું છે. તે મંત્રના ઉપર જે ટીકાઓ છે તે સંસ્કૃતમાં છે એટલે તેનો લાભ દરેક વૈષ્ણવ લઈ શકતા નથી તેથી રા. લલ્લુભાઈએ ગુજરાતીમાં દરેક ટીકાનું ભાષાંતર કરાવી છપાવ્યું છે તેથી દરેક વૈષ્ણવ પોતે પોતાના મંત્રનું રહસ્ય સમજી શકે.

લૌકિકમાં જે સ્ત્રી અને પુરૂષ લગ્ન કરે છે તેમને લૌકિક બાબતોમાં એક બીજાને સારૂ ભોગ આપવો પડે છે એવી ધર્મની આજ્ઞા હોય છે આ લૌકિક પ્રેમ યજ્ઞ કહેવાય. તેજ પ્રમાણે જેને અલૌકિક લગ્ન કરવું હોય તેને માટે બ્રહ્મ સંબંધનો મંત્ર ગુરૂદ્વારા લેવો પડે છે. અલૌકિક પ્રેમ યજ્ઞમાં જીવ પોતે જેટલું પોતાનું માનતા હોય તે બધું એટલે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કરવું પડે છે. પ્રભુ પ્રાપ્તિને સારૂ આ દીક્ષા જરૂરની છે. જેને પ્રભુ સાથે સંબંધ જોડવો છે તેને માટે આ દીક્ષા જરૂરની છે. આ દીક્ષાનો અર્થ પૂરેપૂરો સમજવો તે પણ જરૂરનું છે. જેને પોતાનું આ લોક અને પરલોક બન્ને સુધારવું હોય તેને જરૂરનું છે. બ્રહ્મ સંબંધ મંત્રને ભક્તિ માર્ગીય સંન્યાસનો મંત્ર એવું નામ આપવામાં આવે છે. આ મંત્રોનું વિવરણ સારાસારા વિદ્વાનોએ કરેલું છે અને તે આ પુસ્તકમાં આપવાથી દરેક માણસને મંત્રના ગુહ્યાર્થનુ ભાન સારી રીતે થશે. આ જમાનામાં બુદ્ધિથી ધર્મ પર પ્રીતિ કરાવાની છે એટલે જ્યાંસુધી આપણા સંપ્રદાયના જ્ઞાનનો ફેલાવો થાય નહીં ત્યાંસુધી આ જમાનામાં સંપ્રદાય પર શ્રદ્ધા રહેશે નહી. અત્યારના જમાનામાં માતા પિતાના ગુરૂના કોઈના વચન પર શ્રદ્ધા રાખીને ચાલવું એવું નવી પ્રજાને અનુભવ તેમનામાં નથી તોપણ સમજતી નથી. ધર્મનો અંશ આપણી પ્રજામાં રાખવો હોય તો જ્ઞાનનો ફેલાવો, પુસ્તકદ્વારા, ઉપદેશકોદ્વારા, કથાદ્વારા, શિક્ષણદ્વારા કરવાની ખાસ જરૂર છે.

આ પુસ્તક આ જમાનામાં આપણા સંપ્રદાયનું ગૂઢ રહસ્ય સમજાવી અનુયાયીઓની તેમજ અન્ય માર્ગવાળાની સંપ્રદાય પર દૃઢ શ્રદ્ધા રખાવશે એવી મારી ખાત્રી છે અને બીજા નાસ્તિક અને નિંદક લોકોના હુમલાથી આપણા અનુયાયીઓને બચાવી લેશે.

અમદાવાદ
તા. ૨૨–૧૦–૧૯૩૬
આસો સુદ–૭ સં. ૧૯૯૨

સાંકળચંદ જેહાલાલ શાહના ભગવત્સ્મરણ.

श्री कृष्णाय नमः

નમ્ર નિવેદન

સંપ્રદાયમાં નામમંત્ર (અષ્ટાક્ષરમંત્ર), નિવેદનમંત્ર [બ્રહ્મસમ્બન્ધનો મહામંત્ર) એ બે મંત્રનો શ્રીગોસ્વામી બાળકને ગુરુ કરી, તેમની પાસેથી ઉપદેશ લેવાથી જ વૈષ્ણવ થવાય છે.

પ્રથમ નામમંત્ર લીધાથી જ વૈષ્ણવની સંજ્ઞામાં સાધારણ રીતે ગણી શકાય છે, પણ પ્રભુની સેવાનો અધિકાર તો નિવેદનમંત્ર લીધા પછી જ થાય છે.

પ્રસ્તુત ગ્રંથમાં આ બે મંત્રો ઉપરની ટીકા, અને તેની સાદી સમજને સરળમાં સરળ, ટુંકો અર્થ, સમજી શકાય તેવો અર્થ, તેમજ વધુ લંબાણથી વિવેચનપૂર્વકનો અર્થ, પ્રાચીન ગ્રંથોના પુરાવાથી તે મંત્રોની મહત્તા તથા અધિકતા તેમજ ભાવના સમજાવવાનો બનતો પ્રયત્ન કર્યો છે.

અષ્ટાક્ષરમંત્ર ઉપરની ટીકામાં કાશીવાળા ગો. શ્રી. ગિરિધરજી મહારાજની વ્રજભાષા ટીકા, તથા શ્રીમત્પ્રભુચરણ શ્રી ગુસાંઇજીએ અષ્ટાક્ષર વિવરણ ટીકા કરેલી તેનો ગુજરાતીમાં કરેલો અર્થ સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન્ પ્રો. જેઠાલાલ શાહ M. A. ની ટીકામાંથી ઉપયોગી ભાગ, તથા સાંપ્રદાયિક માસિકોમાંથી પણ કેટલાક લેખો લીધા છે.

હવે બ્રહ્મસમ્બન્ધમંત્રનું શું શું સાહિત્ય લીધું છે તે તરફ દ્રષ્ટિપાત કરીએ.

આ મંત્ર ઉપર સંસ્કૃતમાં ચાર ટીકાઓ છેઃ—

(૧) ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજી (૨) મહાનુભાવી શ્રીહરિરાયજી, (૩)અનેક આકરગ્રંથોની ટીકાઓ લખનાર શ્રી વલ્લભજી મહારાજ (૪) શ્રી ગો. શ્રીવ્રજાભરણજીની સંસ્કૃતમાં ટીકાઓ છે. (૫) એક ટીકા વ્રજભાષામાં શુદ્ધાદ્વૈત માર્તંડકાર શ્રી ગિરિધરજી મહારાજની છે. આ ટીકાઓના આધારે સાંપ્રદાયિક પુસ્તકોમાં તેમજ માસિકોમાં આવેલ વિદ્વાનોના તેમજ શાસ્ત્રીઓના પણ લેખોનો ઉપયોગી ભાગ આલેખેલો છે.

મંત્ર છપાવો ન જોઇએ.

સંપ્રદાયની પ્રણાલિકા એવી છે કે, મંત્ર છપાવો ન જોઈએ. છપાવાથી રહસ્ય પ્રકટ થઈ જાય છે, ભાવના પ્રકટ થઇ જાય છે, રસ જતો રહે છે વગેરે. તો એ માટે આપણે વિચાર કરીએઃ—

તે પહેલાં આપણે જાણવું જોઇએ કે આ મંત્ર કેવા સંયોગોમાં, કેવી રીતે પ્રકટ થયો છે? શા કારણથી પ્રકટ થયો? પ્રકટ કરનારને કરવાનો હેતુ શો હશે? એ જાણવા માટે શ્રી. વલ્લભાચાર્યજીના પૃથ્વી પરિક્રમણ તરફ દ્રષ્ટિપાત કરવો જોઇશે.

મંત્રનું પ્રાકટ્ય

શ્રીમહાપ્રભુજી પૃથ્વી પરિક્રમા કરતા દક્ષિણમાં વિદ્યાનગરમાં કૃષ્ણદેવરાજાને ત્યાં પધાર્યા, ને ત્યાં તે સમયમાં પ્રચલિત સર્વસંપ્રદાયના પ્રતિનિધિઓની મળેલી ધર્મ પરિષદમાં પોતે સંપૂર્ણ વિજય મેળવ્યો. (સં—૧૫૪૮) ને પોતાનો **સિદ્ધાંત** સાબિત કર્યો. રાજાએ આપશ્રીને [1]**કનકાભિષેક** કર્યો. સંપ્રદાયની પ્રથમ સ્થાપના આપે ત્યાંથી શરૂ કરી. એ ઈતિહાસ ને વાર્તા વૈષ્ણવો જાણે છે જ.

આચાર્યશ્રી ત્યાંથી ક્રમેક્રમે આગળ વધી વ્રજમાં પધાર્યા, શ્રી ગોકુળમાં, શ્રી ઠકુરાણી ઘાટ ઉપર બિરાજ્યા. દૈવી જીવોનો ઉદ્ધાર કેમ ને કેવી રીતે કરવો વિગેરેનો વિચાર કરતા કરતા રાત્રિના પોઢયા, પણ જગદુદ્ધારક, જગદ્ગુરુને કાંઇ ઓછી જ ઉંઘ આવે છે? એ ઉંઘે તો તો ઉંઘુ જ વળેને? એમને વળી ઉંઘે પાલવતું હશે! ત્યારે આ તરફ જગતનિયંતા, સચ્ચિદાનંદ પ્રભુ પણ વિચારજ કરતા હતા. એ પણ કાંઇ થોડા જ બેસી રહ્યા હતા.! સમયની વાટ જોતા હતા. આમ ઉભય પક્ષકારોના વિચારોની હારમાળા વચ્ચે **પુષ્કળ ચિંતાગ્રવશ શ્રી વલ્લભપ્રભુને અર્ધ નિદ્રાવસ્થામાં** રાત્રિના બાર વાગે

---

૧ [જુઓ " **કનકાભિષેકનો ઇતિહાસ** " એ પુસ્તક]

શ્રી ગોકુળમાં, શ્રી યમુના મહારાણીજીની સાનિધ્યમાં, શ્રીઠકુરાણી ઘાટ ઉપર શ્રી ઠાકોરજીએ પ્રકટદર્શન આપ્યાં. ચિંતામાં નિદ્રાવશ થયેલા શ્રી વલ્લભ પ્રભુ જાગ્યા, દર્શન કરી આનંદ પામ્યા. આપે આજ્ઞા કરી કે શા માટે ચિંતા કરો છો? આપ જીવને 'બ્રહ્મસમ્બન્ધ' આપો, તેમનો ઉદ્ધાર કરો, ને મારે શરણે સોંપો. જે જીવને બ્રહ્મસમ્બન્ધ આપશો તેને હું જરૂર અંગીકાર કરીશ, છોડીશ નહિ. તે પછી ભલે ગમે તેવો પાપી હોય, કે જડ હોય, કુબુદ્ધિવાળો હોય, દોષવાન હોય. તો પણ તેનો હું અંગીકાર કરીશ. તરછોડીશ નહિ. માટે આપ ચિંતામુક્ત થાવ. ઉઠો, પધારો ને કાર્યતરફ પ્રેરાઓ. ત્યારથી આચાર્યશ્રીએ દૈવીજીવોના ઉદ્ધારનું કાર્ય બનતી ત્વરાથી બનવા માંડયું. આ બનાવ સં. ૧૫૪૯ના શ્રાવણ સુદ ૧૧ બન્યો એમ મનાય છે. શ્રી ઠાકોરજીએ આચાર્યશ્રીને બ્રહ્મસમ્બન્ધનો મંત્ર કહી સંભળાવ્યો.

[1]આતો થઇ બ્રહ્મસંબંધ મંત્રની ઉત્પત્તિ અર્થાત્ પ્રાકટય, તેમજ શ્રી પુષ્ટિમાર્ગનું બીજારોપણ.

પ્રથમ એ મંત્ર આપ્યો [2]શ્રી દામોદરદાસ હરસાનીને, પછીથી ક્રમે ક્રમે એ મંત્રનો ફેલાવો થયો બલ્કે તેનો વેલો વધ્યો ને તેમાંથી મોટું વૃક્ષ થયું ને તેને ફળ થવાં લાગ્યાં. અનેક વૈષ્ણવોનો ઉદ્ધારરૂપી ફળ લાગ્યાં. એ ફળનો રસાસ્વાદ ગુરુકૃપાથી હાલ આપણે વૈષ્ણવો લઈ રહ્યા છીએ.

મંત્ર ગુપ્ત કેમ ?

એ ઉપર બહુ જ વિચાર કરવાનો છે. માની લ્યો કે એ મંત્ર સં. ૧૫૪૯ માં પ્રકટ થયો, તે પછીથી શ્રી ગુસાંઇજીએ પણ અનેક જીવોને શરણે લીધા તે છેક અત્યાર સુધી પણ તે મંત્ર શ્રી વલ્લભકુળના બાળક દ્વારા વૈષ્ણવો લે છે. પછી ચતુર્થલાલજી શ્રી ગોકુલનાથજીએ વિચાર કર્યો કે કલિયુગના જીવોને આમ સમજ નહિ પડે માટે આપશ્રીએ કૃપા કરી તેના ઉપર સંસ્કૃતમાં ટીકા લખી. તે ટીકાના અમુક ભાગનું ભાષાન્તર પૃષ્ટ ..૩૭......માં આપ્યું છે તે વાંચી લેશો. તે પછી પણ બીજી ત્રણ ટીકાઓ લખાઈ તે બધી ગુપ્ત જ રહી. કાશીવાળા **શ્રીગિરિધરજી** મહારાજે વૈષ્ણવો ઉપર પૂર્ણ કૃપા કરી વ્રજભાષાની ટીકા લખી. તે પણ ગુપ્તજ રહી. વચ્ચેના ચારસો વર્ષના ગાળામાં અનેક શ્રી. ગો. બાળકો સમર્થ વિદ્વાન્ થયા હતા ને અત્યારે પણ છે, છતાં શા કારણથી એ અમુલ્ય રત્ન ગુપ્ત રહ્યું તેનો ઉકેલ પડતો નથી. જો કે તે ટીકાઓ લખાઇ તે વખતે ઘણાય વૈષ્ણવો વાંચી હશે જ, અને દર્શન પણ કર્યાં હશે જ. શું તે વખતે લખનાર બાળકોએ તે પુસ્તકો બાંધી મૂકવા લખ્યાં હશે? મનાતું નથી, માનવામાં આવતું પણ નથી, તેમ માની શકાય પણ નહિ, બલ્કે અશકય છે. બાંધી મુકે તો લખે શું કામ? લખવાનું કાંઇ પ્રયોજન નથી. તો પછી શા કારણથી મંત્ર ગૂપ્ત રહ્યો? એતો મોટાનાં માનસમાં આપણે શું સમજીએ? પણ એટલું તો ચોક્કસ છે કે મંત્ર ગુપ્ત રાખવાથી સંપ્રદાયને લાભ થયો છે એમ જરાય માની શકાય નહિ.

મંત્ર ગુપ્ત રાખવાથી થયેલો ગેરલાભ

એ મંત્રનું રહસ્ય નહિ જાણુનારા મૂર્ખ શિરોમણિઓ, સંપ્રદાયના કટ્ટર વિરોધિઓ, ગમે તે કારણથી, પ્રભુ ઇચ્છાથી પણ વિરૂદ્ધ પડયા, ઠેરઠેર નિંદાઓ થવા લાગી, અનેક ગલીચ આક્ષેપો થવા લાગ્યા પરિણામે મહારાજ લાયબલ કેસ થયો સંવત ૧૯૧૭ માં, ત્યાં સુધીનાં વચ્ચેનાં ૩૦૦ વર્ષના ગાળામાં કોઇપણ ઠેકાણે શ્રી. ગો. બાળકને ઘેર, કે શું વૈષ્ણવોને ઘેર, પણ એ મંત્ર લખેલો નહિ જ હોય? તે છેક લાયબલ કેસમાં એ મંત્ર જેવાતેવા, ખરાખોટા, સ્વરૂપમાં કેટલાક અક્ષરો કમી કરીને, કેટલાક નવા ઉમેરીને, તે મંત્ર કોર્ટમાં રજુ કર્યો, તેના ઉપરની સંસ્કૃત ટીકા પણ ખોટા ને ઉપજાવી કાઢેલા તે કેસને બંધબેસતા સ્વરૂપમાં લખાવી રજૂ કરીને તેના અર્થો ખોટા, અવળા ને ઉંધાજ કર્યા, ને તેને કોર્ટે માન્ય રાખ્યા બલ્કે કબુલ્યા, અર્થાત્ સ્વીકારી લીધા. 'કારણ તે વખતે તેથી સારા પુરાવા બીજા નહિ

[જુઓ ષોડષ ગ્રંથની ટીકામાં '**શ્રી સિદ્ધાન્ત રહસ્ય**' ગ્રન્થ] પૃષ્ટ...૯૧

[૧ જુઓ "૮૪ વૈષ્ણવની વાર્તા" એ પુસ્તક]

સ્થાપના કરી. તેમાં કૃપા પારાવાર પિયુષ નિત્ય લીલાસ્થ ગો. તિલકાયિત શ્રી ગોવર્ધનલાલજી મહારાજ, શ્રી જીવણલાલજી મહારાજ, શ્રી રણછોડલાલજી મહારાજ, શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજ વિગેરેએ પણ અપૂર્વ પ્રયત્નો આદર્યા. ઠેકઠેકાણે સભાઓ ભરી વ્યાખ્યાનો કરવા માંડયાં. અધૂના શ્રી સુબોધિનીજીના પ્રખર અભ્યાસી, બ્રહ્મસંબંધ મંત્ર ઉપરની ટીકા તથા અર્થ સમજાવી વૈ. ને અદેયદાન દક્ષનાર શ્રી ગો૦ શ્રી દામોદરલાલજી, તથા મહા વિદ્વાન્ વિદ્યાવિલાસી શ્રી ગોકુળનાથજી મહારાજ, તથા વિદ્વદ્રત્ન શ્રી વ્રજરત્નલાલજી મહારાજ, આદિ બાળકો અજોડ યોદ્ધા સમાન પ્રચાર કાર્ય કરી રહ્યા છે, તો હવે પછી પૂર્વવત્ જાહોજલાલી–તેજ આવવા માંડયું છે. જો આવાજ પ્રયાસો ચાલુ રહેશે તો કોઈ વિરોધીઓની દેન નથી કે સામે માથું ઉચકી શકે !

વચ્ચે વળી એક ગલીચ છાપું 'પોલ પત્રિકા' નામે સંપ્રદાયના વિરોધનું નીકળ્યું તેમાં તેના તંત્રી પ્રવાસી પાગલ ઉપર ઘણા કેસો કોર્ટમાં થયા ને તેમાં તેને ભારેમાં ભારે જેલની સજાઓ થઈ (ને તે જેલમાં જ સડીને મરણ પામ્યો. એમ સાંભળ્યું છે.) ને સંપ્રદાયની ઝળહળતી જ્યોત તો તેની તે જ ઝળકતી રહીને હજુ પણ રહેશે જ.

મંત્ર પ્રકટ કરવામાં શ્રીયુત તેલીવાળાનો ભગીરથ પ્રયત્ન અને તેથી થયેલો લાભ

એ જ અરસામાં શ્રીયુત તેલીવાળાએ તથા શેઠ રણછોડદાસ વરજીવનદાસે મળીને સતત્ પ્રયત્ને એ મંત્ર ને તેના ઉપરની બધી ટીકાઓ છપાવીને બહાર પાડી, તેમ જ 'શ્રી સિદ્ધાન્ત રહસ્ય' ગ્રન્થની પ્રસ્તાવનામાં પણ એ મંત્ર છપાવી તે ઉપર અંગ્રેજીમાં નોટ લખી તેની ગુજરાતી ટીકા છપાવી લગભગ ૨૦ હજાર જેટલી નકલો વૈ. માં દેશદેશાવરમાં છુટે હાથે વહેંચી. તેની અસર એટલી બધી થઈ કે હવે વિરોધી વર્ગતો સામો થતો અટકી જ ગયો, અને જીજ્ઞાસુ વર્ગને મંત્ર તથા તેનું રહસ્ય જાણવાનું મળ્યું. એ મોટામાં મોટો લાભ થયો.

પુસ્તક પ્રકાશનની મારી દુકાન સં. ૧૯૬૯ની સાલથી ચાલે છે, તે દ્વારા ઘણાંય પુસ્તકો પ્રકટ થયાં છે, હજુય તે પ્રકાશનનું કામ ચાલુ છે. છેલ્લાં પંદર વર્ષથી આ મહામંત્ર તેમ જ તેના કંઈક અર્થ જાણવાની વૈ. ને જીજ્ઞાસા થએલી, કેટલાય વૈ. મારી પાસે માગણી કરતા હતા. પરંતુ મને એ સાહિત્યની ખબર ન હતી. સંપ્રદાય માસીકોમાં કાંઈક કાંઈક ઝીણી ઝાંખી થતી. પણ તેથી તૃપ્તી થાય નહિં, કોઈ કોઈ ભગવદીયોદ્વારા સામાન્ય નહિં જેવો જ અર્થ સમજેલો તે આ ગ્રંથમાં અન્યત્ર છપાયો છે. એમ કરતાં સં. ૧૯૯૧ ની સાલમાં હું વ્રજ પરિક્રમામાં ગયો ત્યાં પણ ઘણા વૈ. માગણી કરી. હું જાણતો હતો તેટલું તો સમજાવ્યું પછીથી ઘેર આવી મંત્ર ઉપરનું સાહિત્ય એકત્ર કરવા માંડયું. સં. ૧૯૯૨ ના વૈશાખ માસમાં પોરબંદરમાં શ્રીનાથજીનાં ધ્વજાજી ચઢાવવાના મનોરથમાં ગયો હતો ત્યાં પણ આ મંત્રનો ભાવાર્થ જાણવા માટે ઘણા વૈષ્ણવોએ કોઈ પુસ્તક હોય તો માગણી કરવા માંડી પરિણામે આ પુસ્તક છપાવ્યું છે.

ભલું થજો શ્રી મુલચંદ્ર તેલીવાળાનું

તેમણે ભગીરથ પ્રયત્ને ખરા સ્વરૂપમાં મંત્ર તથા ટીકાઓ મુળ સંસ્કૃતમાં છપાવી. હવે મારા તરફથી શુદ્ધ ને સારા સ્વરૂપમાં સંપ્રદાયના વિદ્વાન્ શ્રી. ગો. બાલકોની ટીકાવાળા, તથા વૈ. વિદ્વાનોની કસાયેલી કલમથી વિદ્વત્તા પૂર્ણ લેખોવાળું આ પુસ્તક વાંચવા મળે છે. ભગવત્કૃપાથી તેમ જ વૈ. ની સહાયથી તથા મારા વિદ્વાન્ મિત્રોની મદદથી આ ગ્રંન્થ આપની પાસે રજુ કરૂં છું તે સ્વીકારશો.

ક્ષમા યાચના

આ પુસ્તક છપાયેલું જોઇને કેટલાક પ્રાચીન પદ્ધતિને અનુસરવાવાળા જુનવાણી ભગવદીયો રોષે ભરાશે, કેટલાકો ઠીક ના કર્યું, સારૂં નથી કરતા, એમ કહેશે, કેટલાકને પુછતાં કહે છે કે, ઈશ્વર તમને બુદ્ધિ આપે તેમ કરો, કેટલાક બન્ને બાજુ પર જોનાર હોય છે. કુવો ખોદનારને બહુ ઉંડો છે, સાંકડો છે, એમ કહેશે, પહોળો હશે તો કહેશે કે મોટો ઝંડ, તળાવ જેવડો છે, આટલો મોટો શું પડી મરવાનો ?

વિગેરે વિગેરે. એમ એ પ્રકાર અસલથી જ ચાલ્યા આવે છે. માટે તેવાઓ પ્રત્યે, જયશ્રીકૃષ્ણ, કરી ક્ષમા યાચું છું.

આશાનાં ચિન્હો

ઘણા વૈ. ને આ પુસ્તક જોઈ ને આનંદ થયો છે, ઘણા રાજી થયા છે, બહુ સારૂં કર્યું, ક્યાં છે; જલદી છપાવો: એક વૈ. હમેશાં દર્શને આવે છે, ને કંઈક જીજ્ઞાસુ પણ છે, તેમને મેં વાત કરી, તો કહે છે કે, અરે ભાઈ? હું નાનો હતો ત્યારે મારા બાપા મને મહારાજ પાસે લઈ ગયા, એક દિવસ તો ભુખ્યો રાખ્યો, બીજે દિવસે નવડાવ્યો, મહારાજે કંઈક કહ્યું. તે પછી મારી ઉંમર આજ ૫૮ વર્ષની થઈ છે મને તો મંત્ર શું છે તેની જ ખબર નથી માટે જરૂર છપાવો. અરે! આવો તો ઘણોય વર્ગ ખુશી થયો હશે. આથી મને હર્ષ થાય છે કે મારા શ્રમની સાર્થક્તા થશે જ.

આભાર દર્શન

આ પુસ્તક છપાવવામાં જે જે વિદ્વાનોના લેખો લીધા છે તેમાં શ્રીયુત મુલચંદ્ર તેલીવાળા, વૈ. રણછોડદાસ વરજીવનદાસ, વૈ. જેઠાલાલ શાહ M. A., શાસ્ત્રી વસંતરામ, શાસ્ત્રી મગનલાલ M. A. વૈ. રણછોડદાસ પટવારી B. A. L. L. B., શાસ્ત્રી ચીમનલાલ, શાસ્ત્રી કેશવરામ, શાસ્ત્રી જેષ્ઠારામ, વૈ. અમૃતલાલ હરજીવનદાસ આદિ જેમણે કૃપા કરી આ મંત્ર ઉપર કાંઈક લેખો લખી વૈ. પર ઉપકાર કરેલો તેવા લેખોનો જ આ સંગ્રહ કરેલો છે તેઓનો ઉપકાર ચીર સ્મરણીય રહેશે.

વળી મારી વિનંતિ સ્વીકારી કૃપા કરી આ ગ્રન્થની પ્રસ્તાવનારૂપે મારા પરમ મિત્ર પ્રો. સાંકળચંદ જેઠાલાલ શાહ M. A., તથા પ્રો. જેઠાલાલ શાહ M. A., એઓ એ બ્રહ્મસમ્બન્ધના તત્ત્વરૂપ લેખો લખી મને ઉપકૃત કર્યો છે. આવી જ રીતે તેઓશ્રી સાંપ્રદાયિક સાહિત્ય ઉપર કંઈક લેખો લખી વૈ. જનતાને લાભ આપે એમ વિનંતી છે. "**मोहिबलहे दोउठोरको, एक बल मोहे हरिभक्तनको दुजो नंदकिशोरको**" એ ન્યાયે ઉક્ત ભગવદીયોની કૃપાથી આ પુ. વૈ. ના કરકમળમાં રજુ કરૂં છું, તે સ્વીકારી આભારી કરશો.

ચિત્ર પરિચય

૧ બ્રહ્મસમ્બન્ધ મંત્ર લઈ જે પ્રભુની સેવાનો અધિકારી જીવ થાય છે તે શ્રીનાથજીનું ત્રિરંગી ચિત્ર.

૨ શ્રી અષ્ટાક્ષરમંત્રની શરણ ભાવના–યુગલ સ્વરૂપ શ્રીકૃષ્ણ મારૂં શરણ છે, એ માટે શ્રી યુગલ સ્વરૂપનું ત્રિરંગી સુંદર ચિત્ર આપ્યું છે.

૩ મંત્ર પ્રકટ કર્તા જગત્ ગુરૂ શ્રીમદ્વલ્લભાચાર્યજીનું પ્રાચીન ચીત્ર.

૪ મંત્ર પ્રકાશ કર્તા પુષ્ટિમાર્ગના રક્ષક શ્રી વિઠ્ઠલનાથજી–શ્રી ગુસાંઈજી.

૫ ચતુર્થલાલજી શ્રી ગોકુલનાથજી મંત્ર ઉપરની પ્રથમ સંસ્કૃતમાં ટીકા લખનાર.

૬ વૈ. ઉપર પારાવાર કૃપા વર્સાવી, વ્રજભાષા ટીકા લખનાર કાશીસ્થ. શ્રી ગો. સ્વામી શ્રી ગિરિધરજી મહારાજ, ૭ શ્રી હરિરાયજી, ૮ શ્રી પુરુષોત્તમજી આદિ વિદ્વાન. બાળકોનાં ચીત્રો આપ્યાં છે.

૯ શ્રીકૃષ્ણ પ્રભુ શ્રીનાથજી અને જગદુદ્ધારક શ્રી વલ્લભાચાર્યજીનો પ્રથમ સમાગમ ને તે દ્વારા બ્રહ્મસમ્બન્ધ મંત્રનું પ્રાકટય સ્થળ, શ્રીમદ્ ગોકુળમાં શ્રી ઠકરાણી ઘાટ.

આદિ આ ગ્રન્થને લગતાં ભાવવાહી ચિત્રો આપી પુસ્તકના શૃંગારમાં વધારો કર્યો છે.

ઉપસંહાર

અંતમાં વૈ. જગતને મારી વિનંતી છે કે "હંસ ક્ષીર ન્યાયે" મારા આ કાર્ય તરફ દૃષ્ટિ રાખી, દુધ ગ્રહણ કરી, જળનો ત્યાગ કરજો, ભુલો હશે, દોષ હશે, ખરૂં ખોટું પણ થયું હશે પણ કૃપા કરી ભુલી જજો ને ક્ષમા આપજો. એ જ અભ્યર્થના.

આસો સુદી ૨
સં. ૧૯૯૨

લી. કૃપાકાંક્ષી દાસાનુદાસ વૈષ્ણવ
લલ્લુભાઇ છગનલાલ દેસાઇ
ના ભગવત્સ્મરણ વાંચશો.

॥ श्रीठाकोरजी-श्रीस्वामीनिजी ॥

॥ श्रीगिरिराजजीकी सघनकंदरामें विराजे हैं ॥

गोवरधन गिरिसघनकंदरा रेन निवास कीयो पियप्यारी ॥

श्री कृष्णाय नमः

॥ श्री गोपीजन वल्लभाय नमः ॥

अथ श्रीपुष्टिमार्गीय

नाम–निवेदन मंत्र द्वय निरूपण.

॥ मंगलाचरण ॥

चिंता संतान हंतारो यत्पादाम्बुजरेणव ।
स्वीयानां तान्निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ॥ १ ॥

यदनुग्रहतो जंतुः सर्व दुःखाति गो भवेत् ।
तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनंदनम् ॥

यदुक्तं तातचरणैः श्रीकृष्णः शरणं मम ।
अत अेवास्ति मच्चित्तमैहिके पारलौकिके ॥

रसात्मा रसरीतिज्ञो रसलीला परायणः ।
रसात्मगोपी रसिकः सः कृष्णः शरणं मम ॥

॥ अथ नाममंत्र निरूपणम् ॥

श्रीमद्गोस्वामी श्री गिरिधरजी महाराज (काशीवाला) कृत अष्टाक्षरमंत्र नाम व्याख्या

॥ श्री कृष्णः शरणं ममः ॥

याको शब्दार्थ—

श्री--शब्द करीके मुख्य श्रीस्वामिनीजी

कृष्ण--शब्दकरकें पुरुषोत्तम एसे युगलस्वरूप

शरण--शब्द तें आश्रय होय.

ममः--कहीये मोकुं. अर्थात्--

युगलस्वरूप मोकुं आश्रय होय

ओर अन्यको आश्रय सगरो अनित्यहे, नाशवानहे, सो कोनसो, सो कहतहें. जो देह, स्त्री, पुत्र, पुत्री. माता, पिता, भगिनी, कुटुंब, ग्रह, वित्त, पशु, गाम, देश, राजा, इन सबनकोजो आश्रयहे सो सगरो अनित्यहे. भ्रमात्मकहे, नाशवानहे, क्षणिकहे. ओर भगवद आश्रयहे सो नित्यहे. आनंदस्वरूपहे, यहलोक परलोकको देवेवारोहे, तातें अन्याश्रयनिवर्त पूर्वक भगवदाश्रय होय.

|| श्री कृष्णः शरणं ममः ||

अक्षरार्थः–

श्री--शब्दना उच्चारथी लक्ष्मीना सौभाग्यनी प्राप्ती थाय छे. तथा धनवाळो अने राजाने प्रिय थाय छे.

कृ--श द् पापने शोषी नाखे छे.

ष्ण--शब्द तापने नाश करे छे.

श--शब्द जन्मने बाळे छे.

र--शब्द ज्ञान मेळवे छे.

ण--शब्दथी कृष्णमां हंमेशां दृढ भक्ति थाय छे.

म--शब्दथी कृष्ण रत्ननो उपदेश करनार गुरुमां प्रीति थाय छे.

म–शब्दथी हरिनी साथे सायुजय थाय छे. अने अन्य-योनिमां जतो नथी.एटले ते जीवनो पुनर्जन्म थतो नथी.

॥ श्रीकृष्णः शरणं मम ॥

मुख्य श्रीस्वामिनीजी सहित श्रीकृष्ण–अर्थात् युगल स्वरुप श्रीकृष्ण, एज मारुं शरण, एज मारुं आश्रय स्थान छे. सर्वात्म-भावथी ए प्रभुने शरणे हुं जउं छुं. ए भाव विचारवो. श्री–कहेतां स्वामिनीजी, श्री कहेतां श्रीगोपीजन, तेमना मंडळ मध्य-विराजमान्. कृष्ण कहेतां सदानंद कृष्ण, गोपीजनवल्लभ कृष्ण, यशोदोत्संगलालित--श्रीयशोदाजीनी गोदमां खेल करता, विरा-जता कृष्ण. एवा "युगलस्वरुप श्रीकृष्ण मारुं शरण छे." ए अर्थ अष्टाक्षरमंत्रनो भाव विचारवो.

ए स्वरुपनी भावना विचारवा आ ग्रन्थमां आ पृष्ठनी सामे ज आ जे चित्र श्रीयुगलस्वरुपनुं आपेलुं छे ते चित्रजीनां दर्शन करी शरण भावना आपणे विचारीए.

॥ श्रीकृष्णः शरणं मम ॥[1] ये अष्टाक्षर मंत्रको यह भावार्थ हे. जो युगल स्वरूप श्रीकृष्ण मेरे आश्रय हो. देह, स्त्री, भोग्य पदार्थ, पुत्र, माता, पिता, स्नेही, कुटुंब, घर, धन, देश, ग्राम, उपवन, वाटिका, इत्यादि अनेक जीवके आश्रय हे. संसारी जीव जीन देहादिकनकुं अपनो आश्रय वा सहायक समजे हे, वे सब जूठे आश्रय हे, वे रक्षामें असमर्थ हे, तीनसुं या जीवको भलो नहि होय सके हे; किन्तु युगल स्वरूप श्रीकृष्ण सदानन्द जो त्रिकालसुं अतित हे सो मोकुं अपनो आश्रयदान करे, अर्थात् मेरी कालकर्म स्वभावकी बाधाके निवर्तक ओर सुखके दाता होय; ये अष्टक्षरको भाव हे.

---

१ शुद्धाद्वैत मासिक वर्ष ९ अंक ९ मांथी

॥ श्रीकृष्णः शरणं मम ॥ (दुसरो भावार्थ)

श्रीशब्दको अर्थ श्रीगोपीजनको मंडळ, ताके मध्यमें विराजमान् कृष्ण, सदानन्द, अर्थात् गोपीजनके रास मंडलके मध्यमें बिराजमान जो नंदनंदन कृष्ण सदानन्द हे. अथवा श्री--शोभायुक्त, कृष्ण सो श्रीकृष्ण, "तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुज" या श्लोकमें वर्णन कीयो हे. आपके विरह सुं व्याकुलजो श्रीगोपीजन विनके मंडलमें ही मंद मुसक्यान्सुं जिनको मुखारविंद शोभीत हे, असे नंदनंदन पितास्वरकुं श्रीहस्तमें लेके मुखके कछु भागको ढांपे हे, वनमालाकुं धारण करे हे, कोटिकंदर्प लावण्य कामके मनकुं भी मथन करवे वारे मन्मथ मन्मथ, उनकी वा समयकी जो शोभा सो श्री. वा शोभासुं युक्त कृष्ण सो श्रीकृष्ण कहावे. अथवा मुख्य स्वामिनी श्री उनसुं संयुक्त कृष्ण जो युगल स्वरुप श्रीकृष्ण, अथवा श्रीचंद्रावली ओर मुख्य स्वामिनी राधिकाजी उनके सहित कृष्ण सो श्रीकृष्ण असे युगल स्वरुप श्रीकृष्ण कहावे.

ओर कृष् (सद्) ण (आनंद) अर्थात् सदानंद परब्रह्मकुं ही कृष्ण कहे हे.

ओर, कर्षति इति कृष्णः, सब जीवनके मनकुं आकर्षण करे, उनको अपने विषे निरोध करे, सो कृष्ण अथवा निरोधजीनको सिद्ध होय गयो असे जो परम आसक्ति वारे भक्त, वा गोपीजन उनके मनकुं अपनी तरफ आकर्षण करे हे सो कृष्ण. व्रजभक्तनके उपर परम आसक्त जो श्रीनंदनंदन वृन्दावनचंद्र वे श्रीकृष्ण मेरे आश्रय होय. यह श्री अष्टाक्षर मंत्रको भावार्थ हे.

शुद्धाद्वैत मासिक वर्ष १० अंक ५मांथी

[1]महामन्त्र श्रीअष्टाक्षरनुं माहात्म्य.

वेदवाक्ये महावाक्यं, पुराणे भारते तथा।
श्रीमद्वल्लभवाक्यार्थं, श्रीकृष्णः शरणं मम॥

तस्मात् सर्वात्मना नित्यं, श्रीकृष्णः शरणं मम।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः॥

આપણા વૈષ્ણવ સમ્પ્રદાયમાં નામ અને નિવેદન આ બે મંત્રોનું ગ્રહણ કરવામાંઆવે છે. આ બે મંત્રોની પ્રાપ્તિ અને અર્થનું ચિન્તન જો યથાર્થ રીતિથી કરવામાં આવે તો બીજું કાંઇ પણ કર્તવ્ય બાકી રહેતું નથી. આપણા પૂજ્યપાદ શ્રીઆચાર્યદેવે આ બે મંત્રોના યથાર્થ તત્વને સમજાવવા માટે અનેક ગ્રન્થોની રચના કરી છે. જ્યારે આપણે સ્થિર ચિત્તથી આ મંત્રોના ભાવનું ચિન્તવન કરીએ છીએ, ત્યારે આપણા હૃદયમાં કેવા ભાવો ઉત્પન્ન થાય છે. જે ભાવો મ્હોટા મ્હોટા યજ્ઞોથી ઉત્પન્ન થઈ શકતા નથી, જે ભાવો વેદપાઠથી ઉત્પન્ન થઇ શકતા નથી, જે ભાવો લાખો અને કરોડો રૂપૈયાના દાનથી ઉત્પન્ન થઈ શકતા નથી, અને જે ભાવો અનેક તીર્થોની યાત્રાઓ કરવાથી થઇ શકતા નથી, તે આપણા પરમપ્રિય ઉભય મંત્રોથી પ્રાપ્ત થઇ શકે છે. આ ઉભય મંત્રોના ભાવાર્થનું વારંવાર ચિંતવન કરવા માટે શ્રી આચાર્યચરણ બહુ જ આગ્રહપૂર્વક આજ્ઞા કરે છે. निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैः जनैः "સર્વથા તાદૃશી જનો સાથે મળીને નિવેદનનું–સ્મરણ કરવું." तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम। वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः। તેથી સર્વાત્મભાવવડે સદૈવ "શ્રીકૃષ્ણઃ શરણં મમ" આ પ્રમાણે ઉચ્ચારણ કરતા રહેવું એવો મારો વિચાર છે. આ વાતમાં કાંઈ પણ સંદેહ નથી. વેદમાં પુરાણમાં અને ભારતાદિ ગ્રન્થોમાં પણ આ મહાવાકય છે, તેમ જ અખંડ ભૂમંડલાચાર્યવર્ય શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનું પણ મહાવાકય "श्रीकृष्णः शरणं मम" એજ છે.

---

1 "વૈષ્ણવ ધર્મપતાકા' માસિક પુ. ૧ અંક ૩–૪ માંથી આ લેખ લીધો છે.

શરણમંત્ર "श्रीकृष्णः शरणं मम" સર્વ વૈષ્ણવોને વિદિત છે, આ મંત્ર જ્યારે વાચા આવી હોતી નથી તેવે સમયે પણ આપવામાં આવે છે. આપણા સંપ્રદાયની રીતિ પ્રમાણે જ્યાંસુધી શરણમંત્ર લેવાયો ન હોય ત્યાંસુધી સમર્પણનો અધિકાર પ્રાપ્ત થતો નથી. આ શરણમંત્રનું દાન પ્રથમ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રે ઉત્તમાધિકાર પ્રાપ્ત શ્રીગોપીજનોને કર્યું હતું, ત્યાર પછી "" शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्" આ વાક્યનો ઉચ્ચાર કરનાર નિજસખા અર્જુનને આ મંત્ર આપ્યો હતો.

જે સમયે મહાપરાક્રમી અર્જુન ક્ષુદ્રહૃદય બની સ્વકર્તવ્યથી વિમુખ થવા તત્પર થયો હતો, જે સમયે સ્વધર્મને ભૂલી વિધર્મમાં જવા તત્પર થયો હતો, તે સમયે ભિન્ન ભિન્નરીતિથી ભગવાને તેને સમજાવવાનો પ્રારંભ કર્યો. કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગના સંબંધમાં ઘણો ઉપદેશ આપ્યો, પરંતુ અર્જુન એકનો બે ન થયો. તેને કોઇ વાત ઉપર વિશ્વાસ બેઠો નહિ અને લૌકિક દૃષ્ટિથી પૂજ્ય ગણાયલા શત્રૂપક્ષમાં ફસેલા ભિષ્મપિતામહાદિનો વધ એ મહાપાપ છે અને તેનાથી છુટવા માટે જ્ઞાન અને કર્મ સમર્થ છે એમ તેની ખાત્રી થઇ નહિ. તે સમયે શ્રીભગવાને અન્ય કોઇ ઉપાય નહિ જોતાં અર્જુનને યોગ્ય અધિકારી સમજી અંતે મહામંત્રનું દાન કર્યું. આ મંત્રનું દાન કરતાં આજ્ઞા કરી કે હે અર્જુન !

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥

ભગવાને આ મહામંત્રનું દાન અર્જુનને કેવી સ્થિતિમાં પહોંચ્યા પછી કર્યું હતું અને તેનું પરિણામ શું આવ્યું, આ સર્વ વિષય બહુ જ વિચારવા યોગ્ય છે. આ વિષય માત્ર વિચારવા યોગ્ય નહિ, પણ આપણા જીવનમાં ઉતારવા યોગ્ય પણ છે. સમસ્ત ભગવદ્ભકતોએ "श्रीकृष्णः शरणं मम" આ અષ્ટાક્ષર મહામંત્રનો જપ કરવો જોઇએ. જે ક્ષણમાં આ મહામંત્રની વિસ્મૃતિ થાય છે, તેજ ક્ષણમાં આસુરાવેશ ઉત્પન્ન થાય છે, અને આસુરાવેશ થતાંજ પ્રભુ અને પ્રભુવિહિત નિર્દોષ, રસરૂપ ભગવદ્લીલામાં પ્રાકૃતબુદ્ધિને લીધે વિવિધ પ્રકા-

રનો તર્કવિતર્ક થવા લાગે છે. ને તેથી આસુરાવેશ થાય છે. તે આસુરાવેશથી રક્ષણ કરનાર કોઈ પણ મંત્ર હોય તો તે શ્રીઅષ્ટાક્ષર મહામંત્ર છે. શ્રીમદગ્નિ-કુમાર, શ્રી વિઠ્ઠલેશપ્રભુ અષ્ટાક્ષરાર્થવિરણ નામના ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે—

श्रीकृष्ण कृष्ण कृष्णेति, कृष्णनाम सदा जपेत् ।
आनन्दः परमानन्दे, वैकुण्ठं तस्य निश्चितम् ॥

જે પ્રાણી સર્વદા શ્રીકૃષ્ણભગવાનના નામનું સ્મરણ કરે છે, તે આ લોકમાં પરમાનંદ પ્રાપ્ત કરી વૈકુંઠને પામે છે. અષ્ટાક્ષર મંત્રના આઠ અક્ષરોમાંથી એક એક અક્ષરનું શું સામર્થ્ય છે. તે સંબંધમાં શ્રીગુસાંઇજી કૃત અષ્ટા-ક્ષરાર્થનિરૂપણ નામના ગ્રન્થમાં આ પ્રમાણે આજ્ઞા કરી છે.

૧ શ્રી ના ઉચ્ચારણ કરવાથી સર્વ સૌભાગ્ય અને લૌકિક અલૌકિક સંપત્તિ મળે છે. ૨ કૃ ના ઉચ્ચારણ કરવાથી પાપમાત્રનું શોષણ થાય છે.

૩ ષ્ણ ના ઉચ્ચારણથી સમસ્ત તાપસંતાપનો ક્ષય થાય છે.

૪ શ ના ઉચ્ચારણથી પુનર્જન્મ થતો નથી.

૫ ર કારથી અલૌકિક લીલાઓનું અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન થાય છે.

૬ ણ કારથી શ્રીકૃષ્ણમાં સદૈવ દઢ ભક્તિ થાય છે.

૭ મ કારથી ગુરૂ અને વ્રજભક્તોમાં પ્રીતિ થાય છે.

૮ મ કાર—બીજાથી શ્રીહરિના સાયુજયની પ્રાપ્તિ થાય છે.

મહામંત્ર શ્રીઅષ્ટાક્ષરના આઠો અક્ષર—વર્ણ સ્વરૂપાત્મક છે. અર્થ-ચિંતનપૂર્વક આનો જપ કરવાથી ભગવદ્‌ભાવની વૃદ્ધિ થાય છે. આના જપના પ્રભાવથી વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે અને ભક્તિ તથ મુક્તિ ઉભય પોતાના હાથમાં રહે છે.

" श्रीकृष्ण : शरणं मम "

આ શ્રી અષ્ટાક્ષર મંત્રમાં રહેલું ભાવાત્મક રહસ્ય પરમ કૃપાળુ શ્રીમદ્વિ-ઠ્ઠલનાથજી—શ્રી ગુસાંઈજીએ અષ્ટાક્ષર મંત્ર ઉપર વિવૃત્તિ લખી જીવો ઉપર મહત્ ઉપકાર કર્યો છે. તેથી આ સ્થળે તે વિવૃત્તિનો માત્ર ભાવાર્થજ મૂકયો છે.

શ્રી ગુસાંઇજી જીવને આજ્ઞા કરે છે કે, જે કોઇ હે શ્રીકૃષ્ણ, હે કૃષ્ણ, હેકૃષ્ણ, એ પ્રમાણે કૃષ્ણનું નામ હમેશાં જપે તો તેને આનંદ સ્વરૂપ, પરમાનન્દ સ્વરૂપ, તથા વૈકુંઠ કહેતાં ગોલોક ધામની પ્રાપ્તિ નિશ્ચય મળે છે જ. તેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથીજ. પરંતુ શ્રી મહાપ્રભુજી ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં આજ્ઞા કરે છે તેમ "अव्यावृत्तोभजेत्कृष्णं पूजया श्रवणादिभि :" પૂજા તથા શ્રવણાદિથી અવ્યાવૃત્ત થઈને કૃષ્ણનું ભજન કરવું જોઇએ. અર્થાત્ ફલની ઇચ્છા રહિત કૃષ્ણ ભજન કરવું. શ્રીકૃષ્ણ એ આનન્દ સ્વરૂપ બ્રહ્મ છે. કૃષ્ણ શબ્દની વ્યુત્પત્તિ નીચે પ્રમાણે છે.

कृषिर्भूवाचकः शब्दो णश्च निवृत्ति वाचकः
तयोरैक्य परब्रह्म कृष्ण इत्यभिधीयते ॥

कृष्–શબ્દ સત્તાવાચક–હોવા પણાના અર્થમાં છે, અને ण–શબ્દ નિવૃત્તિ–સુખ–આનંદના અર્થમાં છે. આ બંનેનો બરાબર અર્થ 'સદાનંદ' થાય છે, શ્રીકૃષ્ણ આનંદ સ્વરૂપ બ્રહ્મ છે. એમ વ્યુત્પત્તિ દ્વારા આપણને સમજાયું. એવીજ રીતનો અર્થ શ્રીશંકરાચાર્યજી પણ વિષ્ણુસહસ્ર ઉપરની પોતાની ટીકામાં જણાવે છે.

कृर्षिर्भूवाचकः शब्दो णश्चनिवृत्ति वाचकः ।
विष्णु स्तभ्दाव योगाश्च कृष्णो भवति शाश्वतः ।
इति वचनात्सच्चिदानंदात्मकः कृष्णः ॥

વળી શ્રીમદાચાર્ય ચરણ આજ્ઞા કરે છે કે:–लौकिक प्रभुवत्कृष्णो न द्रष्टव्यः : कदाचन । આ શ્રીકૃષ્ણને લૌકિક પ્રભુ–રાજા, જેવા ન ગણવા પણ 'परंब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दता ततः। આ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે, અને તેથી સત્--ચિત્ અને આનન્દ તેમનામાં છે, બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ-શિવ એ ત્રણ દેવો સગુણ છે, જ્યારે આ કૃષ્ણ એકલા જ નિર્ગુણ છે. માટે તે પરબ્રહ્મ છે. તેથીજ આ શ્રીકૃષ્ણના નામનો સદા જપ કરવો બીજા કોઈ પણ દેવના જપની જરૂર નથી.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ અનેક સ્થળે વારંવાર એજ કહેવામાં આવ્યું છે. અંતકાળે મારૂં સ્મરણ કરીને જે દેહ છોડે છે તે મારો ભાવ પ્રાપ્ત કરે છે. તેમાં સંશય નથી (અ. ૮--૬)

નને ખબરજ નથી, પોતે હુકમ કરે છે કે, મારો રથ સેનાની મધ્યમાં લેઇ જાઓ અને પછી પોતે જ્ઞાનમાં ગળી જઇ હથીઆર હેઠાં મુકી કૃષ્ણને કહે છે કે શું આ બધાંને મારીને મારે એકલાએજ રાજ્ય ભોગવવું ! શાને માટે ! એથી શું લાભ ! વગેરે વાકયો–પ્રશ્નો પૂછે છે.

આપણે જરા થોભીએ, શ્રીગીતાજીમાં ૭૦૧ શ્લોકો છે, તેમાં ધૃતરાષ્ટ્રનાં વાકયના શ્લોક ૧ છે, ત્રીકાળજ્ઞાની સંજયનાં વાકયના શ્લોક ૪૧ છે, અને જ્ઞાનીભકત અર્જુનનાં શંકાનાં, પ્રશ્નોનાં વાકયો શ્લોક ૮૪ છે, જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનનાં તે શંકાનાં સમાધાનનાં, જવાબનાં કહો કે ઉપદેશનાં વાકયોના શ્લોકો ૫૭૫ છે. એદ્વારા ભગવાને અર્જુનને પોતાના પુરુષોત્તમ સ્વરૂપના તત્ત્વની ઝાંખી કરાવી, ભક્તિ તત્ત્વ સમજાવ્યું, દરેક કાર્યમાં હું કર્ત્તા નથી, પણ પ્રભુ કર્તા છે, તેની ઇચ્છાથી બધું થાય છે, હું તો એક નિમિત્ત માત્ર છું, આધાર ભુત છું, મારે તો તે પ્રભુની આજ્ઞા મુજબ વર્તવાનું છે, મારે તો કેવળ પ્રભુનું શરણુજ જોઈએ, ભાર બધો પ્રભુને માથે, મારે માથે કંઇ નહિ, મારે કંઇ લેવાદેવા નથી, ખરૂં ખોટું, સારૂં નરસું, પ્રભુ જાણે, મારે તો અષ્ટો પ્રહર પ્રભુજ કર્તા છે એવું માની તેમનું શરણ જ સ્વીકારવું. એ વિષય ઉપર પ્રભુએ અર્જુનને છેક છેવટની ઘડી સુધી એટલે—૧૮ અધ્યાય. ૬૫ શ્લોક સુધી તેની એક એક શંકાનો જવાબ લગભગ સાત સાત શ્લોક સુધી આપ્યા ને સમજાવ્યો, છતાં અર્જુન એકે વાતે સમજતો નથી. ભગવાને વિચાર્યું કે ભોગ લાગ્યા કલિયુગના ભકતોના, અર્જુન જેવો જ્ઞાની ભકત જયારે સમજતો નથી, ત્યારે કલિયુગના જીવો તો માયામાં રચી પચી રહેલા, અષ્ટોપ્રહર ખરૂં ખોટું જેને ભાન નથી તેની શી ગતિ થશે ? એમ વિચારી છેક છેવટે છેલ્લી ઘડીએ પ્રભુ બાણાવળીએ છેલ્લું સંગ્રહ કરી રાખેલું એકજ બાણ હતું તે અજમાવ્યું, ભાથામાંથી કાઢીને અર્જુનને માર્યું. આ રહ્યું એ બાણ–રૂપી શ્લોક " सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥

સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને કેવળ મને એકલાનેજ શરણે આવ, હું તને સર્વ પાપોમાંથી મુકત કરીશ, તું શોક કરીશ નહિ.

સર્વ ધર્મોનો પરિત્યાગ કરવાનું કહ્યું એટલે એકલો ત્યાગ નહિ, પણ પરિપૂર્ણ ત્યાગ કરવો, સહેજ પણ તે તે ધર્મોમાં આસકિત રહેવી ન જોઈએ,

પુરેપુરો ત્યાગ કરવો જોઈએ. તોજ પરિત્યાગ કર્યો કહેવાય નાહ તો ત્યાગ અધુરો છે એમ મનાય ને અધુરો ત્યાગ હોય ત્યાં સુધી અનન્ય શરણુ સિદ્ધ નથી થયું, ત્યાં સુધી પ્રભુનો આશ્રય પણુ સિદ્ધ નથી થયો. ને જ્યારે આશ્રય સિદ્ધ નથી થયો તો તેનું ફળ ભગવત્પ્રાપ્તિ તે તો હોયજ ક્યાંથી ? તેટલા માટે જ પરિપૂર્ણ ત્યાગ કરવાનું પ્રભુએ કહ્યું. તેવા ત્યાગમાં સર્વ ધર્મો એટલે તનના, મનના, ધનના, દેહ, પ્રાણુ, ઇંદ્રિય, સ્ત્રી, પુત્ર, કુટુંબ, આદિના દરેકના કે જેમાં જેમાં આપણી આસકિત હોય તે દરેક વસ્તુમાંથી આસકિત દૂર કરવી.

આ સ્થળે ભગવદ્ શરણુ તથા શરણુને અનુકુળ ધર્મોનો ત્યાગ કરવાનો નથી પણુ શરણુ વિરોધી સર્વધર્મોનો ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો છે. માટે તેવા વિરોધી ધર્મોનો તું ત્યાગ કરી કેવળ મને એકલાનેજ શરણે આવ એમ પ્રભુ આજ્ઞા કરે છે.

" माम् एकं शरणं व्रज "

'[1]મને એકલાનેજ શરણે આવ' એમ કહેવામાં કંઇક ગુહ્યાર્થ રહ્યો છે. તેનો ભાવાર્થ હું એમ સમજું છું કે, પ્રભુનાં અનેક રૂપ છે, વિભૂતિ છે. તે નહિ, વળી પ્રભુના બીજા અન્ય અવતારો છે તે પણુ નહિ. ત્યારે !

"एते च अंश कला पुंसः कृष्णस्तु भगवान् स्वयम्" [2]એટલે અંશાંશ, [3]અંશાવતાર, [4]આવેશાવતાર, [5]કલાવતાર, [6]પૂર્ણાવતાર (વ્યુહાવતાર) વગેરે અવતારો

---

૧ શ્રીમદ્ગર્ગસંહિતા—ગોલોકખંડ—અધ્યાય૧લામાં—શ્રીનારદજી બહુલાશ્વરાજાના પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, વ્યાસાદિક મુનિઓએ ભગવાનના અવતારના છપ્રકારના ભેદ બતાવ્યા છે.

૨ મરીચિ વગેરે મુનિઓ અંશાંશી અવતાર છે.

૩ બ્રહ્મા વગેરે અંશાવતાર છે.

૪ ભૃગુ ઋષિ વગેરે—આવેશાવતાર છે.

૫ કપિલ દેવ, કચ્છપાવતાર વગેરે કલાવતાર છે.

૬ નૃસિંહ, શ્રીરામચંદ્રજી, શ્વેતદ્વિપના અધિપતિ હરિભગવાન, વૈકુંઠવાસી ભગવાન, યજ્ઞસ્વરૂપ, અને નરનારાયણ, વગેરે પૂર્ણ અવતાર છે.

સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન પોતે પરિપૂર્ણતમ છે;

અસંખ્ય બ્રહ્માંડના અધિપતિ એવા તે કૃષ્ણ પોતાના ધામ ગોલોક વિષે બિરાજે છે. [વધુ વર્ણન માટે વાંચો " શ્રી ગર્ગસંહિતા " ન્યો. રૂ. ૨-૮-૦]

નહિ પણ પરિપૂર્ણતમ સ્વયં ભગવાન્ કૃષ્ણ કે જે " जानितं परमं तत्त्वं यशोदोत्संग लालितम् " " યશોદોત્સંગ લાલિતજ પરમતત્ત્વ છે એમ જાણો " એજ કૃષ્ણ —એ એકલાજ કૃષ્ણને શરણે આવ એમ પ્રભુનો ઉપદેશ છે.

વળી ' મને એકલાનેજ ' કહેવાનો બીજો પણ એ ભાવાર્થ છે કે, એકલા ન કહ્યા હોત તો ગમે તે અંશ, કલાવતાર વગેરેને શરણે જવાનું છે, એમ સમજાય, તો તેથી અન્યાશ્રયનો દોષ લાગુ પડી જાય અને તેથી જીવનું અનિષ્ટ થઈ જાય માટે જ " माम् एकं " પદ મૂકયું છે.

વળી અર્જુન અન્યદેવનું ભજન કરનાર, મર્યાદામાર્ગીય ભકત હતા તેથી તેમને પુષ્ટિસ્થ કૃષ્ણનું ભાન કરાવવું હતું ને તે દ્વારા પુષ્ટિમાં પ્રવેશ કરાવવાનો હેતુ હતો તેથી જ અન્યદેવના ભજન રૂપ સર્વ ધર્મોનો ત્યાગ કરવાનું અને મને એકલાને જ શરણે આવવાનું આપે કહ્યું હતું.

આ એકજ શ્લોક અ ૧૮, ૬૬ ઉપર શ્રીઆચાર્ય ચરણે " ન્યાસાદેશ " નામે ગ્રન્થ લખ્યો છે, તે ગ્રન્થ ઉપર પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથજીએ ટીકા પણ લખી છે તે વાંચવાથી વધુ ખુલાસો થશે (આપુસ્તક છપાઈ ગયું છે.)

આટલા વિવેચનથી આપણને સમજાશે કે જીવને ભગવાનના શરણની જરૂર છે અને શરણે ગયેલાઓને ભગવાન્ પોતાના આનંદનું દાન પણ કરે છે. એ સિદ્ધાન્ત આ શ્લોક ઉપરથી આપણને સ્પષ્ટ સમજાયો.

હવે આપણે એ સમજવાનું રહે છે કે.

" શ્રી કૃષ્ણ : શરણંમમ " એ મંત્રના દરેક અક્ષરો છુટા પાડી તેનો ભાવાર્થ આગળ પૃષ્ઠ ૮ માં જણાવ્યો છે પણ તે ઉપર વધુ વિસ્તારથી વર્ણન શ્રીમત્પ્રભુચરણે અષ્ટાક્ષરવિવરણ ગ્રન્થમાં જણાવ્યુંછે તે અત્રે આપવામાં આવે છે.

આ અષ્ટાક્ષર મહામંત્રના વર્ણો તે માત્ર [1]મૂળાક્ષરના અમુક પ્રકારે ગોઠવેલા વર્ણો નથી, પણ તે મહાન્ સિદ્ધિઓને આપનારા છે જેમ ૐ અક્ષરથી પરમ જ્ઞાન પ્રાપ્ત થાય છે, અગર ॐ ब्रह्म तज्जलान् शान्त उपासीत અને तज्जलान પદમાં જેટલો ગૂઢ અર્થ રહ્યો છે તેમ અષ્ટાક્ષર મંત્રના દરેક પદમાં પણ છે.

આ મંત્રનો પ્રથમ વર્ણ શ્રી છે. આ શ્રી વર્ણના ઉચ્ચારથી સૌભાગ્યની પ્રાપ્તિ

---

૧ અષ્ટાક્ષર મંત્રની ગુજરાતી ટીકાના અનુવાદક શ્રી. જેઠાલાલ ગોવર્ધનદાસના લેખ ઉપરથી.

થાય છે, ધનવાન્ થાય છે, તથા રાજાને પ્રિય બને છે. સૌભાગ્ય એટલે સારૂં નસીબ, સારૂં સુખ, એટલે ગૃહસ્થાશ્રમનું સુખ. પુરૂષને આથી અનુકુળ સ્ત્રી પ્રાપ્ત થાય છે. અને સ્ત્રીને અનુકુળ પતિ મળે છે અને તે ઉભય પોતાનો ગૃહસ્થાશ્રમ સારી રીતે ચલાવે છે. તેમના જીવનમાં દ્વેષ, કલહ, ઈર્ષા વગેરે બની આવતાં નથી તેથી તેમના એ સૌભાગ્યની વૃદ્ધિ દિવસે દિવસે થાય છે. વળી ધન–લક્ષ્મી–ને પણ આથી પ્રાપ્ત કરાય છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનારને દ્રવ્યની ડગલે ડગલે જરૂર પડે છે, જે શ્રીઅષ્ટાક્ષર મંત્ર જપે છે તેની પાસે લક્ષ્મી એની મેળે આવે છે. તે ભકત તેને શોધવા જતો નથી. કારણ કે પ્રભુ ભકત તો નિરપેક્ષ હોવો જોઇએ. પણ વગર માગે તે તેની પાસે આવે છે, વળી એ લક્ષ્મીની સહાયથી બીજાં સારાં પરોપકારી કાર્યો પણ તે કરી શકે છે. તેની પાસે જે લક્ષ્મી આવે છે તેનો દુરૂપયોગ વ્યર્થ મોજશોખ ઇત્યાદિમાં તેની સન્મતિ કરાવતી નથી, પણ શુભ કાર્ય પાછળ તે ખર્ચાય છે. વળી તે રાજાને વલ્લભ કહેતાં પ્રિય પણ થાય છે. આ દુનિઆમાં રાજા એ મોટી વ્યકિત ગણાય છે અને તેનો જે પ્રિય બને છે તે અધિક કીર્તિવાળો હોવો જોઇએ એવી પૂર્વની પ્રથા હતી. તો શ્રી વર્ણના ઉચ્ચારથી એવી કીર્તિ પણ તે સંપાદન કરી શકે છે. એટલે જેને લૌકિકો પરમ સુખ ગણે છે તે સુખ તે મેળવી શકે છે. ગૃહજીવનનું સુખ, લક્ષ્મીનું સુખ, અને કીર્તિ—આ પ્રાકૃતજનોની દૃષ્ટિએ પરમ સુખ ગણાય છે. પણ આ સુખ તો અષ્ટાક્ષરમંત્રનો જપ કરનાર; શરણ મંત્રનું અહર્નિશ રટણ કરનાર ભકતને માત્ર શ્રી વર્ણના ઉચ્ચારથી પ્રાપ્ત થાય છે એવો આશય છે.

તેજ પ્રમાણે કૃ એ અક્ષરનાં ઉચ્ચારથી માણસના જે જે મહા પાપો થઈ ગયા હોય તે બધા શોષાઈ જાય છે. સ્મૃતિ ગ્રંથોમાં પાપનાં નિવારણો માટે સખ્ત ચાંદ્રાયણાદિ વ્રતો કરવાના નિયમો આપેલા છે. તથા અમુક પ્રમાણેની વિધિ કરવાની હોય છે. આ વ્રતો તથા વિધિઓ ઘણી દુષ્કર હોય છે. દેહને એટલો બધો કલેશ આપવામાંઆવે છે કે, વ્રતને અંતે તે દેહ તદ્દન જર્જરિત થઇ જાય છે, અને માત્ર શ્વાસજ ખોળીઆમાં બાકી રહે છે. શ્રીમહાપ્રભુજી પાપના નિવારણને માટે આ પ્રકારની ક્રુર શિક્ષા શાસ્ત્રકારોએ આપવાની જે નક્કી કરી છેતે જોઇને અત્યન્ત ખિન્ન થયા. અને તેથીજ શરણાષ્ટક મંત્રનો જપ

કરવાનું જીવોને સૂચવ્યું. આ શરણાષ્ટક મંત્રના क्ृ વર્ણનો ઉચ્ચાર જે કોઇ કરે તેનાં ગમે તેવાં પાપ હોય તે પણ ભસ્મીભૂત થાય છે. કરેલાં પાપ જ્યાં સુધી ભસ્મીભૂત ન થાય ત્યાં સુધી; તે જીવ પ્રભુમાર્ગમાં આગળ વધવાને અધિકારી નથી. આ પાપ, શરણ લેવાથી પ્રભુની કૃપાથી ભસ્મ થઇ જાય છે. પાપ ત્રણ પ્રકારનાં હોય છે. કાયિક, વાચિક, અને માનસિક, આ સર્વ પ્રકારનો સમાવેશ "પાપ" શબ્દમાં અહિંઆં કરેલો છે એમ સમજવું. પાપરહિત વૈષ્ણવને યમરાજા પણ પીડા કરી શકતો નથી.

ष्ण વર્ણનો ઉચ્ચાર જીવને એક આગળની ભૂમિકામાં મૂકે છે क्ृ વર્ણ પાપને નિર્મૂળ કરે છે. ત્યારે ष्ण: વર્ણ ત્રિવિધ પ્રકારના તાપ જે જીવોને પીડી રહ્યા છે. તેનો નાશ કરે છે, આ ત્રણ પ્રકારના તાપ, એટલે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક, અગર આધિ, વ્યાધિ અને ઉપાધિ એમાંથી મુકત કરે છે. આથી અંતઃકરણ નિર્મળ બને છે અને તે જીવ ભકિતમાર્ગની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ કરવાને અધિકારી થાય છે. કર્મમાર્ગમાં નિષ્કામવૃત્તિથી સતત્ કર્મ કરનારનું ચિત્ત શુદ્ધ બને છે અને પછીથી તે જ્ઞાનનો અધિકારી થાય છે. એમ કહેલું છે, તેમ અહિંઆં પણ ભકિત માર્ગના શુદ્ધ અધિકારીને ચિત્ત નિર્મળ જોઈએ, અને આ ચિત્તની નિર્મળતા અહિં કોઈ સાધન દ્વારા બની આવતી નથી. માત્ર પ્રભુના શરણથી જ બની આવે છે, શરણાષ્ટકમંત્રમાં એવો ચમત્કાર રહેલો છે કે, તેમાં આવેલા ष्ण વર્ણથી જ માણસના ત્રિવિધ તાપ નાશ પામે છે, વાસનાઓ નિર્મૂળ થાય છે, અને અંતઃકરણ નિર્મળ બને છે.

श વર્ણનો ઉચ્ચાર યોન—જન્મનો નાશ કરે છે. પછીથી સંસ્કૃતિ તે ભકતને બાધા આપી શકતી નથી. ष्ण વર્ણથી વાસનાઓ નિર્મળ થઇ એટલે તેના સંસ્કાર અન્ય જન્મમાં રહેતા નથી. તેથી જીવને આ સંસારમાં પશુ, પક્ષી, વૃક્ષ ઇત્યાદિ યોનિમાં જે લક્ષચોરાશી ફેરા ફરવા પડે છે, તેમ તેને કરવું પડતું નથી. સંસારનો ઉચ્છેદ થાય છે. કારણ કે હવે એ દિવ્ય જીવનનો અધિકારી થયો છે. આ દુઃખ, સંતાપ, અજ્ઞાન વગેરેથી ઘેરાયલા આ સંસારનો ત્યાગ કરીને તેનો જીવ આનંદ અને તેજના ભરેલા દિવ્ય પ્રદેશમાં વિહાર કરવાને ઉડવાનું સામર્થ્ય હવે ધરાવે છે. આ સામર્થ્ય તેને श વર્ણના ઉચ્ચારથી થાય છે.

પ્રથમ પ્રાકૃતજનો જેને પરમ સુખની પરા કાષ્ઠા કહે છે એવા સુખની પ્રાપ્ત, પછીથી સર્વ પ્રકારનાં પાપનો નાશ, પછી અધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક અગર આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ તાપની નિવૃતિ અને વાસનાનો નાશ. પછીથી યોનિનો ઉચ્છેદ, એમ એક પછી એક જીવની ભકિત માર્ગમાં પ્રગતિને માટે આવશ્યક સિદ્ધિઓ તે તે વર્ણોના ઉચ્ચારથી બની આવતી જણાવી. હવે તેથી આગળ વધે છે. હવે તે જીવનું હૃદય શુદ્ધ થયું છે, તેનામાં લૌકિકની ગંધ રહી નથી. તેનાં પાપ નિર્મળ થઇ ગયાં છે. તેને કોઈ પણ પ્રકારના તાપ પીડા આપતા નથી તથા તેના ચિત્તને વિક્ષેપ પમાડતા નથી. આવા જીવને હવે દુનિઆનાં સુખ તુચ્છ લાગે છે તે પ્રભુ તરફ આકર્ષાય છે. તે પ્રભુ કોણ? તે જીવ શાથી? આ પ્રપંચ એટલે શું? આ સંસાર શો? વગેરે બાબતો તેને જાણવાની સ્વાભાવિક જીજ્ઞાસા र વર્ણના ઉચ્ચારથી પરિતૃપ્ત થાય છે.

હવે એવું જ્ઞાન પછીથી ભકિતની ભૂમિકામાં પ્રવેશ કરે છે. ण વર્ણના ઉચ્ચારથી દૃઢ સ્નેહ પ્રભુમાં થાય છે. આ ભકિત કહેવાય છે ભકિત વગર મુકિત મળી શકિતી નથી; અગર પ્રભુ પ્રાપ્તિ થઇ શકતી નથી.

શાણ્ડિલ્યભકિતસૂત્રમાં, ભકિતનું લક્ષણ આપ્યું છે. ત્યાં કહે છે, “ सापरानुरक्तिरीश्वरे ” ઇશ્વરમાં પરમ રતિ તેનું નામ ભકિત. એટલે વ્રજસીમન્તિની રમણ, પરમાનંદ વિગ્રહ, સ્વઅંશથી ઉત્પન્ન, અક્ષર કરતાં પણ અધિક, મુરલી ગાનમાં રસિક, પૂર્ણાનન્દ સ્વરૂપ, નન્દરાજકુમાર, નિરૂપાધિક સર્વ જીવના પતિ, એવા શ્રી કૃષ્ણચંદ્રમાં પરમરતિ તેનું નામ ભકિત છે.” ભકિતથી જ પ્રભુ જીવપર કૃપા કરે છે. એવાં ઘણાં પ્રમાણો મળી આવે છે. શ્રીમદ્ભગવદ્ગીતા આદિમાંથી એમ અનેક પ્રમાણોથી સિદ્ધ કરી શકાય કે પ્રભુપ્રાપ્તિ માટે એક જ માર્ગ છે અને તે ભકિત છે. જ્ઞાનથી ભકિત ઉત્તમ છે. કારણ કે, જ્ઞાની બહુ જન્મને અન્તે પ્રભુને પ્રાપ્ત કરે છે. પ્રભુ જીવને મુકિત આપે છે, પણ ભકિતયોગ કદીપણ આપતા નથી. જ્ઞાનથી અક્ષરબ્રહ્મમાં લયરૂપ મુકિત થાયછે. णं વર્ણના ઉચ્ચારથી આ ભકિત થાયછે. જ્ઞાન પછીથી ભકિતની ઉચ્ચતર ભમિકામાં તે જીવ પ્રવેશ કરે છે.

ભકિતની ભૂમિકામાં પ્રવેશ કરનાર જીવને હરિના માર્ગનું યથાર્થ દર્શન

કરાવનાર એવા ગુરૂની ખાસ જરૂર છે. આ માર્ગમાં પ્રભુ જ પ્રાપ્ય અને સેવ્ય છે. તે પ્રભુરૂપી રત્નને દેખાડનાર ગુરૂના શરણુની જરૂર છે; કારણ કે તેમની સહાયથી જ પ્રભુની સાન્નિધ્ય સુધી પહોંચવાની યોગ્યતા તે જીવ પ્રાપ્ત કરી શકે છે. આ ગુરૂ ઉપર પ્રથમ પ્રીતિ થાય તો જ તે સર્વ કંઇ સિદ્ધ કરે છે. કારણ એ ગુરૂદ્વારા જ તેને બ્રહ્મસંબંધ થવાનો છે. म વર્ણના ઉચ્ચારથી શ્રીકૃષ્ણ રત્નનો ઉપદેશ કરનાર ગુરૂ તરફ પ્રીતિ થાય છે. ગુરૂ એટલે અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે તે. गुरु શબ્દનું લક્ષણ નીચે પ્રમાણે આપ્યું છે.

गु શબ્દ અંધકારના અર્થમાં છે. रु શબ્દ તેનો નિરોધ કરનાર દૂર કરનારના અર્થમાં છે. અંધકારનો જે નિરોધ કરે તેજ ગુરૂ કહેવાય છે.

ગુરૂના મુખમાંથી જેના કર્ણમાં કૃષ્ણનો મન્ત્ર પ્રવેશ પામે છે તે વૈષ્ણવ મહા પવિત્ર છે એમ પ્રાજ્ઞો કહે છે.

તો જે સદ્ગુરૂદ્વારા તેને (પ્રભુને) એકલાને શરણુ જાય છે, અને જે તેને સર્વ સમર્પણુ કરેછે તેનો પ્રભુ શી રીતે ત્યાગ કરશે.

અહિંઆં કહેછે કે શ્રીઅષ્ટાક્ષરમંત્રના પ્રથમ "म" વર્ણના ઉચ્ચારથી ગુરૂતરફ પ્રીતિ થાયછે.પ્રભુ સંબંધીનું જ્ઞાન થયા પછીથી પ્રેમ થાય છે, અને ત્યારપછીથી ગુરૂના શરણદ્વારા એકદમ તે જીવ પ્રભુ પ્રાપ્તિના માર્ગમાં પ્રગતિ કરે છે. હવે તેનું ચિત્ત પ્રભુ સિવાય બીજી કોઈ પણ બાહ્યવસ્તુઓ તરફ આકર્ષાતું નથી. તેથી છેવટની ભૂમીકાએ પહોંચે છે. म વર્ણનો ઉચ્ચાર શ્રી પ્રભુનું સાયુજ્ય પ્રાપ્ત કરાવે છે. હરિનું સાયુજ્ય પ્રાપ્ત થયું એટલે તે જીવને સંસારની યોનિમાં ફરીથી આવવાનું રહેતું નથી. શ્રી ભગવદ્ગીતામાં શ્રીમુખે પાર્થને કહ્યું છે કે:—

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनो जनाः ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥

હે અર્જુન! બ્રહ્મલોક સુધી સર્વ લોકને પુનર્જન્મ હોય છે, પણ જે મને પ્રાપ્ત કરે છે તેને પુનર્જન્મ હોતો નથી. જો કે ઉપનિષદો આદિમાં જ્ઞાની અને ભકત બન્નેને પુનરાવૃત્તિ થતી નથી એમ કહ્યું છે, છતાં પણ જ્ઞાનીનો મોક્ષ એટલે અક્ષર ધામમાં લય. જ્યારે ભકત તો અક્ષર કરતાં પણ અધિક જે પુરૂષોત્તમ તેની સાથેનું સાયુજ્ય. અક્ષર ગણિતાનંદ, અને પુરૂષોત્તમ પરિપૂર્ણ આનંદ છે. આ સાયુજ્યથી જીવ આનંદનો અનુભવ કરે છે. सोऽश्नुते सर्वान्का-

मान्सहब्रह्मणा विपश्चिता તે દશામાં બ્રહ્મની સાથે (પુરૂષોત્તમની સાથે)તે જીવ સર્વ કામનો ભોગ કરે છે. જીવનો ભોગ પ્રધાન છે, અને બ્રહ્મનો ગૌણ છે. એવું "સાથે" શબ્દના પ્રયોગથી સમજાય છે. તેથીજ શ્રીમદ્‌ભાગવતના ૧૧ મા સ્કંધના ૨૦ મા અધ્યાયના ૩૧ મા શ્લોકમાં કહ્યું છે કે:—

तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः ।
न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह ॥

તેટલા માટે મારી ભકિતથી યુકત અને મારામાંજ આત્મા પરોવનાર એવા યોગિને જ્ઞાન, કે વૈરાગ્ય શ્રેયસ્કર નથી. એટલે ભકિત એજ શ્રેયસ્કર છે.

પ્રભુ પોતાના ભકતોનો કદી પણ ત્યાગ કરતા નથી.

ये दारागारपुत्राप्तप्राणान्वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥

જે પોતાની પત્ની, ગૃહ, પુત્ર, આપ્તજનો અને પ્રાણ, અને આ દ્રવ્ય સર્વનો ત્યાગ કરીને મારે શરણે આવે છે તેવા ભકતોનો ત્યાગ કરવાને હું શી રીતે ઇચ્છું ?

બીજા म વર્ણનો ઉચ્ચાર ભક્તને પુરૂષોત્તમનું સાયુજ્ય કરાવે છે. આ પ્રમાણે દરેક વર્ણમાં મહાન્ અલૌકિક સિદ્ધિઓ પ્રકટ કરવાની શક્તિ સમાએલી છે. જો ભકત આ મન્ત્રનો ભાવપૂર્વક ઉચ્ચાર કરે તો દરેક વર્ણ તેની સિદ્ધિઓ ઉત્પન્ન કર્યા વગર રહેશે નહિ. દરેક વર્ણની એક પછી એક અધિક સિદ્ધિ થાય છે, અને તેથી પ્રભુપ્રાપ્તિના માર્ગની ઉચ્ચ ભૂમિકામાં તે મુકાય છે, આવું પરમ રહસ્ય આ મંત્રમાં રહ્યું છે. તે મંત્રને શ્રી મહાપ્રભુજીએ નિજ ભકતોની નિ:સાધનસ્થિતિ જોઇને તેમની ઉપર અનુકંપા કરવાને આપ્યો છે.

જે કોઈ આ પ્રમાણે(ઉપર કહ્યા પ્રમાણે) શ્રીકૃષ્ણ મંત્રનાઅર્થનો જપ કરે છે તે ભગવાનમાં રતિ, ભકિત અને વૈરાગ્ય મેળવે છે. તેના હાથમાં ભોગ અને મોક્ષ સ્થિત થાય છે. સર્વ રોગની શાન્તિ થાય છે. સર્વ પાપનો નાશ થાય છે વૈભવ અને સિદ્ધિઓ ઘરમાં એકદમ વસે છે તથા (ઋદ્ધિ અને સિદ્ધિ) હમેશાંસ્થિર બને છે.

આ મન્ત્રના સ્મરણથી સર્વ રોગની શાન્તિ થાય છે, તથા સર્વ પાપમાંથી મુકત થવાય છે તે ઉપર જણાવ્યું છે. છતાં પણ તેને વધુ ઠસાવવા અહિંઆં ફરીથી કહે છે. નારદપંચરાત્રમાં પણ કૃષ્ણમંત્રનો ઉપાસક પાપમાંથી

મુકત થાય છે એમ કહ્યું છે.કૃષ્ણમન્ત્ર ઉપાસકનાંપાપ દૂર થાય છે. એટલુંજ નહિ પણ તેના પાદોદકથી તીર્થ સ્થળો પણ પવિત્ર થાય છે એમ ત્યાં કહ્યું છે.

कृष्णमन्त्रोपासकानां शुद्धपादोदकं सुत
पुनाति सर्वतीर्थानि वसुधामपि पार्वति ।

શ્રીમહાદેવજી પાર્વતીને કહે છે કે:–હે પાર્વતી! કૃષ્ણમન્ત્રના ઉપાસકોના પગનું શુદ્ધ જળ હોય તો તે સર્વ તીર્થોને તથા વસુધાને પણ પવિત્ર બનાવે છે.

શ્રી કૃષ્ણનીજ ભકિત કરે છે તેને અણિમા, લધિમા, ગિરિમા, મહિમાદિક સિદ્ધિઓ મળે છે. વળી નારદ પંચરાત્રમાં શ્રીઅષ્ટાક્ષરમન્ત્રના માહાત્મ્ય વિષે નિચે પ્રમાણે લખ્યું છે:—નશ્વર ફળવાળા ઘણા મંત્રોથી શું? કષ્ટ સાધ્ય યજ્ઞોથી પણ શું? તેઓમાં કંઈક વિધિ લોપ થવાથીજ વિફળ થાય છે, અને સંસારમાં દુઃખ આપે છે. પણ श्रीकृष्णः शरणं मम એ અષ્ટાક્ષર મંત્ર એક છતાં સર્વ મંત્રોનું ફળ આપનાર તથા લેપાદિ દોષથી મુકત એવો પરમ મંત્ર છે. શ્રીમત્પ્રભુચરણઆજ્ઞાકરે છે કે:-- आनंदं परमानंदं सायुज्यं हरिवल्लभम् ।

જે આ મન્ત્રને જપે છે તે આનંદ સ્વરૂપ, પરમાનંદ સ્વરૂપ, હરિની સાથે સાયુજ્ય મેળવે છે, અને પ્રભુનો વહાલો થાય છે.

જે ભૂત, પ્રેત, પિશાચ વગેરે તથા વાઘ, ચોર વગેરેના સંકટમાં, સર્વ જ્વરના નાશ કરનાર શ્રી કૃષ્ણ મંત્રનો પાઠ કરે તેનાશત્રુ સર્પને જોઈને ઉંદરોની માફક મિત્ર થાય છે. (સર્પને જોઈને જેમ ઉંદરો સાધારણ બને છે તેમ તેના શત્રુ પણ સાધારણ બની જાય છે) તેની દુષ્ટ ક્રિયાઓ, સર્વ અનિષ્ટો, સર્વ નાશ કરનાર દુષ્ટ ગ્રહો પણ નાશ પામે છે. તેના હૃદયમાં સદા આનંદ મૂર્તિ કૃષ્ણ બિરાજે છે.ગમે તેવા સંકટમાં આપણે હોઈએ પણ જો તે વખતે શુદ્ધ હૃદયથી અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ કરીએ તો તે સંકટ આપોઆપ દૂર થઈ જાય છે. એમ અહિંઆં કહ્યું છે. ભૂત, પ્રેત, તથા પિશાચો કંઈ પણ તેને પીડા કરી શકતા નથી. વાઘ તેને જોઈને દૂરજ ખસી જાય છે. ચોર લોકોની તેની નજીક જવાની છાતી ચાલી શકતી નથી.

નારદપંચરાત્રના પ્રથમ રાત્રના ત્રીજા અધ્યાયમાં લખે છે કે, સુભદ્ર નામના બાળક પાસે વાઘ આવ્યો ત્યારે તેણે કૃષ્ણ નામનું સ્મરણ કર્યું એટલે એ વાઘ દૂર ખસી ગયો. શ્રી કૃષ્ણની પૂજા કરતા અને તેમના ચરણકમલનું ધ્યાન કરતા

તે બાળકને દૂરથી જોઇને વાઘ તેની નજીક ગયો જ નહિ.

આ પ્રમાણે કૃષ્ણ મંત્રનું માહાત્મ્ય નારદ પંચરાત્રમાં કહ્યું છે. જેવી રીતે સુભદ્ર વાઘના ભયમાંથી મુક્ત થયો હતો તેવીજ રીતે આ મંત્રના જપથી દરેક પ્રકારના ભયમાંથી મુક્ત થવાય છે.

શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે કે:–હમેશાં સર્વાત્મભાવથી "શ્રીકૃષ્ણ: શરણંમમ" જપતા ભગવદીયો સાથે બેસવું એવો મારો અભિપ્રાય છે.

શ્રીમત્પ્રભુચરણ ઉપદેશે છે કે:–જે તાતચરણે 'શ્રીકૃષ્ણ:શરણંમમ' કહ્યું છે, ત્યારથીજ આ લોક સંબંધી અને પરલોક સંબંધી સર્વમાં નિશ્ચિન્તતા થઈજ ગઇ છે. આજ કારણથી સૌથી પ્રથમ આજ અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ અપાય છે. માટેજ અષ્ટાક્ષર જપ કરતાં નીચે પ્રમાણે સ્વરૂપ ધ્યાનમાં લાવી જપ કરવો તે માટે શ્રી હરિરાયચરણ આજ્ઞા કરે છે કે:—

અષ્ટાક્ષરનો જપ કરતાં નીચે પ્રમાણે સ્વરૂપ ધ્યાન કરવું
જપ સમયે સ્વરૂપ ધ્યાનપ્રકાર

પ્રથમ તો શ્રીમદ્ આચાર્ય ચરણને વિપ્રયોગ રસાત્મક તાપરૂપ સ્વરૂપે ધ્યાન કરીને પ્રણામ કરવો. તદનંતર શુદ્ધ પુષ્ટિમાર્ગીય સ્વાત્મભાવાત્મક સ્ત્રીભાવરૂપ શ્રી ગુસાંઇજી શ્રીવિઠ્ઠલનાથજીનું ધ્યાન કરી પ્રણામ કરવો. તદનંતર પોતાના ગુરૂ જે મંત્રોપદેષ્ટા હોય તેમનું અર્થથી અને શબ્દથી જેમ દર્શન થયાં હોય તેમ સ્મરણ કરી પ્રણામ કરવો. આ પ્રમાણે ત્રણ પ્રણામ કરી અષ્ટાક્ષરમંત્રને અર્થ સાથે વિચારી તેનો ૧૦૮ જપ કરવો.

વિપ્રયોગ ધ્યાન આ પ્રકારે છે. સચ્ચિદાનંદ, પરથી પર, પરબ્રહ્મ, સર્વમાં ગૂઢ રહેલા, સ્ત્રી ભાવરૂપી ભાવાત્મા સ્વામિનીજીના હૃદયમાં બિરાજેલા, સ્થાયિભાવાત્મક, જેમની સર્વલીલા ફલાત્મક છે, એવા રાસલીલામાં તત્પર, નિત્ય ભાવ ભાવાત્મક, સર્વથી શ્રેષ્ઠ, સ્વામિનીના વૃન્દ–યુથમાં મધ્યમાં રહેલા, શ્રી સ્વામિનીજીના શ્રૃંગાર રસમાં નિમગ્ન થએલા, જાણે સામાન્ય જીવ હોય તેમ શ્રી સ્વામિનીજીના યુથમાં વશ અધીન થઇ રહેલા, સર્વાત્મભાવવાન, જીવોથી પ્રાપ્ત થઇ શકે એવા, શ્રી ગીતા વાકયને અનુસરી લોક અને પહેલાં પ્રસિદ્ધ પુરૂષોત્તમ નામવાળા, સંયોગમાં શ્રી સ્વામિનીજીથી સંયુક્ત સંયોગાત્મા શ્રી સ્વામિનીજી રૂપ થઇ ગયેલા, સર્વના હૃદયમાં એક રૂપ પ્રવેશ કરેલા, એવા પ્રભુ મારૂં શરણ હો, આવા પ્રભુનું નિ:સાધન મનથી ભગવદ આશ્રયની ભાવના કરવી, તેમનો આશ્રય મને હો. આ વિપ્રયોગ ધ્યાન પ્રકાર કહ્યો.

श्रीकृष्ण : शरणं मम : ॥

શ્રીકૃષ્ણ એજ મારૂં શરણ છે. હું શ્રીકૃષ્ણને શરણેજ રહ્યો છું. હવે મને અન્યના આશ્રયની જરૂર નથી, પ્રભુએ મને આ ઉત્તમ મનુષ્ય દેહ આપ્યો છે ને તે ક્ષણ ભંગુર છે, ક્ષણિક છે, નાશવાન છે, માટે આ દેહથી જેટલું ભગવદ્ નામ લેઈ શકાય તેટલું લઇ લેવું ભક્ત કવિ શ્રી દયારામભાઈ કહે છે કે:—બનજા હરિદાસા રે હરિદાસા;

મનુષ્યદેહ દુર્લભ ક્ષણભંગુર, જ્યોં જળ બીચ બતાસા;
અચલ સત્ય એક સેવા હરિકી, સબ કછુ તુર્ત તમાસા. બનજા.

જેમ પાણીમાં પતાસાને ઓગળતાં વાર નથી લાગતી, તેવી રીતે આ ક્ષણભંગુર દેહથી કંઈક પરમાર્થ કાર્ય થાય અથવા ભગવદ્ ભજન થાય એટલું જ ઉપયોગી માની લેવું.

શરણ ગયા પછી નિરંતર તેનું સ્મરણ રહેવું જોઇએ, સ્મરણ રહેવાથી લૌકિક વ્યવહારની ચિંતા તેને બીલકુલ થાય નહી. પ્રભુમાં મન લાગે, તે માટે હમેશાં સતસંગ કરવો. સતસંગ માટે કયાં જવું ને શું કરવું તે માટે શ્રી આચાર્ય ચરણ આજ્ઞા કરે છે કે:—

" નિવેદનં તું સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈ : "

જેઓ પ્રભુને નિવેદન કરી ભગવદીય–તાદૃશી થાય છે તેમની સાથે રહી હમેશાં નિવેદનનું સ્મરણ કરવું. તેવા તાદૃશી ભક્તો કેવા હોય ? કપાળમાં તિલક, કંઠમાં માળા, મંદિરમાં દર્શન કરવા, બે હાથ જોડી જયશ્રીકૃષ્ણ કરવા, કે સુંદર ઝીણી મલમલની બંડી પહેરવામાં, પ. ભ. સુરદાસજી કહે છે તેમ:—લજાયો હરિભક્તન કો વેશ.

મલમલ ધોયે કપરા પહરે ઓર મુંડાયે કેશ. [વિવિધ ધોળ પદ ભા. ૧ લો.]

નરી વૈષ્ણવતા એમાં જ સમાઈ છે, એમ નહિ. તેને માટે તો શ્રી દયારામભાઈ કહે છે કે—
તાદૃશી જન જેને જાણીયે, જેમાં એવા ગુણ હોય,
નિંદા સ્તુતિ ના કરે કોઇની, સઘળે સમદૃષ્ટ જોય.

આ ધોળ અવશ્ય વાંચો. તેવા તાદૃશી, તેવા ભગવદીયના સંગમાં રહી નિવેદનનું સ્મરણ કરવું.

શ્રીમદ્ભાગવત સ્કંધ ૧૧, અ ૧૧ માં શ્રી ભગવાને ઊદ્ધવજીને પ્રભુના ભકતોનાં ત્રીસ લક્ષણ કહ્યાં છે. તેવા ભગવદીયોનાસંગથી જીવન સફળ થઈ જાય એમાં જરાય શક નથી. તેવા ભગવદીયોના સંગમાં રહેવાથી ભકિત સ્ફુરાયમાન થાય છે.

મહાનુભવી સૂરદાસજીએ પણ આજ્ઞા કરી છે કે—
" એસો ભક્ત તરે અરુતારે, એ કીર્તનમાં વૈષ્ણવતાનાં લક્ષણના પ્રકાર બતાવ્યા છે.

न नाकपृष्ठं न च सार्वभौमं न पारमेष्ठ्यं न रसाधिपत्यम्
न योगसिद्धिर्पुनर्भवं वा वाञ्छन्ति यत्पादरजः प्रपन्नाः ॥

(શ્રી ભા. સ્કં. ૧૦–૧૬–૩૭)

હે ભગવન્ ! આપના ચરણ કમળની સેવાના સુખ આગળ, જગતનું સઘળું સુખ તુચ્છ લાગે છે. હે ગોવિન્દ ! જે આપના ચરણને શરણ આવ્યા છે, તે સ્વર્ગનું સુખ પણ ઇચ્છતા નથી, વળી નવ ખંડ પૃથ્વી, સપ્તદ્વીપ, વરૂણાદિ દશે દિગ્પાલની પુરીઓ, તથા રસાતલ અધિપતિનું સુખ, અને યોગસિદ્ધિ, તથા મુક્તિનાં સુખ, સહવર્તમાન તેમનમાં ઇચ્છતા પણ નથી કે જેની બુદ્ધિ તમારા ચરણકમળમાં લુબ્ધ થઈ ગઈ છે.

ઉપરનાં નાગપત્નીનાં વાક્યો એ સૂચવે છે કે—જે શ્રી કૃષ્ણને શરણે ગયા છે, જેમને શ્રી કૃષ્ણનું શરણ દઢ થયું છે, અનન્યપણાથી શ્રીકૃષ્ણને વિષે જેને આસક્તિ છે, તેને ઉપર વર્ણવેલાં કોઈ પણ જાતનાં સુખની ઈચ્છા નથી થતી,

અખિલ બ્રહ્માંડના નાયક પરાત્પર પૂર્ણ પૂરૂષોત્તમ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્ર જ કર્તા, હર્તા ને ભર્તા છે .તે ઉપર ભક્ત કવિ શ્રી દયારામભાઇ ' રસિકરંજન ' ગ્રન્થમાં જણાવે છે કેઃ—

શેષ મહેશ વિધિ શ્રુતિશારદ, દેવમુનિ સબકોં સિરદારો;
અક્ષરતેં પર કાલ અજા પતિ, વિશ્વકુ નાચ નચાવન વારો;
આપ કરે હું ભરે હુ હરે ફીર, આપ અખિલ રહે ફિર ન્યારો;
કહત દયો વ્રજ એહી સદા સુહી, ઠાકુર નંદકુમાર હમારો.

એવા પ્રભુ સદાસર્વદા વ્રજમાં જ બિરાજે છે.

" સદા વ્રજહીમેં કરત વિહાર " એ શ્રી કૃષ્ણચંદ્રનેજ શરણે જવું. તેમનીજ અનન્ય ભક્તિ કરવી. શ્રી કૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે કેઃ-ધર્મ, ધ્યાન, વિદ્યા, તપ, સત્યાદિ બીજાં સઘળાં સાધન એક ભક્તિ વિના વ્યર્થ છે, એ સાધનથી હું પ્રસન્ન થતો નથી પણ કેવળ નિષ્કામ ભક્તિથી જ પ્રસન્ન થાઉં છું.

એક સમયે પરમભગવદ્દભક્ત વિદુરજીએ પ્રભુના અંતરંગ સખા ઉદ્ધવજીને વિનતી કરી, પૂછ્યું કે હે પ્રભો ! આ જગતમાં શરણ જવા યોગ્ય પુરૂષ કેટલા છે, કે જેને શરણે જવાથી પોતે દયા કરી આધિ, વ્યાધિ ને ઉપાધિમાંથી મુક્ત કરે એવો કોણ છે તે કૃપા કરી બતાવો ! આ પ્રશ્નના જવાબમાં ઉદ્ધવજી કહે છે કે, જગતમાં દયાળુ, પરમદયાળુ—મહાનમાં મહાન્ દયાળુ, કેવળ એક શ્રી કૃષ્ણચંદ્રજ છે, બીજાય દયાળુ તો છે, પણ તે કેવા કે સામાની દીનતા જોઇને દયા કરે, પણ આ તો પરમદયાળુ, કેવા છે કે, મારવા આવે, મારી જાય તો પણ દયા કરે. જુઓ જરા શ્રીમદ્ભાગવત તરફ દૃષ્ટી કરો કેઃ— (શ્રી ભા. સ્કં ૩-૨-૨૩)

अहोबकीयं स्तनकालकूटं जिघांसया पाय यदप्य साध्वी ।
लेभे गतिं धात्र्युचितां ततोन्यं कं वाद यालुं शरणं व्रजेम ॥

શ્રીકૃષ્ણચંદ્ર કેવા દયાળુ છે. પૂતના રાક્ષસી હતી, કેવળ આસુરી હતી, અસતી હતી, ખરાબ ચરિત્રવાળી હતી, દ્વેષભાવવાળી હતી, વૈરવૃત્તિવાળી હતી, તેણે વ્રજમાં આવી અનેક નાના બાળકો, દૂધ પીતા બાળકોને, પોતાના સ્તન ઉપર અતિશય ઝેરી ' કાળકૂટ ' નામનું

ઝેર ચોપડી દૂધપાનના મિષે તે નિર્દોષ બાળકોની હત્યા કરી, છેવટે ભગવાનને પણ મારવા માટે શ્રી યશોદાજીને ઘેર આવી, તેમની બ્હેન બની (ભગવાનની માશી બની) ને પલનામાંથી કુંવરને ઉઠાવી ઝેરવાળું સ્તનપાન કરાવા લાગી. પ્રભુ પણ દૂધ પાન કરવા લાગ્યા, પોતે તો જાણે જ છે કે આ ક્રુર રાક્ષસી છે, હત્યારી છે, છતાં પણ અત્યારે તો તે મારી માતા બની મને દૂધ પાવા લાગી છે તો મારે પણ તેને અવશ્ય માતાના જેવીજ ગતિ આપી તેનો ઉદ્ધાર કરવો જોઈએ. તોજ મારી પરમ દયાળુ તરીકેની ભક્તમાં ગણના થાય. એવો વિચાર કરી તેને માતાની ગતિ આપી મોક્ષ કર્યો. અહાહા ! ભાઈ! આતો એક અતિશય મોટું આશ્ચર્ય કહેવાય ! દયાના સાગરની દયાનો કંઇ પાર છે! દુષ્ટને દૈવી ગતિ આપી. એવા દયાળુને જ શરણે જવું. અર્થાત્ એવા દયાળુ વિના બીજા કોને શરણે જવું માટે શરણ તો કેવળ એક શ્રીકૃષ્ણચંદ્રનુંજ સ્વીકારવું.

श्री कृष्ण : शरणं मम

ભક્ત કવિ શ્રી દયારામભાઈ પુષ્ટિપથ રહસ્યમાં આજ્ઞા કરે છે કે:—

> શ્રીકૃષ્ણ: શરણં મમ, મંત્રશાસ્ત્રમાં સ્પષ્ટ;
> મહાપ્રભુ મુખ સંબંધ વણ, નહિ ફલદાતા પુષ્ટ.
> શ્રીમહાપ્રભુ સંબંધવણ, કશું નહિ ફલ દાય,
> પુષ્ટિ સૃષ્ટિની રીત એ, જગનો જુદો ન્યાય.

શ્રીમહાપ્રભુજીના આશ્રય વિના કેવળ હરિ ભજવાથી, સાધન, ધર્મ, વગેરે સર્વ સધાય છે, પણ ભગવદ્‌લીલામાં પ્રવેશ થતો નથી. શ્રીવલ્લભાધીશના સમ્બન્ધ વિના કંઇ પણ ફળદાયક નથી, અષ્ટાક્ષરમંત્ર શાસ્ત્રમાં છે, બતાવ્યો છે, પણ શ્રીવલ્લભના મુખારવિંદના સમ્બન્ધ વિના તે ફલદાયી નથી થતો, જો કે ગોળ અંધારામાં ખાઇયે તો ગળ્યો તો જરૂર લાગે જ છે. પણ જો તે વિધિ પુરઃસર ખવાય તો શરીરને પુષ્ટિ આપે છે. અન્યથા ગરમી ઉત્પન્ન કરે છે. તેવી જ રીતે પ્રભુનું શરણ જો શ્રીવલ્લભ--ગુરૂ દ્વારા લેવાય તો જ તે વધારે ફલદાયી થાય છે.

પ્રભુનું શરણ એટલે પ્રભુ મારા રક્ષક થયા, મારે તો આધિ, વ્યાધિ ને ઉપાધિની ત્રીવિધચિંતા ટલી ગઈ, મને આપત્તિમાંથી બચાવનાર પ્રભુ છે. હું તો નિશંક ને નિર્ભય છું. હું પ્રભુને શરણ ગયો છું, તેથી મારો બધો કાર્ય વ્યવહારનો બોજો પ્રભુને માથે છે. એવી ભાવના કરી નિરંતર, હમેશાં, સતત્ એજ પ્રભુનું શરણાંગત છે એવું નિશાન તાકી પ્રભુ સ્મરણ કરવું તો જરૂર પ્રભુ સહાય કરે છે જ. આગળ કરી છે, હાલ પણ કરે છે ને હવે પછી કરશે જ. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં અષ્ટાક્ષરમંત્રથી ઉદ્ધાર થયો છે એવા અનેક દાખલા છે તે વાર્તાઓ વાંચવાથી સમજાશે અત્રે લખતાં ગ્રન્થ ઘણો મોટો થઇ જાય.

જીવ પ્રભુને શરણે ગયો એટલે તે આ લોક ને પરલોકને માટે નિર્ભય હોય, સ્વામિની આજ્ઞા પ્રમાણે ચાલનારો હોય, જેને શરણે ગયો હોય તેના સામર્થ્યનો તેને પુરેપુરો વિશ્વાસ

હોય, "અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ" એવો દઢ વિશ્વાસ હોય, પછી તેને કોઈ પણજાતના સંકલ્પ વિકલ્પ ન હોય, તેમ કરવા પણ ન જોઇએ. એવી દઢતા રાખે તેનું શરણ પ્રભુ સ્વીકારે છે. શરણવાળાને ચિંતા હોતી નથી, જ્યાં સુધી ચિંતા રહે છે ત્યાં સુધી શરણના સામર્થ્યમાં અવિશ્વાસ છે એમ જાણવું. પણ મન, કર્મ, વચનથી તેનાજ (પ્રભુના) થઈને રહેવું, દાસત્વ બરાબર કર્યું છે કે પાળ્યું છે એમ દઢતા પૂર્વક તેને વળગી રહેવું તો તે જીવને પ્રભુ મારો પોતાનો છે એમ માની તેને અષ્ટાક્ષરનું ફળદાન કરે છે.

લૌકિકમાં જેમ કોઇ રાજા પાસે તેનો શત્રુ બધાં હથીઆર છોડી દેઇ, હાથ જોડી, માફી માગે છે તો રાજા તેને પોતાનો માને છે. તેમ અલૌકિકમાં શરણે જનાર જીવ પોતાનાં તમામ હથીઆર અહંતા, મમતા, સંકલ્પ, વિકલ્પ, હું કર્તાપણું, વગેરે મૂકી દઈ, તજી દઈ પ્રભુને શરણે જાય તો પ્રભુ તેનું શરણ સ્વીકારે છે, તેનું રક્ષણ કરે છે, તેને સર્વ પ્રકારની સહાય કરે છે. ને તે જીવને અંગીકાર કરે છે. છતાં જીવ બુદ્ધિથી કદાચ આપણને એમ થાય કે અરેરે! આટલું મારૂં ખોટું થયું, કે મને વેપારમાં ખોટ ગઇ, કે મને સંતતિ નથી, કે મારૂં ધન હરાઈ ગયું, હું શું કરીશ. એવા વિચારો આવે તો તુરતજ વળી પાછું પ્રભુનું શરણ યાદ કરવું ને શ્રી કૃષ્ણ શરણંમમનો ઉચ્ચાર કર્યા કરવો. શરણ ભાવના વિચારવી તેથી અશુભ વિચારો દૂર થઇ જશે એ નક્કી સમજવું.શ્રીમદ્ ગીતાવાક્ય પ્રમાણે—અનન્યાશ્ચિંતયંતો મામ યે જનાઃ પર્યુપાસતે તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમ વહામ્યહમ્

અનન્ય આશ્રયથી પ્રભુનું શરણ કરીએ તો જરૂર તેના યોગ ક્ષેમનો બોજો પ્રભુ પોતાને માથે ઉપાડી લે છે એ ઉપર ગીતા પંડયાનું દૃષ્ટાન્ત વિચારવું અને નિરંતર શ્રીકૃષ્ણ શરણં મમ ઉચ્ચાર કર્યા જ કરવો. જીવે તો—'સર્વસાધનહીનસ્ય, પરાધીનસ્ય સર્વતઃ પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

આવી ભાવના વિચારી, સર્વ સાધનથી હીન છું, સદાપરાધીન છું, પાપથી ભરેલો છું, એવા સમયે શ્રીકૃષ્ણ એજ મારૂં શરણ છે. એમ માનવું તેથી જ સર્વ કાર્ય સિદ્ધ થશે.

कृष्ण श्रीकृष्ण शर्णम् मम उचरे, रेनदिन नित्य प्राति सदा पलछिन घडी करत विद्वंसजन अखिल अध परिहरे. ॥ १ ॥ होत हरिरुप व्रजभुप भावे सदा, अगम भवसिंधुतें विना साधन तरे ॥ रहत निसदिवस आनंद उरमें भर्यो, पुष्टि लीला सकळ सार उरमें धरे ॥ २ ॥ रमा अज शेष सनकादि शुक शारदा नारद रहे पलक मुख ना टरे;॥ लाल गिरिधरनकी महीमा अतुल जगमगे शरण कृष्णदास निगम नेति नेति करे. ॥



श्रीसुबोधीनीजी लखनारः—श्रीमाधवभट्ट काश्मीरी.

वन्ने हाथ जोडी रहेलाः—श्रीकृष्णदास मेघन.

दण्डवत्प्रणाम करताः—श्रीदामोदरदास हरसानी.

अखंडभूमंडलाचार्य जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजीमहाप्रभुजी.

प्राकट्यः—सं. १५३५.

सं. १५६७ मां बादशाह सिकंदर लोदीना हुकमथी होनहार नामना चित्रकारे लीधु.

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ अथ—निवेदन मंत्र निरूपण. ॥

ब्रह्मसम्बन्ध—गद्यमंत्र

☞ આ સ્થળે અમારે ગદ્યમંત્ર શુદ્ધ સ્વરૂપમાં છાપવાનો હતો. [આ મંત્રની સંપ્રદાયના નિંદકો તરફથી ગમે તેવા અશુદ્ધ સ્વરૂપમાં, મનમાનતા શબ્દોનો વધારો ઘટાડો કરી, અત્યાર સુધીમાં લગભગ એક લાખ જેટલી નકલો છપાઈ ગઈ હશે જ] શ્રીમદાચાર્યચરણની આ અલૌકિકવાણી ઉપર ધર્મ નિંદકો તરફથી દુષ્ટ આક્ષેપો–પ્રહારો ચોગરદમથી થઈ ગયા છે ને હજુ પણ થઇ રહ્યા છે જ. એ આપણે બધાએ જોયું છે ને અનુભવ્યું પણ છે. તેથી જ અમારી હૃદયાભિલાષા ઉક્તમંત્રને શુદ્ધ સ્વરૂપે પ્રકટ કરવાની હતી. પણ મંત્ર પ્રકટ કરવાથી કેટલાક સુજ્ઞ ભગવદીય ને ભાવિકવૈષ્ણવોનાં દિલ દુભાય છે. જ્યારે બાકીનો જીજ્ઞાસુવર્ગને ખોળવા જતાં મળતો નથી ને મળે પણ નહિ, તેમને કોણ આપે? તેથી એવા વર્ગ માટે જ મંત્ર છાપવાનો અમારો હેતુ હતો, પણ નિરૂપાયે ઘણી વાટાઘાટને અંતે અમારે અમારી એ યોજના પડતી મૂકવી પડી છે. જીજ્ઞાસુવર્ગને વિનંતી કે:—કોઈ શ્રીગોસ્વામી બાળક કે કોઈ ભાવિક વૈષ્ણવ પાસેથી ખાલી મૂકેલી જગામાં મંત્ર લખી લેવો.

॥ श्रीकृष्णाय नमः ॥

॥ अथ श्रीमद्दीक्षित गोस्वामी श्री गोपालात्मज श्री गिरिधरजी कृता गद्यार्थ व्याख्या प्रारंभ ॥

श्री गद्यमंत्रको अन्वयार्थ.

सहस्र-अपरिमित, परिवत्सर-वर्ष, मितकालजात-इतनो काल व्यतित भयो हे, कृष्णवियोग-पुरुषोत्तमतें भगवद् इच्छा करकें न्यारे भयेतातें. जनिततापक्लेशानंदतिरोभावोहम्-भगवद् वियोगतें, भगवन् मिलनार्थ, ताप ओर क्लेश भयो चैये, सो न भयो, ओर आनंदको अभाव भयो, अहं-में जो एसो जीव सो, भगवते कृष्णाय-षड्गुणसम्पन्न भगवान् सदानन्दको (श्री गोपीजन-वल्लभाय-गोपीजनके प्यारे एसे सो नंदनंदन जो सदाव्रजमें बिराजे हे सो, याने व्रजस्थ कृष्ण) देह-पंचभौतिक शरीर, इन्द्रिय-१० चक्षु, श्रोत्रादि, प्राण-वायु, अन्तःकरणानि-मन, बुद्धि, चित् अहंकार, तद्धर्मांश्च- इनके जो धर्म-देहतें चलनो, आंखतें देखनो, ओर मनकी वृत्ति, दारा-स्त्री, आगार-घर. पुत्राप्त-पुत्र, कुटुम्ब, वित्त-द्रव्यादि, इहापराणि-यह लोक परलोक, आत्मना-परमात्मा, ओर जीवात्मा इनकरिकें, सह-साथ, समर्पयामि-आछे समर्पण करत हुं, दासोऽहं-मेंदासहुं, कृष्ण-हे कृष्ण, तवास्मि-में तुमारो हुं.

गद्यमंत्रको समुदाय अर्थ.

अपरिमित वर्ष प्रमाण इतनो काल वित्यो, कृष्णतें वियोग भयो एसो में जो जीव हुं सो सर्व गुण सम्पन्न भगवान् कृष्ण जो श्रीगोपीजनवल्लभ-नंदनंदन-व्रजस्थ प्रभु, इनको शरीर, इन्द्रिय, मन, प्राण,वायु,मन,बुद्धि, चिदहंकार इनके जो धर्म हे सो,ओर स्त्री, घर, पुत्र, कुटुम्बी, वित्त, यहलोक, परलोक, जीवात्मा-परमात्मा साथ में सब भेट करत हुं, में दास हुं, कृष्ण में तुमारो हुं.

अब भावार्थ लिख्यतेः-सृष्टिके आदौ भगवद् इच्छाभई दैवीजीव प्रकट करवेकी, तब अपने श्रीअंगतें अपने दैवीजीव प्रकट कीये. सो पुरुषोत्तम सच्चिदानंदहे, जीव जो हे सो अंशहे, सच्चिदानंद अंशतें प्रकट भयो, ओर भगवानतें जुदो भयो सो भगवानके मिलनार्थ; वियोगजन्य ताप क्लेश भयो चैयें; सो न भयो, ओर मायाको सम्बन्ध भयो, ओर अपनो स्वरुप भूल गयो, ओर आनन्दको अभाव भयो, ताकुं अनन्य परिवत्सर क्यों कह्यो ? सो ज्योतिःशास्त्रमें पांच वर्षको युग होतहे, सो प्रभव, विभव, शुक्ल, परमेष्ठि, प्रजापति इत्यादिक ६ संवत्सरहे. पहेले वर्षकी संवत्सर संज्ञा, ताको अग्नि देवता, ओर दुसरो जो वर्ष ताकी परिवत्सर संज्ञा, ताको सूर्यदेवता, तीसरो जो वर्ष सो इदावत्सर, ताको देवता चंद्रमा, चोथे वर्षकी अनुवत्सरसंज्ञा, ताको प्रजापति देवता, पाचमे वर्षकी संवत्सरसंज्ञा ताको गौरीदेवता, असेही साठ वर्षके बारह जुग होतेहे, सो परिवत्सर काल कह्यो. ताको सूर्य देवता, तातें जन्ममरणादि अत्यन्त ताप भयो. सो जतायवेके अर्थ परिवत्सर पद कह्योहे. असो भगवदंश, चिदंश युक्त, षड्गुणसहित, माया बन्धसहित, ओर आनंदरहित, असो

जो में जीव हुं. सो षड्गुण कोनसे ? ऐश्वर्य, वीर्य, यश, श्री, ज्ञान, वैराग्य ए छ गुण जो होय ताकु भगवान कहीये. कृष् शब्द जो हे सो सत्को वाची हे, ओर ण शब्द जो हे सो आनन्दको वाची हे. आद्य अन्त आयो तो मध्य आवेही सच्चिदानंद असो जो कृष्ण. कहुं गोपीजनवल्लभ यह पद कह्यो हे. सो श्रीगोकुलेशजीने धर्यो हे, एसे वेडनके मुखतें सुन्यो हे. सो काहेके अर्थ धर्यो हे ?

श्रीमथुराजी पधारे सोहु श्रीकृष्ण भगवान हे, सो वा स्वरुपमें प्रद्युम्न, अनिरुद्ध, संकर्षण, वासुदेव ए चारोव्युह हे; सोबाहीरहे, ओर पुरुषोत्तम भितरहे, ओर गोपीजनवल्लभ कहीये प्यारे एसे जो नन्दनन्दन सो सदा व्रजमेंही विराजतहे, सो पुरुषोत्तम बाहीर ओर व्युह भीतर हे, एसे जो पुरुषोत्तम तिनकुं अर्पण करत हुं. ओर मथुरा पधारे सो वहस्वरुप जुदो करवेके अर्थ गोपीजनवल्लभ पद धर्यो हे. एसे जो कृष्ण हे, तिनकुं पृथ्वी, अप्, तेज, वायु, आकाश ए पांच भूतको भौतिक शरीर, अब इन्द्रिय, कान, त्वचा, नेत्र, घ्राण, जिह्वा, इनकुं ज्ञानेन्द्रिय कहिये; अब प्राणवायु एक हे; स्थान कार्यभेद करके दश नाम कहत हे. हृदयमें रहतहे, ऊर्ध्व जाके गमन होतहे, सो प्राणवायु, ओर अधोगमनहे ताकी अपानसंज्ञा, व्यान सब शरीरमें रहतहे, उदान कंठमें रहतहे, समान नाभीमें रहतहे, नाग खावे पीवेकी बराबरी करतहे; कुम्भ पलक लगावेहे, उरु खेंचे, अकलभूख लगावे, देवदत्त उवासीलावे, धनंजय सब शरीर फरकावे, ओर अन्तःकरण सो मन, बुद्धि, चित्, अहंकार; संकल्प विकल्पात्मक, अन्तःकरणसुं मन, सुक्ष्म अन्तःकरणवृत्ति सो चित्त, निश्चयात्मक अन्तःकरण-वृत्ति सो बुद्धि, में करत हुं, एसो जो ज्ञान सो अहंकार, यह पूर्वोक्त देहके इन्द्रियके, प्राणके, अन्तःकरणके जे धर्म कानतें सुननो, त्वचातें शीरो, तातो, प्रत्यक्ष परसनो, आंखनतें रुप देखनो, ओर जीह्वातें सत्संग, ज्ञान, नासिकातें दुर्गन्ध, सुगन्धको प्रत्यक्ष करे, वाक्तें बोलनो, हस्ततें कार्य करनो, पावतें चलनो, इत्यादिकनके जे धर्म, ओर स्त्री; घर, पुत्र, कुटुम्ब,

वित्त धनादि जो धन-वित्त, यहलोक, परलोक, जीवात्मा कहिये जीव, परमात्मा अन्तर्यामि जीवके कृत्यके साक्षी, इनके साथ में आपकुं भेट करतहुं, जो काहे तें ?

नाममंत्रतें सात भक्ति सिद्ध होत हे, जब जीव नाम सुन्यो तब श्रवण भक्ति सिद्ध भइ, जब जप करन लग्यो तब कीर्तन भक्ति सिद्ध भइ, जब भगवद् ध्यान करत लग्यो तब स्मरण भक्ति सिद्ध भइ, ता समयके नेमतें सेवा करन लग्यो तब पाद्सेवन भक्ति सिद्धभइ, नेमतें सेवा करन लग्यो तब अर्चन भक्ति सिद्धभइ, अर्चन कहीये पूजा, ते काल कालको नेमहीहे सो पूजा. कालको नेमहीहे सो सेवा, जब दंडवत् करन लग्यो तब, स्तुति करन लग्यो तब, वंदनभक्ति सिद्धभइ, जब शरणमंत्रको मंत्रार्थ ज्ञान-भयो तब भगवद् आश्रय सिद्धभयो, दासभक्ति सिद्धभइ. ओर सख्य ओर आत्मनिवेदन यह ब्रह्मसम्बन्धतें सिद्धभइ, सख्य जो मित्रताको उभय उभयनिष्टहे; जातें मित्रता करीये ताको मननें मित्रता करवेकी होय तब बने सो पवित्रा एकादशीकी अर्धरात्री कुं प्रकट होय के, श्री आचार्यजी महाप्रभुजीकुं ब्रह्मसम्बन्ध देवेकी आज्ञा दीनी, तातें भगवद् आज्ञातें, भगवदीय ज्ञानतें, भगवान् मित्रता करतहे, तातें सख्यभक्ति सिद्धभइ, मंत्रार्थ विचारते आत्मनिवेदन भक्ति सिद्धभइ, जो कछु पदार्थ हे सो भगवानकोहे तब ममता निवृत्तभइ, ओर भगवान अन्तःकरणमें प्रेरणा करतहे तेसे में करतहुं, तब अहन्ताकी निवृत्तिभइ; भगवदीय करके परि-समाप्त सब पदार्थभयो, जब यह मुख्य स्वरुप सेवाको ताको आधिकारभयो, तातें दोउ मंत्र मिलायके जप करनो.

॥ इति श्रीमद् दीक्षितगोस्वामि श्रीगोपालात्मज श्रीगिरिधरजी कृता गद्यार्थ व्याख्या संपूर्ण ॥

———(:×:)———

अष्टाक्षरमंत्रको १०८ बेर जप करनो, अर्थात् एक मालाफेरके, पाछें निवेदनमंत्र (समग्रमंत्र) को एक बेर जप करनो, पाछे पंचाक्षरमंत्रकी

तीन माला फेरनी, या पांच माला फेरनी, ओर जप करती समय युगल स्वरुप श्रीकृष्णको ध्यान हृदयमें करनो, एसी रीत सुं हंमेशां जप करनो. न बनी आवे तो प्रति एकादशीको तो अवश्य जप करनो, ओर येहु न बनी आवे तो श्रावण शुकल ११ को तो अवश्य जप करनो, क्यों जो वाहीदीना श्रीठाकोरजीने श्रीमहाप्रभुजीकुं ये ब्रह्मसंबंध मंत्र जतायो हतो. ओर जीवकुं ब्रह्मसंबंध देके कृतार्थ करवेकी आज्ञा भइ हती ता सुं प्रत्येक वैष्णवे श्रावण शुक्ल एकादशी के दीना नाम मंत्र (अष्टाक्षरमंत्र), ओर निवेदन मंत्रको जरुर जप करनो चाहीये.

॥ [१]अब निवेदनमंत्रको दुसरो भावार्थ ॥

गुरुकृपा ओर गुरु उपदेश ओर भगवदीय जनके संगतिसुं जब आश्रय सिद्ध होय जाय तब श्रीकृष्णाश्रयवारे जीवकुं सर्वदा सर्वात्मभावसुं व्रजके अधिपति श्रीजी हे इनको भजन, सेवा, तनुजा, वित्तजा ओर मानसी करनी चहीये

सर्वात्मभाव—अथात् सर्व वस्तु जड, जीव, अन्तर्यामिके आत्मा एक श्रीकृष्णही हे. अथवा इन सबनमें श्रीकृष्ण हे, वे सब श्रीकृष्णसुं जाये हे, श्रीकृष्णही सर्वरुप भये हे, अथवा श्रीकृष्णके वे सब संबंधी हे, एसे सर्वात्मा श्रीकृष्णमें मनके भावसुं सर्वात्मभाव कहे हे. निःसाधन अर्थात् लोकवेदमें प्रसिद्ध, ज्ञान रहित, व्रजके जड, चेतन, सब पदार्थके नाथ श्रीकृष्ण हे. व्रज श्रीकृष्णको सर्वस्वहे, ओर वाके सर्वस्व श्रीकृष्ण हे. एसे श्रीकृष्ण स्वरुपानंदके दान पर्यंत हित के दाता कर्ता आपही हे. एसो मनमें पूर्ण विश्वास राखके अन्याश्रय नहि करनो.

कृष्णसुं जड, जीव, आदि, देवता अन्य हे, एसो मानके उन सबनकुं अपनी कामनाके अर्थ माननो, पूजनो, अन्याश्रय कहावे हे. भगवत्कार्यार्थ, भगवत्सुखके लीये, अपनो स्वार्थ त्याग करके जो मान करनो, वे सब

---

१ शुद्धाद्वैत मासिक वर्ष ९ अंक ११ मांथी आ ग्रन्थने उपयोगी भाग लीधो छे ।

भगवदीय हे, भगवद् अंश हे, भगवद् कला हे, भगवद् विभूति हे, भगवद् अवतार हे, भगवानसुं भिन्न नहि हे, ओर भगवद् अवयव हे, एसी बुद्धिसुं इनको सन्मान करनो, सो अन्याश्रय नहि कहावे हे. अथात् स्वार्थके लीये उन देवादिनको समर्थ माननो, श्रीकृष्णकुं उनके तूल्य माननो, उनकी सेवा, धर्म, अर्थ, काम, मोक्षार्थ करनो, श्रीकृष्णसुं उनको पृथक् माननो, सो अन्याश्रयही हें. सो सर्व जीवकुं बाधकहे. अन्याश्रय, श्रीकृष्णमें प्रेमकुं, ओर उनके आश्रयकु नष्ट भ्रष्ट करवेवारो हे. ओर अपने संबंधी सब पदार्थ सब श्रीकृष्ण स्वरुपही हे. अथवा श्रीकृष्ण के हे, एसो भाव सब प्रकारसुं सर्वकालमें सर्वदा राखनो. या रीतसुं वर्तनो, तब अन्याश्रय नहि.

अब समर्पण गद्यार्थ कहे हें–अनगिनते परिवत्सर जीव के व्यतित होय गये, जीनमें श्रीकृष्णको वियोग, संताप, क्लेश, न भयो, अगणित वर्ष तांइ जो ताप वाके समान अगणित परिवत्सरनसुं त्रिविध ताप अब तांइ होतो आयोहें. परंतु कृष्ण वियोग सुं ताप-क्लेश या जीव कुं होनो चाहीये सो आज तक भयो नहि. ओर जबसुं कृष्ण वियोगभयो तबसुं या जीवको आनन्दको तिरोभावभी भयो हे, तबसुं ये प्रभुसुं बिछूर्योंहे. यासुं त्रिविध ताप निवृत्तिकेलीये, कृष्णवियोगसुं भये ताप ओर क्लेशानंदकी प्राप्तिके अर्थ अपनी पंचभूतात्मक देह, ओर दश इंद्रिय–कर्मेन्द्रिय, ज्ञानेन्द्रिय, प्राण, मन, बुद्धि, चित्त, अहंकार, आदिके धर्म, स्त्री, गृह, पुत्र, ओर आप्त, अर्थात् संबंधी, यहलोक, परलोक, आत्मा, जीव अथवा अंतर्यामि जो जीवको साक्षी भगवद्रुपहे, वाके साथ सबकुं, ओर जाके साथ जेसो भाव संबंधहे वाकुं भी सबके अन्तःकरण हरवेवारे सदानन्द श्रीकृष्ण भगवान्-षड्गुण अर्थात् ऐश्वर्य, विर्य, यश, श्री, ज्ञान, वैराग्य, संपन्न स्वाभाविक ज्ञान, बल, क्रिया, त्रिविध शक्तिमान् श्रीगोपीजनके वल्लभ, संयोग रसात्मक कृष्ण, विप्रयोग रसात्मक अथवा जीनके मनकुं सब व्रजभक्त हरण करे हे, अथवा उनके मनके हरण करिवेवारे

कृष्ण, तिनके अर्थ अपर्ण करुं हुं. सो अपर्ण, प्रेम, आदर, श्रद्धापूर्वक करवेसुं समर्पण होवे हें.

समर्पणके अनन्तर में तेरो दास हुं, एसो मनमें निश्चय करिके कहेनो. हे कृष्ण! में तेरो हुं. यह पंचाक्षरमंत्रको अर्थ हे. जो कृष्णकुं सर्वस्व निवेदन करके में तेरो हुं एसो मनमें दृढ निश्चय करिके, मेरे आगे कहे, वाकुं में अभयदान करुं हुं. एसी प्रतिज्ञा भगवान् करे हे. वाकुं में अभयदेउं हुं. एसो मेरो जन्मसुं व्रत हे. एसो अभयदान मेरे लीये, हे कृष्ण! करो. यह समर्पण ओर पंचाक्षरको अर्थ हे.

श्री

॥ पद–१ ॥ कृष्ण श्रीकृष्ण मनमांही गती जानीये; देह इन्द्रिय, प्राण; दारा, गारादि वित्त, आत्मा सकळ श्रीकृष्णकी मानीये. ॥ १ ॥ कृष्ण मम स्वामी हुं दास मन वच कर्म, कृष्ण करता एही सदा जीय आनीये, कृष्णदासनी नाथ, हरिदास वर्य-धर, चरण रज वल्लभाधीश मन सानीये ॥ २ ॥

શ્રી બ્રહ્મસમ્બન્ધ મંત્રનો પદાર્થ તથા સમુદાય અર્થ

[લેખકઃ પ્રો. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ M. A.]

(પ્રિન્સીપાલઃ-ગુજરાત મહિલા પાઠશાળા-અમદાવાદ)

આ પુસ્તકમાં ગદ્યમંત્રના પ્રત્યેક શબ્દનો તથા સામાસિક શબ્દનો અર્થ ગુજરાતી ભાષામાં (સંસ્કૃત કે વ્રજભાષા નહિ જાણનારા ભાવુક વૈષ્ણવોને માટે) અહીં આપવામાં આવે છે.

શ્રીગદ્યમંત્રના પ્રત્યેક પદનો અર્થ.

सहस्र—હજાર, અસંખ્ય તથા અનન્ત, परिवत्सर–વર્ષ, मित–અવધિ વાળો, काल–સમય, जात–ઉત્પન્ન થયેલો, कृष्णवियोग–ભગવાન્‌નો વિરહ, जनित–ઉત્પન્ન થયેલો, तापक्लेशानंद–તાપાનંદ અને ક્લેશાનન્દ, એમ બન્નેની સાથે આનંદ શબ્દ લેવાનો છે. અર્થાત્ તાપનો આનંદ અને ક્લેશનો આનંદ, तिरोभावः—અંતર્ધાન થવું.

ઉપરના सहस्र શબ્દથી तिरोभावः સુધીનો ગદ્યમંત્ર એક આખો સમાસનો શબ્દ બનેલો છે. માટે તે આખા સમાસશબ્દનો અર્થ આ પ્રમાણે છે.

सहस्रपरिवत्सरमितकालजातकृष्णवियोगजनिततापक्लेशानंदतिरोभावः

હજારો વર્ષના અવધિવાળા સમયથી ઉત્પન્ન થયેલા ભગવાનના વિરહથી થયેલા તાપ અને ક્લેશનો આનન્દ જેનામાં ગુપ્ત અદશ્ય થઇ ગયો છે. એવો अहम्—હું, भगवते–ભગવાનને, कृष्णाय–કૃષ્ણને, [श्रीगोपीजन वल्लभाय–શ્રીગોપીજનને પ્રિય વહાલા,) અહીંથી देह શબ્દથી શરૂ કરીને अन्तःकरणानि સુધી देहेन्द्रियप्राणान्तःकरणानि એવો એક આખો શબ્દ છે. તેમાંના દરેક શબ્દનો અર્થ. देह–શરીર, इन्द्रिय–ઇન્દ્રિયો, प्राण વાયુ, अन्तःकरण–મન, ચિત્ત, આખા શબ્દનો અર્થઃ–देहेन्द्रियप्राणान्तःकरणानि–શરીર, ઇન્દ્રિયો, વાયુ અને મન,

तद्धर्मान्-તેના ધર્મો એટલે શરીર, ઇન્દ્રિય, વાયુ અને મન, તેના ધર્મો-તેની ક્રીયાઓ, च-અને, दाराथी શરૂ કરીને इहापराणि સુધી એક શબ્દ છે. તે આખા શબ્દમાંના દરેક શબ્દના છુટા અર્થ નીચે પ્રમાણે છે.

दार-સ્ત્રી, आगार-ઘર, पुत्र-છોકરા, आप्त-કુટુમ્બીજનો, वित्त-ધન-પૈસો, इह-આ લોક (આ લોકનું પાપ પુણ્ય,) अपर-પરલોક (પરલોકનું પાપ ને પુણ્ય) આખો શબ્દ दारागारपुत्राप्तवित्तेहापराणि-એમ છે. તેનો સમસ્તાર્થ-સ્ત્રી, ઘર, છોકરાં, સગાં સમ્બન્ધી, કુટુમ્બી, ધન, આલોક ને પરલોકનું પાપ ને પુણ્ય, आत्मनासह-જીવાત્મા સાથે समर्पयामि-હું અર્પણ કરૂં છું, दास-સેવક, अहम् હું, तव-તમારો, (ભગવાનનો), अस्मि-છું.

આ ગદ્યમંત્રની પ્રતિજ્ઞા લેનાર-નિવેદન કરનાર જીવ છે, તે પોતાને માટે अहं હું શબ્દનો પ્રયોગ કરીને ભગવાનને નિવેદન કરે છે. કેવા ભગવાનને? તો ત્યાં કહે છે કે—कृष्णाय-અર્થાત્ કૃષ્ણને, કેવો જીવ? હઝારો વર્ષોના ભગવાન્‌થી થયેલા વિરહને લીધે જેનામાં તાપ અને કલેશનો આનન્દ જતો રહ્યો છે એવો જીવ. તે શું સમર્પણ કરે છે? સ્ત્રી, ઘર, છોકરાં, કુટુમ્બીજનો, ધન તથા આલોક ને પરલોકનાં પાપ અને પુણ્ય તે ઉપરાંત પોતાના શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ તથા તેના ધર્મો, (વ્યાપારાદિ), એ બધું પોતાના જીવાત્માની સાથે અર્પણ કરે છે, ને અર્પણ કરીને પોતે ભગવાનનો દાસ છે, એમ કહીને પોતાની કૃત કૃત્યતા જણાવે છે.

શ્રી ગદ્યમંત્રનો સમુદાય અર્થ

ભગવાન્ કૃષ્ણથી છુટા પડયે હઝારો વર્ષોનો સમય પસાર થવાથી ભગવાન્‌ની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ-સંતાપ થવો જોઇયે તથા તેમના દર્શન-મિલનને માટે જે આર્તિ થવી જોઇએ તેનો આનન્દ જેને અંતર્ધાન થયો છે એવો હું જીવ, ભગવાન્ [ષડ્ ગુણ સમ્પન્ન, અને રસાત્મક કૃષ્ણને [શ્રીગોપીજનને વલ્લભ-પ્રિય છે તેમને પત્ની-સ્ત્રી, ઘર, છોકરાં, કુટુમ્બીઓ, દ્રવ્ય, આ લોક તથા પરલોકનાં પાપ પુણ્ય, તથા દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન, તથા બુદ્ધિ, અને તેમના ધર્મો તેમની ક્રીયાઓ, જીવાત્મા સહિત હું અર્પણ કરૂં છું-નિવેદન કરૂં છું. હે કૃષ્ણ! હું તમારો દાસ-સેવક છું.

શ્રી ગદ્યમંત્રનો વિવેચન સાથે અર્થ

હજારો વર્ષો જેટલો કાળ કૃષ્ણની ઇચ્છાથી કૃષ્ણનો વિયોગ થવાથી વિતી ગયો છે. તેથી કૃષ્ણને મળવા માટેનો તાપ અને ક્લેશ હૃદયમાં થવો જોઇએ. તે થયો નથી તાપ અને ક્લેશ થવાથી જે આનંદ થવો જોઇએ જે આર્તિ થવી જોઇએ તેનો પણ તિરોભાવ થયો છે. અથવા તાપ, ક્લેશ, અને આનંદ અંતર્ધાન થયો છે. એવો જે હું જીવ, તે તમને કૃષ્ણને કેવા કૃષ્ણને ?

ષટગુણ સમ્પન્ન, ભગવાન્ સર્વ સામર્થ્યવાન્, સદાનન્દ પ્રભુ કૃષ્ણ, જીવને અલૌકિક સંયોગ ને વિપ્રયોગ રૂપ દાન દેવા સારૂ પુષ્ટિસ્થ કૃષ્ણ, પુષ્ટિ રસ આપવા માટે જ યશોદોત્સંગલાલિત—કૃષ્ણ મર્યાદા પુરૂષોત્તમ નહિ પણ કેવળ પુષ્ટિ પુરૂષોત્તમ જ કૃષ્ણ, ગોપીજનવલ્લભ કૃષ્ણ ગોપીજનના યુથની મધ્યે બિરાજતા, સંયોગરસ રૂપ, સદા વ્રજમાં બિરાજે છે તે કૃષ્ણને.

આ મારી દેહ, પંચભૌતિક શરીર, દેહને તો સૌથી પહેલીજ પ્રભુની સેવામાં યોજવી જોઇએ, જોડી દેવી જોઇએ માટે દેહતો સૌથી પહેલીજ અર્પણ કરૂં છું. સાથે સાથે તે દેહની, આંખ, કાન, નાક, જીભઆદિ તમામ ઇન્દ્રિયો વડે પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરી શકાય, તેટલા માટે તે ઇન્દ્રિયો પણ અર્પણ કરૂં છું.

અને આ પ્રાણ,અન્તઃકરણ ને તેના તમામ ધર્મો,તેમની તમામ ક્રીયાઓ પણ ભગવાનને અર્પણ કરૂં છું,જેવા કે વ્યાપારાદિ, દેહથી ચાલવું તે પણ, પ્રભુનાં દર્શન માટે જવું તે, આંખથી જોવું તે પ્રભુનાં દર્શન કરવાં તે, ચિત્તની વૃત્તિ સદા પ્રભુના ચરણમાં રાખવી તે, મનની વૃત્તિ, ભગવદ્ સ્વરૂપની સેવાના કાર્યોમાં ચોંટી રહે તે, અમુક વસ્તુ જોઇશે, અમુક ચીજ પ્રભુ લાયક લાવવી જોઇએ વગેરે, નાક—પ્રભુ માટે સુગન્ધી ચીજો અત્તર, ફુલેલાદિ લાવવું જોઇએ તે ઉત્તમ વસ્તુ લાવી શકાય તે માટે નાકનો ઉપયોગ થાય, કાન કેવળ કૃષ્ણની કથા વાર્તા સાંભળવા માટે તેનો ઉપયોગ થાય નહિ કે કોઈની સ્તુતિ નિન્દા સાંભળવા વગેરે ઇન્દ્રિયોના તમામ જાતના ધર્મો.

તેમજ સ્ત્રી, ઘર, પુત્ર, પરિવાર, કુટુમ્બ, આપ્તજનો, સગાં સમ્બન્ધી વગેરે, અને ધન, દ્રવ્યાદિ આલોક અને પરલોકનું પાપ પુણ્ય આદિ જે પરલોકમાં ભોગવવું પડે એમ ગણાતું હોય તે, સઘળું આત્માને જીવાત્મા સાથે જીવ તો સહજદાસ છે પણ લૌકિકનાં માયાનાં આવરણોથી તેનું દાસપણું વિસ્મૃત થઇ ગયું છે તે વિસ્મૃતિ થવાથી જે દોષાદિ થાય તે, તે સાથે પ્રભુને અર્પણ કરૂં છું-સમર્પણ કરૂં છું, કેવા હેતુથી? પ્રભુ અંગીકાર કરે તેવા હેતુથી અર્પણ કરૂં છું, અને તે પ્રમાણે અર્પણ કર્યા પછીથીઃ—

હે કૃષ્ણ! હે ગોપીજન વલ્લભ! હે ગોપીજનોને પ્રિય! હે યશોદોત્સંગલાલિત! હે વ્રજાનંદ કંદ! હું તમારો દાસ છું, દાસ થાઉં છું (મને દાસ માની લ્યો) હું તમારો છું, એવી ભાવના વિચારવી.

જીવને પ્રભુ સાથેનો સમ્બન્ધ સરળતાથી કરાવનાર કોઈ પણ એક મંત્ર હોય તો તે આ બ્રહ્મસમ્બન્ધ મંત્રજ છે. જગદ્ગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ તો પૂર્ણ કૃપા કરીને 'जीवाः स्वभावतो दुष्टा' એવા દુષ્ટ, અધમ, દોષથી ભરેલા જીવોને આ જ મંત્રદ્વારા નિર્દોષ કરી, પ્રભુને શરણે સોંપી દીધા.

આ સ્થળે આપણે 'શ્રી સિદ્ધાન્ત રહસ્ય' ગ્રન્થ વિચારવો પડશે. બ્રહ્મસમ્બન્ધ કરતા માત્રમાં જ દેહના ને જીવના સર્વ દોષની નિવૃત્તિ થઈ જાય છે. તેમાં લેશ પણ શંકાને સ્થાન નથી જ. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવની વાર્તાઓમાં તેના અનેક દાખલા મોજુદ છે.

સમર્પણ કર્યા પછી જ જીવ પ્રભુની સેવાનો અધિકારી થાય છે, ને સેવા કરવાથીજ પ્રભુ પ્રસન્ન થાય છે. કૃપા કરે છે. ને તે જીવને કૃતાર્થ કરે છે. પણ સેવા તે ક્રીયા માત્ર ન હોવી જોઇએ, પણ દૃઢ આસક્તિ પૂર્વક, ને ગુરૂની આજ્ઞા પ્રમાણે કરવી જોઇએ તો જ આત્મસમર્પણ કર્યું છે એ સિદ્ધ થયું છે એમ મનાય.

તેમજ સ્ત્રી, ઘર, પુત્ર, પરિવાર, કુટુમ્બ, આપ્તજનો, સગાં સમ્બન્ધી વગેરે, અને ધન, દ્રવ્યાદિ આલોક અને પરલોકનું પાપ પુણ્ય આદિ જે પરલોકમાં ભોગવવું પડે એમ ગણાતું હોય તે, સઘળું આત્માને જીવાત્મા સાથે જીવ તો સહજદાસ છે પણ લૌકિકનાં માયાનાં આવરણોથી તેનું દાસપણું વિસ્મૃત થઇ ગયું છે તે વિસ્મૃતિ થવાથી જે દોષાદિ થાય તે, તે સાથે પ્રભુને અર્પણ કરૂં છું-સમર્પણ કરૂં છું, કેવા હેતુથી ? પ્રભુ અંગીકાર કરે તેવા હેતુથી અર્પણ કરૂં છું, અને તે પ્રમાણે અર્પણ કર્યા પછીથી:—

હે કૃષ્ણ ! હે ગોપીજન વલ્લભ ! હે ગોપીજનોને પ્રિય ! હે યશોદોત્સંગલાલિત ! હે વ્રજાનંદ કંદ ! હું તમારોદાસછું, દાસ થાઉછું (મને દાસ માની લ્યો) હું તમારોછું, એવી ભાવના વિચારવી.

જીવને પ્રભુ સાથેનો સમ્બન્ધ સરળતાથી કરાવનાર કોઈ પણ એક મંત્ર હોય તો તે આ બ્રહ્મસમ્બન્ધ મંત્રજ છે. જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ તો પૂર્ણ કૃપા કરીને ' जीवाः स्वभावतो दुष्टा ' એવા દુષ્ટ, અધમ, દોષથી ભરેલા જીવોને આ જ મંત્રદ્વારા નિર્દોષ કરી, પ્રભુને શરણે સોંપી દીધા.

આ સ્થળે આપણે ' શ્રી સિદ્ધાન્ત રહસ્ય' ગ્રન્થ વિચારવો પડશે. બ્રહ્મસમ્બન્ધ કરતા માત્રમાં જ દેહના ને જીવના સર્વ દોષની નિવૃત્તિ થઈ જાય છે.તેમાં લેશ પણ શંકાને સ્થાન નથી જ. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવની વાર્તાઓમાં તેના અનેક દાખલા મોજુદ છે.

સમર્પણ કર્યા પછી જ જીવ પ્રભુની સેવાનો અધિકારી થાય છે, ને સેવા કરવાથીજ પ્રભુ પ્રસન્ન થાય છે. કૃપા કરે છે. ને તે જીવને કૃતાર્થ કરે છે. પણ સેવા તે ક્રીયા માત્ર ન હોવી જોઇએ, પણ દૃઢ આસકિત પૂર્વક, ને ગુરૂની આજ્ઞા પ્રમાણે કરવી જોઇએ તો જ આત્મસમર્પણ કર્યું છે એ સિદ્ધ થયું છે એમ મનાય.

તેમજ સ્ત્રી, ઘર, પુત્ર, પરિવાર, કુટુમ્બ, આપ્તજનો, સગાં સમ્બન્ધી વગેરે, અને ધન, દ્રવ્યાદિ આલોક અને પરલોકનું પાપ પુણ્ય આદિ જે પરલોકમાં ભોગવવું પડે એમ ગણાતું હોય તે, સઘળું આત્માને જીવાત્મા સાથે જીવ તો સહજદાસ છે પણ લૌકિકનાં માયાનાં આવરણોથી તેનું દાસપણું વિસ્મૃત થઇ ગયું છે તે વિસ્મૃતિ થવાથી જે દોષાદિ થાય તે, તે સાથે પ્રભુને અર્પણ કરૂં છું-સમર્પણ કરૂં છું, કેવા હેતુથી ? પ્રભુ અંગીકાર કરે તેવા હેતુથી અર્પણ કરૂં છું, અને તે પ્રમાણે અર્પણ કર્યા પછીથી:—

હે કૃષ્ણ ! હે ગોપીજન વલ્લભ ! હે ગોપીજનોને પ્રિય ! હે યશોદોત્સંગલાલિત ! હે વ્રજાનંદ કંદ ! હું તમારોદાસછું, દાસ થાઉછું (મને દાસ માની લ્યો) હું તમારોછું, એવી ભાવના વિચારવી.

જીવને પ્રભુ સાથેનો સમ્બન્ધ સરળતાથી કરાવનાર કોઈ પણ એક મંત્ર હોય તો તે આ બ્રહ્મસમ્બન્ધ મંત્રજ છે. જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ તો પૂર્ણ કૃપા કરીને ‘ जीवाः स्वभावतो दुष्टा ’ એવા દુષ્ટ, અધમ, દોષથી ભરેલા જીવોને આ જ મંત્રદ્વારા નિર્દોષ કરી, પ્રભુને શરણે સોંપી દીધા.

આ સ્થળે આપણે ‘ શ્રી સિદ્ધાન્ત રહસ્ય’ ગ્રન્થ વિચારવો પડશે. બ્રહ્મસમ્બન્ધ કરતા માત્રમાં જ દેહના ને જીવના સર્વ દોષની નિવૃત્તિ થઈ જાય છે. તેમાં લેશ પણ શંકાને સ્થાન નથી જ. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવની વાર્તાઓમાં તેના અનેક દાખલા મોજુદ છે.

સમર્પણ કર્યા પછી જ જીવ પ્રભુની સેવાનો અધિકારી થાય છે, ને સેવા કરવાથીજ પ્રભુ પ્રસન્ન થાય છે. કૃપા કરે છે. ને તે જીવને કૃતાર્થ કરે છે. પણ સેવા તે ક્રીયા માત્ર ન હોવી જોઇએ, પણ દૃઢ આસકિત પૂર્વક, ને ગુરૂની આજ્ઞા પ્રમાણે કરવી જોઇએ તો જ આત્મસમર્પણ કર્યું છે એ સિદ્ધ થયું છે એમ મનાય.

॥ श्रीगोकुलनाथजी महाराज ॥

मा. अडेल सं. १६०८ मार्गशिर्ष शुक्ल ७ भृगुवार.

मामि गोकुलाधीशं लीलामानुषविग्रहम् ॥ व्रजाधीशं विश्वविभुं पार्वतीप्राणवल्लभम्

ायावादिचिद्रूपादिप्रतिबंधनिवारकः ॥ दर्पहा दुर्मदांधानां पायाद्वो भक्तभूषणः ॥ :

मामि श्रीपतिदेवं वल्लभं वल्लभात्मजं ॥ यःकरोति सदाऽरण्ये मंगलं जनवर्जिते ॥

ायति विट्ठलसुवन प्रगट वल्लभवल्ली ॥ प्रबल पनकरी तिलकमाल राखी ॥ ४ ॥

શ્રી મત્પ્રભુચરણના ચતુર્થ કુમાર શ્રીગોકુલેશ પ્રભુએ બ્રહ્મસંબંધ મંત્ર ઉપર સંસ્કૃતમાં ટીકા લખી છે, તેનુંજ આ ગુજરાતી ભાષાન્તર છે.

[1]બ્રહ્મસંબંધમંત્રનો અર્થ

લેખક: શાસ્ત્રી વસંતરામ હરિકૃષ્ણ

[શ્રાવણ શુક્લ પવિત્રા એકાદશી એટલે, જન્માષ્ટમી મહોત્સવથીએ અધિક, પરમ પવિત્ર મહોત્સવમય દિવસ. જન્માષ્ટમીની મધ્યરાત્રિએ પ્રભુ પ્રકટ થયા જગત્‌ના ઉદ્ધાર માટે, પણ પવિત્રા એકાદશીની મધ્યરાત્રિએ પ્રકટ થયા આપણા ઉદ્ધાર માટે, અને આપણા પ્રાણાધિક પ્રિય શ્રીવલ્લભાધીશ્વરને બ્રહ્મસંબંધની આજ્ઞા આપી શ્રી-દામોદરદાસજી જેવા અષ્ટપ્રહર સેવાનિષ્ઠ સેવકને પણ તે આજ્ઞા સમજાઈ નહિ, એટલે બીજે દિવસે આપશ્રીએ પહેલવહેલું એમને નિવેદન કરાવ્યું. આ વિષયનું રહસ્ય સિદ્ધાંતરહસ્ય ગ્રંથથી આપણને જણાય છે. એ ગ્રંથ અને તેની શાસ્ત્રાર્થથી ભરપુર ટીકાઓ વાંચવાથી મનની બધી મુંઝવણો ટળી જાય છે. છતાં બ્રહ્મસંબંધના મંત્રનું રહસ્ય સમજાતું નથી. એ મંત્ર તો પવિત્રમાં પવિત્ર છે. આપણે પણ તેનો ઉચ્ચાર પવિત્ર સ્થિતિમાં જ કરી શકીએ તેના રહસ્યો પણ તેના જેવી જ સ્થિતિમાં વિચારી શકાય. તે મંત્રમાં જે ઉત્તમ સિદ્ધાંત છે તેનું તો અહર્નિશ સ્મરણ કરવાની આજ્ઞા છે. પણ અત્યારે આપણામાંનો મોટો ભાગ જીંદગીમાં માત્ર એક જ વખત તે મંત્ર જ્યારે નિવેદન થાય છે ત્યારે ગુરુના શ્રીમુખ-દ્વારા બોલે છે. પછી તો તે મંત્રને કોઇ સંભાળતું નથી; તો તેનાં રહસ્ય ઉકેલવાની તો વાત જ ક્યાં રહી ? પણ કૃપાપીયૂષપારાવાર આયુષ્માન્ ગોસ્વામી શ્રી ૬ શ્રી દામોદર-લાલજી બાવાસાહેબે એ મંત્રના વિશ્વવ્યાપક રહસ્યો હજારો વૈષ્ણવોની સભામાં પવિત્ર સ્થિતિમાં કહ્યાં, અને વૈષ્ણવોને પોતાનું આ અમૂલ્ય, અલૌકિક અને સુધારૂપ મહાફળ ચખાડયું, ત્યારથી વૈષ્ણવોને તેનો સ્વાદ લાગ્યો છે. નરોડામાં શ્રીવલ્લભાધીશ્વરની બેઠકમાં આપશ્રીએ ૩ હજાર વૈષ્ણવોની મહાપરિષદ્‌માં પવિત્ર વાતાવરણમાં એ મંત્રનું રહસ્ય જ્યારે તદ્દન સ્પષ્ટ કર્યું, ત્યારે જે આનંદ વ્યાપી રહ્યો હતો તે તો અનિર્વચનીય જ છે. તે દિવસ તો ચિરસ્મરણીય બની ગયો છે. તેનાં જ પરિણામે આ લેખ યોજાયો છે. બ્રહ્મસંબંધ મંત્ર ઉપર શ્રીગુસાંઇજીના ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુની ટીકા સંસ્કૃતમાં છે તેનું જ રહસ્ય આ લેખમાં ઉતાર્યું છે.]

મંગલાચરણ—ગદ્યમંત્રનાં રહસ્યનો વિચાર શરૂ કરતાં પહેલાં શ્રીગોકુલેશપ્રભુ નમન રૂપ મંગલાચરણ કરે છે. નમન કોને કરવાનું હોય ? એમને જ, કે જેમણે બ્રહ્મસંબંધ મંત્ર પ્રકટ કર્યો. શ્રીગોકુલેશપ્રભુ એજ શ્રીવલ્લભાધીશ્વરને પ્રથમ નમન કરે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે; શ્રી આચાર્યજી મહાપ્રભુજીને નમન કરીને ગદ્યમંત્રનો અર્થ વર્ણવું છું. શ્રીમહા-

1 "શુદ્ધાદ્વૈત" માસિક વર્ષ ૨ અંક, ૫ માંથી

પ્રભુજી શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ છે, અને પ્રભુના શ્રીમુખમાં અગ્નિ વસે છે ત્યારે આપશ્રીનું સ્વરૂપ શું થયું? એ જ કે આપશ્રી પ્રભુના શ્રીમુખકમલમાં બિરાજતા અગ્નિરૂપ છે. આ અગ્નિ તે આધિદૈવિક વિરહાગ્નિ સમજી લેવો; દરરોજ અનુભવાતો લૌકિક અગ્નિ નહિ. શ્રીકૃષ્ણમુખકમલમાં વિરાજતા વિરહાનલરૂપ શ્રીવલ્લભાધીશ્વરે સમર્પણ કરવાનો જે ગદ્યમંત્ર પ્રકટ કર્યો, તે મંત્રનો અર્થ મારી મતિ પ્રમાણે હું વર્ણવું છું. આ પ્રમાણે મંગલાચરણ કરીને શ્રીગોકુલેશપ્રભુ હવે મંત્રનો અર્થ સમજાવે છે.

મંત્રનું રહસ્ય શા માટે વિચારવું?—શ્રીમહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથ પ્રકટ કર્યો છે. તેમાં જીવને એવો ઉપદેશ છે કે, લૌકિક કે અલૌકિક કશી ચિંતા કરવી નહિ. એ ગ્રંથની ટીકા શ્રીગુસાંઇજીએ 'નવરત્નપ્રકાશ' નામની પ્રકટ કરી છે. તેમાં આપશ્રીએ જણાવ્યું છે કે, સાક્ષાત્ શ્રીગોકુલપતિની સેવા કરવાનો અધિકાર મેળવવો હોય તો નિવેદન કરવાની ખાસ આવશ્યક્તા છે. ગદ્યમંત્રદ્વારા નિવેદન કર્યા વિના સેવાનો અધિકાર ન જ મળે. શ્રીગુસાંઇજીની આ આજ્ઞાનું રહસ્ય શું? નિવેદન કરવાથી અધિકાર કેમ મળે? આવો પ્રશ્ન થતાં તેનું સમાધાન વિચારવું રહ્યું. બ્રહ્મસંબંધ થયા પછી જ સેવારૂપ અધિકાર મળે તેનો પ્રકાર શો? એવી જિજ્ઞાસા થતાં, શ્રીમહાપ્રભુજીને ભગવાને જે સમર્પણમંત્રનો ઉપદેશ કર્યો છે, તેનો વિચાર કરવામાં આવે છે.

હજારો વર્ષ જેટલો સમય—વીતી ગયો, (કૃષ્ણનો વિયોગ થયે) બ્રહ્મસંબંધના મંત્રની શરૂઆતમાં આ શબ્દો છે. જીવ કૃષ્ણરૂપ પરબ્રહ્મથી વિખૂટો પડયો તેને હજારો વર્ષ જેટલો સમય વીતી ગયો. અહીં 'હજાર' વર્ષ એટલે માત્ર એક હજાર એવી ગણતરી સમજવી નહિ, પણ 'હજાર' શબ્દ અહીં અનંત સંખ્યા કહે છે, મતલબ કે પ્રભુથી જુદા થયે હજારો—અસંખ્ય વર્ષો વીતી ગયાં, પ્રભુથી જીવ વ્યુચર્યો—છુટો પડયો, ત્યારથી તે સમર્પણ કરવા આવ્યો તે અંતરમાં જે વર્ષો વિત્યાં તે માત્ર હજાર જ નહિ પણ અસંખ્ય વર્ષો વીત્યાં એમ સમજવું. મૂળ મંત્રમાં વર્ષ શબ્દ ન મૂકતાં પરિવત્સર શબ્દ મૂક્યો છે. વર્ષને બદલે સંવત્સર વગેરે બીજા શબ્દો પણ સંસ્કૃતમાં છે, પણ તે બધામાંથી પરિવત્સરશબ્દની જે પસંદગી થઈ તેનું રહસ્ય આ છે. વેદમાં સંવત્સરરૂપી એક શબ્દના ચાર ભેદ બતાવ્યા છે. તે આ છે ૧ સંવત્સર, ૨ પરિવત્સર, ૩ અનુવત્સર, ૪ ઇદાવત્સર. વળી આ ચાર ભેદોના ચાર સ્વરૂપો પણ તેજ શ્રુતિમાં વેદમાં-બતાવ્યાછે, સંવત્સરનું સ્વરૂપ અગ્નિ છે, પરિવત્સરનું સ્વરૂપ આદિત્ય સૂર્ય છે. અનુવત્સરનું સ્વરૂપ વાયુ છે અને ઇદાવત્સરનું સ્વરૂપ ચંદ્રમા છે. આ વેદવાક્યમાં 'પરિવત્સર'નું સ્વરૂપ 'સૂર્ય' કહ્યું છે. જેમ અસંખ્ય સૂર્યો એકઠા થાય તો અત્યંત સંતાપ કરનારા થઇ પડે, તેમ ભગવાનના વિયોગનો આધાર બનેલો, સંસારના કારણ રૂપ થયેલો એવો જે અસંખ્ય વર્ષો જેટલો મહાન્ સમય તે કેટલો બધો સંતાપ કરનાર હોવો જોઇએ? એ રહસ્ય 'પરિવત્સર' શબ્દથી સમજી લેવાનું છે. અસંખ્ય વર્ષો વીતી ગયાં, કૃષ્ણનો વિયોગ એવોનેએવો જ છે. જીવ તો ભગવાનથી વિખુટો

પડયો છે, ભગવાન્‌ને 'ભગવાન્' એવા શબ્દથી ન ઓળખાવતાં કૃષ્ણશબ્દથી અહીં ઓળખાવ્યા છે. પ્રભુનું સ્વરૂપ જ 'રસ' છે. શ્રુતિ પણ 'રસ' પ્રભુને વર્ણવે છે. એ 'રસ'રૂપ તેજ કૃષ્ણસ્વરૂપ છે. જીવ જ્યારે પ્રભુથી અલગ હોતો નથી ત્યારે તેનામાં આનંદરૂપ અંશ હોય છે. પણ જ્યારે જીવ પ્રભુથી વિછુટો પડે છે, ત્યારે પહેલાં તેનામાં રહેલો આનંદાંશ તિરોધાન પામે છે, તે વખતે તેને તાપ–ક્લેશ અને આનંદ થાય છે. ભગવાન્‌થી વિછુરે–જુદો થાય–ત્યારે તેને તાપ ક્લેશ થાય. આ વિરહરૂપ ઉત્તરદલ કહેવાય. ભગવાન્ રસરૂપ છે. રસ એટલે શૃંગારરસ. શૃંગારરસના બે દલ છે–ભાગ છે. એક પૂર્વ ભાગ–સંયોગ અને બીજો ઉત્તર ભાગ–વિયોગ. અહીં તાપક્લેશ એ ઉત્તરદલરૂપ છે, આનંદ એ પૂર્વદલરૂપ છે, આ બધા ફલરૂપ છે, પણ હાલમાં તેનો તિરોભાવ છે. તો પછી તેને તાપક્લેશ કે આનંદ શેનાં હોય? તેથી તેને તાપક્લેશરૂપ ફલનો સંબંધજ નથી, અથવા તો અહીં બીજો અર્થ પણ થઈ શકે. પ્રભુથી જુદા પડતાંવેંતજ પહેલાં તો ખૂબ તાપ ક્લેશ થાય. એ તાપક્લેશથી એક પ્રકારનો આનંદરસ મળે, એજ આનંદરસ તેજ વિયોગરસ, તેજ ઉત્તરદલ, પણ એનો પછીથી તિરોભાવ થયેલો છે એટલે જીવને તેનો હાલમાં અનુભવ ક્યાંથી હોય? પહેલાં સૃષ્ટિ વખતે ત્રણ માર્ગો કહ્યા છે. પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા; એ ત્રણ માર્ગો છે. તેમાં જે જીવનો અંગીકાર 'પુષ્ટિ'માં છે, ભગવાને નિજેચ્છાથી જેમનો પુષ્ટિમાં અંગીકાર વિચાર્યો, જેમને ઉચ્ચભાવે ઉત્પન્ન કર્યા, તે જ પુષ્ટિજીવોને પ્રભુથી જુદા થતી વખતે તાપક્લેશાનંદ થાય છે, બીજા જીવોને તો પોતે જ બ્રહ્મ છે એવી સ્ફુર્તિ છે. અહીં આ રહસ્ય સમજી લેવું. ભગવાનનો આકાર જ આનંદરૂપ છે. જ્યાંસુધી જીવ ભગવાન્‌માં હોય છે ત્યાંસુધી તે આનંદમય હોઇને સાકાર હોય છે. પણ જ્યારે જીવ પ્રભુથી છુટો પડે છે ત્યારે તેનામાં રહેલો આનંદાંશ ગુપ્ત થઇ જાય છે. એટલે તેવા છુટા થયલા જીવો બધા નિરાકાર ગણાય છે. આવાનિરાકાર આનંદવિનાના જીવોમાં જે જીવોનો અંગીકાર પુષ્ટિમાં છે, તેમનામાં વિયોગના ધર્મો–તાપ વગેરેનો તિરોભાવ થાય છે અને બીજા નિરાકાર–આનંદરહિત–જીવોમાં પોતે જ બ્રહ્મ છે તેવી સ્ફુર્તિ થાય છે. આ સૂક્ષ્મ રહસ્ય સમજવું. આ રહસ્ય ઉપરથી એટલું તો નક્કી છે કે, કૃષ્ણનો વિયોગ તો જો કે બધા જીવોને લાગુ પડેલો છે, તોપણ પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરવાનો 'વિચાર જે જીવો માટે પ્રભુએ કર્યો છે, તે જીવોમાં જ નિવેદન કરવાથી, તેમાં છુપાયલા તાપક્લેશાદિ વિરહના ધર્મોનો આવિર્ભાવ થાય છે, બીજા જીવોમાં પહેલેથી જ તેવા ધર્મો નથી. આ સિદ્ધાંત અહીં જણાવ્યો છે.

કેટલીક શંકાઓ—ઉપરના સિદ્ધાંતમાં કેટલીક શંકાઓ થાય છે. એક તો એ જ શંકા થાય કે, પ્રભુથી અલગ થયા પછી તુરત પ્રભુના વિરહનો તાપ કેમ સંભવે? કારણકે તે વખતે જીવોને દેહ વગેરે કાંઈ હોતું નથી. જો દેહ વગેરે કાંઇ ન હોય તોપછી વિરહ તાપ કેમ અનુભવાય? આ શંકા ટકી શકે તેમ નથી, કારણકે જીવોને તે વખતે પણ આકાર હોય છે.

પ્રભુ પોતે આનંદમય આકારવાળા છે, તેથી જીવોને પણ તેવો જ આનંદાકાર છે જ. પ્રભુથી જીવ અલગ થતાં વેંતજ, પ્રભુની આનંદમય સુંદરતાને નિહાળે છે, અને તેજ સૌન્દર્યના દર્શનથી જીવમાં પુષ્ટિભાવ પ્રકટ થાય છે, તે પછી પ્રભુથી અલગ સ્થિતિ કરતાં તાપક્લેશનો તે જીવ અનુભવ કરે છે, અર્થાત્ પ્રાકૃત દેહ વગેરે નથી, છતાં આનંદાકારથી પણ તાપક્લેશાદિનો અનુભવ જીવને સંભવે છે. એક શંકા તો દૂર થઈ, પણ એક બીજીશંકા ઉત્પન્ન થાય છે. તે એ કે ભગવાન્‌નો વિયોગ થયા પછી જીવને તાપ તો થાય છે, પણ તે તાપ તમે કહો છો તેવો વિરહતાપ શા માટે ? સંસારરૂપી તાપ જ માનોને. જીવ ભગવાનથી અલગ થયો કે તેને અહંતામમતારૂપ સંસારતાપ નડયો. તેમજ ક્લેશ પણ જન્મમરણરૂપ જ સમજી લેવો. આ પ્રમાણે સંસારરૂપ તાપ અને જન્મમરણ વગેરે ક્લેશ થયા પછી જ જીવમાંથી આનંદનો તિરોભાવ પણ થઈ જાય છે, આવો સીધો અને બંધબેસતો અર્થ લઈ લો ને, શા માટે બીજો અર્થ કરો છો ? આ સંશય પણ ઉભો રહી શકતો નથી, કારણકે અહીં કૃષ્ણનો વિયોગ કહ્યો છે અને તે વિયોગથી થતા તાપક્લેશ જણાવ્યા છે. જો સંસાર અને જન્મમરણ જેવા અર્થો ઉપજાવી કાઢીએ તો કૃષ્ણવિયોગ એ બન્ને શબ્દનો કાંઈ અર્થ જ રહેતો નથી. વળી એવો અર્થ ઉપજાવવામાં શાસ્ત્રનો પણ વિરોધ આવે છે. આનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે. કૃષ્ણ એ રસાત્મક પરમ પદાર્થ છે. અને કૃષ્ણનો વિયોગ એટલે રસરૂપ–શૃંગારરસરૂપ–પ્રભુનો વિયોગ એવો અર્થ થાય. હવે શૃંગારરસનાં બે દલ--સંયોગ અને વિયોગ—તો આપણે પહેલાં સમજી ગયા છીએ. તો શૃંગારરસરૂપ કૃષ્ણનો વિયોગ એટલે રસનું બીજું દલ 'વિરહ' એવો અર્થ થયો. એ વિરહથી જે તાપ અને ક્લેશ થાય તેનું સ્વરૂપ કેવું ઉચ્ચ અને અલૌકિક હોવું જોઈએ ? સંસાર તેમ જ જન્મમરણ તો તુચ્છ છે. એને કાંઇ વિરહરસના અંગ માની શકાય ખરાં ? કદી નહિ. અને આપણે સંસાર અને જન્મમરણ જેવા અર્થો લઇશું તો 'કૃષ્ણનો વિયોગ' એ બે અલૌકિક શબ્દોનો અર્થ જ બંધબેસતો નહિ થાય, બલ્કે એ બે શબ્દનો કશો અર્થ જ નહિ રહે, તેના કરતાં બહેતર છે કે 'બ્રહ્મવિભેદ' શબ્દ તે સ્થળે મૂકયો હોત, એટલે એવો અર્થ થાત કે જીવ અક્ષરબ્રહ્મથી છુટો પડયો એટલે જીવને તાપક્લેશ થયા, અને તે તાપક્લેશનો અર્થ સંસાર અને જન્મમરણ એવો ખુશીથી કરી શકાત, કૃષ્ણવિયોગ શબ્દો જ એટલા ઉચ્ચ અને દિવ્ય અર્થવાળા છે કે તેમાં સંસાર કે જન્મમરણ જેવા સાધારણ અર્થોને સ્થાન જ ન હોય, વળી એવા અર્થો કરવામાં શાસ્ત્રનો પણ વિરોધ છે, ભગવાન્ વેદવ્યાસજીએ રચેલાં બ્રહ્મસૂત્રોમાં એક એવું સૂત્ર છે કે " પરમાત્માએ વિચાર્યાથી આ જીવના ઐશ્વર્ય વગેરે ભગવદ્ધર્મોનું તિરોધાન થયું છે, અને તેથી તેના બંધવિપર્યય " આ બ્રહ્મસૂત્રનું વ્યાખ્યાન કરતાં શ્રીગુસાંઇજીએ વિદ્વન્મંડનમાં નિરૂપણ કર્યું છે, તેમાં જીવના ઐશ્વર્ય વગેરે ભગવદ્ધર્મો તિરોધાન પામ્યા, અને અનીશ્વરત્વ (અસામર્થ્ય) વગેરે વિપરીત ધર્મો જીવને સાંપડયા, એમ જણાવીને શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે કે, જીવનો આનંદાંશ તો પહેલાંજ તિરોહિત થયો

છે, કે જેથી તે જીવ બન્યો એ રીતે જોતાં આનંદાંશ તો પહેલેથી ગુપ્ત થયો છે, અને લૌકિક સંસારરૂપ તાપ અને જન્મમરણરૂપ ક્લેશ થયા પછી આનંદાંશ તિરોહિત થાય એમ માનવામાં બ્રહ્મસૂત્રરૂપ ઉત્તરમીમાંસાશાસ્ત્રનો વિરોધ આવે છે માટે એવો અર્થ ન લેતાં, પહેલાં જે અમે અર્થ બતાવ્યો છે તેજ લેવો, એટલું આ સ્થળે સમજી લેવું જોઈએ,

ભગવાન્ કૃષ્ણને અર્પણ કરૂં છું—એમ મંત્રમાં કહ્યું છે. ગદ્યમંત્રમાં સહુથી પહેલાં તો જીવનું સ્વરૂપ બતાવ્યું, કે હજારો વર્ષથી કૃષ્ણથી વિખુટો પડયો છું, છતાં તાપક્લેશનાં આનંદનો તો તિરોભાવ થયલો છે, એવો હું જીવ છું. હવે એવો હું જીવ ભગવાન્ કૃષ્ણને અર્પણ કરૂં છું. શું ? તે તો આગળ આવશે. પહેલાં જેને અર્પણ કરવાનું છે તેનું સ્વરૂપ ઓળખવું જોઈએ. ભગવાન અને કૃષ્ણ એ બે શબ્દો છે. ભગવાન્ એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, અને વૈરાગ્ય એ છ ધર્મથી યુક્ત સર્વસમર્થ પ્રભુ તે ભગવાન કહેવાય. જીવમાં સાક્ષાત્પ્રભુસેવાની યોગ્યતા કયારે આવે કે, જ્યારે તેમાં ભગવાનના ધર્મોનો પણ આવિર્ભાવ થાય. (ભગવદ્ધર્મો તેનામાં પ્રકટે) એ કયારે પ્રકટે કે જ્યારે તેવા સર્વસમર્થ પ્રભુનો સંબંધ થાય, તેથી અહીં 'પરમાત્મા' 'પરબ્રહ્મ' વગેરે શબ્દો ન મુકતાં 'ભગવાન્' એ શબ્દ મૂકયો. વળી એ ભગવાન્ જો મર્યાદામાં હોય અમુક ચોક્કસ હદ બાંધીને જ લીલા કરતા હોય તો તે ભગવાન્ના ધર્મોનો આવિર્ભાવ જીવમાં થાય નહિ અને તેમ ન થાય તો જીવને સાક્ષાત્સેવાનો અધિકાર ન જ મળે; અને નિવેદન સાર્થક ન ગણાય; તેથી જ ભગવાન્ એમ કહીને પણ તે ભગવાન્ કોણ ? એમ કોઈ પૂછે તો તુરતજ કહ્યું કે તે કોઈ બીજા નહિ પણ કૃષ્ણ ભગવાન્ 'કૃષ્ણ' એ ભગવાનનું મૂળ નામ છે. ભગવાન્ના અનંત નામો હશે, પણ ખાસ મૂળ નામ તો કૃષ્ણજ છે. એ કૃષ્ણનાં પણ અનંત સ્વરૂપો છે એ બધાં સ્વરૂપો સાથે આપણને કાંઈ નિસ્બત નથી. શ્રીગોકુલનાથજી તો ટીકામાં આજ્ઞા કરે છે કે, આપણા કૃષ્ણ તો શ્રીયશોદાજીના ખોળામાં જે ખેલે છે તેજ છે. તે પણ પુષ્ટિ–અનુગ્રહમાં–બિરાજતા જ એ કૃષ્ણનાજ સંબંધથી જ તે દ્વારા સાક્ષાત્પ્રભુસેવાની યોગ્યતા થાય છે. આજ કારણથી કૃષ્ણ ભગવાન્ને સમર્પણ કરવાનું કહ્યું- 'કૃષ્ણ' એટલે જ રસ. રસ. એટલે શૃંગાર રસ. તેમાં બન્ને દલ (સંયોગ–વિયોગ) આવી જાય. તેથી જ 'કૃષ્ણ' એમ કહ્યું. વળી બીજું પણ રહસ્ય છે. આપણા સંપ્રદાયમાં એવી પરિભાષા છે કે, જયાં એકલો કૃષ્ણ શબ્દ હોય, 'શ્રીકૃષ્ણ' એમ ન હોય ત્યાં કેવલ વિરહદલરૂપ રસાત્મક કૃષ્ણ સમજવા. અને જ્યાં 'શ્રીકૃષ્ણ' એમ હોય ત્યાં 'શ્રી' એટલે સ્વામિનીજી સહિત કૃષ્ણ, એટલે સંયોગરસાત્મક કૃષ્ણ સમજવા. અહીં તો કેવલ કૃષ્ણ શબ્દ છે, 'શ્રીકૃષ્ણ' એમ નથી; પણ આગળ 'શ્રીગોપીજનવલ્લભ' એ શબ્દ છે તેથી *એકલા

* ટીકામાં આ સ્થલે એક દૃષ્ટાંત આપ્યું છે. સંસ્કૃતમાં ગોશબ્દ છે, તેનો અર્થ ગાય અને બળદ બન્ને થાય, છે. પણ જયાં 'ગોબલીવર્દ' એમ બે શબ્દો હોય ત્યાં

કૃષ્ણશબ્દનો અર્થ માત્ર વિરહરસાત્મક કૃષ્ણ એવો કરવો. એવા પ્રભુ શ્રીકૃષ્ણને સર્વ સમર્પણ કરવાનું કહ્યું, તેથી પોતાને પણ અત્યંત વિરહભાવના ઉત્પન્ન થવામાં શું કારણ છે તે કહી દીધું. કારણ કે એવા કૃષ્ણને સર્વસમર્પણ કરવાથી સાક્ષાત્ શ્રીગોકુલપતિની સેવાનો અધિકાર મળે છે.

શ્રીગોપીજનવલ્લભ—કૃષ્ણ, કૃષ્ણ ખરા, પણ તે એકલા નહિ પણ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણ સમજવા. એકલા કૃષ્ણ તો વિરહફલરૂપ છે અને તે કૃષ્ણને સર્વસમર્પણ કરીને વિગાઢ ભાવ (કેવલ વિરહરસ) ઉત્પન્ન થવા દો, પણ સંયોગરસ માટે નિવેદન ઉપરાંત બીજું સાધન શોધવા જવું પડશે જ, એટલા વાસ્તે કેવલ કૃષ્ણને જ અર્પણ કરવાનું ન કહેતાં શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણને અર્પણ કરવાનું કહ્યું. તેમાં શ્રી, ગોપીજન, અને વલ્લભ એમ ત્રણ શબ્દો છે. ભગવાન્ પોતે ગોપીજનના વલ્લભ–વહાલા છે. એ શબ્દથી આપનું સ્વરૂપ શૃંગારરસરૂપ જ છે એમ દર્શાવી દીધું. ગોપીજનના વહાલા, એટલે ગોપીજનરૂપ જ છે. હવે શ્રી એટલે પણ ગોપીજનો જ કહેવાય, તેથી યુક્ત એટલે શ્રીગોપીજનોથી યુક્ત ગોપીજનવલ્લભ થયા, એટલે સંયોગરસરૂપ શ્રીકૃષ્ણ થયા. અથવા શ્રી એટલે કોઇ અલૌકિક અનેરી શોભા. જેમ કે દશમસ્કંધમાં વર્ણન છે કે, ગોપીજનોની પરિષદમાં બિરાજેલા પ્રભુ કાંઈ ઓરજ શોભવા લાગ્યા, આ એક શોભા, તેને આપણે શ્રી કહીશું. આવી શ્રી શોભાથી યુક્ત એવા પ્રભુ શ્રીકૃષ્ણ એવો પણ અર્થ થાય . અથવા તો શ્રી એટલે શોભા અને તેથી યુક્ત ગોપીજનો, એટલે શ્રીનો સંબંધ ગોપીજનો સાથે લઇએ, તેથી ગોપીજનો પણ અલૌકિક શ્રી શોભા–થી યુક્ત થયાં. એવી અલૌકિક શોભા ગોપીજનોમાં આવી તેનું કારણ ભગવાનનો સંબંધ જ છે, ભગવાન્ના સંબંધથી ગોપીજનો પણ અલૌકિક શ્રીવાળાં થયાં, એવાં ગોપીજનોના વલ્લભ પ્રભુ સાથેનો સંયોગ થાય તો અનેક પ્રકારના રસનું દાન તે પ્રભુ કરે એવો ભાવાર્થ છે. આથી સિદ્ધ થયું કે કૃષ્ણશબ્દથી વિરહાત્મક પ્રભુ અને શ્રીગોપીજનવલ્લભ શબ્દથી સંયોગરસાત્મક પ્રભુ, એમ સંપૂર્ણ શૃંગારરસરૂપ પ્રભુને આત્મનિવેદન કર્યાથી સંયોગરસની પણ પ્રાપ્તિ થઈ જ જવાની, કાંઇ સંયોગ રસને માટે બીજાં સાધનોની જરૂર નથી આ ભાવાર્થ પ્રકટ કર્યા પછી, તે કઠિન અને સમજવામાં મુશ્કેલ લાગતાં બીજો તદ્દન સીધો અને સરળ અર્થ શ્રીગોકુલેશપ્રભુ લખે છે. અથવા તો શ્રીગોપીજનવલ્લભ એવું જે વિશેષણ આપ્યું તેનું કારણ આ છે. નિવેદન કરનાર જીવ એમ સમજે કે, હું સર્વ સાધનથી રહિત છું, કેવલ લૌકિકમાં મચ્યો પડ્યો છું, તો મારાં આ કેવલ સમર્પણ કરવાથી જ કેમ પ્રભુપ્રાપ્તિ થશે? ભગવાન્ તો પરમકાષ્ઠાપન્ન ફલ છે, (એટલે છેલ્લામાં છેલ્લું ઉત્તમોત્તમ ફલરૂપ છે), તેની પ્રાપ્તિ માત્ર નિવેદન કરવાથી કેમ થશે? એવી ચિંતા જો થાય

ગોશબ્દનો અર્થ માત્ર ગાયજ થાય, તેવી રીતે અહીં કૃષ્ણ અને શ્રીગોપીજનવલ્લભ એવા બે શબ્દો છે તેથી કૃષ્ણશબ્દનો અર્થ માત્ર વિરહરસરૂપ કૃષ્ણ થાય. ગદ્યમંત્રમાં 'શ્રીગોપીજનવલ્લભ' શબ્દ શ્રીગોકુલનાથજીએ ઉમેર્યો છે, એમ કહવાય છે.

તો તે દૂર કરવા સારૂ શ્રીગોપીજનવલ્લભ એ વિશેષણ આપ્યું છે. શ્રીગોપીજનોનાં સાધનો શાં હતાં ? શ્રીશુકદેવજી કહે છે કે, દિવસનાં ઘરકાજમાં લાગેલાં હોય અને રાત્રે થાક્યાપાક્યા સુતાં હોય, એવાં તદ્દન નિઃસાધન શ્રીગોપીજનો છે. જ્યારે પ્રભુ પ્રકટ થયા ત્યારે એ નિઃસાધન વ્રજસીમંતિનીઓ દર્શન માટે પધારીને પોતાનું સર્વ સમર્પણ કરી દીધું, અને ઉત્તરોત્તર પ્રભુસેવામાં પ્રવૃત્તિ કરવા લાગ્યાં, તેમ કરતાં ભાવની દૃઢતા થઈ અને 'સર્વ વિષયોનો સારી પેઠે ત્યાગ કરીને પ્રભુના ચરણકમલ પાસે પધાર્યાં.' ત્યારે પ્રભુએ પોતાના પરમકાષ્ઠાપન્ન ફલરૂપ એવાં સ્વરૂપનું દાન તેમને કર્યું અને પોતે તેમના (શ્રીગોપીજનોના) વલ્લભ તરીકે પ્રસિદ્ધ થયા, એવા શ્રીગોપીજનવલ્લભ પ્રભુને સર્વ સમર્પણ કરવાથી જ પોતાનું પણ બધું સિદ્ધ થશે એ રહસ્ય જણાવવા ખાતર જ 'શ્રીગોપીજનવલ્લભ' વિશેષણ મૂક્યું છે.

દેહ, ઇંદ્રિયો, પ્રાણ, અંતઃકરણ અને તેના ધર્મોને સમર્પું છું:—આ વાક્ય મંત્રમાં છે, પહેલું નિવેદન કરનારનું સ્વરૂપ, તે પછી જેને નિવેદન કરવાનું છેતે સ્વરૂપ અને છેવટે શું શું નિવેદન કરવાનું છે તે ગણાવે છે. પહેલાં તો જીવને અવિદ્યા વળગે છે. આ અવિદ્યામાં સપડાયલા જીવને અહંતામમતારૂપ સંસારનું સજ્જડ બંધન લાગુ પડે છે, તેથી દેહ વગેરે અને તેના સંબંધીઓમાં તેને અધ્યાસ (હું જ દેહ છું, પ્રાણ છું, અને મારા આ બધાં સગાવહાલાં છે એવી પક્કી સમજણ તેને અધ્યાસ કહે છે) ઉત્પન્ન થાય છે, તેથી વાઈના રોગીને (અપસ્મારરોગ જેને થયો હોય, વાઇ આવતી હોય તેવાને) જેમ કશું ભાન રહેતું નથી તેમ જીવને પણ કાંઈ ભાન રહેતું નથી. ભગવાનથી પોતે વિખૂટો પડયો છે એ પણ ભૂલી જાય છે. પ્રભુના વિરહની સ્ફૂર્તિ તેને થતી નથી એટલું જ નહિ પણ વિરહના ધર્મરૂપ તાપક્લેશ અને આનંદનો પણ તિરોભાવ થઇ જાય છે. ત્યારે હવે અહીં મુખ્ય અનિષ્ટરૂપ અધ્યાસ છે, માટે —તે દૂર કરવાની આવશ્યકતા છે. તે પણ જ્ઞાનમાર્ગની રીતે નહિ (જ્ઞાનમાર્ગમાં તો દેહાદિકપર અપવાસોથી જુલમ ગુજારવાનો છે અને કુટુંબીઓનો ત્યાગ કરવાનો છે.) જો જ્ઞાનમાર્ગની રીતે એ અધ્યાસને ધોઈ નાખીએ તો સેવાનો અધિકાર મળે નહિ. તેથી દેહ વગેરે અને તેના સંબંધીઓને ભગવાન્‌ને નિવેદન કરી દેવા, એમ કરવાથી એ બધાંને એક પ્રકારનો સંસ્કાર થશે, તેથી જ નિરંતર સેવામાં પ્રવૃત્તિ થતાં ક્રમેક્રમે અધ્યાસની પણ નિવૃત્તિ થઈ જશે. માટે મંત્રમાં દેહાદિકને સમર્પણ કરવાનું કહ્યું. વળી "તસ્યૈષ આત્મા વૃણુતે" એ શ્રુતિ અને "ઇંદ્રિયવાળાઓનું પરમ ફળ ભાગવાન્‌માં વિનિયોગવિના બીજું ન હોય" એ શ્રીભાગવતવાક્યમાં પણ એમ જ વર્ણવ્યું છે કે, પુષ્ટિમાર્ગમાં તો દેહાદિક સર્વનો વિનિયોગ ક્યારે સંભવે ? દેહ વગેરે તો દોષોથી ભરેલા છે, પ્રાકૃત—લૌકિક છે, તેમનો અલૌકિક અને નિર્દોષ પ્રભુમાં કેમ વિનિયોગ થાય ? ન જ થાય, તેથી દેહાદિકનું નિવેદન કરવું અને તેમ કરવાથી તે બધાંને નિર્દોષ એવા પ્રભુનો સંબંધરૂપ સમર્પણ સંસ્કાર થશે અને તે થવાથી એ બધાંના એ દોષો ટળી જશે. એટલા માટે દેહાદિકનું સમર્પણસંસ્કાર

થયા પછી જ દોષો રહેતા નથી એ સિદ્ધાંત શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આ પ્રમાણે કહ્યો છેઃ—" બ્રહ્મસંબંધ કરવાથી બધાના દેહ તથા જીવના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે " તેમજ નવરત્ન ગ્રંથના 'પ્રકાશ'માં પણ શ્રી ગુસાંઈજીએ આ સમર્પણસંસ્કારને ગાયત્રીના ઉપદેશથી થતા સંસ્કારનું દૃષ્ટાંત આપીને નિરૂપણ કર્યું છે કે ગાયત્રીના ઉપદેશથી થતા એક સંસ્કારની પેઠે બ્રહ્મસંબંધમંત્રથી પણ દેહાદિકનો સંસ્કાર થાય છે. જેમ ગાયત્રીના સંસ્કારથી સર્વ દોષોની નિવૃત્તિ થતાં વેદોક્ત કર્મ કરવાનો અધિકાર મળે છે તેમ અહીં પણ નિવેદન મંત્રથી દોષોની નિવૃત્તિ થતાં સેવાનો અધિકાર મળે છે. એમ શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી છે, આ સિદ્ધાંત સાક્ષાત્સેવા માર્ગનો છે અને તે સેવામાર્ગનાં મૂલ પ્રવર્તક (પ્રકાશક) શ્રી સ્વામિની શ્રીગોપીજનો છે. એમણે પહેલાં પ્રભુનાં શ્રીમુખનાં દર્શન કર્યા પછી તુરતજ આત્મસમર્પણ જ કર્યું છે. એ રહસ્ય શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ 'આત્માનંભૂષયાંચક્રુઃ' એ શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં સ્પષ્ટ કર્યું છે. અહીં એક સિદ્ધાંત સમજી લેવો. ભગવાનની બે શક્તિઓ છે એક તો વિદ્યા અને બીજી અવિદ્યા. આ બે માયા રૂપ ભગવાન્‌ની શક્તિની પુત્રીઓ છે. બન્નેના પાંચ પાંચ પર્વો—ભેદો—છે. તેમાં અવિદ્યાનાં પાંચ પર્વો આ પ્રમાણે છેઃ— ૧. દેહાધ્યાસ, ૨. ઇંદ્રિયાધ્યાસ, ૩ પ્રાણાધ્યાસ, ૪. અંતઃકરણાધ્યાસ, ૫. સ્વરૂપવિસ્મરણ એ પાંચ પર્વો અવિદ્યાનાં છે, તેવાંજ પાંચ પર્વો વિદ્યાનાં છે ૧. વૈરાગ્ય, ૨. સાંખ્ય, ૩ યોગ, ૪. તપ, ૫. ભક્તિ; આ પાંચ પર્વવાળી વિદ્યાથી પેલી પાંચ પર્વવાળી અવિદ્યાનો નાશ જ્ઞાનમાર્ગમાં થાય છે. અહીં તો સ્વતંત્ર અનુગ્રહાત્મક પુષ્ટિ માર્ગની વાત છે. વ્રજમાં પ્રકટ થઈને ભગવાને પહેલાં તો પૂતનાને મારી નાંખી છે. આ પૂતના તે ભક્તોની અવિદ્યા છે. મર્યાદામાર્ગની પેઠે અનેક તપ કરીને, વિદ્યા મેળવીને અવિદ્યાનો નાશ વ્રજભક્તોએ કર્યો નથી, પણ ભગવાનેજ તેમની અવિદ્યારૂપ પૂતના રાક્ષસીનો નાશ કરીને વ્રજભક્તોની અવિદ્યાના દેહાધ્યાસ વગેરે પાંચે ભાગોનું નિવારણ કર્યું અને વ્રજભક્તોનો ક્રમેક્રમે જુદીજુદી લીલાઓથી પોતાનામાં નિરોધ કર્યો. શ્રીગોપીજનોને પોતાના દેહાદિક જો વહાલા લાગતા હોય તો તે માત્ર તે દેહાદિકનો વિનિયોગ ભગવાન્‌માં થયો છે અને થાય છે તેટલા માટેજ તેમને દેહાદિક પ્રિય છે નહિ કે અવિદ્યાના અધ્યાસથી. વળી, દેહાદિકના પણ ધર્મો છે. જેવા કે ક્રિયા કરવી, સ્પર્શ કરવો, જોવું, બલ અને મરણ વગેરે આ બધા દેહાદિકના ધર્મો છે, તેમનો સંબંધ પણ જ્યાં સુધી ભગવાન્‌માં ન થાય ત્યાં સુધી તે બધા લૌકિક રહેવાના, અને તેવાજ જો તે રહી જાય તો સેવામાં સર્વાત્મભાવથી દેહાદિકને પ્રવૃત્ત કરવામાં (જોડી દેવામાં) તે ધર્મો બાધકર્તા (વિઘ્ન નાંખનારા) થઇ પડે, તેથી દેહાદિકની સાથે તેમના ધર્મોનું સમર્પણ પણ જુદી રીતે કરવુંજ જોઈએ તેથી મંત્રમાં દેહાદિકની સાથે તેના ધર્મો પણ ગણાવ્યા છે

દારા આદિનું સમર્પણ— આગળ ચાલતાં મંત્રમાં કહ્યું છે કે, સ્ત્રી, ગૃહ, પુત્ર, આપ્ત

(સંબંધી જન) દ્રવ્ય, આ લોક અને પર લોક એ બધું સમર્પું છું. દેહાદિકનું સમર્પણ કર્યા પછી પણ તેની સાથે સંબંધ ધરાવનારા અને મમતાના સ્થાનરૂપ સ્ત્રી આદિનું જો સમર્પણ ન થાય તો તેમના અસમર્પિતના સંગદોષથી પોતાની હાનિ થાય અને મમતાનો નાશ થવો જોઇએ તેટલા માટે સ્ત્રી આદિનો પણ સંસ્કાર સાથેજ થવો જોઈએ તેટલા માટે સ્ત્રી આદિનાં નામો પણ ગણાવી દીધાં છે. શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં આજ વિધિનું બંધારણ કરતાં આજ્ઞા કરી છે કે, "ઘરમાં રહીને વ્યાવૃત્તિ રહિત (લૌકિક વ્યાપાર રહિત) થઇને સ્વધર્મથી કૃષ્ણની સેવા કરવી." સ્ત્રીપુત્રાદિકની સાથે આ લોક અને પરલોક પણ નિવેદન કરી દેવા. આ લોકમાં પાપ પુણ્યનો સંભવ છે તેથી તેનાં સમર્પણથી પાપ કે પુણ્ય કાંઇ વળગે નહિ. કદાચ આ લોકમાં જીવ સ્વભાવથી કે લોકસંગ્રહના હેતુથી પાપ પુણ્ય થઈ જાય અને તે ભોગવવા માટે પરલોકમાં જવું પડે, એટલે પ્રભુપ્રાપ્તિમાં વિલંબ થાય, તેથી તેવી સ્થિતિ ન આવે તે સારૂ પહેલેથી પરલોક પણ પ્રભુને સોંપી દેવો. એ રીતે આ લોક અને પરલોક બન્ને પ્રભુને અર્પણ કરી દેવા. ત્યારે આ લોકમાં થયેલા પાપપુણ્યનો ભોગ કેવી રીતે થવાનો ? પાપપુણ્ય તો ભોગવેજ છુટકો, આ પ્રશ્નનો સુંદર જવાબ શ્રીગોકુલેશપ્રભુ આપે છે. આપ શ્રી આજ્ઞા કરે છે કે આ લોકમાં થયલાં પાપપુણ્યના ફલરૂપ દુઃખ સુખનો ભોગ પણ અહીં વિલક્ષણ રીતે કરી લેવાય છે. અને હૃદયમાં ધ્યાન કરવાથી ભગવાન્નાં આલિંગનનું જે સુખ છે તેમાં પુણ્યનો પણ ભોગ થઈ જાય છે એટલે આ માર્ગમાં પાપપુણ્યના ફલ ભોગવવા માટે પરલોકમાં જવાની જરૂરજ પડતી નથી તો પ્રભુપ્રાપ્તિમાં વિલંબ ક્યાંથી થવાનો હતો ? આજ સિદ્ધાંત ફલ પ્રકરણના શ્રીસુબોધિનીજીમાં સગુણ ગોપીજનોના પ્રસંગમાં શ્રી મહાપ્રભુજીએ વર્ણવ્યો છે. જે ગોપીજનો સગુણ હતાં. તેઓ વેણુનાદ શ્રવણ કરીને પ્રભુ પાસે જઇ શક્યાં નહિ; કારણ કે તેમને તેમનાં પતિ વગેરેએ ઘરમાં પૂરી મૂક્યાં. પણ તેમણે ઘરમાંજ દેહત્યાગ કર્યો અને પ્રભુને તેઓ પામ્યાં. તેમનાં પાપપુણ્યની વ્યવસ્થા શુકદેવજીએ એવી બતાવી છે કે+ દુઃસહ એવા પ્રાણનાથના વિરહતાપથી તેમનાં પાપો ધોવાઇ ગયાં, તેમજ ધ્યાન કરતાં પ્રાપ્ત થયલા ભગવાનનું આલિંગનસુખ તેમને મલ્યું. તેથી તેમનાં પુણ્ય તેમાં ગળી ગયાં, એ રીતે પાપપુણ્ય બન્ને ખતમ થતાં તેમને પરલોકમાં જવાની જરૂરજ ન પડી અને પ્રભુને પામ્યાં.

આત્માની સાથે એ બધું સમર્પું છું—એમ મંત્રમાં કહ્યું છે. અહીં કોઈ શંકા કરે કે તમે આ સંસ્કારને આત્મનિવેદન કહો છો અને પ્રભુને સમર્પણ કરવામાં આત્માને

+ આ શ્લોકમાં શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બ્રહ્માજીના એક કરોડ કલ્પો સુધી કુંભીપાક નામના નરકમાં સડતાં જેટલું દુઃખ થાય છે તેટલું દુઃખ ભગવાનના વિરહના એક ક્ષણમાં સમાયલું છે. તેમજ બ્રહ્માજીના કરોડ કલ્પોમાં જેટલું લૌકિક સુખ અનુભવાય તેટલું સુખ ધ્યાનમાં મળેલાં ભગવાનના આલિંગનના એક ક્ષણમાં સમાયલું છે.

તો છેલ્લે મુકી દો છો. પહેલાં દેહ વગેરેને ગણાવીને છેવટે આત્માનું નામ દો છો, તેમાં પણ આત્માની સાથે દેહાદિકને સમર્પું છું" એમ કહીને આત્માની જે મુખ્યતા છે તેને ઝાંખી કરી નાંખીને દેહાદિકની મુખ્યતા બતાવો છો એ શું ? આવો સંશય અવશ્ય થવોજ જોઇએ. પણ તેનો સચોટ ખુલાસો ટીકામાં શ્રીગોકુલેશપ્રભુ આપે છે. આપ શ્રી આજ્ઞા કરે છે કે, આત્મા એટલે જીવ તો ભગવાનનો અંશ છે, એટલે કે સહજ દાસ છે, તેથી તેનામાં દોષ બહારથી આવે છે, પણ સહજ હોતા નથી, મતલબકે જીવ થતાંની સાથેજ તેનામાં દોષ જન્મતા નથી; તેથી જીવ તેવો દુષ્ટ નથી. દેહ વગેરે તો સહજ દુષ્ટજ છે, તેથી સંસ્કારમાં તેમનુંજ મુખ્યપણું કહ્યું છે, કેમકે પુષ્ટિમાર્ગમાં આ સમર્પણસંસ્કારજ સહજ દોષથી ભરેલાં દેહાદિકને શુદ્ધ કરી શકે છે, બીજા સંસ્કારો તેમ કરી શકતા નથી એ વાત પણ જણાવી છે. એથીજ પ્રમાણપ્રકરણમાં 'આત્માને શણગારવા લાગ્યાં એ શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે "શ્રીગોપીજનોને તો પોતાનો આત્માજ નિવેદન કરવાનો છે." આ શ્લોકમાં 'આત્માજ' કહ્યો તેનું કારણ એ છે કે શ્રીગોપીજનોના દેહાદિક આપણા જેવા દિવ્યરૂપજ છે, તેથી ત્યાં આત્માની મુખ્યતા બતાવી છે, અહીં તો જીવ જુદો છે અને પંચ-મહાભૂતનાં દેહાદિક જુદાં છે. તેથી દેહાદિકની મુખ્યતા બતાવી છે. 'હું સમર્પણ કરૂં છું' એમ જે કહ્યું તેનું રહસ્ય આ છે. જીવે સમર્પણ કરેલી વસ્તુનો સાક્ષાત્ અંગીકાર માત્ર ભક્તિમાર્ગમાંજ થાય છે. સમર્પણ એ ભક્તિમાર્ગીય જીવનો ધર્મ છે. તેથીજ જીવ પોતે પોતાના દેહ વગેરેનો પણ તેવો અંગીકાર સિદ્ધ થાય તેટલા માટે કહે છે કે, હું સમર્પણ કરૂં છું, આથી જીવે જે દેહાદિકનું નિવેદન કર્યું, તેનો ભોગ સાક્ષાદ્ ભગવાન્ યોગ્યતાનુસાર કરે છે એ સિદ્ધ થાય છે. માટે જીવે તો નિવેદનથી કૃતાર્થ થયાનું માનવું જોઇએ શ્રીમહાપ્રભુજીએ એથીજ 'અંતઃકરણપ્રબોધ' ગ્રંથમાં ઉપદેશ્યું કે "તેં ભક્તિભાવથી બધું પ્રભુને સમર્પ્યું છે, તો તું કૃતાર્થ થયો છે માટે સુખી થા." એ પ્રમાણે સર્વાંશે અવિદ્યાનો નાશ થતાં ભગવાનમાં નિરોધ થાય છે એ સિદ્ધ થયું. આજ વાત પૂતનાના મોક્ષપ્રસંગમાં કહી છે. શ્રીઆચાર્યજીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "પૂતનારૂપ અવિદ્યાના નાશ પછી ગોકુલમાં નિરોધ સહેલાં થઇ પડશે." સર્વ સ્થલે લૌકિકમાં ભગવાને પ્રવેશ કર્યો તેથી વ્રજભક્તોનો નિરોધ થાય જ. તેજ પ્રમાણ પ્રકરણમાં પણ કહ્યું કે લૌકિક ભાવોમાં પણ પ્રભુએજ પ્રવેશ કર્યો છે. જેવી રીતે પ્રમાણ પ્રકરણ અને પ્રમેયપ્રકરણની લીલાઓથી અવિદ્યાના પાંચે પર્વોનું નિરાકરણ કરીને પોતાના સ્વરૂપથી ભગવાને વ્રજનો નિરોધ સિદ્ધ કર્યો તેવી રીતે સમર્પણ થયા પછી સેવામાં પ્રવૃત્તિ થતાં, જીવની અહંતામમતા છોડાવીને પોતાનાં સ્વરૂપથી જીવનો નિરોધ પ્રભુજ કરશે એવો ભાવાર્થ છે. શ્રીમહાપ્રભુજીએ દશમસ્કંધનાં શ્રીસુબોધિનીજીમાં એથીજ આજ્ઞા કરી છે કે "ભગવાન પોતે લીલા કરતાં માર્ગની મર્યાદાને (મેંડને–રીતને) પણ બતાવે છે." અહીં એક ખાસ બાબત નોંધી લેવી જોઇએ. પુષ્ટિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં વિલક્ષણ છે. જ્ઞાનમાર્ગમાં શમદમ આદિ સાધનોથી અહંતામમતાનો નાશ થાય છે અને છેવટે

જ્ઞાનનો ઉદય થતાં મોક્ષ થાય છે. પુષ્ટિમાર્ગમાં એથી જુદોજ પ્રકાર છે. અહીં તો પહેલાં પોતાનું સર્વસ્વ પ્રભુને નિવેદન કરવાનું છે. ત્યાર પછી પ્રભુથી અહર્નિશ સેવા કરતાં કરતાં દેહ વગેરેનો વિનિયોગ સેવામાંજ કરવાનો છે. એ પ્રમાણે કરતાં ભગવાન્‌માં પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રભુપ્રેમ સિદ્ધ થયા પછી દેહાદિકના અધ્યાસો છુટી જાય છે. તે પછી પ્રભુમાં વિગાઢભાવ થયાથી આખરે લૌકિક દેહનું અવસાન થાય અને સાક્ષાત્ ભજનાનંદનો અનુભવ મળે. એજ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં કહ્યું છે કે, " તે પછી સંસાર દુઃખની નિવૃત્તિ અને બ્રહ્મનું જ્ઞાન થાય છે."

હે કૃષ્ણ ! હું તારો દાસ છું—એમ છેવટે મંત્રોપદેશ છે. નિવેદન–સંસ્કારમાં ગાયત્રી સંસ્કારનું દષ્ટાંત આપ્યું છે. ત્યાં આઠ વર્ષના બાલકને ગાયત્રીસંસ્કાર થાય છે. તે આઠ વર્ષનો બાલક બ્રાહ્મણનું બીજ હોવાથી, જાતનો તે સામાન્ય રીતે બ્રાહ્મણ જ કહેવાય છે, છતાં ગાયત્રીના ઉપદેશરૂપ સંસ્કાર થયા પછી તેમાં ખાસ બ્રાહ્મણપણું આવે છે. એવી જ રીતે જીવ એક જીવ તરીકે ભગવાનનો અંશ હોવાથી દાસ જ ગણાય, છતાંએ સમર્પણ થયા પછી તેનામાં ખાસ દાસપણું આવે છે માટે છેવટે 'હું દાસ છું' એવો ઉપદેશ છે. એટલા માટેજ અંતઃકરણ પ્રબોધમાં શ્રીમહાપ્રભુજીએ છેવટે પોતાને માટે કહ્યું કે, "એ પ્રકારે શ્રીકૃષ્ણના દાસ એવા વલ્લભનું હિતકારક આ વચન છે." અથવા તો પહેલાં જીવને દેહાદિના જેવો ગણીને, સર્વ દોષોના નાશ માટે જીવને પણ દેહાદિમાં ગણીને તે બધાનું સમર્પણ સિદ્ધ થયા પછી બધા દોષ નાશ પામતાં જીવને પોતાના દાસ તરીકેના બધા ધર્મો સ્ફુરી આવ્યા; (જેમ વાયુનો રોગ નિવૃત્ત થતાં રોગીને બધું સુજી આવે છે તેમ) અને પછી જીવ અત્યંત વિરહથી આર્ત થઈને પ્રભુની સેવામાં લાગી ગયો, તે જીવ સમર્પણ થયા પહેલાંના જીવ કરતાં જુદો છે, જાણે કે તે બીજીવાર જ જન્મ્યો છે. જેમ બ્રાહ્મણ ગાયત્રીના સંસ્કાર પછી વૈદિક કર્મનો અધિકારી બને છે તેમ શુદ્ધ જીવ પણ સાક્ષાત્ શ્રીગોકુલપતિની સેવાનો અધિકારી થાય છે માટે છેવટે સ્વતંત્રપણે શુદ્ધ દાસ તરીકે તેને ઓળખાવ્યો. અથવા તો બીજો પણ અર્થ થઈ શકે. પહેલાં જીવને પોતાના સહજ દાસભાવની સમજણ ન હતી, તે કોઈ મહાપુરુષની કૃપાથી અને પછી તેમણે કરેલા ઉપદેશથી તે જીવને પોતાનાં સ્વરૂપની ખબર પડી. જેમ કે કોઇ બ્રાહ્મણ બાલકને પોતાની જાતિની ખબર ન હોય અને પછીથી કોઈ તેને સ્વજાતિ જણાવે અને તે પોતાનાં વૈદિક કર્મ કરવાની લાયકાત મેળવવા માટે ગાયત્રીનો ઉપદેશસંસ્કાર ગ્રહણ કરે તેમ જીવ પોતાની દાસપણાંની લાયકાત મેળવ્યા પછી કહે છે કે, "હું દાસ છું." આ અર્થ સ્વીકારતાં મંત્રમાં શરૂઆતમાં પહેલાં જ 'હું' એમ કહ્યું છે તે પછી 'હતો' એવો અધ્યાહાર કરી લેવો. મતલબ કે પહેલાં તાપક્લેશાદિના તિરોભાવવાળો હું હતો. અહીં એકજ આત્મા–જીવ–કર્તા પણ છે અને કર્મ પણ છે. સમર્પણ જીવજ કરે છે માટે તે કર્તા છે અને પોતાને સમર્પે છે માટે કર્મ પણ છે, ગીતામાં કહ્યું છે કે "આત્માથી આત્માનો ઉદ્ધાર કરવો" તેની પેઠે અહીં સમજી લેવું. વળી અહીં મંત્રમાં બેવાર 'હું' એમ કહ્યું છે. પહેલાં 'હું' એમ કહ્યું છે. પહેલાં 'હું' જે છે તેથી તાપક્લેશાનંદનો તિરોભાવ પોતા-

નામાં છે એવું જણાવ્યું છે. તેથી તે 'હું'ભાવ બાધક ગણાય. એ એક અડચણ કરનાર અહંકારજ કહેવાય. પછી છેવટે જે ' હું ' આવે છે તેતો દાસપણાં માટે આવે છે તેથી તે અહંકાર સાધકરૂપ છે. તેવીજ રીતે પહેલાં પોતાની મમતાના પાત્ર એવા સ્ત્રી–પુત્રાદિકમાં જે મમતા છે તે તો અત્યંત બાધક છે અને સમર્પણસંસ્કાર પછી એ બધાં સ્ત્રી–પુત્રાદિક ભગવદીય થયાં એટલે તેમનામાં ભગવદીયપણાનીજ મમતા થાય તે સાધક ગણાય. અથવા દાસભાવનું બીજું પણ રહસ્ય અહીં સ્ફુરે છે. જીવે એમ સમજી લેવું જોઇએ કે આ બધું સમર્પીને મેં પ્રભુ ઉપર કાંઈ પણ ઉપકાર કર્યો નથી, પણ હે પ્રભુ ! તારૂં હતું તેજ મેં તને સમર્પણ કરી દીધું છે. એમ જીવે માનવાનું છે. ઉલટું ઘણા કાળ સુધી હું અહિં મૂર્ખ બની રહ્યો અને તારી વસ્તુને મારી માનીને તને સમર્પી નહિ એ મારો જે મહાન્ અપરાધ થયો તેથી હું પોતે મોટો ગુન્હેગાર બન્યો છું, કહો કે ચંડાલ જેવો થયો છું, એથી હું પોતે તો તે સમર્પણ કરવા માટે નાલાયક છું. છતાં શ્રી મહાપ્રભુજીદ્વારા બધું સમર્પું છું, કારણ કે આપ એઓશ્રીના બલથી અંગીકાર કરો છો, મારામાં કંઇ નથી એવી દીનતા બતાવવા માટે છેવટે હું દાસ છું એમ કહ્યું છે. શ્રીમહાપ્રભુજીએ અંતઃકરણપ્રબોધમાં જીવને ચાંડાલ સાથે સરખાવ્યો છે તેનું કારણ પણ આજ હોવું જોઇએ. આ ઉપરથી દાસને તો સદા દીનતાભાવજ રાખવો આવશ્યક છે એમ સૂચવ્યું. ફલપ્રકરણમાં પણ શ્રીમહાપ્રભુજીએ તેજ આજ્ઞા કરી છે કે: " પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન ભક્તજનો પાસે માત્ર એક દીનતાજ છે." તે દીનતા ત્યારેજ થાય કે જ્યારે બધા દોષો દૂર નહાસી જાય. તેજ " શ્રીગોપીજનો સુંદર સ્વરે રુદન કરવા લાગ્યાં" એ શ્લોકની ટીકામાં કહ્યું છે. અહીં બધા દોષોની નિવૃત્તિ કેવી રીતે થાય છે ? આ રીતે શૃંગારરસના ઉત્તમદલરૂપવિરહદલરૂપ પ્રભુમાં આત્મસમર્પણરૂપ મહાન અગ્નિ જળહળી રહે, ત્યારે તણખલાંની પેઠે બધા દોષોની નિવૃત્તિ થઇ જાય છે. પણ એટલું ખ્યાલમાં રાખવાનું છે કે, વિરહદલાત્મક પ્રભુમાં આત્મનિવેદનરૂપ મહાન્ અગ્નિ પ્રકટાવવો એ કાર્ય કેવલ વિરહદલાત્મક પ્રભુના મુખાગ્નિરૂપ શ્રીમહાપ્રભુજીદ્વારાજ થઇ શકે છે બીજી રીતે નહિ.

આ પ્રમાણે સેવામાં મધ્યમ અને હીન અધિકારીઓને ઉદ્દેશીને સમર્પણવિધિ કહ્યો.

(શ્રીગોકુલનાથજીએ લખેલી બ્રહ્મસંબંધ મંત્રની ટીકાનો અર્ધો અનુવાદ અહીં પૂરો થાય છે. બ્રહ્મસંબંધમંત્ર જેવા મહારહસ્યપૂર્ણ વિષય ઉપર ગુણનિધિ શ્રીગોકુલેશપ્રભુની રસઝરતી, ગંભીર અને ભાવમય વાણીને ગુજરાતી ભાષામાં, તેમાંએ જીવભાષામાં ઉતારવી કેટલી કઠિન છે તે તો જાણનારજ જાણે છે. છતાં પ્રયાસ કર્યો છે. આમાં જે કાંઇ ગેરસમજ કે ઉણપ દેખાય તે ભાષાંતરકર્તાની છે એમ સમજીને ભગવદીયો તેની ક્ષમા આપશે. ગદ્યમંત્રના રહસ્યના ૩ અધિકારીઓ શ્રીગોકુલેશપ્રભુએ ગણાવ્યા છે. ૧ ઉત્તમ, મધ્યમ અને હીન આ ત્રણમાં ઉત્તમ અધિકારી માટેનું રહસ્ય આપે છેવટે અર્ધોઅર્ધ ટીકા ગ્રંથથી લખ્યું. હીન અને મધ્યમ અધિકારીઓ માટે જે રહસ્ય આપે ટીકાની શરૂઆતમાં અર્ધા ભાગથી લખ્યું છે તેજ માત્ર આ સ્થલે ગુજરાતી ભાષામાં ઉતાર્યું છે.)

બ્રહ્મસંબંધ કે આત્મનિવેદન

લેખકઃ શાસ્ત્રી. વસંતરામ

પ્રભુની આજ્ઞા થઈ કે, જીવોને બ્રહ્મસંબંધ કરાવો. બ્રહ્મ એટલે પ્રભુ અને તેની સાથેનો સંબંધ એટલે ગાઢ નાતો. આમ તો પ્રભુ સાથે બધાનો સંબંધ છે જ. પણ આપણે ક્યાં જાણીએ છીએ? આચાર્યશ્રીએ જ આપણને દેખતા કર્યા છે. પ્રાચીન વેદકાળના સિદ્ધાંતનાં ઉજ્જવલ દર્શન એઓશ્રીએજ કરાવ્યાં છે. વેદકાળમાં પહેલાં યજ્ઞોની યોજના થઈ. એનું રહસ્ય એ હતું કે, પ્રભુને ઉદ્દેશીને આપણી પાસે જે કંઈ હોય તેનો ત્યાગ કરવો. તે વેળાએ ગાયો એ જ ધન હતું. ગાયોથી ઉત્પન્ન થતાં ઘી, દૂધ અને ખેતીથી ઉત્પન્ન થતાં અનાજ આપણો ઘરવાખરો હતો. એ બધાનો ત્યાગ યજ્ઞમાં થતો. એ બધાં ઘરમાં વધી પડે તો પ્રભુમાંથી ચિત્ત ખસીને તેમાં ભરાઇ બેસે. તેથી તેનો હોમ થતો, તેનું દાન થતું. તે બાદ પશુઓ વધ્યાં. પછીથી તેમાં મમતા ન બંધાય માટે તેના જ હોમ શરૂ થયા. આ બધામાં ત્યાગની ભાવના હતી. જો કે આત્મનિવેદનનો ઉચ્ચ માર્ગ તેમને મળ્યો ન હતો, છતાં તે વેળાએ આપ ભોગની તાકાત હતી. તે પછી બૌદ્ધ અને બીજા નાસ્તિક મતોના હુમલાથી આ ભાવના કચરાઈ ગઇ. આચાર્યશ્રીના સમયમાં તો સારો દેશ વિદેશીઓ અને વિધર્મીઓથી કચરાઈ રહ્યો હતો. આપભોગની તાકાત નાશ પામવા બેઠી હતી. નામર્દાઇ ઘર કરવા માંડી હતી. આ સમયે આચાર્યશ્રીએ આત્મનિવેદનનો માર્ગ દેશમાં પ્રકટ કર્યો. પ્રભુને માત્ર દૂધ કે અન્ન અર્પીનેજ બેસી રહેવાનું નથી. આપણું બધું એને જ અર્પવાનું છે. આપણો દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ, અરે છેવટે આત્મા પણ તેને માટે કુરબાન છે. તો પછી સ્ત્રી પુત્ર કે વિત્તની તો વાતજ શી કરવી? આ અપૂર્વ બલ આપનાર આપ ભોગનો માર્ગ આચાર્યશ્રીએ બતાવ્યો. આપણને એકમંત્ર બોલાવીને આપણું કહેવાતું બધું પ્રભુના ચરણમાં તુલસીને પાંદડે અર્પણ કરાવી દીધું.

શાસ્ત્રોથી આપણે જાણી શકીએ છીએ કે આ બધું જડજીવાદિ દેખીતું ભગવાનનું છે. એ સર્વના નાથ પ્રભુ શ્રીકૃષ્ણ છે. છતાં આપણે અહંભાવથી મારૂં તારૂં માની રહ્યા છીએ. શ્રીગુરુદેવ કૃપા કરીને આપણને જ્યારે બ્રહ્મસંબંધ કરાવે છે ત્યારે એમ જણાવે છે કે, તું આજ સુધી અહંભાવથી એમ માની રહ્યો હતો કે, ઘરબાર, પુત્રપરિવાર વગેરે જે કાંઇ છે તે તારી ભ્રાંતિ હતી. તું પ્રભુનો છે, તેથી એના ખરા માલીક તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ પ્રભુ છે, માટે આજે તું તે પ્રભુના ચરણાવિંદમાં તુલસી સમર્પીને એવી પ્રતિજ્ઞા લે કે હે પ્રભુ, આજથી આ બધું મારૂં છે એવું નહિ માનું. જ્યારે મારા સ્વામી આપ છો એમ માનીશ અને હું પણ આપનો જ દાસ છું એમ સમજીશ. આનું નામ જ બ્રહ્મસંબંધ, જ્યારે જીવ એ પ્રમાણે પ્રતિજ્ઞા લે, ત્યારે પ્રભુ તેને કેમ છોડે? શ્રીમદ્ભાગવતમાં પ્રભુ આજ્ઞા કરે છે કેઃ—

ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम् ॥ त्यक्त्वा मां शरणं याताः कथंस्तांस्त्यक्तुमुत्सहे ?

જેઓ ઘરબાર, પુત્રપરિવાર, પ્રાણ, ધન, આ લોક અને પરલોકનો ત્યાગ કરીને મારે શરણ થયા છે, તેમનો ત્યાગ કરવાનો ઉત્સાહ કેમ રાખું?

મહાનુભવી શ્રીમદ્‌ગોસ્વામી શ્રી હરિરાયજી કૃત

શ્રી गद्यार्थ

[૧. અષ્ટાક્ષરમન્ત્રનો અર્થ]

(અનુવાદકઃ— શાસ્ત્રી કેશવરામ કાશીરામ)

'श्रीकृष्णः शरणं मम' એ અષ્ટાક્ષર મન્ત્ર છે. આનો અર્થ એ છે કે—'શ્રી રાધાજી અને શ્રી કૃષ્ણચન્દ્રજી એ યુગલ સ્વરૂપવાળા શ્રી કૃષ્ણચન્દ્રજી મારો આશ્રય થાવ.' દેહ, સ્ત્રી, ભોગ, પુત્ર, માતા, પિતા; બ્હેન, કુટુમ્બ, ઘર, પૈસો, ઢોરઢાંખર, ગામ, દેશ એ બધા આશ્રયો ઢીલા અને ઝાંઝવાના જળ જેવા નકામા દેખાતા હોવાથી માત્ર શ્રીકૃષ્ણચન્દ્રજીનો આનન્દરૂપ નિત્ય અને પરમાત્માના સ્વરૂપનૂં જ્ઞાન કરાવનારો આશ્રય મને થાવ.

સત્સઙ્ગ અને એક પ્રભુ સિવાય બીજા કોઈમાં ન હોય તેવી અનન્ય શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એવી નવ જાતની ભક્તિ વડે તીવ્ર એવો અન્યાશ્રય નાશ પામ્યો; હવે શ્રીકૃષ્ણચન્દ્રજીનો અચળ આશ્રય થાવ-

પ્રભુયે એવી જાતની આજ્ઞા કરી છે કે—મારે શરણે જે કોઇ આવ્યૂં હોય, તેને હૂં અભય આપૂં છું—એવી જાતનૂં મારૂં પ્રથમથીજ વ્રત છે ?

પૂરેપૂરા ભાવ વડે કરીને વ્રજના સ્વામી શ્રી કૃષ્ણચન્દ્રજીનો હમેશા આશ્રય કરવો. એ પ્રભુજ આપણૂં આ લોક સમ્બન્ધી અને પરલોક સમ્બન્ધી બધૂં સિદ્ધ કરશે. ૧.

પ્રભુ સિવાય બીજા કોઈનો આશ્રય કરવો નહીં; કારણકે બીજાનો આશ્રય હમેશાં નડતર કરનારો છે. પોતાના જે હોય તેઓમાં હંમેશાં એ પોતાનાં જ છે. એવો ભાવ રાખવો. ૨.

કાળ વગેરેના દોષોને દૂર કરનારા સર્વાત્મા ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રજીની સેવા કરવી. તે પ્રભુના જે ભક્તો હોય તેઓની તરફ નિર્દોષ ભાવે માનની લાગણી રાખી રહેવૂં. ૩.

પ્રભુમાંજ જાતે હંમેશા મનને સ્થાપવૂં. આ કાળ કઠણ છે, છતાં જેઓ શ્રી કૃષ્ણચન્દ્રજીના ભક્તો છે, તેને કાંઇપણ અડચણ તે કાળ કરી શકે તેમ નથી. ૪.

[૨ ગદ્યમન્ત્રનો અર્થ]

જેનૂં પ્રમાણ ન માપી શકાય તેવાં [सहस्रपरिवत्सरमित] હજારો વર્ષોનો જે [काल] સમય, તેનાથી [जात] ઉત્પન્ન થયેલો [कृष्णवियोग] પ્રભુનો જે વિરહ, તેને લીધે [जनित] ઉત્પન્ન થયેલો, [तापक्लेश] તાપ અને કલેશ તેને લીધે [आनन्दतिरोभावः] આનન્દનો તીરોભાવ જેને થયેલો છે, એવો [अहं] હૂં, આનન્દ વિનાનો થવા પામ્યો [देहेन्द्रिय-प्राणान्तःकरणानि] પંચમહાભૂત—આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વી—એ તત્ત્વનો બનેલો, દેહ, પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય, દશ પ્રાણ, મન—બુદ્ધિ—ચિત્ત—અહંકાર એ ચાર જાતનૂં અન્તઃકરણ [तद्धर्मान्] તેઓના ધર્મ જેવા કે દેહનું હરવૂં—ફરવૂં, ઇન્દ્રિ-

યોની જે જે હીલચાલ, પ્રાણોની જે જે હીલચાલ, અન્તઃકરણોની જે જે હીલચાલ, એ તે તે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણના ધર્મો, બ્રહ્મસમ્બન્ધ કરવાથી સર્વના દેહ અને જીવને લગતા પાંચ પ્રકારના જે દોષો તે સર્વ દોષોની નિવૃત્તિ થાય છે; તેથી નિર્દોષ થયેલા—તે સર્વ નિર્દોષ થયેલાં, [च] વળી, [दारागारपुत्राप्तवित्तेहपराणि] દાર—સ્ત્રી, આગાર—ઘર, આપ્ત—કુટુમ્બ, વિત્ત—ધન, તે સર્વને લગતી હીલચાલ અને બીજૂં સર્વ [भगवते] ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય એ છ ઐશ્વર્યવાળા ભગવાન [कृष्णाय] શ્રીકૃષ્ણચન્દ્રજીને, [आत्मना] આત્મા જીવ, તેની [सह] સાથે, [समर्पयामि] અર્પણ કરૂં છૂં. આ બધું સમર્પિત થયૂં એટલે [दासोऽहं] હું પ્રભુનો દાસ થયો. 'कृष्ण, तवास्मि'—એ પંચાક્ષર મન્ત્ર છે, એનો અર્થ—હે શ્રીકૃષ્ણચન્દ્રજી ! હું આપનો દાસ છૂં. આપનૂં વચન છે કેઃ—જે આપને શરણે આવેલો હોય તેને આપ અભય આપો છો. તે અભય આપ મારામાં કરો.

---

१ निवेदनतात्पर्यार्थ

अथ निवेदनवाक्यार्थस्तु—सृष्ट्यादावेव जीवाः स्वतो भगवता सृष्ट्यर्थं भिन्नाः कृताः, तेषां ततः प्रभृति भगवताऽसह भगवदंशानां वियोगोऽस्त्येव, न परं तापक्लेशः, सम्बन्धाभावात्; सम्बन्धस्तु प्रपञ्चासक्तिनिवृत्त्या भवति, सा तु यावद्देहसम्बन्धमहन्ताममतयोरविद्याकार्ययोः सत्त्वान्न भवितुं शक्नोति, अतो यत्राहन्ताममतयोर्बाधकत्वं भविष्यतीति पुनः सम्बन्धसिद्धिः, तथा पुनर्देहादेः पाकेन मृदादेः कार्यक्षमत्वमिव भगवत्कार्योपयोगित्वं भवतीत्यलमुक्त्या ॥

इति श्रीहरिदासोदितो निवेदनतात्पर्यार्थः ॥

---

१ अक्षरांशा दैवा द्विविधाः । केवलमर्यादायां स्थिताः साधनपरास्तेषां मुक्तिरेव फलं, ये च मर्यादापुष्ट्यावङ्गीकृतास्तेषां सर्वसाधनत्यागपूर्वकशरणागतौ क्रियमाणसेवनायां सेवाफलोक्तफलसिद्धिः । अन्येषां चासुराणां प्रकृतिजन्यानां संसारनिश्चयेनान्धन्तमसप्रवेशरूपा मुक्तिः, नहि तेषां भगवत्प्राप्तिसम्बन्धगन्धोऽपि, 'मामप्राप्यैव कौन्तेय' इत्यादिवचनात् ॥ तत्पुस्तकस्थं टिप्पणम् ।

૧ અક્ષરબ્રહ્મના અંશો. દૈવ અંશો બે પ્રકારના છે. તેમાંના એકતો કેવલ મર્યાદામાં જ રહેલા છે, તેઓ વેદ વગેરેમાં વર્ણવેલાં સાધનો કરીને મોક્ષરૂપ ફલને પ્રાપ્ત કરે છે. તેઓને મોક્ષ જ ફલ મલે છે, અધિક નહિ, જેઓનો મર્યાદા પુષ્ટિમાં અંગિકાર થયલો છે, તેઓ તો મર્યાદાના સર્વ સાધનોને તિલાંજલિ આપીને પ્રભુને શરણે જાય છે; અથવા તો મર્યાદા માર્ગનાં સાધનોજ તેવા જીવોને છોડીને ચાલ્યાં જાય છે, શરણે ગયા પછી તે જીવો પ્રભુની સેવા કરે છે અને સેવા કરતાં કરતાં રસમય પ્રભુ સાથે અનેક અલૌકિક આનંદમય ભોગો ભોગવે છે, એ સેવાફલ ગ્રંથમાં કહેલા ફલની તેઓને પ્રાપ્તિ થાય છે. જેઓ પ્રકૃતિ-માયામાંથી ઉત્પન્ન થયેલા છે, તેવા અસુરોને તો સંસારમાં ભ્રમવાનો નિશ્ચય થયલો હોવાથી તે તે લોકોને અંધંતમસ નામના મહાનરકમાં પ્રવેશ કરવારૂપ મુક્તિ મલે છે. તે લોકોને પ્રભુની પ્રાપ્તિના સંબંધનો ગન્ધ પણ નથી, કેમકે પ્રભુ જ શ્રી મુખે ગીતામાં આજ્ઞા કરે છે કે 'હે અર્જુન. તે આસુર જીવો મને પ્રાપ્ત કર્યા વિનાજ અધમ ગતિને પ્રાપ્ત થાય છે. તેઓને આસુર યોનિમાં જ હું પટકું છું.'

૧ "પુષ્ટિભક્તિ સુધા" માસિક વર્ષ માંથી આ લેખ લીધો છે.

વાક્યાર્થ એટલે નિવેદનમંત્રમાં ભાવાર્થ—આત્મનિવેદનનો વાક્યાર્થ આ પ્રમાણે છે. વાક્યાર્થ એટલે નિવેદનમંત્રમાં જે શબ્દો કે અક્ષરો રહેલાં છે. તે સર્વનું રહસ્ય; તેનો ભાવાર્થ; એ જ નિવેદનનો વાક્યાર્થ. એને શ્રીહરિચિનચરણ સ્પષ્ટ કરે છે.

एकोऽहं बहु स्यां, एकाकी न रमते स द्वितीयमैच्छत् એ શ્રુતિવાક્યને આધારે પ્રથમ તો પ્રભુએ સૃષ્ટિ રચવાની ઇચ્છા કરી. રમણ કરવા માટે સૃષ્ટિ રચે છે એમ ઉપનિષદ્ કહે છે. રમણ કેમ બની શકે ? સર્વત્ર એક જ ભગવાન્ છે. ભગવાન્ ભગવાન્ સાથે રમણ કેમ કરે ? એ શંકા થતાં શ્રુતિ કહે છે કે, પ્રભુ પોતે રમણ કરવાં બહુરૂપે થાય છે. સૃષ્ટિ રચવા માટે પોતાનામાંથી જ અનેક જડજીવાદિ પ્રકટ કરે છે. જીવો સ્વસ્વરૂપ હોવાથી સૃષ્ટિ કરવાની જ્યારે પ્રભુ ઇચ્છા કરે છે, ત્યારે તે જીવોને પોતાનાથી જુદા કરે છે. જ્યારથી ભગવંદશરૂપ જીવો જુદા થાય છે, ત્યારથી પ્રભુથી તેઓ વિખુટા પડે છે. પ્રભુનો વિયોગ પ્રાપ્ત થાય છે. જુદા પડયા ત્યારથી પ્રભુનો સંબંધ છુટયો; અને વિયોગ જ રહ્યો. ભગવાન્‌થી વિખુટા થયા તો પણ તેઓને તાપકલેશ નથી થતો. વિયોગ હોય તો તાપ કલેશ થવો જોઈએ; પરંતુ વિયોગ છતાં; હજારો વર્ષોનો વિયોગ છતાં જીવોને લેશ પણ પ્રભુને મળવા માટે તાપ કે કલેશ કાંઈ થતું નથી. કારણ શું ? કારણ એ જ કે પ્રભુનો સંબંધ નથી. જયારથી વિખુટા પડયા ત્યારથી પ્રભુ સાથેનો તાર તુટયો; સંબંધ છૂટયો; હવે પ્રભુના વિયોગને લઇને થવો જોઈતો તાપકલેશ કયાંથી થાય ? થોડો પણ પ્રભુનો સંબંધ રહ્યો આવતો હોય તો તેઓને પ્રભુનો વિયોગ સાંભરી આવે અને પ્રભુની પ્રાપ્તિ માટે આર્તિ ઉદ્‌ભવે. સમૂલગો સંબંધ જ્યાં નથી ત્યાં પ્રભુપ્રાપ્તિ માટે તાપ કલેશની ઉત્પત્તિ કયાંથી ?

વિયોગ પ્રાપ્ત થયા પછી પ્રભુનો સંબધ કેવી રીતે થાય ? એ પ્રશ્નનાં ઉત્તરમાં આપશ્રી આજ્ઞા કરે છે કે, પ્રપંચમાં જામેલી આસક્તિ દૂર થયા પછી પ્રભુનો સંબંધ થાય છે, પ્રપંચમાં જયાંસુધી આસક્તિ લાગી પડી છે, ત્યાં સુધી પ્રભુનો સંબંધ સંભવિત નથી. મારું તારું દૂર થયે પ્રભુનો સંબંધ થાય છે.

પ્રપંચમાં એટલે લોકમાં રહેલી આસક્તિ દૂર થવામાં બે આડી ફાંસો છે. એક તો અહંતા અને બીજી મમતા. એ બેની માતા અવિદ્યા એટલે અજ્ઞાન. અજ્ઞાનથી મારું તારું ઉદ્‌ભવે છે. સમગ્ર જગત પ્રભુને ખેલવાનું સ્થાન છે, એમાંના સર્વ પદાર્થો પ્રભુને ખેલવાનાં રમકડાં છે, તે બધાં પ્રભુનાં છે, પ્રભુ જ તેના માલીક છે, છતાં અજ્ઞાનને વશ થઇને કુબુદ્ધિ જીવો એને પોતાના માની લે છે, અને દુઃખી થાય છે. ત્યારે જયાં સુધી અવિદ્યાએ ઉત્પન્ન કરેલી બે લૌકિક અહંતા અને મમતારૂપ પિશાચિનીઓ બેઠેલી છે, ત્યાં સુધી લૌકિકમાંથી જીવની આસક્તિ દૂર થવાની નથી. જયારે અહંતા અને મમતાનો બાધ થશે ત્યારે ત્યારે પ્રપંચમાં રહેલી આસક્તિ દૂર થશે, અને ફરીને પ્રભુનો સંબંધ થશે. તાત્પર્ય. આ છે. માયાની બે પુત્રીઓ, એક વિદ્યા અને બીજી અવિદ્યા. અવિદ્યામાં ફસાઈને જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જઇને લૌકિકમાં અહંતા મમતા બાંધે છે, પ્રભુએ અહંતા મમતાનું મૂલ કારણ જે માયા. તેને જીતવાનું સરલ સાધન

श्रीमद्गोस्वामी श्री गिरिधरजी महाराज [काशीवाला]
[शुद्धाद्वैत मार्तण्ड, ग्रन्थ, श्रीमद्भागवत उपर
श्रीबालप्रबोधिनी संस्कृत टीकाना लेखक

प्राकट्य सं. १८४७ पौष शुक्ल ३

॥ श्रीमद्गोस्वामी श्री हरिरायजी (महाप्रभुजी) ॥

प्रा. सं. १६४७ भाद्र कृ. ५. स्थिती, वर्ष १२० (आशरे)

श्रीमद्गोस्वामी विद्वत्केसरी, दशदिगन्तविजयी
श्रीपुरुषोत्तमजी महाराज [लेखवाला] सुरत.

प्रा. श्रीगोकुल सं. १७२८ भाद्रपद शुद्ध, १ (दानएकादशी)

जहां ब्रह्मसम्बन्धकी प्रथम आज्ञा भई सो स्थल

श्रीमद्गोकुलमें श्री ठकुराणी घाट

બતાવ્યું છે. ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરે છે કે; मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते—મને જ શરણે આવે છે, તે એ માયાને તરી જાય છે. પ્રભુને શરણે જવાથી એ માયાનો જય થાય છે. માયાનો જય થવાથી અવિદ્યા રહેતી નથી. અવિદ્યા દૂર થતાં તેની બે પુત્રીઓ અહંતા મમતા પલાયન કરી જાય છે. અર્થાત્ જે જે પદાર્થોને 'મારા તારા' માનવામાં આવતા તે સર્વ પદાર્થોને પ્રભુને સોંપી દઇને, પ્રભુના જ માનીને, પોતાને પણ 'હું' એમ સ્વતંત્ર ન માનતાં 'પ્રભુનો દાસ છું', એમ જાણીને ભગવત્સેવામાં પ્રવૃત્તિ થાય છે. એથી પ્રભુનો સંબંધ ફરીને સિદ્ધ થઇ ગયો એમ સમજી લેવું. જ્યારે પ્રભુનો સંબંધ થયો, ત્યારે સેવાનો અધિકાર પ્રાપ્ત થયો. જેમ કાચી માટીના ઘડાને પકાવ્યા પછી જલ લઈ આવવા વગેરે કાર્યમાં જોડી શકાય છે. તેમ પ્રભુનો સંબંધ સિદ્ધ થયા પછી જ દેહ, ઇન્દ્રિય વગેરેનો પાક થાય છે. એ પાક તાપ ક્લેશરૂપ વિયોગાગ્નિથી થાય છે, પહેલાં સંબંધ થતાં જ હું પ્રભુથી હજારો વર્ષથી વિખુટો પડયો છું' આવું ભાન જયારે થાય છે, ત્યારે પ્રભુને મળવા માટે અત્યંત આર્તિ થાય છે; તે આર્તિ વિયોગરૂપ મહાગ્નિમાં પરિણામ પામે છે, અને તે અલૌકિક અગ્નિવડે લૌકિક દેહ, ઈન્દ્રિય વગેરે જ્યારે પાકે છે, શુદ્ધ બને છે ત્યારે દેહ ઇન્દ્રિય વગેર પ્રભુનાં કાર્યોમાં ઉપયોગી થાય છે. આથી વધારે શું કહીએ ? આટલું જ બસ છે.

श्रीकृष्णः ।

સંસ્કૃતા ટીકાકારઃ-ગોસ્વામી શ્રીવલ્લભજી મહારાજ (લેખવાળા)

ગદ્યાર્થ

[અનુવાદકઃ-શાસ્ત્રી કેશવરામ કાશીરામ]

[મઙ્ગલાચરણ]

" ઉત્તમ એવા વેદાન્તભાષ્ય અને શ્રીમદ્ભાગવતમાંથી પ્રાપ્ત થતા સ્વાત્માર્પણ—આત્મનિવેદનને માટે ગદ્યમન્ત્રને અનુસરી જેનો અર્થ આપવામાં આવ્યો છે, તેવી તેમજ પોતાની અનન્ય સેવામાં સદા એકતાન ભગવદીયો ઉપરના અનુગ્રહના પક્ષવાળી પ્રભુના મુખારવિન્દમાંથી સાક્ષાત્ પ્રકટ થયેલી ઉક્તિ વિજય પામે છે ! "

વારૂ, સ્વાત્માર્પણ—આત્મનિવેદન શ્રીમદ્ભાગવતમાં કહેવામાં આવ્યૂં છે, એમ કેમ ? ઉત્તરમાં એમ કહેવામાં આવે કે, શ્રીમદ્ભાગવતમાં શ્લોકના સ્વરૂપમાં તેને બતાવવામાં આવેલ છે. જો આમ ઉત્તર આપવામાં આવતો હોય તો શ્રીમદ્ભાગવતના ચતુર્થસ્કન્ધમાં પુરઞ્જન આખ્યાનમાં આવી સ્થિતિ મળે છેઃ

" ત્યાં પૂર્વનો કોઈ એક આત્મજ્ઞ મિત્ર એવો બ્રાહ્મણ સુન્દર સમઝાવટવાળી વાણીથી તે રોતી સ્ત્રીને દિલાસો આપતો કહેવા લાગ્યોઃ 'અરે તૂં કોણ છે અને જેનો તૂં શોક કરી રહેલી છે, તે આ જમીન ઉપર સૂતેલો કોણ છે ? હે જીવાત્મા, જેની સાથે તૂં પહેલાં વિચરી

રહેલો હતો તે આ મને-તારા મિત્રને તૂં ઓળખે છે ! હે મિત્ર ! પૃથ્વી ઉપરના ભોગવિલાસોમાં ડૂબેલો જગતમાં સ્થાનની ઈચ્છા રાખતો તૂં ભૂલાઇ ગયેલા મિત્રવાળા આ તારા આત્મ-સ્વરૂપને છોડી ગયેલા તારા આત્મસ્વરૂપને યાદ કરે છે ખરો ?

સહસ્રપરિવત્સરો-હજારો વર્ષો ઉપર તૂં અને હૂં માનસ સરોવરમાં રહેલા હંસ મિત્રો હતા. તારી બુદ્ધિ, હે મિત્ર જીવાત્મા, જંગલી બની અને તેં મને છોડી દીધો. અને જગતમાં રહેવાની ઈચ્છાયે ફરતા તેં કોઈ એક સ્ત્રી(માયા)યે બનાવેલા સ્થળને જોયૂં."

(ભાગવત ૪-૨૮-૫૧ થી ૫૫)

આ પ્રસંગમાં જણાવાયેલો ભગવાનના અંશરૂપે રહેલો સનાતન ચેતનરૂપ છતાં જીવલોકમાં આવતાં જીવરૂપે થયેલો તે હંસ ખરૂં જોતાં આનન્દાત્મકજ; તેને (सहस्रपरिवत्सरमितकाल) હજારો વર્ષના ગાળે પરમાત્માયે એવી જાતની ઈચ્છા કરી તેથી જગત્‌ના પદાર્થોમાં આસક્તિ થવાને કારણે (जात) ઉત્પન્ન થયેલો એવો સદાનન્દ પ્હેલાંના મિત્ર, જેને બ્રહ્મ કહેવામાં આવે છે, તેવા પરમાત્મ સ્વરૂપ બ્રહ્મ (कृष्ण) શ્રી કૃષ્ણચન્દ્રજીનો જે (वियोग) વિરહ; તેનાથી બુદ્ધિનાશ પછી (जनित) ઉત્પન્ન થયેલા જે (ताप) તાપ અને (क्लेश) કલેશ, તે તાપકલેશ વડે કરીને જેમાં (आनन्द तिरोभावः) પ્રભુના ધર્મરૂપે રહેલા આનન્દનો તિરોભાવ થયેલો (આનન્દ છૂપાઇ ગયેલા તેવો) (अहं) હૂં અહંકારી સંસ્કારી જીવાત્મા ("જો [1]જીવ હાથમાં સમિધ લઇ વેદને ભણનારા તેમજ બ્રહ્મમાં નિષ્ઠાવાળા ગુરુને શરણે જાય"–"આચાર્ય[2] અને મન્દિર એ સ્વરૂપે પ્રભુજ પોતાની હીલચાલ જતાવે છે" "તેવો જીવ[3] કૃતાર્થ થાય છે" એ પ્રમાણોમાં બતાવેલા શ્રીમત્‌કૃષ્ણચન્દ્રજીના મુખારવિંદમાંથી બહાર નીકળેલા વચનામૃતોને અનુસરી) તેવા (श्रीगोपीजनवल्लभाय) શ્રી ગોપીજનવલ્લભ તરીકે જેમની પ્રાર્થના કરવામાં આવી છે, તેવા (भगवते) ભગવાન, પૂર્વના હંસ, મિત્રરૂપ (कृष्णाय) શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુને (देहेन्द्रियप्राणान्तःकरणानि) દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને (तद्धर्मान्) તેની બધી ક્રિયાઓ (च) અને (दारागारपुत्राप्तवित्तेहपराणि) સ્ત્રી, ઘર, પુત્ર, સગાં વ્હાલાં, ધન, આ લોક તેમજ પરલોક (आत्मना) મારા જીવ (सह) સાહત (समर्पयामि) સમર્પણ કરૂં છૂં.

આ પ્રમાણે કહી જીવે પ્રભુને આત્મનિવેદન કરવાનૂં છે. આ માટે શાસ્ત્રોમાં નીચેનાં પ્રમાણ વાકયો મળે છે.

" મારામાં[4] જેણે પોતાની બુદ્ધિ અને મન અર્પણ કર્યાં છે '–'મારામાં[5] જેણે પોતાનો આત્મા સમર્પી દીધો છે, તેને મારા વિના બીજા કોઇની ઈચ્છા નથી.' ' મારામાં[6]જ જેનું ચિત્ત છે, મારામાંજ જેના પ્રાણ છે–તેઓ મનેજ પામે છે.' ' જેઓ,[7] સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ એ સર્વનૂં પરબ્રહ્મ પરમાત્માને સમર્પણ કરે છે.'

---

१. यदि स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् " (ઉપનિષદ) २. आचार्य चैत्यवपुषा स्वगतिं व्यनक्ति। (ભાગવત) ३. कृतार्थः स निगद्यते (બાલબોધ)

४. मय्यर्पित मनोबुद्धिः (ગીતાજી) ५. मय्यर्पितात्मेच्छति मद्विनान्यत् (ભાગવત) ६. मच्चित्ता मद्गतप्राणाः (ગીતાજી) ७. दारान्, सुतान्, गृहान् प्राणान् यत्परस्मै निवेदनम् (ભાગવત)

આ મન્ત્રમાં (आत्मना) એ સ્થળે ' आत्मन्–આત્મા શબ્દ વાપરવામાં આવ્યો છે, તે આગળના વાક્યના ટૂકડામાં બતાવવામાં આવેલા અર્થને મજબૂત કરે છે, એટલે ' આત્મા'-માં દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ એ સર્વનો સમાવેશ થઈ જાય છે.

પ્રભુને દેહ વગેરે અર્પણ કરવાનૂં શાસ્ત્રમાં બન્ને[1]હાથોને શ્રીહરિ ભગવાનના મન્દિરમાં બુહારી વગેરેની સેવામાં, અને કાનને પ્રભુની કથામાં કર્યા.' ' તે[2] પોતાના મનને શ્રીકૃષ્ણચન્દ્ર-જીના ચરણ કમલમાં સ્થાપે છે અને વચનોને શ્રી વૈકુણ્ઠપ્રભુના ગુણોનૂં વર્ણન કરવામાં; ' આ વગેરેમાં કહેવાયેલી રીતે દેહ, ઇન્દ્રિય, પ્રાણ અને અન્તઃકરણના ધર્મોનૂં પણ સમર્પણ કરવાનૂં છે. શ્રીમત્ કૃષ્ણ ચન્દ્રજીયે આજ્ઞા કરી છે કે ' જે ' તૂં કરે છે, જે તૂં ખાય છે, જે તૂં યજ્ઞમાં હોમે છે, જે તૂં દાનમાં આપે છે, જે તપ કરે છે, તેનૂં હે કૌન્તેય ! મને સમર્પણ કરી દે. (શ્રી ગીતાજી)

અથવા તો

દેહ વગેરે કેવાં ? સ્ત્રી, ઘર, પુત્ર, સગાંવ્હાલાં ધનની જે (ईह) હીલચાલ, તેમાં (पर) પરાયણ તેવાં. (ईह) શબ્દનો અર્થ કામ અથવા તો હીલચાલ થાય છે. તેવાં કામ કે હીલ-ચાલમાં રચીપચી રહેલાં દેહ વગેરે જાણવાં. આ માટેજ પ્રભુએ શ્રીમદ્ભાગવતમાં જણાવ્યું છે કે " જેઓ " [3]સ્ત્રી, ઘર, પુત્ર, સગાંવ્હાલાં, પ્રાણ, ધન, આલોક અને પરલોક, એ સર્વનો ત્યાગ કરીને મારે શરણે આવ્યાં છે, તેઓને હૂં કેમ છોડી શકૂં ? " આ શ્લોકમાં શરણે આવેલાંઓને દેહ, ઘર વગેરેને છોડી દેવાનૂં અન્દરખાનેથી બતાવવામાં આવ્યૂં છે, તે તે તેની હીલચાલને છોડી દેવા માટે.

ખરૂં જોતાં તો અહીં ' દાર—સ્ત્રી ' વગેરે શબ્દ વડે પુરૂ-જને સ્વીકારેલાં ' પુત્ર ' વગેરે સમજવાનાં; કેમકે મૂળમાં એવૂંજ કહેવાનો આશય છે. આ માટેજ સ્ત્રીના અર્થનો દાર શબ્દ નરજાતિનો અહીં વાપરવામાં આવ્યો છે. તેની જાતિમાં ફેરફારની જરૂર નથી. આ હકી-કત તત્ત્વાર્થદીપ નિબન્ધના ભાગવતાર્થ પ્રકરણમાં પંચમ સ્કન્ધની ટીકામાં કહેવામાં આવી છે, તેમજ 'सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकमितिस्थितिः' (નવરત્ન) એ સ્થળે કહેવામાં આવેલછે.

' ये दारागार ' એ શ્લોકમાં જે इमं અને परं શબ્દો છે તેનોજ અર્થ બતાવવા અહીં ગદ્ય મન્ત્રમાં इह અને पर શબ્દ મૂકાયેલા છે; આ આશયને ખ્યાલમાં રાખીને જ કોઈએ સ્પષ્ટ મત જણાવ્યો છે કે—સ્ત્રી, ઘર વગેરેનૂં પણ જુદૂં સમર્પણ થવૂં જોઇયે; એ મત ઊપર આવવાનું કારણ નીચેના વાક્યના પ્રમાણે સ્વીકારવામાં આવ્યૂં છે—કે ઇચ્છેલુ[4] દાન, તપ, જપ, ક્રિયા, જે કંઈ આત્માને વ્હાલાં[5] સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ તે બધૂં પરમાત્માને અર્પણ કરી દેવૂં.

---

१. करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतींश्चकाराच्युतसत्कथोदये (ભાગવત) २. स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने (ભાગવત) ३. ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम् । हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥ (ભાગવત)

४- इष्टं दत्तं तपो जप्तं वृत्तं यच्चात्मनः प्रियम् । ५. दारान् सुतान् गृहान् प्राणान् यत्परस्म निवेदनम् । (ભાગવત)

તેમાં ' અર્પણ કરવા'નો અર્થ એ છે કે–'એ મારૂં છે ' એવી જાતના અભિમાનનો નાશ કરી ભગવદીયપણાની ભાવના કરવાની છે. આ અર્પણ કરવામાં મન, વચન અને કર્મ, ત્રણેયથી છે.' ये दारागार '–એ શ્લોકમાં ' તે તે વસ્તુને છોડી દઈ ' એમ જ કહેલૂં છે તે અર્થને ખ્યાલમાં રાખીને કહેલૂં છે. સમર્પણ અર્પણ કરવાપણું એટલે એ પ્રભુની જ બધી વસ્તુઓ તેના ઊપર જે મારાપણું બાંધ્યૂં છે, તે દૂર કરી તે તેનૂંજ તેને અર્પી દેવાનૂં. આમાં પોતાપણાનૂં અભિમાન છોડી દેવાનૂં છે, એમાં પ્રભુને દાન કરવાની વાત નથી. જે કાંઈ લઈયે તે પ્રભુના પ્રસાદરૂપે તે લેવાનૂં છે. આમાં જે 'તદીયપણું' રહેલૂં છે–પ્રભુ[1] જેવી રીતના વર્તનથી ખુશ થાય,' ' જે[2] જેનો અંશ તે તેનો આશરો લેય ' તે વાતને ખ્યાલમાં રાખી દાસપણે રહેલું છે. (दासोऽहम्) હૂં દાસ છૂં, એમ કહેવાની આ મતલબ છે. સમર્પણ કરનાર જીવ હોવાથી જાતિનો અહીં સવાલ જ નથી. તેથી (कृष्ण) હે સદાનન્દ સખા ! ત્યારે હું (तव) આપનો (अस्मि) છૂં. તમારો છૂં; કારણકે હું આપનો અંશ છૂં. ' હે શ્યામ સુન્દર ![3] અમે તમારી દાસીયો આપની આજ્ઞા પ્રમાણે કરિયે છિયે ' એવી રીતનો દાસ્યભાવ છે. હે પ્રભુ ! મને તમારાથી વિખૂટો ન કરો, પરન્તુ સાથે લઇ લ્યો; જેથી આપના વિરહે ઊપજેલા તાપક્લેશ ચાલ્યા જતાં આત્માના ધર્મરૂપ પરમાનન્દને મેળવૂં.

આવી જાતની હાલતમાં, સદાનન્દ પ્રભુ શ્રી કૃષ્ણચન્દ્રજી જ આશ્રયરૂપ છે. બીજૂં કોઈ નહિ. આ રીતે સાધન અને ફલરૂપે પ્રભુને જ લેવાના છે. એવો પ્રભુના મુખારવિંદમાંથી પ્રકટ થયેલા એટલે કે શ્રીઆચાર્યચરણે એ કહેલા વચનનૂં રહસ્ય છે. શ્રીવલ્લભે એ અર્થનો ખુલાસો કર્યો છે.

---

१. यद्वृत्त्या तुष्यते हरिः । २. यो:यदंशः स तं भजेत ३. स्यामसुन्दर ते दास्यः करवाम तवोदितम् ।

મૂળમાં જ લેખક જણાવે છે કે, આ વિષય સ્ફુટ સ્વરૂપમાં 'भयं द्वितीया भिनिवेशतः स्यादीशादपेतस्य विपर्ययोऽस्मि ' એ શ્લોક ઊપરના સ્વતન્ત્ર લેખમાં મેં સૂચવ્યૂં છે.

इति श्री માં આ ગદ્યાર્થના લેખક તરીકે શ્રીશાનુમતવર્તિ– ષોડશ ગ્રન્થોમાંના કેટલાક ગ્રન્થો ઊપર વિવેચન કરનારની છાપનો શ્લોક પણ કોઈ નવી પ્રતિમાં મળે છે. પરન્તુ **श्री गोपीजनवल्लभाय** શબ્દના સ્વીકારે શ્રી વલ્લભ-શ્રી ગોકુલનાથજી ચતુર્થ કુમારની કૃતિ હોય તે કદાચ સમ્ભવિત છે.

બ્રહ્મસમ્બન્ધ મંત્ર ઉપર અત્યારપૂર્વે વ્રજભાષાનું સાહિત્ય પ્રાપ્ત થતું હતું તે પ્રથમ છપાવ્યું, તે પછી ગુજરાતી જાણનારાઓ–માટે ગુજરાતીમાં પણ છપાવ્યું, હવે અહીંથી આ મંત્ર ઉપર સંપ્રદાયના ધુરંધર વિદ્વાનોએ પુસ્તકાકારમાં અને માસિકોમાં, જે મૌલિક લેખો પ્રકટ કર્યા છે તેનો સંગ્રહ કરી વૈષ્ણવોની જાણ માટે અહીંથી આપવામાં આવે છે.

ગદ્યમંત્રના ભાવાર્થ વિષેના પ્રકીર્ણ લેખો

પુષ્ટિમાર્ગીય ગ્રન્થોના મહાન્ અભ્યાસી, અનેક આકર ગ્રંથોના પ્રકટ કર્તા, વિશ્વવિદ્યાલય વેદાંત પારિતોષિક વિજેતા, ઇતિહાસજ્ઞ, પુરાતત્ત્વવેત્તા, વૈષ્ણવ સાક્ષર શિરોમણિ, શ્રીયુત **મુલચંદ્ર તુલસીદાસ તેલીવાળા** (B. A.L. L. B,) હાઈકોર્ટ પ્લીડર. મુંબઇ.

પોતે સિદ્ધાન્તરહસ્યના ઉપોદ્ઘાતમાં શું કહે છે ? તે તેમના જ શબ્દોમાં ' વેણુનાદ પરિશિષ્ટ'માંથી આ ગ્રન્થને ઉપયોગ પુરતો ભાગ જ અત્રે આપવામાં આવે છે.

શ્રીમદ્દાચાર્યજીએ વ્રજયાત્રા દરમ્યાન પૂર્ણમલ્લ ક્ષત્રિયે પવિત્ર ગોવર્ધન પર્વત પર બંધાવેલા મંદિરમાં શ્રીનાથજીની પ્રતિષ્ઠા કરી. વ્રજમાં સ્થિતિ કરતાં, શ્રાવણ શુક્લ એકાદશીની મધ્યરાત્રિએ શ્રીકૃષ્ણે પ્રગટ થઇને આચાર્યશ્રીને આજ્ઞા કરી કે જીવોનો સેવામાં અંગીકાર કરાવો. આ અંગીકારના બે ભાગ છે. પ્રથમ તુલસીપત્ર હાથમાં લઇને શ્રીઠાકોરજી સન્મુખ જિજ્ઞાસુએ ગુરુદ્વારા મન્ત્રોચ્ચાર કરીને ગુરુદ્વારા શ્રીઠાકોરજીના ચરણારવિન્દમાં ધરી દેવાં, અને બીજા ભાગમાં ભક્તના મન ઉપર આથી થતી અસર અને શ્રીકૃષ્ણના સેવામાર્ગમાં અધિકાર પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત ગ્રન્થનો આજ વિષય છે. લોકબત્રીસીએ ચઢેલા મહારાજ લાયબલ કેસમાં પ્રતિવાદી તરફથી શ્રીમદ્વલ્લભાચાર્યજી તથા તેમના પૌત્ર શ્રીગોકુલનાથજીના ધાર્મિક સિદ્ધાંતો અનીતિ અને દુષ્કર્મનો સ્વીકાર કરે છે, એવું સિદ્ધ કરવાને માટે શ્રીગોકુલનાથજીની ટીકા સહિત આ ગ્રન્થ રજુ કરવામાં આવ્યો હતો. સુન્દરમાં સુન્દર ગ્રન્થનો આ પ્રકારે અત્યન્ત નિન્દ્ય ઉપયોગ થયો હતો આટલા સમયાન્તરે પણ અમારાથી નથી સમજી શકાતું કે આવું રાક્ષસી સૂચન તે લોકોને કેવી રીતે સ્ફુર્યું હશે. શ્રીમદ્વલ્લભાચાર્યજીનું આખું જીવન વૈરાગ્યમય હતું, અને આપશ્રી સર્વ ગ્રન્થોમાં વૈરાગ્યને પ્રથમ ભગવદ્ધર્મ તરીકે આગ્રહપૂર્વક ઉપદેશે છે. એમના વિદ્વાન્ વંશ્ય શ્રીપુરુષોત્તમજી પણ એમ જ કહે છે કે आचार्याणां तात्पर्यं त्याग एव. ' કોર્ટમાં બધું પ્રાપ્ય સાહિત્ય રજુ નહોતું થયું એ દુર્ભાગ્ય છે, કારણ કે પ્રતિવાદીના સાક્ષીઓની કૃત્રિમ એકદેશી જુબાનીથી કોર્ટ પણ ઉંધે રસ્તે દોરવાઇ ગઈ હતી શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તોનું સામાન્ય અજ્ઞાન અને સંપ્રદાયના ગ્રન્થોને પ્રસિદ્ધિમાં નહિ લાવવા એવી ભ્રાન્તિ, આ બે મળીને સંપ્રદાયની કીર્તિને ઝાંખી પાડનારું વાતાવરણ ઉદ્ભવ્યું હતું. જો કે એટલું તો નિઃસંશય છે કે [૧]લાયબલ કેસ ઉભો કરનાર શ્રીયદુનાથજી મહારાજને

૧ બન્ને પક્ષના પુરાવા વાંચીને શ્રીયુત રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારી (બી, એ. એલ. એલ. બી. માજીદિવાન પાલણપુર, ગોંડળ, મોરબી) એમણે આત્મનિવેદન યાને લાયબલ કેસની સમીક્ષા લખી છે. તેમાં તેમણે સાબિત કરી બતાવ્યું છે કે વિરુદ્ધ પક્ષના સાક્ષીઓએ સંપ્રદાયના કોઈ ગ્રન્થો વાંચ્યા

કોર્ટમાં યથાર્થ ન્યાય નથી જ મળ્યો. આ મહારાજના વિરુદ્ધ ઉભા કરવામાં આવેલા સાક્ષી પુરાવા વાંચતાં એવું અનુમાન થઈ શકે છે કે શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાંત સંબંધી કોર્ટનો ફેંસલો તદ્દન ખોટો છે.

હવે શ્રીમદ્વલ્લભાચાર્યજી તેમના પૌત્ર શ્રીગોકુલનાથજી તથા અન્ય મહાનુભાવોની શિક્ષાનું અવલોકન કરીએ. સંપ્રદાયમાં સામાન્ય રીતે શરણમંત્રોપદેશ અને આત્મનિવેદન એમ બે પ્રકારના સંસ્કાર કરવામાં આવે છે. પહેલા પ્રકારથી માણસ વૈષ્ણવ બને છે અને બીજાથી સેવામાર્ગનો અધિકારી થાય છે. પ્રથમ સંસ્કરણ શ્રીમદાચાર્યજીના કોઇ પણ વંશ્યથી બાલકના કાનમાં श्री कृष्णः शरणं मम મન્ત્રનો ઉચ્ચાર કરીને અને તેના કંઠમાં તુલસીમાલા પહેરાવીને થઈ શકે છે. દ્વિતીય સંસ્કરણ પણ સામાન્ય રીતે શ્રીમદાચાર્યજીના વંશ્યદ્વારા જ થઇ શકે છે. ઉભય પ્રકારમાં વય ઉપર લક્ષ અપાતું નથી. સંપ્રદાયમાં સર્વત્ર એવી જ માન્યતા છે કે આચાર્ય કેવલ શ્રીમદ્વલ્લભાચાર્યજી; અન્ય વંશ્યો ગમે તેટલા વિદ્વાન્ અને મહાનુભાવી હોય તો પણ ગુરુદ્વાર થવા ઉપરાંત અધિક હોવાનો દાવો કોઇ કાલે નથી કરતા. આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણ જ બ્રહ્મસંબન્ધ કરાવે છે એમ મનાય છે—તેમનાં સર્વ વંશ્યો નિમિત્તમાત્ર દ્વારભૂત ગુરુ તરીકે મનાય છે. હવે આપણે આગળ જોઇશું કે આત્મસમર્પણ આચાર્યને નહિ પણ ભગવાનને કરવામાં આવે છે. ' કૃષ્ણ ' ને બદલે ' આચાર્ય ' શબ્દ ઘુસાડીને શ્રીમદ્વલ્લભાચાર્યજીના ઉપર અનીતિ ઉપદેશ્યાનું દોષારોપણ કરવું એ ખરેખર દુષ્ટ છે. આથી તો આર્યાવર્તના એક મહાન્ સાધુ પુરુષ અને તત્ત્વવેત્તાને ભારે અન્યાય કર્યા બરાબર છે. ' આત્મનિવેદન ' વખતે ઉચ્ચારાતો ગદ્યમંત્ર આ પ્રમાણે છેઃ—

[1]શ્રીબ્રહ્મસમ્બન્ધમંત્ર—શ્રી તેલીવાળાએ તેમના પુસ્તકમાં છપાવ્યો છે. અને તે આ સ્થળે છાપવા અમારી ઇચ્છા હતી પણ સુજ્ઞ વૈષ્ણવોનાં દીલ દૂભાય છે તેથી છપાવ્યો નથી. [જુઓ પ્રસ્તાવના]

નથી, જોયા નથી, તેમણે જે પુરાવા રજુ કરેલા તે માત્ર વ્રજભાષાના ગ્રન્થો નવા બંધબેસતા બનાવીને રજુ કરેલા, સંસ્કૃત ભાષાનો એક પણ ગ્રન્થ રજુ થયો નથી, તેમજ કોર્ટના જજો પણ અજ્ઞાન હતા તેથી તેમણે કેવળ અન્યાય જ કર્યો છે તે બધી હકીકત ઉક્ત પુસ્તકમાં વિગતવાર આપી છે. લાયબલ કેસના હિમાયતીઓએ એ પુસ્તક જરૂર વાંચવું એમાંથી કેટલોક ઉપયોગી જરૂર પુરતો લેખ આ પુસ્તકમાં આગળ આપવામાં આવશે.

નીચેનું લખાણ શ્રી તેલીવાળાનું છે ને તે ગદ્યમંત્રને લગતું હોવાથી અમે કાયમ રાખ્યું છે.

૧ ઘણી આનાકાની પછી અમે ગદ્યમન્ત્ર અહીં પ્રકટ કરીએ છીએ. આથી વૈષ્ણવ વર્ગ ક્રોધે ભરાશે એ અમારાથી અજ્ઞાત્ નથી. પણ સંપ્રદાયના નિંદકોને ગમે તેવા અશુદ્ધ સ્વરૂપમાં ગદ્યમન્ત્ર છાપી મારવા દઈએ, અને શ્રીમદાચાર્યચરણની ઉજ્જવલ કીર્તિને તેવા લોકોના દુષ્ટ આક્ષેપોથી કલંકિત થવા દઈએ, તે કરતાં ઉક્ત મન્ત્રને અમેજ શુદ્ધ સ્વરુપે પ્રકટ કરીએ તો શ્રીમદાચાર્યચરણનો ઉદ્દેશ વધારે સારી રીતે સિદ્ધ થાય, એવું અમે ઘણા લાંબા વિચાર પછી માનીએ છીએ. છતાં જે લોકો અમારું દષ્ટિબિંદુ ન સમજી શકે તેમને અમે સંપ્રદાયના પ્રખર વિદ્વાન્ શ્રી પુરુષોત્તમજીના શબ્દોમાં કહીશું કેઃ—

ગદ્યાર્થ—કૃષ્ણ (પરબ્રહ્મ) થી વિયોગ પામવાને મને (જીવને) આજે અપરિમિત કાલ વીતી ગયો છે. તે વિયોગને લઇને તેને (કૃષ્ણને) જઇ મળવા અર્થે થવો જોઇતો તાપ અને ક્લેશનો આનંદ મને (જીવને) નથી થતો તેવો જે હું (જીવ) તે દેહ, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણ અને તેના ધર્મો, તથા સ્ત્રી, ઘર, પુત્ર, આપ્ત, વિત્ત, આ લોક,પરલોક, આત્મા (અંતર્યામી) સહિત સર્વ ભગવાન (ષડૈશ્વર્યસંપન્ન) કૃષ્ણ (પરબ્રહ્મ) ને સમર્પું છું. હું દાસ છું. હે કૃષ્ણ, હું તમારો છું.

શ્રીમદાચાર્યચરણ પ્રસ્તુત ગ્રંથમાં [સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં] આ સંસ્કારને ब्रह्मसंबंध કહે છે. (ભગવન્માર્ગ તરફ જીવનું વલણ બતાવે છે કે ભગવત્કૃપાએ અંગીકૃત જીવનું પ્રથમ (આવશ્યક) લક્ષણ છે. આ પ્રમાણે કૃપાયુક્ત જીવ પોતાનું સર્વસ્વ શ્રીમદાચાર્યદ્વારા શ્રીકૃષ્ણને સમર્પે છે, અને પોતે શ્રીકૃષ્ણનો દાસ છે એમ સ્વીકારે છે.) આને જ બ્રહ્મસંબંધ કહે છે, અને આજ અર્થમાં સર્વ ટીકાકારો ' સિદ્ધાન્તરહસ્ય 'માં તેને સમજાવે છે. શ્રીગોકુલનાથજી કહે છેઃ –' ब्रह्मसंबंधकरणं नाम एतन्मार्गीयाचार्यद्वारा भगवन्निवेदनम् । 'આ માર્ગના આચાર્યદ્વારા ભગવાન્‌ને નિવેદન કરવું તેનું નામ બ્રહ્મસંબંધ.

બ્રહ્મસંબંધ શ્રીમદાચાર્યચરણ અથવા અન્ય કોઈ વંશ્ય સાથે નહિ પણ શ્રીકૃષ્ણની જ સાથે સંભવે છે, એમ શ્રી પુરુષોત્તમજી આજ્ઞા કરે છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીથી પ્રારંભી છેલ્લામાં છેલ્લા ટીકાકાર પણ ઉપદેશે છે કે અન્ય કોઇ મનુષ્યને નહિ પણ શ્રીપુરુષોત્તમ—શ્રીકૃષ્ણ—ને જ સમર્પણ કરાય છે. સત્ય વસ્તુ આમ હોવા છતાં જ્યારે ' પુરુષોત્તમ ' શબ્દને બદલે 'આચાર્ય' શબ્દ ગોઠવીને એમ કહેવામાં આવે કે શ્રીવલ્લભાચાર્ય અને તેમનો સંપ્રદાય અનીતિને સિદ્ધાન્તાનુસાર ગણે છે, ત્યારે ખરેખર રાક્ષસી વૃત્તિની પરિસીમા જ દેખાય છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીએ અને તેમના વિદ્વાન્ વંશ્યોએ અનીતિને કંઇ જેવા તેવા શબ્દોમાં તિરસ્કારી નથી. આ વાતનું સમર્થન તેમના શબ્દોથી જ થશે. શ્રીમદ્વલ્લભાચાર્યજી ભક્તની શિક્ષાર્થે નિબન્ધમાં આજ્ઞા કરે છેઃ—

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम्। इन्द्रियाश्वविनिग्राहः सर्वथा न त्यजेत्त्रयम् ।

માટેજ ' સેવાફલ ' અને એના વિવરણમાં આચાર્યશ્રીએ આજ્ઞા કરી છે કે ઉદ્વેગ, પ્રતિબન્ધ અથવા ભોગ એ ત્રણે બાધક છે, તેમાં પણ ભોગ સવિઘ્ન, અલ્પ અને ઘાતક છે. ભોગ સવિઘ્ન અને અલ્પ હોવાથી સર્વથા ત્યાજ્ય છે. આચાર્યશ્રીની આ પ્રકારે ત્યાગની શિક્ષા

' यद्यपि मदुक्तौ मार्गरहस्यप्रकाशनापराध आयाति, तथापि प्रकाशस्यान्यैरेव कृतत्वेन तदर्थसन्देहवारणस्यैव मत्कृतितया स्वोत्कर्षप्रकाशनार्थत्वाभावाद् भगवान् श्रीमदाचार्यचरणाश्च मदपराधं क्षमन्त्विति विज्ञापयामीति दिक '

શ્રી ગોકુલનાથજીના સેવકો **कृष्णाय** પદ પછી **श्रीगोपिजनवल्लभाय** પદ વાંચે છે, કેટલાક **देहेन्द्रिय...**ને બદલે **देहप्राणेन्द्रिय...**બોલે છે, અને કેટલાક **वित्तेहापराणि** ને બદલે **वित्तमिह पराणि** પાઠ ગ્રહણ કરે છે; પરંતુ વસ્તુતઃ ઉપર આપેલો પાઠ શુદ્ધ છે.

સ્ત્રીઓને, પુરુષોને અને સ્ત્રીપુરુષોને સમાન છે. માટે ભગવલ્લીલાના દૃષ્ટાન્તથી લૌકિકમાં તેવી પ્રવૃત્તિ કરાવનારા અને પ્રવૃત્ત થનારા બહિર્મુખ છે એમ નિશ્ચય કરવો. તેમનો સંગ ત્યજવો, અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો.''

શ્રીમદ્વલ્લભાચાર્યજીના કોઈ વંશ્યે આચાર્ય થવાનો આગ્રહ નથી કર્યો. સંપ્રદાયે તો શ્રીમદ્વલ્લભાચાર્યજી એકલાને જ આચાર્ય માન્યા છે. તેથી શંકરાચાર્યના મઠાધિપતિઓની માફક શ્રીમદ્વલ્લભાચાર્યજીના કોઈ પણ વંશ્યને આચાર્યપદવી ધારણ કરતા આપણે જોતા નથી. તો પછી તેઓ સાક્ષાત્ કૃષ્ણ-પુરુષોત્તમ-હોવાની ધૃષ્ટતા કેવી જ રીતે કરી શકે? શ્રીમદાચાર્યજી પોતે જ કહે છે કે 'હું કૃષ્ણદાસ છું,' 'इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितंवचः' જ્યારે આચાર્યશ્રી પોતે જ એમ માને છે તો તેમના વંશ્યો અન્યથા કેમ માને કે મનાવે? તેઓશ્રીની પછી તેઓશ્રીના બે સુલક્ષણ પુત્રો-શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલેશ્વર થયા. ઉભયને પિતૃચરણનો આધિભૌતિક અને અધિદૈવિક સ્વરૂપે અનુભવ થતો. પિતૃચરણને માટે ઉભયના ઉદ્ગારો ભક્તિભાવથી ભરેલા છે. શ્રીગોપીનાથજી કહે છે. 'ता नः पितृपत्पद्मरेणवः कामधेनवः । नाकस्य तरवोऽन्येषां स्युः कल्पतरवो यथा,' અને શ્રીવિઠ્ઠલેશ્વર કહે છે કે वस्तुतः कृष्ण एव,' 'भावी न भूतोस्त्यपि.' ભાગ્યેજ સામાન્યતઃ પિતા પુત્રનો સંબંધ આટલો ઉત્કટ ઉચ્ચ હોય છે. શ્રીવિઠ્ઠલેશ્વર પ્રત્યે તેમના પુત્રોનો પણ આવોજ ભાવ હતો. આવા કારણથી તથા તેમના નિર્મલ ચારિત્ર્ય, અથાગ વિદ્વત્તા, અને શ્રીકૃષ્ણની એકચિત્તથી અનન્ય ભક્તિ, વગેરે અનેક કારણોથી તેમના વંશ્યોને માટે પણ સંપ્રદાયના અનુયાયીઓમાં અત્યન્ત માનની લાગણી ઉત્પન્ન થઈ. તેમના દીર્ઘ આયુષ્ય ઉપરથી પણ આવુંજ અનુમાન થઇ શકે છે. શ્રીમદ્વિઠ્ઠલેશ્વર સીત્તેર વર્ષ ઉપરાંત ભૂતલ ઉપર બિરાજ્યા હતા. 'સિદ્ધાંતરહસ્ય'ના ટીકાકાર શ્રીગોકુલનાથજી ૯૦ વર્ષ ઉપરાંત, અને શ્રીહરિરાયજી ૧૨૦ વર્ષ ઉપરાંત બિરાજ્યા હતા. અદ્યાપિપર્યંત આવાં દષ્ટાન્તો મળી આવે છે. સંપ્રદાયના લગભગ સર્વ પ્રખ્યાત વિદ્વાનો શ્રીમદ્વલ્લભાચાર્યજીના વંશ્યોજ છે. વસ્તુસ્થિતિ આમ હોવાથી આચાર્યશ્રીના વંશ્યો શ્રીકૃષ્ણની માફક અત્યન્ત ભાવની દૃષ્ટિથી જોવાય એમાં કંઇ આશ્ચર્ય નથી. આવા પ્રકારની ભાવની લાગણીમાં અમને કંઈ અયોગ્ય નથી લાગતું. 'यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ। तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः' એ વેદવાક્ય ખરું તત્ત્વ દર્શાવે છે. દેવના જેવી જેની પરાભક્તિ ગુરુમાં હોય છે, તેવા મહાત્માને શાસ્ત્રાર્થનો ઉદ્બોધ થાય છે. આચાર્યનો ઉપદેશ યથાર્થ સમજવાને તેની પ્રત્યે ઈશ્વરના જેવી ભક્તિ થવી આવશ્યક છે. પણ આમાંથી એમ અનુમાન કરવું કે જે સમર્પણ ભગવાનને કરવાનું ઉપદેશ્યું છે, તે આચાર્યને કરવું, એ ખરેખર હાસ્યાસ્પદ છે. અહીં શંકાને જરા પણ સ્થાન નથી. માટે સંપ્રદાયમાં જે સમર્પણનો વિચાર કરેલો છે, તે માત્ર પુરુષોત્તમ-કૃષ્ણનેજ ઉદ્દેશીને છે, અને તે સમર્પણ માત્ર શ્રીમદ્વલ્લભાચાર્યદ્વારાજ થઇ શકે. બ્રહ્મસંબન્ધ સમયે તેઓશ્રીનું સાન્નિધ્ય મનાય છે. તેમના

વંશ્યો સર્વ 'गुरुद्वार' મનાય છે. આ ગ્રન્થમાં ઉપદેશેલા બ્રહ્મસંબન્ધનો અર્થ એટલોજ છે કે શ્રીમદાચાર્યચરણ અથવા તેમના વંશ્યની દ્વારા ભગવત્સન્નિધિમાં સંકલ્પ કરવો કે ભગવાન્ શ્રીકૃષ્ણને अहं અને मम શબ્દોથી સૂચવાતા સર્વનું નિવેદન કરવામાં આવે છે, અને નિવેદન કરનાર ભગવાનનો દાસ છે.

'બ્રહ્મસંબન્ધ' એ શ્રીમદાચાર્યચરણ અથવા એમના કોઈ પ્રતિનિધિ સાથે નહી પણ પરાત્પર પુરુષોત્તમ શ્રીકૃષ્ણની સાથેજ થાય છે એમ સમ્યક્ સમજ્યા પછી, જે મન્ત્રથી આચાર્યશ્રી વા તેમના પ્રતિનિધિ દ્વારા શ્રીકૃષ્ણની સાથે સંબન્ધ થાય છે એ ગદ્યાર્થનું રહસ્ય સમજવું જોઇએ. આ ગ્રન્થ પ્રમાણે તો શ્રાવણ માસની શુક્લ પક્ષની એકાદશીની મધ્યરાત્રિએ શ્રીકૃષ્ણે સ્વયં પ્રકટ થઇને આચાર્યશ્રીને આ મન્ત્ર જણાવ્યો હતો, અને શ્રીદામોદરદાસ પહેલા સેવક થયા હતા. નિવેદન કરવાથી થતા ફલને વર્ણવતા આ ગ્રન્થના શ્લોકો શ્રીકૃષ્ણે સ્વયં શ્રીમુખેથી કહ્યા હતા તે છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીની પ્રવૃત્તિ બહુ પ્રકારની હતી. તેમના પૂર્વજો અને તેઓ પોતે દીક્ષિત હતા. તેઓ હંમેશાં અગ્નિહોત્ર કરતા. સુબોધિનીમાં પોતાને 'શ્રીવલ્લભદીક્ષિત' કહે છે. કુમારિલનો પૂર્વમીમાંસામત તેમને સંમત નહોતો. તેનો શુદ્ધ અર્થ દર્શાવવા માટે તેમણે જૈમિનિનાં સૂત્રો ઉપર ભાષ્ય લખ્યું છે. તેથી તેમનું એક નામ 'કર્મમાર્ગપ્રવર્તક' છે. તેવી જ રીતે બ્રહ્મવાદનું તાત્પર્ય ઉપદેશવા માટે શ્રીબાદરાયણનાં સૂત્રો ઉપર પણ એક [1]ભાષ્ય લખ્યું છે. ભક્તિશાસ્ત્ર યથાર્થ સમજાવવાને તેમણે શ્રીમદ્ભાગવત ઉપર 'સુબોધિની' નામક ટીકા લખી છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીના મત પ્રમાણે જેમણે આત્મનિવેદન કર્યું છે તેમને અંશી કૃષ્ણના અંશ માનવામાં આવે છે. આ કૃષ્ણ તૈત્તિરીયોપનિષદ્માં વર્ણવેલા 'રસાત્મક આનન્દમય પુરુષોત્તમ' છે. પૂર્ણપુરુષોત્તમનું 'આનન્દ અને 'રસ' શબ્દોથી વર્ણવાતું આ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ છે, અને તે પ્રાપ્ત કરવાનો માર્ગ 'નિરુપધિ પ્રેમ' જ છે. આ રસાત્મક આનન્દમય કૃષ્ણથી વિખુટા પડેલા જીવે વિરહક્લેશનો અનુભવ કરવો એજ ખરેખર ઉચ્ચતમ પ્રકારનો આનન્દ છે. રસાત્મક આનન્દમય કૃષ્ણ પ્રત્યે જ્યારે નિરુપધિ અને નિરવધિ પ્રેમ થાય ત્યારે જ આ આનન્દાનુભવ થઇ શકે. ગદ્યમન્ત્રનું 'सहस्रपरिवत्सरमितकालजातकृष्णवियोगजनिततापक्लेशानन्दतिरोभावोऽहम्' એ પદ પણ આજ ઉપદેશ કરે છે. 'भगवते कृष्णाय' એ શબ્દો જેને સર્વસ્વ અર્પણ કરવાનું છે તે ભગવાનનું વર્ણન કરે છે. આ બે શબ્દોથી લીલાવિશિષ્ટ રસાત્મક આનન્દ મય કૃષ્ણનું સૂચન થાય છે. 'देह–प्राण–इन्द्रिय–अन्तःकरण' અને 'तद्धर्म' એ શબ્દો 'अहं' પદમાં સમાયલા વિષયોનું સમર્પણ સૂચવે છે. दारा, आगार, पुत्र, आप्त, वित्त, इह' અને 'अपर' એ શબ્દો, मम' પદમાં સમાયલા વિષયો સૂચવે છે. 'अहम्' 'मम' અને તેના વિષયો

---

1 આ ભાષ્યને "अणुभाष्य" કહે છે તેનું ગુજરાતી ભાષાન્તર પ્રો. જે. ગો. શાહ M. A. તરફથી પ્રકટ થયું છે. તે પુસ્તક અમારે ત્યાં મળે છે.

મુખ્ય વસ્તુ 'आत्मन्'ની સાથે ભગવાનને અર્પણ કરાય છે. આ સમર્પણને પરિણામે જીવ ભગવાનનો દાસ બને છે. રસાત્મક કૃષ્ણના સ્વરૂપ સમક્ષ શ્રીમદાચાર્યજી અથવા તેમના પ્રતિનિધિ શરણાગતને આવી પ્રતિજ્ઞા લેવડાવે છે. આ પ્રતિજ્ઞાની સિદ્ધયર્થે બ્રહ્મસંબન્ધ કરેલા જીવે સેવામાર્ગને અનુસરવું જોઇએ. સેવા પણ પ્રેમપૂર્વક હોવી જોઇએ. તેથી 'પ્રેમપૂર્વક કૃષ્ણસેવા' એ જ પ્રતિજ્ઞા છે.

આ પ્રતિજ્ઞા કેવી રીતે સિદ્ધ થઈ શકે એ 'સિદ્ધાન્તરહસ્ય' ના સાત કે આઠ શ્લોકોમાં સમજાવ્યું છે. તેથી આ કારિકાઓનું શું રહસ્ય છે તે આપણે જોઈએ. શ્રીકૃષ્ણે સ્વયં આચાર્યશ્રીને જણાવેલી પ્રતિજ્ઞા તે ગદ્ય છે. આ કંઈ ભાગવતમાં અજ્ઞાત નથી. ભાગવતના એકાદશ સ્કન્ધમાં સમર્પણનો ગર્ભિત તથા સ્પષ્ટ રૂપે ઉપદેશ છે, પણ 'शतशोपि विचारितं जीवबुद्धया अन्यथा भवति' એ પ્રમાણવાક્યાનુસાર શ્રીમદાચાર્યજીએ એકદમ નિર્ણય નહોતો કર્યો. પણ જ્યારે શ્રીકૃષ્ણેજ તેમને જણાવ્યું ત્યારે ભગવાને જ આ પ્રકારનો અંગીકાર કર્યો છે એમ માન્યું, અને ત્યાર પછી તેમણે પોતાના સેવકને આ પ્રતિજ્ઞાનો બોધ કર્યો.

શ્રીમદ્વલ્લભાચાર્યજીની પછી પ્રભાવશાલી અને વિદ્વાન્ વંશ્યો થવાથી એવી પ્રણાલિકા બંધાઇ ગઇ કે સંપ્રદાયમાં સમર્પણની પ્રતિજ્ઞા માત્ર શ્રીમદાચાર્યજીના જ નામથી તદ્વંશ્ય દ્વારાજ થઈ શકે. પૂર્ણ પુરુષોત્તમને માટે भगवते અને कृष्णाय એ પદદ્વયના પ્રયોગથી વેદવેદાન્તમાં વર્ણવેલા ભગવાનના સ્વરૂપનું સૂચન થઈ જાય છે. તેવીજ રીતે 'दास' પદના પ્રયોગથી જીવનુ અંશત્વ અને તેના બધા અર્થ સૂચવાય છે.

આ રતિપથમાં રહેવું એ તલવારની ધાર પર ચાલવા સમાન છે. જે લોકો તેમ ન કરી શકે, તેમણે માત્ર કૃષ્ણ ભગવાનને સર્વસ્વ સમર્પીને સ્વામિસેવકભાવથી ભગવાનની અનન્ય ભાવે સેવા કરવી. ભગવાનની આજ્ઞાથી 'પંચાક્ષર, અષ્ટાક્ષર, ગદ્ય અને સિદ્ધાન્તરહસ્ય'થી શ્રીમદાચાર્યચરણે કરેલા ઉપદેશનો આ સારાંશ માત્ર છે.

धर्ममार्ग परित्यज्य छलेनाधर्मवर्तिनः। पतन्ति नरके घोरे पाषण्डमतवर्तनात् ॥ १ ॥
प्रसीदतु मयि श्रीमत्कृष्णप्राणप्रियोत्सवः। येन भाति जगत्सत्यं विना येन न तत्तथा ॥२॥

श्रीकृष्णार्पणमस्तु।

—:०:—

બ્રહ્મસંબંધ

એટલે બ્રહ્મ-સંબંધ એ બે શબ્દો છે, તેથી એવું સમજવું કે બ્રહ્મ-પ્રભુ-ભગવાન્, તેની સાથેનો સમ્બન્ધ બાંધવો તે. એટલે કે સર્વમાં ભગવાનનો સ્વામી તરીકેનો સંબંધ બાંધવો તે, ભગવાનની આજ્ઞાથી શ્રી મહાપ્રભુજીએ જીવનો સીધો સમ્બન્ધ પ્રભુ સાથે બ્રહ્મસમ્બન્ધદ્વારા કરી આપ્યો. તેથી હું પોતે તથા મારૂં પોતાનું જે કહેવાતું હોય તે બધું મારૂં માનેલું, મારૂં સ્વીકારેલું, મારૂં મેળવેલું, મારૂં ઉત્પન્ન કરેલું મારા સમ્બન્ધવાળું અર્થાત્ જગત્માં-સંસારમાં જ્યાં જ્યાં મારો પોતાનો સમ્બન્ધ હોય તે તમામ વસ્તુ પ્રભુને ગુરુદ્વારા-ગુરૂને સાક્ષી રાખી અર્પણ કરવી તે અર્થાત્ તે દરેક વસ્તુ ઉપરથી મારી પોતાની અહં-મમની ભાવના ઉઠાવી લેઇ પ્રભુને સોંપી દેવી અને પછી માત્ર મારે તો હે કૃષ્ણ હું તારોજ છું. એમ સમ્યક્ પ્રકારે માનવું ને તદનુસાર વર્તન કરવું તેનું નામજ બ્રહ્મસમ્બન્ધ અને એ પ્રમાણે વાણીથી નહિ પણ વર્તનમાં મૂકાય તો જ બ્રહ્મ-પ્રભુની સાથેનો સમ્બન્ધ સિદ્ધ થયો છે એમ માનવું.

[1]બ્રહ્મસંબંધ

સાઠી ચારસો વર્ષથી આપણે વૈષ્ણવો બ્રહ્મસંબંધ નામનો સંસ્કાર કરીએ છીએ અને ત્યારથીજ તે સંસ્કાર સાથે શ્રીમહાપ્રભુજીનું પુણ્યશ્લોક નામ જોડાયું છે. સર્વજીવોનો ઉદ્ધાર કરવાનું કાર્ય એ શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું પ્રયોજન છે. આ પ્રયોજન શી રીતે સિદ્ધ થાય એ વિચારણા શ્રીમદાચાર્યચરણને પ્રાપ્ત થઇ અને તે જ સમયે ભગવાને પ્રકટ થઈ તેઓ-શ્રીને ઉપદેશ કર્યો કે બ્રહ્મસંબંધથી જ સર્વ જીવોનો ઉદ્ધાર થઈ શકે એમ છે. આ અમૂલ્ય ઉપદેશ શ્રાવણ શુકલ એકાદશીને દિવસે આપવામાં આવ્યો છે એમ સામ્પ્રદાયિક ગ્રન્થો કહે છે, અને તેથી જ તે પુણ્ય દિવસ સમ્પ્રદાયના પવિત્ર ઉત્સવોમાં અગ્ર સ્થાન ભોગવે છે. આ જ બ્રહ્મસંબંધનું સ્વરૂપ, પ્રયોજન, ફલ વગેરે વિષયોની ચર્ચા અહીં કરવાની છે.

બ્રહ્મસંબંધનો સામાન્ય અર્થ એ થાય છે કે જીવાત્માનો બ્રહ્મ-પરમાત્મા-સાથે સંબંધ-આ સંબંધના સ્વરૂપની કલ્પના ગદ્યમન્ત્ર ઉપરથી અને સિદ્ધાંતરહસ્યમાં આવેલા બ્રહ્મસંબંધ શબ્દના સર્વ ટીકાકારોએ આપેલા અર્થ ઉપરથી થઈ શકે છે. ગદ્યમંત્ર ઉપરથી સ્પષ્ટ સમ-

૧ આ લેખનાં છૂટાં પાનાં એક વૈષ્ણવ તરફથી છાપવા માટે અમને મળેલાં છે તેમાં લેખકનું નામ નથી તેથી અમે નામ આપ્યું નથી.

જાય છે કે જીવાત્માનો ભગવાન્ કૃષ્ણની સાથે દાસ, સેવક તરીકેનો સંબંધ બંધાય છે. અને તે સંબંધ બરાબર સિદ્ધ કરવાને માટે તે જીવાત્મા પોતાની જાતનું. પોતાના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણનું અને તે બધાના ધર્મોનું અને સ્ત્રી, પુત્ર, ધન, ઘર વગેરે વસ્તુઓનું ભગવાન્ શ્રીકૃષ્ણને સમર્પણ કરે છે. તે જીવાત્માનું વ્યુચ્ચરણ હજારો વર્ષથી થયું ' છે અને તેથી તેનો ભગવાન્‌થી વિયોગ પણ એટલા જ વર્ષોથી થયો છે, પણ જેનામાં ભગવાનને માટે ખરેખરો પ્રેમ હોય છે તેને આ વિયોગનું દુઃખ થાય છે. આ તાપકલેશને પણ એક જાતનો આનંદ માનવામાં આવે છે. આ તાપકલેશાત્મક આનંદનો પેલા બ્રહ્મસંબંધ કરવા તૈયાર થએલા જીવમાં તિરોભાવ હોય છે. આટલી કલ્પના ગદ્યમંત્ર ઉપરથી થાય છે. હવે આપણે સિદ્ધાંત રહસ્યના ટીકાકારોનો અભિપ્રાય વિચારીએ. શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કેઃ–બ્રહ્મસંબંધ એટલે શુદ્ધપુષ્ટિમાર્ગના આચાર્યદ્વારા આત્માનું અને અહંમમશબ્દવાચ્ય વસ્તુઓનું ભગવાનને નિવેદન, શ્રીરઘુનાથજી લખે છે કે, બ્રહ્મમાં બૃહત્ત્વનો ભાવ છે, તેથી બ્રહ્મ એટલે પુરુષોત્તમ; તેમની સાથે દેહ અને આત્માના નિવેદનરૂપી જે સંબંધ તે જ બ્રહ્મસંબંધ–બીજા બધા ટીકાકારો પણ આજ ભાવ જુદા જુદા શબ્દોમાં દર્શાવે છે. આ ઉપરથી આપણને સ્પષ્ટ સમજાય છે કે બ્રહ્મસંબંધ એટલે આપણે શ્રીકૃષ્ણના દાસ થઈને રહેવું અને તેમને આપણી સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું. અર્થાત્ બ્રહ્મસંબંધ એટલે સર્વવસ્તુસમર્પણપૂર્વક સેવ્યસેવકભાવનો અંગીકાર.

ભગવદિચ્છાથી જીવાત્મામાં આનન્દાંશનો તિરોભાવ થાય છે. આ તિરોભાવ થયા પછી જીવ પોતાનું સ્વરૂપ અને પરમાત્માની સાથેનો સંબંધ ભૂલી જાય છે. સર્વ વસ્તુ બ્રહ્મની છે એ ભાવનાનું વિસ્મરણ થાય છે, અને તે સર્વ વસ્તુમાં અહંતા અને મમતાના ભાવનું આરોપણ કરે છે. અહંતામાં 'અહમ્' 'હું' શબ્દની ભાવના હોય છે. આ હું શબ્દ દેહ, ઇન્દ્રિય, પ્રાણ અને અન્તઃકરણના સંબંધમાં વાપરવામાં આવે છે. તેથી દેહ, ઇન્દ્રિય વગેરે પદાર્થો અહંપદવાચ્ય કહેવાય છે. મમતામાં 'મમ' "મારૂં"નો ભાવ હોય છે. આ વસ્તુ મારી છે. અમુક પદાર્થ મારો છે, આવા પ્રયોગોમાં આપણી મમતા સ્પષ્ટ જણાઈ આવે છે. મમતાના વિષયો ઘણા હોય છે. તેમાંના મુખ્ય સ્ત્રી, પુત્ર, ધન, ઘર વગેરે છે. બ્રહ્મસંબંધમાં અહંતા અને મમતાનો ભગવાન્‌માં વિનિયોગ કરી જીવાત્માએ ભગવાનના દાસ થઇને રહેવાનું છે. પદાર્થોમાંથી અહંતા મમતાને દૂર કરવાને માટે જે જે પદાર્થોમાં અહંતા અને મમતા હોય તે તે પદાર્થો ભગવાનને સમર્પી દેવા અને વિજ્ઞપ્તિ કરવી કે, હે ભગવાન્ આ સર્વ પદાર્થોના અધિપતિ આપ છો. અજ્ઞાનથી મેં તે પદાર્થો ઉપર અહંતા મમતાનું આરોપણ કર્યું હતું. હવે હું તમારો દાસ છું, હવેથી હું તમારોજ થઇને રહીશ. આ ભક્તિમાર્ગીય વિજ્ઞપ્તિ તે જ બ્રહ્મસંબંધ સંસ્કાર.

હવે કોઇને એમ શંકા થાય કે જીવાત્માએ ભગવાન્ શ્રીકૃષ્ણને જ શરણે કેમ જવું? બીજા કોઇ પદાર્થને શરણે કેમ ન જવું? આ શંકાનું સમાધાન અતિ સરલ છે. જીવ

એ બ્રહ્મમાંથી અગ્નિમાંથી તણખા નીકળે એમ નીકળે છે, અર્થાત્ જીવ એ બ્રહ્મનો અંશ છે અને બ્રહ્મ પોતે અંશિ છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાન્ આજ્ઞા કરે છે કે ममैवांशो जीवलोके જીવલોકમાં મારો જ અંશ છે. બાદરાયણ મહર્ષિ પણ પોતાના વેદાન્તસૂત્રમાં अंशो नानाव्य-पदेशात् એ સૂત્રમાં જીવ એ બ્રહ્મનો અંશ છે એમ સિદ્ધ કરે છે. અંશે અંશિનું જ ભજન કરવું જોઇએ એમ શ્રુતિનો[1] ઉપદેશ છે. આથી જીવ ભગવાનને જ શરણે જાય છે અને તેની સેવા કરે છે તે સર્વથા યોગ્ય છે; એમાં કોઇ પણ પ્રકારના સંદેહને સ્થાન નથી.

ઉપર આપણે જોઈ ગયા કે અહંતા અને મમતાનાં સર્વ વિષયો ભગવાનને સમર્પીને દાસભાવે ભગવાનને શરણે રહેવાની પ્રતિજ્ઞાનું નામ જ બ્રહ્મસંબંધ. હવે આ બ્રહ્મસંબંધના પ્રયોજનનો વિચાર કરીએ. વિશ્વમાં એવો એક પણ પદાર્થ નથી કે જેનું પ્રયોજન ન હોય–ભલે પછી તે પ્રયોજન ઇષ્ટ હોય કે અનિષ્ટ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં આપણે વાંચીએ છીએ કે निर्दोषं हि समं ब्रह्म–બ્રહ્મ નિર્દોષ છે, સમ છે. ઈત્યાદિ. ઉપનિષદોમાં પણ અનેક સ્થલે બ્રહ્મની નિર્દોષતા સ્પષ્ટ માલમ પડે છે. નિર્દોષ પદાર્થ પાસેની વસ્તુઓ પણ નિર્દોષ જ હોય છે. તે પદાર્થની આજુબાજુનું વાતાવરણ પણ દોષરહિત જ જોવામાં આવે છે. આથી નિર્દોષબ્રહ્મની પાસે જનાર મનુષ્ય નિર્દોષ જ હોવો જોઇએ, અને જો તેનામાં કોઈપણ પ્રકારના દોષ હોય તો તે દોષોને દૂર કરીને જ બ્રહ્મ સમીપ તે જઇ શકે છે. જીવ ભગવદિચ્છાથી સ્વભાવથી જ સદોષ બને છે. તે જીવ માટે એક જ માર્ગ ખુલ્લો હોય છે અને તે એ કે ભગવાનને શરણે જઇ તેણે સેવા કરવી. આ માર્ગ વિના બીજો કોઇ પણ માર્ગ મનુષ્યમાત્રને માટે જગતમાં છે જ નહિ, એટલે સર્વેએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી, દેવ, અસુર, યક્ષ વગેરેએ–ભગવાનને શરણે જઇ સેવા કરવાની જ રહી.

શરણ અને સેવા એ શી રીતે સિદ્ધ થાય? સ્વભાવથી જ દુષ્ટ જીવ નિર્દોષ પ્રભુની સેવા કેવી રીતે કરી શકે? જીવની પાસે એક પણ એવી સત્તા છે કે જેથી પોતાનામાં દોષ છે છતાં પણ ભગવાનની સેવા તે કરી શકે? આ અને આવા અનેક પ્રશ્નો આપણને સ્વાભાવિક રીતે થાય છે. આ શંકાનું સમાધાન બીજા કોઇ આચાર્યથી થઇ શકતું નથી, માત્ર શ્રીવલ્લભાચાર્યજીએ જ ભગવદાજ્ઞાને અનુસરીને આપણને ઉત્તમ પ્રકારનું સમાધાન આપ્યું છે અને તે સમાધાન બ્રહ્મસંબંધ સંસ્કાર જ છે. બ્રહ્મસંબંધ સંસ્કારથી જીવ અને તેના સર્વ પદાર્થો નિર્દુષ્ટ બની ભગવત્સેવાને અર્થે બ્રહ્મસમ બને છે. જ્યાં સુધી બ્રહ્મસંબંધ કરવામાં નથી આવતો ત્યાં સુધી જીવ નિર્દોષ અને નિશ્ચિન્ત બનતો નથી અને તેથી કરીને તેને પ્રભુસેવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. જેમ ત્રણ વર્ણના મનુષ્યો ઉપનયન સંસ્કારથી શુદ્ધ બની ગાયત્રી મંત્ર, વેદાધ્યયન, સંધ્યા વગેરે વૈદિક કર્મોનો અધિકાર પ્રાપ્ત કરે છે તેમ માત્ર ત્રણ વર્ણના મનુષ્ય જ નહિ, પણ વિશ્વમાં જેટલા પ્રકારના મનુષ્યો અને પદાર્થો છે તે સર્વની શુદ્ધિ

१ यो यदंशः स तं भजेत ।

બ્રહ્મસંબંધથી જ થાય છે અને ત્યાર પછી જ ભગવત્સેવાના અધિકારી બને છે. ઉપનયન સંસ્કાર પહેલાં બાલક ગમે તે ખાય છે, ગમે તેમ વર્તે છે, અને અનેક રીતે અશુદ્ધ બને છે છતાં પણઉપનયન સંસ્કારથી તે સર્વ અશુદ્ધિ દૂર થઇ જાય છે અને તે બાલકને વૈદિક કર્મોનો અને મોક્ષફલક વેદાધ્યયનનો અધિકાર મળે છે. જગતમાં પણ આપણે જોઈએ છીએ કે ઉપનયન પહેલાં બ્રાહ્મણનો બાલક પણ પોતાના વણિક્ પાડોશીને ત્યાં જમે છે અને તે બાલકનાં માતા પિતાને જયારે આ વિષયમાં પ્રશ્ન કરવામાં આવે છે ત્યારે તેઓ વિના સંકોચે કહે છે કે હમણાં તેને જેમ કરવું હોય તેમ કરવા દો, ઉપનયન સંસ્કાર થશે ત્યારે આ બધું બળી જશે. ધર્મશાસ્ત્ર અને લોકની ભાવનાની એકતાનો આ સુંદર દૃષ્ટાંત છે. આવી જ રીતે દોષમાંથી મુક્ત થઈ, શુદ્ધતા પ્રાપ્ત કરી, ભગવાનને શરણે જઇ તેમની સેવા કરવાનો અધિકાર બ્રહ્મસંબંધ નામના સંસ્કારથી જ મળે છે, અન્યથા નહિ, ઉપનયન વગેરે વૈદિક સંસ્કારો ધર્મશાસ્ત્રમાં દર્શાવેલાં પ્રાયશ્ચિતો અને મનુષ્યમાત્રનો ઉદ્ધાર કરનાર બ્રહ્મસંબંધ સંસ્કાર મનુષ્યને શુદ્ધ બનાવે છે. શુદ્ધિની આવશ્યકતા એટલા સારુ જ કે શુદ્ધિ વિના જે કાર્ય કરવામાં આવે છે તે કાર્ય નિષ્ફલ નીવડે છે. આ સર્વ ઉપરથી બ્રહ્મસંબંધની આવશ્યકતા અને તેનું પ્રયોજન સ્પષ્ટ માલમ પડે છે. ઉપનયનાદિ સંસ્કારથી ત્રણ વર્ણની જ શુદ્ધિ થાય છે અને બ્રહ્મસંબંધથી સર્વ મનુષ્યોની અને સર્વ પદાર્થની શુદ્ધિ થાય છે. આથી બ્રહ્મસંબંધની શ્રેષ્ઠતા સ્વીકારવામાં આવે છે. અમુક પ્રાયશ્ચિત્ત કરવાથી અમુક પ્રકારનો જ દોષ દૂર થાય છે અને જેટલા જેટલા દોષો થયા હોય તેટલા સર્વ દોષોને માટે જૂદાં જૂદાં પ્રાયશ્ચિત્તો કરવામાં આવે છે. બ્રહ્મસંબંધથી તો એક જ વખતે દેહના અને જીવના સર્વ દોષ અને પાપનો નાશ થાય છે. એટલે પ્રાયશ્ચિત્તના કરતાં પણ બ્રહ્મસંબંધની ઉત્કૃષ્ટતા સ્પષ્ટ જણાય છે.

બ્રહ્મસંબંધમાં જીવાત્મા અને તેની સાથે સંબંધ ધરાવતા સર્વ પદાર્થોનું ભગવાનને નિવેદન થાય છે, આત્માના સમર્પણ સમયે આત્માની સાથે કોઇ પણ પ્રકારે સંબંધ ધરાવતી વસ્તુઓનું પણ સમર્પણ થઇ જ જાય છે. એટલે આત્માનો, અહંતાના વિષયોનો અને મમતાના વિષયોનો વિનિયોગ ભગવત્સેવામાં જ થાય છે. આથી જ શ્રીમહાપ્રભુજીએ અહંતા દૂર કરવાને તનુજા સેવાનો, મમતા દૂર કરવાને વિત્તજા સેવાનો અને આત્માને માટે સર્વથી ઉત્તર માનસી સેવાનો ઉપદેશ કર્યો છે. તનુજા સેવામાં માત્ર દેહનો નહિ, પણ ઇન્દ્રિય, અન્તઃકરણ વગેરેનો પણ સમાવેશ થાય છે. વિત્તજા સેવામાં દ્રવ્ય ઉપરાંત સ્ત્રી, પુત્ર, પશુ વગેરે સંપત્તિનો અંતર્ભાવ સહજ રીતે થઈ શકે છે,

જીવાત્માનો અને તેની અહંતા અને મમતાના વિષયભૂત પદાર્થોનો જ્યારે બ્રહ્મ સાથે સમર્પણરૂપે સંબંધ થાય છે ત્યારે તેમના સર્વ દોષો જતા રહે છે અને બ્રહ્મની માફક નિર્દુષ્ટ રહે છે. તેજોમય બ્રહ્મની સાથે જેવો સંબંધ થાય છે કે તરત જ તેજપમાં નાખેલા સુવર્ણની માફક જીવાત્મા અને અન્ય પદાર્થો તેજોમય જ બને છે અને નિર્દોષતા પ્રાપ્ત કરે છે. આથી

મનુષ્યમાત્રને દોષરહિત કરી પવિત્ર બનાવવાની બ્રહ્મસંબંધના સામર્થ્ય વિષે કોઇને પણ અસંભાવના થશે નહિ, અને બ્રહ્મસંબંધથી જ સર્વ દોષોની નિવૃત્તિ થાય છે એ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા દરેકની બુદ્ધિમાં ઉતરશે.

આ બ્રહ્મસંબંધનો અધિકાર માત્ર ત્રણ જ વર્ણનો છે એમ નથી પરંતુ સર્વનો છે. મર્યાદા માર્ગમાં તો ત્રણ જ વર્ણનો અધિકાર હોય છે અને તેથી સ્ત્રીઓ અને શૂદ્રોનું સ્વતંત્ર રીતે તેમાં સ્થાન હોતું નથી. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય પૂર્વે આ મર્યાદામાર્ગની રીત સર્વત્ર પ્રચલિત હતી, અને તેથી સ્ત્રીએ અને શૂદ્રે પોતાના પતિદ્વારા પોતાનો ઉત્કર્ષ સાધવાનો હતો. પણ આ સમયમાં ત્રણ વર્ણના મનુષ્યોની એવી સ્થિતિ હતી કે તેઓ પોતાનો જ ઉદ્ધાર કરી શકે એમ ન હતા, તો પછી તેમના ઉપર આધાર રાખનાર શૂદ્રો અને સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા તેઓ કેવી રીતે થઇ શકે ? કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ઉપાસનામાર્ગ, ભક્તિમાર્ગ વગેરે પરમાત્માને મેળવવાના માર્ગો તે સમયે હતા, પણ તે સમયના મનુષ્યોની સ્થિતિ એવી હતી કે બધા માર્ગોમાંથી એક પણ માર્ગને બરોબર રીતે તેઓ અનુસરી શકે નહિ. સમય અને સ્થલ પણ ઘણાં પ્રતિકૂલ હતાં. આવી વિષમ સ્થિતિમાં ત્રૈવર્ણિકને પોતાનો ઉદ્ધાર કોઈ પણ રીતે થવાનો નથી એમ જાણી ખેદ થાય એ સ્વાભાવિક છે.

ઉપાસનાના ઉપયોગમાં આવતા મંત્રોના અધિષ્ઠાતા દેવો પણ જાણે તિરોહિત ન થઈ ગયા હોય એમ મંત્રોની બીલકુલ અસર થતી ન હતી. યોગમાર્ગ વગેરે સાધનો પણ સર્વથા છિન્નભિન્ન જ થઈ ગયાં હતાં. આવી સ્થિતિમાં મનુષ્યો બીચારા શું કરે ? આ દયાજનક સ્થિતિ જોઇને કયા સત્પુરુષને દયા ન આવે ? ભગવાનને આ વસ્તુસ્થિતિ જોઇને પોતાના મુખરૂપ શ્રીમહાપ્રભુજીને ભૂતલ ઉપર પ્રકટ કર્યા અને શ્રાવણ શુકલ એકાદશીની રાત્રિએ સર્વનો ઉદ્ધાર કરવાને સમર્થ એવા બ્રહ્મસંબંધની આજ્ઞા આપી અને કહ્યું કે બ્રહ્મસંબંધથી જ મનુષ્યમાત્રનો, અરે, સર્વ જીવોનો, ઉદ્ધાર થઈ શકશે. શ્રીમહાપ્રભુજીએ આ સંસ્કારનો પ્રચાર કરી અસંખ્ય મનુષ્યોનો ઉદ્ધાર કર્યો. તેમાં યવનો, શૂદ્રો, અને અતિશૂદ્રોનો પણ પણ ઉદ્ધાર થઈ ગયો છે એમ સામ્પ્રદાયિક ઇતિહાસ સાક્ષી પૂરે છે. બ્રહ્મસંબંધની આવી સર્વવ્યાપકતા અને સર્વોપયોગિતા દરેકને આશ્ચર્યચકિત કરી નાખે છે. જેમ બાઇબલમાં ક્રાઇસ્ટને માટે Saviour of man—મનુષ્યના ઉદ્ધારક—કહેવામાં આવે છે, જેમ શ્રીમદ્ભાગવતમાં ભગવાનને માટે सर्वोद्धारप्रयत्नात्मा कृष्णः प्रादुर्बभूव हि—સર્વનો ઉદ્ધાર કરવાના પ્રયત્નવાળા શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો—એમ કહેવામાં આવે છે તેમ શ્રીમહાપ્રભુજીને માટે પણ આપણે વિના સંકોચે કહી શકીએ કે આપશ્રી સર્વના ઉદ્ધારક છે, અને આથી જ બ્રહ્મસંબંધના સર્વ અધિકારી છે અને આજ ભાવનાથી ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः એ ઉપદેશવચનમાં सर्वेषाम् એ પદ મૂકી બ્રહ્મસંબંધની વ્યાપકતા સ્પષ્ટપણે દર્શાવી છે.

સર્વ વસ્તુનું ભગવાનને નિવેદન કરવા રૂપી બ્રહ્મસંબંધના સ્વરૂપનો, સર્વ દોષનું નિવારણ

 બ્રહ્મસંબંધના સામર્થ્ય વિષે કોઇને પણ
મનુષ્યમાત્રને દોષરહિત કરી પવિત્ર બનાવવાની
અસંભાવના થશે નહિ, અને બ્રહ્મસંબંધથી જ સર્વ દોષોની નિવૃત્તિ થાય છે એ શ્રીમહાપ્ર-
ભુજીની આજ્ઞા દરેકની બુદ્ધિમાં ઉતરશે.

આ બ્રહ્મસંબંધનો અધિકાર માત્ર ત્રણ જ વર્ણનો છે એમ નથી પરંતુ સર્વનો છે.
મર્યાદા માર્ગમાં તો ત્રણ જ વર્ણનો અધિકાર હોય છે અને તેથી સ્ત્રીઓ અને શૂદ્રોનું સ્વતંત્ર
રીતે તેમાં સ્થાન હોતું નથી. શ્રીમહાપ્રભુજીના પ્રાકટય પૂર્વે આ મર્યાદામાર્ગની રીત સર્વત્ર
પ્રચલિત હતી, અને તેથી સ્ત્રીએ અને શૂદ્રે પોતાના પતિદ્વારા પોતાનો ઉત્કર્ષ સાધવાનો હતો.
પણ આ સમયમાં ત્રણ વર્ણના મનુષ્યોની એવી સ્થિતિ હતી કે તેઓ પોતાનો જ ઉદ્ધાર કરી
શકે એમ ન હતા, તો પછી તેમના ઉપર આધાર રાખનાર શૂદ્રો અને સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા
તેઓ કેવી રીતે થઇ શકે? કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ઉપાસનામાર્ગ, ભક્તિમાર્ગ વગેરે પરમા-
ત્માને મેળવવાના માર્ગો તે સમયે હતા, પણ તે સમયના મનુષ્યોની સ્થિતિ એવી હતી કે
બધા માર્ગોમાંથી એક પણ માર્ગને બરોબર રીતે તેઓ અનુસરી શકે નહિ. સમય અને સ્થલ
પણ ઘણાં પ્રતિકૂલ હતાં. આવી વિષમ સ્થિતિમાં ત્રૈવર્ણિકને પોતાનો ઉદ્ધાર કોઈ પણ રીતે
થવાનો નથી એમ જાણી ખેદ થાય એ સ્વાભાવિક છે.

ઉપાસનાના ઉપયોગમાં આવતા મંત્રોના અધિષ્ઠાતા દેવો પણ જાણે તિરોહિત ન થઈ
ગયા હોય એમ મંત્રોની બીલકુલ અસર થતી ન હતી. યોગમાર્ગ વગેરે સાધનો પણ સર્વથા
છિન્નભિન્ન જ થઈ ગયાં હતાં. આવી સ્થિતિમાં મનુષ્યો બીચારા શું કરે? આ દયાજનક
સ્થિતિ જોઇને કયા સત્પુરુષને દયા ન આવે? ભગવાનને આ વસ્તુસ્થિતિ જોઇને પોતાના
મુખરૂપ શ્રીમહાપ્રભુજીને ભૂતલ ઉપર પ્રકટ કર્યા અને શ્રાવણ શુકલ એકાદશીની રાત્રિએ
સર્વનો ઉદ્ધાર કરવાને સમર્થ એવા બ્રહ્મસંબંધની આજ્ઞા આપી અને કહ્યું કે બ્રહ્મસંબંધથી
જ મનુષ્યમાત્રનો, અરે, સર્વ જીવોનો, ઉદ્ધાર થઈ શકશે. શ્રીમહાપ્રભુજીએ આ સંસ્કારનો
પ્રચાર કરી અસંખ્ય મનુષ્યોનો ઉદ્ધાર કર્યો. તેમાં યવનો, શૂદ્રો, અને અતિશૂદ્રોનો પણ
પણ ઉદ્ધાર થઈ ગયો છે એમ સામ્પ્રદાયિક ઇતિહાસ સાક્ષી પૂરે છે. બ્રહ્મસંબંધની આવી
સર્વવ્યાપકતા અને સર્વોપયોગિતા દરેકને આશ્ચર્યચકિત કરી નાખે છે. જેમ બાઇબલમાં
ક્રાઇસ્ટને માટે Saviour of man–મનુષ્યના ઉદ્ધારક–કહેવામાં આવે છે, જેમ શ્રીમદ્ભાગ-
વતમાં ભગવાનને માટે सर्वोद्धारप्रयत्नात्मा कृष्णः प्रादुर्बभूव हि–સર્વનો ઉદ્ધાર કરવાના પ્રયત્ન-
વાળા શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો–એમ કહેવામાં આવે છે તેમ શ્રીમહાપ્રભુજીને માટે પણ આપણે
વિના સંકોચે કહી શકીએ કે આપશ્રી સર્વના ઉદ્ધારક છે, અને આથી જ બ્રહ્મસંબંધના સર્વ
અધિકારી છે અને આજ ભાવનાથી ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः એ
ઉપદેશવચનમાં सर्वेषाम् એ પદ મૂકી બ્રહ્મસંબંધની વ્યાપકતા સ્પષ્ટપણે દર્શાવી છે.

સર્વ વસ્તુનું ભગવાનને નિવેદન કરવા રૂપી બ્રહ્મસંબંધના સ્વરૂપનો, સર્વ દોષનું નિવારણ

કરી નિશ્ચિન્તતા આપવા રૂપી તેના પ્રયોજનનો અને ભગવત્સેવાનો અધિકાર મળવારૂપી તેના ફલનો આપણે વિચાર કરી ગયા. હવે પ્રશ્ન એ થાય છે કે બ્રહ્મસંબંધ કર્યા પછી વૈષ્ણવના સદાચાર કેવા હોવા જોઈએ કે જેથી અમુક જીવને બ્રહ્મસંબંધ થયાનું પ્રસન્ન અનુમાન થઇ શકે ! આનું સ્પષ્ટીકરણ શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તરહસ્યમાં કર્યું છે. આપશ્રી ઉપદેશ કરે છે કે જેણે બ્રહ્મસંબંધ કર્યો છે તેણે અસમર્પિત વસ્તુનો સર્વથા ત્યાગ કરવો કારણ કે જે પદાર્થો ભગવાનને સમર્પવામાં નથી આવ્યા તે સદોષ હોય છે. પદાર્થોના દોષની નિવૃત્તિ ભગવાનને સમર્પણ કરવાથી જ થાય છે એમ અનેક રીતે આપણે ઉપર સિદ્ધ કરી ગયા છીએ. માટે જે પદાર્થ પ્રભુને સમર્પવામાં ન આવ્યો હોય તે પદાર્થમાં દોષો હોય છે. આ દુષ્ટ પદાર્થ સાથે બ્રહ્મસંબંધ લીધેલા માણસનો સંસર્ગ થાય એ ઈષ્ટ નથી કારણ કે દોષવાળા પદાર્થના સંસર્ગથી તે માણસ પણ પોતાની નિર્દોષતા ગુમાવી દોષવાળો બને છે અને સેવાનો અધિકાર ખોઈ બેસે છે. આ હેતુથી બ્રહ્મસંબંધ લેનારા માણસે પ્રથમ એ લક્ષમાં રાખવાનું કે જે વસ્તુનું નિવેદન કરવામાં નથી આવ્યું તે વસ્તુનો સંબંધ કોઇ પણ અંશે રાખવો નહિ. તેથી જ શુદ્ધ વૈષ્ણવો કોઈ પણ પદાર્થનો ઉપયોગ કરતા પહેલાં ભગવાનને નિવેદન કરે છે અને ત્યાર પછી જ તેને પોતાના કામમાં લે છે. અર્થાત્ અસમર્પિત વસ્તુનો સર્વથા ત્યાગ એ બ્રહ્મસંબંધવાળા વૈષ્ણવનો **પ્રથમ સદાચાર** છે.

બ્રહ્મસંબંધ લીધાં પછી વૈષ્ણવનો **બીજો સદાચાર** એ છે કે કોઈ પણ લૌકિક અથવા વૈદિક કાર્ય જો તેને કરવાનું પ્રાપ્ત થયું હોય તો પ્રથમ પ્રભુને નિવેદન કરીને જ તે કાર્યનો આરંભ કરવામાં આવે છે, અન્યથા નહિ. બ્રહ્મસંબંધ લીધેલા માણસોએ લૌકિક અને વૈદિક કર્મો કરવાં જ એવો ભાવ નથી પણ જો તે કર્મો કરવાનાં પ્રાપ્ત થાય તો પ્રથમ પ્રભુને નિવેદીને જ કરવાં. આમાં નિયમાત્મક પરિસંખ્યાનો ભાવ જ પ્રધાન છે. જો આ પ્રમાણે કરવામાં ન આવે તો જીવાત્માએ બ્રહ્મસંબંધથી મેળવેલી નિર્દોષતા જતી રહે છે અને ધર્મપતિત થાય છે. તાત્પર્ય એ કે જે કાર્ય કરવું હોય તે પ્રભુને નિવેદીને જ કરવું. આ બીજો સદાચાર.

ભગવાનને સર્વ પદાર્થોનું નિવેદન કરવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. સર્વ પદાર્થ એટલે ગમે તે પદાર્થ નહિ પણ જે પદાર્થનો ઉપયોગ કોઈએ કર્યો ન હોય અથવા તો જે પદાર્થનો વિનિયોગ કોઈ દેવ અથવા મનુષ્યમાં થયો ન હોય એવો પદાર્થ અર્થાત્ જો કોઇ પદાર્થનો કોઇ બાલકે અથવા કોઈ મનુષ્યે જ્ઞાન દશામાં કે અજ્ઞાનદશામાં ઉપભોગ કર્યો હોય તો તે પદાર્થ પ્રભુને સમર્પવો નહિ. ભગવાન સર્વના ઈશ છે, દેવોના પણ દેવ છે એટલે તેમને બીજા કોઈના ઉપયોગમાં આવેલી વસ્તુનું નિવેદન કરવામાં આવતું નથી. જેમ લોકમાં એવી સામાન્ય મર્યાદા છે કે શેઠ પોતાના નોકરોનું ઉચ્છિષ્ટ લેતો નથી, પતિ પોતાની સ્ત્રીનું ઉચ્છિષ્ટ જમતો નથી તેમ સર્વના અધિપતિ ભગવાન કોઇનું ઉચ્છિષ્ટ સ્વીકારતા નથી. માટે બ્રહ્મસંબંધ લીધા પછી વૈષ્ણવોએ બીજાએ—માણસે, દેવે કે ગમે તેણે—ભોગવેલી વસ્તુનું સમર્પણ પ્રભુને કરવું નહિ. આ એમનો **૩ જો સદાચાર.**

સમર્પણ કરીને વૈષ્ણવોએ ભગવાનના સેવક તરીકે રહેવાનું છે. ભગવાન્ જ પોતાના સેવ્ય છે અને પોતે એમના સેવક છે એ ભાવનાનું દૃઢ રીતે પરિપાલન કરવાનું છે. જગતમાં નોકરો શેઠને આજ્ઞાંકિત રહે છે અને જે કાર્યથી શેઠ પ્રસન્ન થાય તે કાર્ય તેઓ હર્ષથી કરે છે અને શેઠની કૃપા મેળવવાને ભાગ્યશાલી બને છે. આ પ્રમાણે જ વૈષ્ણવોએ પ્રભુના દાસ થઈને રહેવું અને જે કાર્યથી પ્રભુ પ્રસન્ન થતા હોય તે જ કાર્ય પ્રતિદિન કરવું. વળી શેઠના ઉપર જ સર્વ આધાર રાખવાથી જેમ નોકરને કોઈ પણ પ્રકારની ચિન્તા હોતી નથી તેમ ભગવાનને જ જેણે નિવેદન કર્યું છે તેને કોઈ પણ પ્રકારની ચિન્તા હોતી નથી. આ પ્રમાણે પોતાના દિવસો અને આયુષ્ય ગાળવામાં આવે તો ભગવત્કૃપાને માટે કોને સંદેહ રહે? અર્થાત્ તે વૈષ્ણવ ભગવાનના પ્રસાદનો અલભ્ય અનુભવ સુખેથી કરે છે. પ્રભુ જ સેવ્ય અને પોતે સેવક એ ભાવનું પરિપાલન એ વૈષ્ણવોનો ચોથો સદાચાર છે.

જેમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. જેમ ઋક્, યજુસ્, સામ અને અથર્વ એ ચાર વેદ છે તેમ અસમર્પિત વસ્તુનો ત્યાગ, સર્વ કાર્યમાં સર્વ વસ્તુનું, લૌકિક અને વૈદિકનું પણ–પ્રારંભમાં સમર્પણ, સામિભુક્તનું અસમર્પણ, અને સેવ્યસેવકભાવ આ ચાર વૈષ્ણવોના મુખ્ય સદાચારો છે. આ ચાર નિયત સદાચારોના પાલનથી બ્રહ્મસંબંધ સંસ્કારમાં કરવામાં આવેલી પ્રતિજ્ઞા દૃઢ થાય છે. અને કોઈ પણ પ્રકારના દોષનો પ્રતિબંધ નહિ આવવાથી જીવનપર્યંત નિરંતર સેવાનો અધિકાર ભોગવાય છે.

કોઇને શંકા થાય કે જ્યારે એક માણસ બ્રહ્મસંબંધ કરી સર્વ પદાર્થો ભગવાનને સમર્પે છે ત્યારે તે માણસના સ્ત્રી, પુત્ર, પુત્રી વગેરે કુટુંબના માણસોનું પણ નિવેદન થઈ જ જાય છે, તો પછી તે સ્ત્રી, પુત્ર, પુત્રી વગેરેને સ્વતંત્ર નિવેદન કરવાની કોઇપણ પ્રકારની આવશ્યકતા નથી અને તેથી તેમણે નિવેદન ન જ કરવું જોઈએ. આ શંકા સ્વાભાવિક છે, પણ તે સર્વથા સત્ય નથી; તેનું નિરાકરણ આ પ્રમાણે કરવામાં આવે છે. ઘરનો મોટો માણસ નિવેદન કરે છે એટલે તેના સંબંધીઓનું પણ નિવેદન થઇ જાય છે અને તે સંબંધીઓ ભગવદીય કહેવાય છે, કુટુંબના માણસો ભગવદીય થયા છે છતાં પણ એમનો દેહ, ઇન્દ્રિય, અંતઃકરણ વગેરેમાં જે અધ્યાસ છે તે નિવૃત્ત થએલો હોતો નથી અને તેથી કરીને તેમની બુદ્ધિ ભગવદીય થતી નથી. અને જ્યાં સુધી બુદ્ધિ ભગવદીય થાય નહિ ત્યાં સુધી એમનું નામનું નિવેદન નકામું જ છે, માટે દરેક માણસે પોતાનો અધ્યાસ દૂર કરી પોતાની બુદ્ધિને ભગવદીય બનાવવાને સારુ સ્વતંત્ર રીતે નિવેદન કરવું જોઈએ અને તેથી જ સમ્પ્રદાયમાં પૃથક્ પૃથક્ નિવેદન કરવામાં આવે છે, નિવેદન સર્વને માટે છે એમ આપણે ઉપર સિદ્ધ કરી ગયા છીએ અને તે ઉપરાંત એ જ ભાવનું સમર્થન સપ્તમસ્કંધમાં નારદજીએ યુધિષ્ઠિરને સંબોધીને કહેલાં વચનોમાં જોવામાં આવે છે, એક જ માણસના નિવેદનથી તે માણસના સંબંધીઓ ભગવદીય થઇ જાય એ વાદીનો મત એક ક્ષણ વાર આપણે સ્વીકારીએ તો પણ પૃથક નિવે-

દનમાં કોઇ પણ પ્રકારની હાનિ નથી. પણ વિશેષ લાભ છે. જેમ જગતમાં अधिकस्याधिकं फलम् એ ન્યાયનો પ્રચાર જોવામાં આવે છે તેમ અહીં પણ માનવાનું છે. કુટુંબના સંબંધીઓ ભગવદીય થયા હશે અને પાછું નિવેદન કરશે તો વધારે ભગવદીય થશે, એમાં શું જતું રહ્યું? જેમ અર્જુન પોતે વૈષ્ણવ હોવાથી પવિત્ર જ હતો છતાં પણ પોતાના પૌત્ર પરીક્ષિતની ભક્તિથી વધારે પવિત્ર થયો તેમ કોઈ માણસ ભગવદીય થયો હોય, છતાં પણ તે નિવેદન કરે તો તે વધારે ભગવદીય બને છે. અર્થાત પૃથક્ નિવેદનમાં લાભ જ છે માટે દરેકે પૃથક્ જ નિવેદન કરવું.

અન્ન આપનાર, ભયમાંથી રક્ષણ કરનાર, પત્નીનો પિતા, વિદ્યાનું દાન કરનાર અને જન્મ આપનાર એ પાંચ પિતા ગણાય છે એમ પુરાણનું વાક્ય[1] છે. આમાં વિદ્યાદાતાને પિતા તરીકે માનવામાં આવ્યા છે. પતિ અને પત્ની એ બન્ને એકજ ગુરુ પાસેથી ઉપદેશ લે તો તે ગુરુ તે દંપતિના પિતા થાય અને તેથી તે દંપતી વચ્ચે પરસ્પર પતિપત્નીનો ભાવ ન રહેતાં ભાઈ બહેનનો ભાવ રહેવો જોઇએ અને જો આ પ્રમાણે થાય તો જગત ઉત્સન્નજ થઈ જાય, માટે પતિ અને પત્નીએ એકજ ગુરુ પાસે ઉપદેશ ન લેતાં જુદા જુદા ગુરુઓ પાસે ઉપદેશ લેવો. આ પ્રકારની કોઇને શંકા થાય તો તે શંકા અયોગ્ય છે શ્લોકમાં પાંચને પિતા કહેવામાં આવ્યા છે તેનું તાત્પર્ય એટલુંજ કે એ બધા પિતાની માફક પૂજ્ય છે. તેથી અન્ન આપનાર, ભયમાંથી રક્ષણ કરનાર, પત્નીનો પિતા અને વિદ્યાદાતા પિતાની માફક પૂજ્ય છે. તેથી દંપતીને એકજ ગુરુનો ઉપદેશ લેવામાં ભાઈબહેન થઈ જવાનો પ્રસંગ આવતો નથી. તે બેએ ગુરુને પિતાના જેવા પૂજ્ય ગણવા એજ ભાવ છે. વળી એક સ્થલે[2] તો એમ પણ કહેવામાં આવ્યું છે કે દંપતીનો એકજ ગુરુ હોય તો વિશેષ ફલ મળે છે. જો આ પ્રમાણે આપણે ન સ્વીકારીએ તો જગતમાં ઘણી અવ્યવસ્થા થઇ જાય. ધારો કે એક દમ્પતીને એકજ માણસે અન્ન આપીને મોટું કર્યું હોય અને તેજ માણસે ભયમાંથી તેનું રક્ષણ કર્યું હોય અને જો તે માણસને ખરેખરો પિતા તરીકેજ ગણવામાં આવે તો તે દમ્પતીની વચ્ચે ભાઈબહેનનો સંબંધ થવો જોઇએ પણ જગતમાં આપણે એવું જોતા નથી. માટે દમ્પતી જો એક ગુરુ કરે તો તેમાં કોઇ પણ પ્રકારનો દોષ નથી.

---

१ अन्नदाता भयत्राता पत्नीतातस्तथैव च। विद्यादाता जन्मदाता पञ्चैते पितरो नृणाम् ॥

२ आचारो धर्ममार्गश्च गुरुर्मन्त्रश्च देवताः। दम्पत्यभृत्यवेषु एकीकृत्य महत्फलम् ॥

'બ્રહ્મસમ્બન્ધનું સ્વરૂપ

વૈષ્ણવો ! બ્રહ્મસંબંધનો શબ્દાર્થ શું ! એ પ્રથમ જાણવાની આવશ્યકતા છે. 'બ્રહ્મસમ્બન્ધ' એટલે બ્રહ્મનો (વા બ્રહ્મ સાથે) સંબંધ. બ્રહ્મસમ્બન્ધનો શબ્દાર્થ બ્રહ્મનો કિંવા બ્રહ્મ સાથે સંબંધ એ પ્રકારે થાય છે. ત્યારે બ્રહ્મ એટલે શું ? વેદમાં કહ્યું છે કે–' सत्यं ज्ञान अनन्तं ब्रह्म ' सत्यं विज्ञानं आनन्दं ब्रह्म' ઇત્યાદિ શ્રુતિ કહે છે કે સદ્રુપ, જ્ઞાન રૂપ, અનન્તરૂપ બ્રહ્મ છે. બ્રહ્મ સદ્રુપ છે. વિજ્ઞાનરૂપ છે, આનંદૈક સ્વરૂપ છે, જેમાંથી સર્વ પદાર્થો પ્રકટ થાય છે, જે વડે સર્વ પદાર્થ જીવે છે, સર્વ પદાર્થ જેમાં પ્રયાણ કરે છે. પ્રવેશ કરે છે તે બ્રહ્મ. શ્રીમદ્‌ભગવદ્‌ ગીતામાં કહ્યું છે કે–'निर्दोषहि समं ब्रह्म' બ્રહ્મ દોષરહિત છે. નિર્દોષ છે, સમ છે. સર્વની તુલ્ય છે. બ્રહ્મ વસ્તુતઃ સર્વથી અધિકાધિક છે, છતાંય પોતાની સ્વેચ્છા માત્રથી બ્રહ્મ સર્વ સમ થઈને રહે છે. બ્રહ્મ નિર્દોષ છે. બ્રહ્મમાં વૈષમ્ય વિષમતા નથી. અર્થાત્ શ્રુતિ અને ગીતા વાક્યની એક વાક્યતા કરતાં આપને પ્રતીત થશે કે બ્રહ્મ સદ્રુપ છે. ચિદ્રુપ છે. અનંત રૂપ છે. આનંદરૂપ છે. સર્વનું પરમ કલ્યાણ છે, છતાં દોષથી રહિત છે. વૈષમ્ય રહિત છે. માટેજ શ્રુતિ કહે છે કે–બ્રહ્મમાંજ સર્વનો લય થાય છે, પ્રવેશ થાય છે, બ્રહ્મ નિર્દોષ છે, વિષમતા રહિત છે. બ્રહ્મનું માહાત્મ્ય અનવગાહ્ય છે, અચિંત્ય છે, અતર્ક્ય છે, પૂર્ણ છે. આનંદનિદાન છે. એવા બ્રહ્મનો સંબંધ તેજ બ્રહ્મ સંબંધ. અર્થાત્ નિર્દોષ પૂર્ણ ગુણ બ્રહ્મનો સંબંધ. સમ્યક્ સુદ્રઢ. સર્વતો અધિક બંધ એજ બ્રહ્મસંબંધ. પૂર્વોક્ત સકલ અપ્રાકૃત ગુણનિકર વિભુષિત બ્રહ્મ સાથે સુદ્રઢ કદાપિ ત્રુટે નહિં એવો બંધ એવી ગ્રંથિકા, એવી ગાંઠ, તેજ બ્રહ્મસંબંધ. એ સુચન કરવાને આપણે કૃષ્ણ સંબંધ, ભગવત્સંબંધ. કે પ્રભુસંબંધ કહેતા નથી. પણ "બ્રહ્મસંબંધ" કહીએ છીએ. સર્વ ફલના ફલ શ્રીકૃષ્ણજ નિઃસાધન જીવના સાધનરૂપ છે. શ્રીકૃષ્ણ વિના નિઃસાધન જીવ વાસ્તે બીજું સાધનજ નથી. માટે ફલરૂપ શ્રીકૃષ્ણ ભક્તના સાધનરૂપ થઈનેજ ભક્તનું સર્વ ઐહિક પારલૌકિક સિદ્ધ કરે છે, અર્થાત્ ફલરૂપ શ્રીકૃષ્ણ પુષ્ટિસ્થ ભક્તના સાધનરૂપ થઈ જાય છે ત્યારે સાંપ્રદાયિક પરિભાષામાં કહીએ તો બ્રહ્મસંબંધ એટલે જીવ અને ભગવાનનું પરસ્પર વરણ. પરસ્પર અંગીકાર, પરસ્પર સગાઈ, બ્રહ્મસંબંધ થવાથી પ્રભુની સખ્ય અને આત્મનિવેદન ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે—

નામમંત્રથી પ્રપતિથી પ્રભુને શરણે જવાથી શ્રવણ, કીર્તન આદિ સપ્તભક્તિ સિદ્ધ થાય છે; પરંતુ બ્રહ્મસંબંધરૂપ વરણ વિના સખ્ય અને આત્મનિવેદન ભક્તિનો અધિકાર સિદ્ધ થઈ શકતો નથી. પ્રેમાત્મક ભક્તિનું પ્રથમ સાધન આ બ્રહ્મસંબંધ છે, બ્રહ્મસંબંધ થવાથી પદાર્થ માત્રના દોષ નિવૃત્ત થઇ જાય છે અને સર્વ પદાર્થ બ્રહ્મરૂપ સર્વને બ્રહ્મોપયોગી થાય છે. ભગવત્સેવોપયોગી થાય છે. માટેજ શ્રીમદાચાર્ય ચરણ આજ્ઞા કરે છે કે—

૧ 'પુષ્ટિભકિતસુધા' માસિક વર્ષ ૩ અંક ૧૧–૧૨ ઉપરથી આ લેખના લેખક ભગવચ્છાશાસ્ત્ર નિષ્ણાત શાસ્ત્રીજી મગનલાલ ગણપતિરામ છે એમ સમજાય છે.

બ્રહ્મસંબંધ કરવાથી સર્વના પદાર્થ માત્રના દેહ અને જીવ બંનેના સકલ દોષ નિવૃત્ત થઈ જાય છે. અર્થાત્ જીવમાત્રના, પદાર્થ માત્રના, સમસ્ત દેહ અને જીવ સંબંધિ દોષની શીઘ્ર નિવૃત્તિ બ્રહ્મસંબંધ વિના થઇ શકતી નથી. કલિકાલમાં અધિકાર માત્ર તિરોધાન થઈ ગયા, અધિકાર હજી હવે તિરોધાન થશે એમ નહિ પણ અધિકાર માત્ર તિરોધાન થઇ ગયા. એમ શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે. માટે શ્રીકૃષ્ણ સેવા થાય તોજ કલિયુગ ફ્લરૂપ છે. અર્થાત્ સત્ય આદિ યુગોમાં કદાચિત્ કર્મ, જ્ઞાન, ભક્તિથી પરમ પુરૂષાર્થ સિદ્ધ પણ થઈ શકે. પરંતુ કલિયુગમાં કર્મ, જ્ઞાન, ભક્તિ સર્વ તિરોહિત થઇ ગયાં. માટેજ ફલરૂપ પરમ કારૂણિક શ્રીકૃષ્ણ સ્વતઃ સાધન સ્વરૂપ અંગિકાર કરીને બ્રહ્મસમ્બન્ધદ્વારા સર્વ જીવના સર્વ દોષ નિવારણ કરવાને પ્રકટ થયા. એટલે બ્રહ્મસમ્બન્ધ વિના નિર્દોષ થવાનો કલિયુગમાં ઇતર ઉપાયજ નથી.

બ્રહ્મસંબંધ વિના સેવાનો અધીકાર થતો નથી, પરંતુ બ્રહ્મસંબંધ થયા પછી જો સેવાજ કરવામાં ન આવે તો બ્રહ્મસંબંધનો ઉદ્દેશ શિથિલ થઇ જાય છે. અસંત દુષ્ટ જીવને બ્રહ્મ-સંબંધદ્વારા નિર્દોષ પૂર્ણ ગુણ સાથે સંબંધ થયો, ચાંડાલીનો રાજાએ અંગીકાર કર્યો, પરંતુ અંગીકાર થયા પછી ચાંડાલીએ પોતાની ચાંડાલતાની પદ્ધતિથી ન અનુસરતાં રાજપદ્ધતિ અનુસરવી યુક્ત છે. જીવે પણ બ્રહ્મસંબંધ થયા પછી પોતાની લૌકિક વૈદિક દોષ પ્રવૃતિનું અનુસરણ ન કરતાં ભગવદિચ્છા અનુસાર ભગવદનુકુલ વર્તન કરવું યુક્ત છે. રાણી થયા પછી રાણીપદ પ્રાપ્ત કર્યા પછી, ચાંડાલી જો પોતાની ચાંડાલ વૃત્તિનો પરિત્યાગ કરીને રાજાની ઇચ્છા અનુસાર રાજાનુકુલ થઇને રાજાના વિનિયોગમાં આવે તો રાણીપદનું રાજ વશીકરણ રૂપ ફલ તેને સત્વર પ્રાપ્ત થઈ જાય છે. તેમજ દુષ્ટ જીવ પણ બ્રહ્મસંબંધથી ભગવદીયપદ પ્રાપ્ત કરીને, ભગવદનુકુલ થઇને, ભગવદ વિનિયોગમાં આવે તો ભગવદીયત્વનું ભગવદ વશી-કરણ રૂપ ફલ તેને સત્વર પ્રાપ્ત થઇ જાય છે. પરંતુ જો રાણી થયા પછી પણ રાજાના વિનિ-યોગમાં ન આવતાં ઇતર વિનિયોગમાં આવે તો તે રાજાને અપ્રિય થઈ પડે છે, તેમજ બ્રહ્મ-સંબંધ થઈ ગયા પછી જો પ્રભુના વિનિયોગમાં ન આવતાં જીવનો વિનિયોગ લૌકિક વૈદિકમાં થાય તો, તે વ્યભિચારી ભાવથી પ્રભુ અપ્રસન્ન થતાં, તેનો મુખ્ય ફલ પ્રાપ્તિમાં વિલંબ થતાં, ઐહિક પારલૌકિક ક્લેશનો તે જીવ પ્રાપ્ત થાય છે. તેથી બ્રહ્મસંબંધ થયો એટલે કૃત્યકૃત્યતા થઇજ ગઇ એમ દંભ ન રાખતાં લૌકિક વૈદિક પ્રપંચ દુર કરીને યથાકાલ યથાદેશ યથાશક્તિ તન મન અને ધનથી સર્વસ્વ ભગવદ્ વિનિયોગ કરવું આવશ્યક છે. જ્યાંસુધી તન મન ધનથી ભગવત્સેવા કરીને સર્વસ્વ ભગવદ્ વિનિયોગ કરવામાં આવે નહીં ત્યાંસુધી બ્રહ્મસંબંધનું મુખ્ય ફલ પ્રાપ્ત કરવામાં અત્યંત વિલંબ પ્રાપ્ત થાય છે. તેથી બ્રહ્મ સંબંધ થયા પછી તનુજા.વિત્તજા, સેવા કરવી. તન વડે અને ધન વડે પ્રભુની નામ સેવા અને રૂપ સેવા ઉભયે કરવી. માત્ર વિત્ત વડે સેવા બીજા પાસે કરાવવી નહીં, પરંતુ પોતે સ્વતઃ પણ તનુજા સેવા કરવી અને જ્યારે

ન બને ત્યારે સહાયક તરિકે બીજાં માણસ સેવામાં રાખવાં. અહંતાનાશક, દેહ શોધક, તનુજા સેવા બ્રહ્મસંબંધ થયા પછી અવશ્ય કરવીજ જોઈએ. બ્રહ્મસંબંધ થયા પછી યથાશક્તિ શરીરનો વિનિયોગ નિર્દોષ પૂર્ણ ગુણ પ્રભુની સેવામાં અવશ્ય કરવો અને પ્રભુએ જે વિત્ત આપ્યું હોય તો તે વિત્તનો પણ વિનિયોગ કેવલ પ્રભુ સેવામાંજ કરવો. તનનો અને ધનનો વિનિયોગ હાલ જેમ લૌકિકમાં કરવામાં આવે છે તેમ ન કરતાં પ્રભુ સેવામાં, ભગવાનની રૂપ સેવામાં, અને ભગવાનની નામ સેવામાં પણ તેનો વિનિયોગ કરવો. એથી અહંતામમતા નિવૃત્ત થઈને, સંસારમાંથી, મુક્તિ થઇને પરિણામે માનસી સેવારૂપ વ્યસનસિદ્ધિ થાય. અને તેથી સાક્ષાત્ ભગવદ્ સમ્બન્ધનો અનુભવ જીવને પ્રભુ અત્યંત કૃપા વિચારીને કરાવે એવી ભાવના વિચારવી.

ભક્ત કવિ શ્રીદયારામભાઇ ઉપદેશે છે કે:—

નામ મંત્ર લેઈ શ્રી ગુરૂદેવ દ્વારા પ્રભુ—શ્રીકૃષ્ણનું શરણ સ્વીકાર્યા પછી વૈષ્ણવી દીક્ષા બ્રહ્મસંબંધ આત્મસમર્પણ થાય છે. તેનો સાર ભક્તિપોષણમાં ભક્ત કવિશ્રી દયારામભાઈ જણાવે છે:—

દેહ, પ્રાણ, ઇંદ્રિય, અંતઃકરણ, ધર્મ, દારા, ગૃહ, ધન, પુત્ર, આપ્ત, આત્મા, સહ સર્વ સમર્પ્યું જગજીવન; જગજીવનને સર્વાત્મા ભાવે, સેવા કરે સદા સહજ સ્વભાવે, તેજ ગમે પ્રભુ જેમ સુખી થાય આત્મનિવેદન એ કહેવાય, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ૩૩

આત્મસમર્પણ કરવામાં શું કરવાનું છે, અને આત્મસમર્પણ પછી હરિદાસ થયા પછી કેવી સ્થિતિ થાય છે, તે સંબંધમાં જુઓ.

સર્વ વસ્તુ છે શ્રીકૃષ્ણની જેની છે તેને શે ન સમર્પે; આત્મા સહીત અર્પણ કરી, હરિદાસ થાની શીદડરપે; ડરપે છે કાળથી રહે છે ઉચ્ચાટે, તેં પરનું માન્યું પોતાનું તે માટે; જેથી બંધાયો તે વસ્તુ દે મૂકી; તારી ના જાણીશ એ રાઢ ચુકી. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ૩૪

શ્રીમદાચાર્ય ચરણ આજ્ઞા કરે છે કે:—બ્રહ્મસંબંધ કરવાથી જ સર્વ દોષની નિવૃત્તિ થાય છે, શ્રી નવરત્નપ્રકાશમાં શ્રી પ્રભુચરણ ઉપદેશે છે કે:—જેમ કન્યા પોતાના લાયક પતિને વરે છે, અથવા વર પોતાને લાયક કન્યાને વરે છે તેમ, પ્રભુ જેને વરે છે તેનાથી પ્રભુ પ્રાપ્ત થાય છે. માટે જ બ્રહ્મસમ્બન્ધ થવાથી વરણ થયા પછી જ જીવ સેવાને ઉપયોગી થાય છે. નિવેદનથી જ સાક્ષાત્ પ્રભુ જ શ્રી કૃષ્ણ શ્રી ગોકુલેશના ભજનનો અધિકારી થાય છે. જેમ બ્રાહ્મણને ગાયત્રી મંત્રના ઉપદેશથી જ વૈદિક કર્મમાં અધિકાર થાય છે, તેમ અત્રે વૈષ્ણવોને નિવેદન થયા પછી જ સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

[1]પંચાક્ષરમાં શૃંગાર સંયોગાત્મક ભાવથી સ્વરૂપ ધ્યાન પ્રકાર

(લેખક. શ્રીયુત્ ચીમનલાલ હરિશંકર શાસ્ત્રી. 'સાહિત્યભૂષણ' 'શુદ્ધાદ્વૈતરત્ન' સુરત)

હવે પંચાક્ષરમાં સંયોગાત્મક પ્રભુમાં સર્વાત્મ ભાવથી દાસ્યની તથા દાસ્યને ઉપયોગી થાય એમ નિરન્તર ભાવના કરતાં પ્રાર્થના કરવી, તેમાં પ્રથમ શ્રીકૃષ્ણ શબ્દનો અર્થ—પ્રાકટ્ય સમયની શોભાને દર્શાવનારા એવો અર્થ થાય છે, તેથી ભાવનાથી દ્રષ્ટિ આગળ પ્રત્યક્ષ થયેલા યુગલ સ્વરુપનું ધ્યાન કરવું, યુગલ સ્વરૂપ આઠ અને સોળ એમ ચોવીશ સખીના મંડલમાં મધ્ય બિરાજેલા નવરસમય, ચોવીશ પ્રકારે રમણ કરતા શ્રી કૃષ્ણના સ્વરૂપનું ધ્યાન કરી, ભાવનાથી દેહ, ઇન્દ્રિયાદિકને પણ સ્વરૂપમાં અંદર પ્રવેશાવી, તે સ્વરૂપમાં સર્વ રીતે મન વગેરેનો નિરોધ કરી, દાસ્યની પ્રાર્થના કરવી, શ્રીમદ્ આચાર્યજી નાહૃદયરૂપ, વિપ્રયોગાત્મક, સ્થાયિભાવાત્મક, સર્વ લીલાયુક્ત, શ્રી કૃષ્ણને યુગલ સ્વરૂપે જાણીને, પ્રભુની મુખ્ય લીલા અને રાસલીલા છે. તેની ભાવના કરી રાસલીલાના મધ્યમાં ગોપીજનોના યુગલમાં મધ્ય રહેલા ગોપીજનોની ભુજાથી આચ્છાદિત, ગોપીજનોના વૃન્દથી રોકાયેલા, સ્વામિની રૂપ, સ્વામિપ્રભુ શ્રી કૃષ્ણ અને શ્રી સ્વામિનીજીનું ધ્યાન કરવું. આ પ્રમાણે સાવધાનતાથી એક વાર પણ જો જપ કરવામાં આવે તો મુખ્ય ફલની સિદ્ધિ થાય, અન્યથા આવૃત્તિ જાણવી.

સાક્ષાત્–રસ રીતિથી ભગવાનનો અનુભવ થાય છે, તોપણ સર્વાત્મ ભાવથી દાસ્યમાં અધિકતા શાથી ?

ભગવાન્ સ્વામિનીજી સહિત બિરાજે છે, એ જ પૂર્ણ રસાત્મક છે. જયારે શ્રી સ્વામિનીજી સહિત બિરાજે ત્યારે જ આલંબન અને વિભાવ રૂપ સંયોગ રસ સિદ્ધ થાય છે. શ્રી સ્વામિનીજી સહિત જ પ્રભુની સેવા કરતાં પૂર્ણ રસાનુભવ થાય છે. પ્રભુ શ્રી સ્વામિનીજી સહિત જ સદા યુગલ સ્વરૂપ જ છે. એ યુગલ સ્વરૂપનું જ ધ્યાન કરવું, તેથી સર્વાત્મ ભાવથી યુગલ સ્વરૂપ પ્રભુનાં દાસ્યની પ્રાર્થના કરવામાં જ અધિકતા છે.

જપ કેટલો કરવો ? અષ્ટાક્ષરનો જપ ૧૦૮, અને પંચાક્ષરનો જપ (ચતુર વિંશોત્તર-ત્રિંશત્) ૩૨૪ કરવો, એટલે ત્રણ માલા કરવી. અને જપ કરતાં ઉપર દર્શાવ્યા મુજબ નવરસમય પ્રભુની ભાવના કરવી. આમ શ્રીમદ્ હરિરાય પ્રભુએ જપ સમયે સ્વરૂપ ધ્યાન પ્રકાર કહ્યો:—

૧ વૈષ્ણવ ધર્મ પતાકા માસિક પુ, ૪ અંક ૯. ઉપરથી

બ્રહ્મસમ્બન્ધ વિષે અન્ય ગ્રન્થોમાં શું કહેવામાં આવ્યું છે.

હવે આપણે બ્રહ્મસમ્બન્ધ–આત્મનિવેદન વિષે બહારના કેટલાક ગ્રન્થો તપાસીએ.

લેખકઃ–શ્રીયુત્ રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારી. બી, એ, એલ, એલ, બી, વકીલ (માજીદીવાન પાલણપુર, ગોંડલ, મોરબી)

શ્રીનારદ ભકિતસૂત્ર,

શ્રી નારદજી કહે છે કેઃ—પરમ પ્રેમરૂપી ભક્તિના જુદા જુદા લક્ષણો કેટલાક ઋષિઓ આપે છે પણ તે હું (નારદ) તેમની સાથે સંમત થતો નથી. કારણ મારો તો એવો સિદ્ધાન્ત છે કે–પ્રભુને તમામ અર્પણ કરી અકિંચન થવું અને પ્રભુનું વિસ્મરણ થતાં જ ચિત્ત આકુળ વ્યાકુળ થઈ જાય એટલે કે વિયાગાર્તિ થાય તેવા પ્રકારનો પ્રેમ એ પ્રેમનું શિખર છે. તેવા પ્રકારની ભક્તિને જ ભક્તિનું શિખર એટલે ફલરૂપા ભક્તિ કહી શકાય.

વળી શ્રી નારદજી ઉપદેશે છે કેઃ–હે જીવ! જેણે તમામ પ્રભુને અર્પણ કરી દીધું છે, અને કોઈ ચીજનો હું માલીક નથી, એવા વિચારનું સેવન કરનારને કોઈ જાતની ચિંતા શા માટે કરવી?

શ્રીમદ્ ભાગવત

નવયોગેશ્વરો નિમિરાજાને ઉપદેશ કરે છે કેઃ–હે રાજા! કાયાથી, વાણીથી, મનથી, ઇન્દ્રિયોથી, બુદ્ધિ આદિકથી જે જે કર્મો કરવામાં આવે તે તમામ પ્રભુને અર્પણ કર (૧૧-૨-૩૬)

યજ્ઞ, દાન, તપ, જપ, અને તને પ્રિય હોય તે તમામ પદાર્થો તથા તારી સ્ત્રી, ઘર, પુત્ર, અને પ્રાણ તે પણ પ્રભુને અર્પણ કર, (૧૧–૨–૨૮)

શ્રી કૃષ્ણ ઉદ્ધવજીને કહે છેઃ–કુટુંબમાં આસક્ત થવું નહિ, એક મુસાફર જેવો સંબંધ છે એવો વિચાર રાખ્યા કરવો, તેથી મમતા–આસક્તિ એટલે અહં, મમ ની નિવૃત્તિ થશે, વળી જેણે આત્મા વગેરે મને અર્પણ કરી દીધું છે અને જે નિરપેક્ષ તથા નિષ્કિંચન છે તે ભક્તને તમામ દિશાઓ સુખરૂપ થાય છે. (એકાદશ સ્કંધ)

વળી કહે છે કેઃ–જો તું વિષયોનું ધ્યાન ધરીશ તો તારૂં ચિત્ત વિષયોમાં તલ્લીન થશે, મારામાં ચિત્ત રાખીશ તો મારામાં તારૂં ચિત્ત તલ્લીન થશે, માટે 'दास्येनात्मनिवेदनम्' દાસપણાથી આત્મનિવેદન કર. લોકમાં જે જે વસ્તુ તને પ્રિય હોય તે તમામ મને નિવેદન કરવી. આવા નિવેદનથી અક્ષય ફલ પ્રાપ્ત થાય છે. દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, બીજા દ્રવ્યાદિકનો મારામાં વિનિયોગ કરવાથી મારામાં દૃઢ ભક્તિ થાય છે.

પરા–ફલરૂપા ભક્તિ કેવાં સાધનોથી સિદ્ધ થાય તે કહેતાં શ્રી કૃષ્ણ ઉપદેશ કરે છે કે–કાનનો વિનિયોગ શ્રવણમાં કરવો. વાચાનો ઉપયોગ કીર્તનમાં કરવો, હસ્તથી મારી પરિચર્યા કરવી, સર્વ અંગ વડે મને નમન કરવું. દેહાદિકથી તમામ ક્રિયા મારે અર્થે જ કરવી. નિષ્કામપણે તમામ મને અર્પણ કરવું મારે અર્થે જ ભોગ તથા સુખનો ત્યાગ કરવો. આવા ધર્મોનું સેવન કરવાથી મને પોતાનું સર્વસ્વ નિવેદન કરનાર મનુષ્યોને મારામાં ઉત્તમ ભકિત પ્રાપ્ત થાય અને તે ભકિત જ ફળરૂપા છે. (૧૧–૧૯–૨૦–૨૪)

જો કાનનો ઉપયોગ પ્રભુના અલૌકિક ગુણો, જન્મો તથા ચરિત્રોનું શ્રવણ કરવામાં થતો ન હોય તો દરમાં અને તેમાં શો ફેર છે! જીભ્હા પ્રભુના ગુણોનું કીર્તન કરતી ન હોય તો તેને દેડકાની જીભ જેવી માનવી, મસ્તક ઉપર મુકુટ ધારણ કર્યો હોય તો તેથી શું થયું! ભગવાનને જે મસ્તક ન નમે તે કેવળ બારરૂપ જ છે. હાથમાં ભલે સોનાનાં કડાં પહેર્યાં હોય, પણ જો તેથી ભગવાનની સેવા થતી ન હોય તો તેને મડદા જેવા ગણવા, પ્રભુનાં દર્શન કરવામાં નેત્રનો ઉપયોગ થતો ન હોય તો તેને મોરપીંછના ચાંદલા જેવા ગણવા, પગ પ્રભુનાં દર્શન કરવા મંદિરોએ જવામાં વપરાતા ન હોય તો તેને ઝાડના થડ જેવા ગણવા. જે માણસ પ્રભુની ચરણરજને પ્રાપ્ત થતો ન હોય તે જીવતા શબ જેવો છે, શ્રવણ તથા કીર્તનથી જેના નેત્રમાં આંસુ ન આવે અને જેને રોમાંચ ન થાય તેનું હૃદય પાષાણના જેવું માનવું. (૨-૩-૧૯-૨૪)

રાજા અંબરીષ સપ્તદ્વીપવાળી પૃથ્વી ઉપર રાજય કરતા હતા. અતૂલ વૈભવો હતા, અખૂટ ભંડાર હતો. હજારો નોકરો હતા તેમ છતાં આત્મનિવેદનના ઉપદેશનું તેમને અનુસંધાન રહેતું હતું, તેમણે મન પ્રભુના ચરણમાં અર્પણ કર્યું હતું. વાચા પ્રભુના ગુણો ગાવામાં અર્પણ કરી હતી, હાથથી મંદિર સાફ કરવા વિગેરેની સેવા કરતા, કાનથી પ્રભુના ગુણોનું શ્રવણ કરતા, નેત્રનો ઉપયોગ પ્રભુના દર્શનમાં કરતા. ત્વચાથી પ્રભુના ભક્તોના અંગના સ્પર્શ કરતા હતા, નાસિકાને પ્રભુને ધરેલ તુળસીની સુગંધ લેવામાં અર્પણ કરી હતી, પગનો ઉપયોગ પ્રભુના મંદિરોમાં જવામાં કરતા હતા, આવી રીતે ચક્રવર્તી રાજા છતાં દરેક ઇન્દ્રિયો, મન, પ્રાણ, દ્રવ્યાદિકનો પ્રભુમાંજ વિનિયોગ કરી પ્રભુ પરાયણ રહેતા. રાજા ઉંચી કોટિના ભાગવત હોવાથી તેનો દ્રોહ કરનારા દુર્વાસાનું રક્ષણ બ્રહ્માદિક પણ કરી શકયા નહિ, તેથી તે જ્યારે વિષ્ણુ ભગવાન પાસે ગયા ત્યારે ભગવાને કહ્યું કે:-

આ રાજાએ સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ, ઈન્દ્રિયો, દ્રવ્ય, રાજયાદિકમાંથી આસક્તિ કાઢી નાંખી એ તમામ મને અર્પણ કરી તેમણે મારૂં શરણ લીધું છે. તેથી તેમને હું કેમ છોડી દઉં! સતી સ્ત્રી શુદ્ધ અને અવિચ્છિન્ન ભાવથી પોતાના પતિને વશ કરે છે તેવી રીતે આવા ઉત્તમ ભક્તો પણ પ્રેમથી મને વશ કરે છે.

રાજા હો કે રંક હો, બ્રાહ્મણ હો, ક્ષત્રિય હો, વૈશ્ય હો કે શુદ્ર હો, ગમે તે આશ્રમમાં હો પરંતુ દેહ, ઘર, દ્રવ્યાદિકનો માલીક હું નથી પણ તેના માલીક પ્રભુ છે એવા વિચારનું સેવન કરી તમામનો પ્રભુના અર્થે વિનિયોગ કર્યા વિના મોક્ષના કે પ્રભુ પ્રાપ્તિના માર્ગે જવાનું તદ્દન અશક્ય છે. તેથી જ આત્મનિવેદનરૂપી ધર્મને ભાગવત ધર્મોમાં શિરોમણિ કહી તે ઉપર વેદાદિક તમામ શાસ્ત્રોએ ઘણો ભાર મૂકયો છે.

જેનો વેદ બેલી નહિ તેનો બેલી વેદાતીત, રસરૂપ, દીનાનાથ, નિ:સાધનાધિપ, પુષ્ટિપુરૂષોત્તમ શ્રી કૃષ્ણ. ગોપાંગનાઓ પણ નિરક્ષર હતી. યજ્ઞાદિક સાધન સેવ્યાં ન હતાં, કેવળ પ્રભુના કૃપાબળથી આત્મ-નિવેદનનું સંપૂર્ણ અનુસંધાન અને પરિપાલન પ્રાપ્ત થયું

હતું તેમના જીવનમાં આત્મનિવેદનના શિખરનાં દર્શન થાય છે. તે શિખર એજ માનસી સેવા, એજ નિરોધ, એજ વ્યસન, એજ ભક્તિનું શિખર, શિખર ઉપર ચડાવનાર ભક્તિરસનું દાન કરનાર મનુષ્ય ન હતા, મનુષ્ય યોગી પણ ન હતા; મનુષ્ય જ્ઞાની ન હતા; પ્રભુના અંશાવતાર કે કલાવતાર ન હતા; પરંતુ વેદના 'रसो वै सः" પ્રભુ હતા. પુષ્ટિ પુરૂષોત્તમ હતા. નિઃસાધનનું દાસત્વ અને દીનતાનું સેવન કરનારનું, કેવલ કૃપાબળથી કાંઇ આલી ઉદ્ધાર કરવો અને મોક્ષથી અધિક ફલ આપવું એ પુષ્ટિ પુરૂષોત્તમનો ધર્મ છે, તે ધર્મનાં અલૌકિક દર્શન પણ ગોપીઓના વૃત્તાંતમાં થાય છે.

પુષ્ટિમાર્ગના બ્રહ્મસંબંધ—આત્મનિવેદન—સમર્પણના જે મંત્રનું લાઇબલ કેસમાં ઇરાદાપૂર્વક ખૂન કરવામાં આવ્યું છે, તે શો છે તે જણાવી તે ઉપર સાંપ્રદાયિક સંસ્કૃત ગ્રન્થોના જ આધારે લંબાણથી વિવેચન કરવામાં આવશે.

સંપ્રદાયમાં જે ઉપદેશ અપાય છે તે અક્ષરશઃ નીચે પ્રમાણે છેઃ—

"સહસ્ર વર્ષોથી કૃષ્ણનો વિયોગ મને થયો છે. એ કૃષ્ણ વિયોગનાં તાપ કલેશના આનંદનો તિરોભાવ મને થયો છે, ભગવાન્ કૃષ્ણને દેહ, પ્રાણ, ઇન્દ્રિય, અંતઃકરણ, તેમના ધર્મો, દાર, આગાર, પુત્ર, આપ્ત, વિત્ત, આલોક, પરલોક મારા આત્માની સાથે હું સમર્પણ કરૂં છું. હું દાસ છું, હે કૃષ્ણ ! હું તારો જ છું. [પટવારીજીએ તેમના પુસ્તકમાં મૂળમંત્ર છાપ્યો છે ત્યાં જોઇ લેવો.]

આટલા ગદ્ય ઉપદેશનો, પાઠ કરો; કૃપા કરી આપણા સંપ્રદાયના ભક્ત કવિવર દયારામભાઇના "ભક્તિપોષણ" નામના ગ્રંથમાંથી નીચેના બે ચંદ્રાવળાનો પણ પાઠ કરો, અને તેનું શુદ્ધ ભાવથી રટણ કરોઃ—

'દેહ પ્રાણ ઇન્દ્રિય અંતઃકરણ ધર્મ દારા ગૃહ ધન,'
પુત્ર આપ્ત આત્માસહ, સર્વ સમર્પ્યું જગજીવન;
જગજીવનને સર્વાત્મભાવે, સેવા કરે સદા સહજ સ્વભાવે
તેજ ગમે પ્રભુ જ્યમ સુખી થાય, આત્મનિવેદન એ કહેવાય. સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.
સર્વ વસ્તુ છે શ્રીકૃષ્ણની, જેની છે તેને શેં ન સમર્પે ?
આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની શીદ ડરપે ?
ડરપે છે કાળથી રહે છે ઉચ્ચાટે, ત્હેં પરનું માન્યું પોતાનું તે માટે;
જેથી બંધાયો તે વસ્તુ દે મૂકી, ત્હારી ના જાણીશ એ રાઢચૂકી. સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

આત્મનિવેદન ઉપદેશ ઉપર આ સંપ્રદાયમાં બહોળું સાહિત્ય છે. ગોસ્વામી શ્રી હરિરાયજીએ ત્રણસો ઉપરાંત ગ્રંથો રચ્યા છે, અને ઘણા ખરા હાલ મોજુદ છે. નિવેદનના તાત્પર્યનું તેઓશ્રીએ મનનીય નિરૂપણ કર્યું છે. તેમાં વેદનું દોહન છે. એવા ગ્રંથો વાંચવા જોઇએ.

તમામ પદાર્થોનો માલીક પ્રભુ છે, હું નથી, અને હું પ્રભુનો દાસ છું" તેવું અનુસંધાન રાખી પ્રભુ સેવામાં જોડાવાથી પ્રભુ સાથેનો સંબંધ પ્રાપ્ત થાય છે. અને તે પ્રાપ્ત થયો એટલે

પ્રભુની સેવાનો અધિકાર પ્રાપ્ત થયો. પ્રભુ સાથે સંબંધ થવાથી "હું પ્રભુથી હજારો વર્ષો થયાં વિખુટો પડયો છું." એવું ભાન જ્યારે જીવને થાય છે, ત્યારે પ્રભુ પ્રાપ્તિ કરવા તેને તાપ ક્લેશ–આર્તિ થાય છે, તેવી આર્તિથી વિયોગ રૂપ અગ્નિ પ્રગટ થાય છે. તેવા અલૌકિક અગ્નિ વડે લૌકિક દેહ ઇન્દ્રિયો વિગેરે શુદ્ધ થાય છે ત્યારે તે પ્રભુ સેવામાં ઉપયોગી થાય છે.

બ્રહ્મસંબંધના ઉપદેશ ઉપર સંપ્રદાયના ચાર આચાર્યશ્રીઓની તથા એક મહાનુભાવી વૈષ્ણવની સંસ્કૃત ટીકા છે. ગોસ્વામિશ્રીહરિરાયજી નિવેદન મન્ત્રોપદેશ ઉપરની ટીકામાં શું લખે છે, તે ટુંકામાં વિદિત કરીશઃ—

અપરિમિત પરિવત્સર (હજારો વર્ષો) થયાં ભગવાન શ્રી કૃષ્ણમાંથી જીવનું વ્યુચ્ચરણ થયાથી તેને પ્રભુનો વિયોગ થયો છે. વિયોગ થવાથી આનંદનો તિરોભાવ થયો છે. તે આનંદની પુનઃ પ્રાપ્તિ થાય એટલે કે તેનો આવિર્ભાવ થાય એટલા માટે જીવ પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કરે છે. સર્વસ્વમાં દેહ, ઈન્દ્રિય,, પ્રાણ, અંતઃકરણ તેઓના ધર્મો, દાર, ગૃહ, પુત્ર, આપ્તવર્ગ, વિત્ત, ચેષ્ટા, પરલોક અને પોતાના આત્માનો સમાવેશ થાય છે. દેહ પંચભૂતનો બનેલો છે. ઇન્દ્રિયો દશ છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. એ અંતઃકરણ ચતુષ્ટય કહેવાય છે. એ ઉપરાંત દેહના ધર્મો, પ્રાણની પ્રવૃત્તિ અને અંતઃકરણના ધર્મો પણ અર્પણ કરે છે. વળી દાર, ગૃહ, કુટુંબ, ધન, તેઓની ચેષ્ટા, પરલોક અને પોતાનો આત્મા પણ સમર્પિત કરે છે; જેને આ સઘળું સમર્પણ કરવાનું છે તે ભગવાન છે એટલે છ ગુણ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત છે તે ભગવાન શ્રીકૃષ્ણ જ છે. નિરોધના દાતા છે. સર્વસ્વ અર્પણ કર્યા પછી પોતામાં દાસત્વ પ્રાપ્ત થાય છે, પછી દાસત્વનું અનુસંધાન રહ્યા કરે છે. ભગવાન્ શ્રીકૃષ્ણનો હું દાસ છું એવા વિચારનું શુદ્ધ ભાવે સેવન કરનાર જીવને પ્રભુ અભયનું દાન કરે છે. એવા પ્રકારનું દાન કરવું એ તો વ્રત છે.

સમર્પણ કરવામાં હું પ્રભુ ઉપર કાંઈ ઉપકાર કરતો નથી, પરંતુ આપની વસ્તુજ આપને અર્પણ કરૂં છું. "त्वदीयमेव तुभ्यं समर्पितं" એટલુંજ નહિ પણ લાંબા વખત સુધી કેવળ બહિર્મુખતાને જ લીધે આપની વસ્તુ આપને સમર્પણ નહિ કરવાથી હું અપરાધી છું, ચાંડાળ તુલ્ય છું, હું પોતે દુષ્ટ હોવાથી જાતે અર્પણ કરવાને યોગ્ય નથી, તેથી શ્રીમદાચાર્યચરણદ્વારા દેહાદિ આપને સમર્પણ કરૂં છું. તેઓશ્રીના બળને લીધે જ ભગવાન મારો અંગીકાર કરે છે મારામાં તો કશું નથી, દાસને સદા દૈન્યભાવ જ આવશ્યક છે, 'दासस्य सदा दैन्यभाव एवावश्यकः' ફલ પ્રકરણમાં પણ પ્રભુએ આજ્ઞા કરી છે કે, શ્રીહરિને સંતોષ આપવાનું સાધન ભક્તોનું દૈન્ય જ છે. 'भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम्' જ્યારે સર્વ દોષની નિવૃત્તિ પણ વિરહરૂપ પ્રભુને વિષે શ્રીમદાચાર્યચરણ દ્વારા આત્મસમર્પણ કરવાથીજ થાય. જેમ મહાગ્નિમાં તૃણ ભસ્મિભૂત થાય છે તેમ સમર્પણથી સર્વદોષ નિવૃત્ત થઇ, પહેલાંની તિરોહિત થએલી સૂક્ષ્મ બીજરૂપ તાપાત્મક ફલરૂપ ભક્તિનો અવિર્ભાવ થાય છે તેથી સમર્પણ પુષ્ટિમાર્ગીય સંસ્કારરૂપ છે એમ નિશ્ચય થાય છે.

"પુષ્ટિ ભક્તિ સુધા વર્ષ ૪ થું. અંક ૭-૮" ઉપરથી

આત્મનિવેદન એ મહાન્ યજ્ઞ છે, યજ્ઞ વગર સુખની પ્રાપ્તિ ને દુઃખની નિવૃત્તિ થતી નથી. માટેજ શાસ્ત્રો યજ્ઞ કરવાની ભલામણ કરે છે, જીવ ઇશ્વરનો અંશ હોવા છતાં અહંતા-મમતાને લીધે માયિક સંસારનાં દુઃખો ભોગવે છે, એવાં દુઃખોનીનિવૃત્તિ માટે ભક્તિ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ સાધન છે, ભક્તિની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે આત્મનિવેદનની જરૂર છે. આત્મનિવેદનથી અહંત્વ-મમત્વ ધ્વંસ થાય છે, અને તેથી ચિત્ત શુદ્ધિ થઈ ઇશ્વર પ્રાપ્તિ માટેના ઉત્તમ સાધન ભક્તિના અધિકારી થવાય છે. પુત્ર, ધન, પ્રાણ, ઇન્દ્રિય, અને આત્મા સહપ્રેમવાળી સર્વ વસ્તુ ભગવાનને અર્પણ કરવી, અહંતા, મમતા દૂર કરવી, સર્વનો પ્રભુમાં વિનિયોગ કરવો. એ આત્મ નિવેદનનું પરમ રહસ્ય છે.

આપણું સર્વસ્વ બ્રહ્માર્પણ-કૃષ્ણાર્પણ કર્યા પછી, આપણી સ્થિતિ શેઠ તરીકેની મટી સેવક તરીકેની થાય છે, એટલે આત્મ નિવેદન કરનાર મનુષ્ય ભગવાનને સ્વામી (શેઠ) ને પોતાને સેવક તરીકે માને છે, શેઠ તરીકેના અહંકાર અને સ્વાર્થ બુદ્ધિથી જે પાપ કરે તે સેવક તરીકે કરવાની જરૂર રહે નહીં, એ ખુલ્લું જ છે, પ્રભુ સ્વામી છે આપણે તેના સેવક છીએ, એ પિતા છે આપણે પુત્ર છીએ. સેવકની નિતીનો આધાર સ્વામી ઉપર અને પુત્રની નીતિનો આધાર પિતા ઉપર રહે છે. સ્વાર્થી દુરાચારી કે કુકર્મી શેઠના સેવકો અને તેવા પિતાના પુત્રો ઘણા ભાગે તેવા જ હોય છે. પણ સદ્‌ગુણી પિતાના પુત્રો તેમના અનુકરણથી સદ્‌ગુણી થાય છે, આત્મનિવેદન કરનાર પ્રભુને શેઠ ગણે છે પ્રભુ સર્વ સદ્‌ગુણોના ભંડાર છે અને એવા શેઠ (પ્રભુ) ના સેવકો (આત્મનિવેદન કરનાર) દુર્ગુણી હોય તો કાલાન્તરે પણ તેમના અનુગ્રહથી-તેમની કૃપાથી સદ્‌ગુણી થાય છે.

આવી રીતે ભગવાનને ભાવપૂર્વક સર્વ વસ્તુ સમર્પણ કરવી તે આત્મનિવેદન અને એવા આત્મનિવેદનને જ બ્રહ્મસંબંધ કહેવામાં આવે છે. ભગવાનની સાથેના વિસ્મરણ થયલાં અંશાંશી સંબંધની બ્રહ્મ સંબંધ કરવાથી પુનઃ સ્મૃતિ થાય છે.

સદોષ જીવ પ્રભુ સેવામાં અધિકાર પ્રાપ્ત શી રીતે કરે એમ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીને ચિન્તા ઉત્પન્ન થઈ ત્યારે તે ચિન્તા નિવારણ કરવાને શ્રાવણ સુદ ૧૧ ની મધ્યરાત્રિએ સાક્ષાત્ ભગવાને પ્રગટ થઇને બ્રહ્મસંબંધથી જીવને શરણે લેવાનો અને સર્વ સમર્પણ કરવાનો મહામંત્ર કહ્યો 'साक्षाद्भगवताप्रोक्तंतदक्षरशउच्यते। બ્રહ્મસંબંધથી શાન્તિ પ્રાપ્ત થઇ ચિન્તા નિવારણ થાય છે, અને કોઇ પણ પ્રકારની ચિન્તા રહેતી નથી અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેમણે આત્મ સમર્પણ-આત્મનિવેદન કર્યું છે, જેમણે શ્રીકૃષ્ણને પ્રાણ સુદ્ધાં સ્વાધીન કર્યાં છે તેને શી ચિન્તા! કોઈ પણ કાર્ય કર્તા પહેલાં સર્વકાર્યમાં સર્વ વસ્તુનું પ્રભુને સમર્પણ કરવું.

આત્મ નિવેદન એ ખરા સેવકની સ્વામી પ્રત્યેની ફરજ છે, આત્મનિવેદન એ ભાગ્યશાળી સુપુત્રની પિતૃભક્તિ છે, અને આત્મનિવેદન એજ પતિવૃતા સ્ત્રીનું પાતિવૃત્ય છે. પ્રભુ જીવના સ્વામી (શેઠ) છે, પ્રભુ જ જીવના માતપિતા છે, પ્રભુ જ જીવના પતિ છે, અને આત્મનિવેદન

એજ જીવનો પરમ ધર્મ છે. આત્મનિવેદન-બ્રહ્મસંબંધ રૂપી મહા યજ્ઞમાં સર્વ પ્રકારના લઘુ યજ્ઞોનો સંપૂર્ણ સમાવેશ થઇ જાય છે. માટે અહંતા મમતાનો ધ્વંસ કરી-પ્રભુનું સર્વ, પ્રભુને અર્પણ કરી,-ચિન્તા નિવારણ કરી-અલૌકિક શાન્તિ પ્રાપ્ત કરી, સર્વ કર્મોનો પ્રભુમાં જ વિનિયોગ કરવો એ આત્મનિવેદન-બ્રહ્મસંબંધનું પરમ રહસ્ય છે.

श्रीकृष्णः

શ્રીમદ્ ગો. શ્રી વ્રજાભરણજી વિરચિત ગદ્ય વિવૃત્તિને આધારે

ગદ્યાર્થ

[અર્પનાર-શાસ્ત્રી કેશવરામ કાશીરામ]

પુષ્ટિમાર્ગમાં દૈવીજીવોને ઉદ્ધાર કરવાને માટે શ્રીમદ્વલ્લભાચાર્યચરણોયે 'અષ્ટાક્ષર-મન્ત્ર' અને 'ગદ્યમન્ત્ર' એમ બે મન્ત્ર પ્રકટ કર્યા છે. આમ બે મન્ત્ર શા માટે પ્રકટ કરવામાં આવ્યા ? એનો ખુલાસો એ છે કે, પ્રભુની આજ્ઞા પ્રમાણે દૈવીજીવોનો ઉદ્ધાર કરવાને શ્રીમદ્વલ્લભાધીશ સ્વરૂપે પોતામાં વાક્પતિપણું તેમજ આપ્તપણું જણાવવા વેદને અનુસરીને માર્ગનો પ્રકાશ કર્યો અને પ્રથમ મન્ત્રનું પ્રાકટય થયું. પછી સિદ્ધાન્ત રહસ્યમાં થયેલી આજ્ઞા પ્રમાણે બ્રહ્મસમ્બન્ધની પ્રણાલી શરૂ થઇ, ત્યાંથી ગદ્યમન્ત્રનૂં પ્રાકટય થયૂં.

પ્રભુયે શરણમાર્ગનો શ્રીકૃષ્ણાવતાર સમયે ઉપદેશ આપ્યો હતો; તેજ શરણમાર્ગ આ કલિયુગમાં શ્રીમહાપ્રભુજીયે પ્રકટ થઇને ઉપદેશ્યો. નવરત્નમાં આપ આજ્ઞા કરે છે કે-"તેથી કરીને હમેશાં 'श्रीकृष्णः शरणं मम' એ સતત કહેતાજ રહેવૂં." શ્રીગુસાંઇજીયે પણ શ્રી મહાપ્રભુજીની તે આજ્ઞા મુજબ વર્તતાં આ લોક વિશેની અને પરલોક વિશેની બે ફિકરાઈની વાત કરી છે.

આ હેતુને ખ્યાલમાં રાખી પ્રથમ "श्री कृष्णः शरणं मम' એ અષ્ટાક્ષર શરણમન્ત્રનો ઉપદેશ કરવામાં આવે છે. આ પ્રમાણે થયેલા વરણ બાદ આત્મનિવેદન કરવાને જીવ અધિકારી થાય છે. દ્વિજો-જનોઈના અધિકારીયોને ગાયત્રીમન્ત્રનો ઉપદેશ થયા બાદ જે પ્રમાણે વૈદિકકર્મો કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, તેજ પ્રમાણે આત્મનિવેદન કરવાથી સાક્ષાત્ શ્રી ગોકુલેશ શ્રી કૃષ્ણચન્દ્રજીની ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ નિવેદન મહાપુરુષદ્વારા પ્રભુને કરવામાં આવે છે.

જીવે બ્રહ્મસમ્બન્ધ કરવાનો છે. બ્રહ્મ શબ્દ અધિકારીપણું બતાવે છે અને તેનાથી સત્-ચિત્-આનન્દ સમજાય છે. અધિકારની વાત કરતાં જ્યારે શરણમન્ત્રનો જીવને ઉપદેશ કરવામાં આવે છે, ત્યારે તેવા પ્રકારનો જે અધિકાર એ સર્વ જીવના વિષયમાં રહેલો છે; જ્યારે આત્મનિવેદનમાં તો ભક્તિવાળોજ અધિકારી થઇ શકે છે, એમાં પણ શ્રી મહાપ્રભુજીની જેના પર કૃપા થઇ છે તેવોજ અધિકારી થઈ શકે છે. અહીં જે સંબંધ થાય છે, તે બ્રહ્મ સાથે થાય છે; શ્રી કૃષ્ણચન્દ્રજીનો સમ્બન્ધ તો આત્મનિવેદન પછી થવાનો છે. આ વાત શ્રીહરિરાયજીયે સિદ્ધાન્તરહસ્યની ટીકામાં બતાવી છે.



प्रा. सं. १५७२ (व्रज) पौष कृष्ण ९

सायंकुञ्जालयस्थासनमुपविलसत्स्वर्णपात्रं सुधौतं
राजद्यज्ञोपवीतंपरितनुवसनं गौरमम्भोज वक्त्रम् ।
प्राणानायम्य नासापुटनिहितकरं कर्णराजद्द्विमुक्तं
वन्देऽर्धोन्मीलिताक्षं मृगमदतिलकं विट्ठलेशं सुकेशम् ॥१॥

બ્રહ્મસમ્બન્ધ થયા બાદ શ્રીમહાપ્રભુએ આજ્ઞા કરી છે, તે પ્રમાણે 'નિવેદીજનોએ બધુંજ પ્રભુને અર્પીને કરવું' આ પ્રમાણેનો આત્મનિવેદી–બ્રહ્મસમ્બન્ધી જીવોનો ધર્મ થાય છે.

આ બન્ને મન્ત્રોનો ઉપદેશ કરવાનો અધિકાર માત્ર શ્રીમદ્ વલ્લભાધીશ પ્રભુનોજ છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીની કૃપા થયેજ પ્રભુને પામી શકાય તેમ છે.

આ બીજા પ્રકારનો ઉત્તમ અધિકાર ગદ્યમન્ત્રથી પ્રાપ્ત થાય છે. આ ગદ્યમન્ત્રથી જીવ ભગવાનને પોતાનું બધું અર્પણ કરે છે. એ ગદ્યમન્ત્ર શું છે અને તેનો અર્થ શો છે, તે અહીં બતાવવામાં આવે છે:

(सहस्रपरिवत्सरऽमित) પ્રભુથી વિયોગ થયાને હજારો વર્ષ વીતી ગયાં છે. આવા તાપ ઉત્પન્ન કરનારા હજારો 'પરિવત્સરો–વર્ષોના લાંબા સમયને લીધે સંસારમાં મહાન્ ક્લેશ ઉત્પન્ન થયેલો છે. (कालजात) કાળ બધાને કાબૂમાં લાવનારો છે. આવા અનેક પરિવત્સરોના વીતી ગયેલા કાળથી ઉત્પન્ન થયેલો. જે (कृष्णवियोग) પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીનો વિરહ તેના વડેકરીને (जनित) ઉત્પન્ન થયેલા (तापक्लेश) તાપ અને ક્લેશ, તેના વડે કરીને જેને (आनन्दतिरोभावः) આનન્દનો તિરોભાવ થઇ ગયો છે (આનન્દ સન્તાઇ ગયો છે) તેવો (अहं) અહન્તાથી ઘેરાયેલો હું જીવ [भगवते] ઐશ્વર્ય–વીર્ય–યશ–શ્રી, જ્ઞાન–વૈરાગ્ય એ છ ઐશ્વર્યવાળા [कृष्णाय] સત્–ચિત્–આનન્દરૂપ, બ્રહ્મ. રસાત્મા પ્રભુ શ્રી કૃષ્ણચન્દ્રજીને (देहप्राणेन्द्रियान्तः करणानि तद्धर्मान् च दारागारपुत्राप्त वित्तेह पराणि] જીવને અન્તરઙ્ગરૂપે રહેલાં દેહ, પ્રાણ, ઇન્દ્રિય, અન્તઃકરણ અને તેના ધર્મો તેમજ બહિરઙ્ગ સ્ત્રી, ઘર, છોકરાં, સગાં-વ્હાલાં અને ધન એમ દશે સાથે આ માર્ગ અથવા આ લોક અને પરલોક એ સર્વ [आत्मना सह] આત્મા સહિત (समर्पयामि) અર્પણ કરૂં છું.

જેઓ પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કરી દિયે છે, તેઓને શ્રી ગોકુલેશ–શ્રીકૃષ્ણચન્દ્રજીની ભક્તિનો અધિકાર મળે છે. શ્રીમદ્ ભાગવતમાં પ્રભુએ આજ્ઞા કરી છે કે–'હે ઉદ્ધવ ! પરબ્રહ્મને જેઓએ સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ, એ સર્વનું સમર્પણ કરી દીધું છે, એવા આત્મનિવેદીયોને ભગવદીયોના ધર્મોનું પાલન કરતાં મારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે, એવાઓને પછી બીજું શું મેળવવાનું બાકી રહે છે ! એઓએ કિયો પુરુષાર્થ કરવો બાકી રહે છે ! સ્ત્રી, ઘર, પુત્ર, સગાવ્હાલાં, પ્રાણ, ધન, આ લોક અને પરલોક એ સર્વને છોડી પ્રભુમાં પર ભાવ પ્રાપ્ત કર્યો છે, તેવો તે હંમેશાં પ્રભુ વિશેના પ્રેમથી રસબોળ રહે છે.' આ લોકની સાથે પરલોકનું સમર્પણ કરવાનું પણ કારણ એ છે કે જો પરલોક બાકી રહી જાય તો ત્યાંને માટે સુખદુઃખના ભોગ અડચણ કરનારા થાય. વિશેષમાં અગ્નિના અવતાર શ્રીમહાપ્રભુજીની પ્રાર્થના વડે કરીને તેઓની કૃપાથી પ્રભુના સ્પર્શથી પ્રભુ પ્રાપ્તિમાં જરાપણ અડચણ ન નડે.

અહીં આત્મા સહિત અર્પણ કરવાનું કહેવામાં આવ્યું છે. 'આત્મ' શબ્દનો અર્થ 'જીવ' થાય છે. જ્યાંસુધી પ્રભુનો સમ્બન્ધ ન્હોતો થયો ત્યાંસુધી અવિદ્યાના સમ્બન્ધને લીધે

'જીવપણું' હતું, પરન્તુ અત્યારે તો પ્રભુ વિશેના ભાવને લીધે એ 'જીવપણું' ચાલ્યું જતાં 'આત્મપણું' મલ્યું છે. અહીં આત્માનૂં મુખ્યપણું કહેવામાં આવ્યૂં છે; બીજા બધાં તેની સાથે કહ્યાં છે. 'હું સમર્પણ કરૂં છું' એમ જે કહેવામાં આવ્યૂં છે. તેનાથી ભક્તિ માર્ગમાં સમર્પણ કરવામાં આવેલા પદાર્થોનો ઉપભોગ પ્રભુ સાક્ષાત કરી રહ્યા છે. આમ ભક્તિથી સારી રીતે ભક્તિમાર્ગની રીતિયે પ્રભુને સમર્પણ કરવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીયે અન્તઃકરણ પ્રબોધમાં 'ભક્તિથી બધું પ્રભુને અર્પણ કર્યું છે; તારાં બધાં કાર્યો પાર પડી ગયાં છે. તૂં સુખી થા' એમ જણાવ્યૂં છે. બાલબોધમાં પણ આપશ્રીયે આજ્ઞા કરી છે કે 'આત્માનૂં પ્રભુને સમર્પણ કરતાં ભગવદીયપણું મળે છે.'

(दासोऽहम्) હૂં દાસ છૂં, જીવો પ્રભુના સહજ દાસ છે. અહીં જે 'હું' એમ કહેવાયૂં છે, તે પ્રભુનો હું દાસ છું, એવા પ્રભુ સાથેના સમ્બન્ધને લીધેજ (कृष्ण तवास्मि) ફલાત્મા ભગવાન ફલ દેવામાં સમર્થ છે, એટલેજ 'હૂં આપનો છું' એમ કહ્યું છે, 'હે કૃષ્ણ! હું આપનો છું' એમ કહેતાંજ પ્રભુ દરેક પ્રકારના ભય દૂર કરી નાખે છે.

પ્રભુયે મારો સ્વીકાર કર્યો છે કે નહીં, તેવા પ્રકારની ચિન્તાનો ત્યાગ કરવાનોજ શ્રી ગુસાંઇજીયે નવરત્ન પ્રકાશમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે 'મહાપુરુષદ્વારા પ્રભુને આત્મ નિવેદન કર્યું, એટલે તેવા જીવનો પ્રભુ ત્યાગ કરતા નથી.' સિદ્ધાન્ત મુક્તાવલીની ટીકામાં પણ આપ શ્રીયે આજ્ઞા કરી છે કે—'ગુરુરૂપે જીવના વ્રતનૂં પ્રભુ રક્ષણ કરી રહ્યા છે, (ગુરુઓ ઉપદેશ આપી જીવોને કુમાર્ગમાંથી રક્ષી લિયે છે,)

જે આચાર્યોને—ગુરુને શરણે જાય, તેવો પુરુષ સાચું જ્ઞાન મેળવી શકે છે; એ વેદવાક્ય પ્રમાણે અને આચાર્ય એ મારૂં સ્વરૂપ જાણ એ વગેરે પ્રભુનાં વચનામૃતો પ્રમાણે શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કૃપાયે કરી ફલ પ્રાપ્તિ થશે.

બ્રહ્મસમ્બન્ધ

[લેખક:—શાસ્ત્રી. ચીમનલાલ હરિશંકર. "સાહિત્યભૂષણ" "શુદ્ધાદ્વૈતરત્ન" સુરત]

[એમના 'બ્રહ્મસંબંધ ભાગ ૧ લો. એ પુસ્તક ઉપરથી ઉપયોગી ભાગ લીધો છે.]

જીવને પ્રભુ સાથેનો સંબંધ સરળતાથી કરાવનાર કાઈ મંત્ર હોય તો તે આ બ્રહ્મસંબંધ મંત્ર છે. ભગવાનમાંથી જીવ હજારો વર્ષથી જુદો પડયો. તેની સંખ્યા નથી, જુદા પડવાના સમયે અવિદ્યાથી સંસારી બન્યો અને દેહાધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, આ ચાર અધ્યાસથી, પોતાના ભગવત્સ્વરૂપનું ભાન ભૂલ્યો, અને પ્રભુ સાથેનો અંશાંશી સંબંધ પણ ભૂલી ગયો પ્રભુએ સ્વરમણ માટે કરેલા જગત્‌ના પદાર્થને પોતાના માની બેઠો અર્થાત્ અવિદ્યા અને સર્વ દોષો એ બંન્ને પ્રભુનો સંબંધ થવા દેતાં નથી. આ બંન્નેને મૂળમાંથી હઠાવનાર જો કોઇ બળવાન હોય તો તે આ બ્રહ્મસંબંધ મંત્ર છે, કારણકે આ મંત્ર શ્રી ગોપીજનવલ્લભે જીવને નિર્દોષ બનાવવા પ્રકટ કર્યો છે, જીવને આ બંધનમાંથી

ખસેડી પ્રભુ સાથેનો સંબંધ કરાવવાની શ્રી મહાપ્રભુજીને ઈચ્છા થઇ, અને ચિન્તા કરવા લાગ્યા કે જીવ, અનેક દોષથી ભરેલો છે. પ્રભુ નિર્દોષ છે તે બેનો સંબંધ શી રીતે થાય, આ ચિન્તા દૂર કરવાને પ્રભુ સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્ર શ્રાવણ માસની શુકલ પક્ષની એકાદશીની મધ્યરાત્રીએ પ્રકટ થઈ બ્રહ્મસંબંધ મંત્ર અને બ્રહ્મસંબંધ કરવાથી જીવના સર્વ દોષની નિવૃત્તિ–તેમજ પ્રભુ સાથેનો સાક્ષાત્સંબંધ કેમ થાય. તે સર્વ કહ્યું. શ્રીમહાચાર્યચરણે–પ્રભુ સાથેનો વાર્તાલાપ સિદ્ધાન્ત રહસ્ય નામના ગ્રન્થમાં આપણને સમજાવ્યો છે.

જીવ પ્રભુનો અંશ છે. ભગવાન અંશી છે, જીવ પ્રભુનો સેવક છે. પ્રભુ સ્વામી છે, આ સંબંધને બ્રહ્મસંબંધ મંત્રથી હવે આપણે તાજો કરીએ છીએ, આ બ્રહ્મ સંબંધ મંત્રમાં એક અપૂર્વ શક્તિ છે, તે પાંચ પ્રકારના દોષોથી મુક્ત કરે છે. જેનો સંબંધ જોડવાનો છે તે સંબંધ જોડવાની લાયકાત આ સર્વ દોષો દૂર થવાથી જ આવે છે તે પ્રાયશ્ચિતથી નહિ પણ મંત્રથી થશે.

ગાયત્રી મંત્રનો ઉપદેશ થવા માત્રથી અજ્ઞાની બાલકને જેમ વૈદિક કર્મનો અધિકાર પ્રાપ્ત થાય છે તેવી રીતે બ્રહ્મસંબધ મંત્રોપદેશ ગ્રહણ કરવા માત્રથી જ ભગવત્સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે અર્થાત્ ગાયત્રી મંત્રોપદેશ ગ્રહણ કરવા પેહેલાં વૈદિક કર્મના અધિકારમાં પ્રતિબંધ રૂપ જે દોષો હતા. તે સર્વ ગાયત્રી મંત્રના ગ્રહણ કરવા માત્રથી નિવૃત્ત થઈ સર્વ વૈદિક કર્મ કરવામાં અધિકાર રૂપ તેની સ્વરૂપ યોગ્યતા થાય છે, તેવી રીતે બ્રહ્મસંબંધ મંત્રોપદેશ ગ્રહણ કરવા પહેલાં ભગવત્સેવામાં પ્રતિબંધ રૂપ જે દોષો હતા તે સર્વ બ્રહ્મસંબંધ મંત્રોપદેશ ગ્રહણ કર્યા પછી નિવૃત્તિ થવાથી ભગવત્સેવામાં અધિકાર રૂપ તેની સ્વરૂપ યોગ્યતા સિદ્ધ થાય છે.

બ્રહ્મસંબંધથી સર્વ દોષ નિવૃત્તિ.

ભગવાન્ પોતે નિર્દોષ છે તેમની સેવા સદોષ જીવથી થઈ શકે નહિં તેટલા માટે તે દોષોની નિવૃત્તિ કરવી એ પ્રથમ કર્તવ્ય છે–તો તે નિવૃત્તિ આત્મનિવેદનાત્મક બ્રહ્મસંબંધના મંત્રોપદેશ લેવાથી થાય છે. પ્રથમ સૃષ્ટિના સમયમાં અક્ષરબ્રહ્મમાંથી જીવોનું વ્યુચ્ચરણ થયું. ત્યારપછી ભગવાનનીઆવિર્ભુત થયેલી, દ્વાદશ શક્તિ પૈકીની અવિદ્યા શક્તિનો સંબંધ થવાથી જીવોને દોષ લાગ્યા, અને સુક્ષ્મ તથા સ્થુલ, દેહનો, જીવોને સંબધ થવાથી તે બંન્ને દેહ સંબધી દોષો, જીવોએ અવિદ્યાથી પોતાના કલ્પિત માની લીધા છે, તે દોષોની નિવૃત્તિ કરવી એ આત્મનિવેદનાત્મક બ્રહ્મસંબંધ કરવાનું મુખ્ય પ્રયોજન છે. તે બાબતમાં શ્રી આચાર્યચરણે સિદ્ધાન્ત રહસ્યમાં આજ્ઞા કરેલી છે. સ્થુલ સૂક્ષ્મ–દેહ વિશિષ્ટ સચ્ચિદંશ રૂપ જીવે આ દેહ, પ્રાણ, ઇંદ્રિય, અંતઃકરણ અને તેના ધર્મો પોતાના આત્મા સહિત ભગવાનને નિવેદન કર્યા. ત્યાર પછી તેમાં રહેલા તે દોષો ભગવાનની સેવા કરવામાં પ્રતિબંધક થાય નહિ. અને ભગવાનની સેવા કરવામાં તે દોષો પ્રતિબંધક થશે એવો વિચાર પણ કરવો નહિં. કેમકે બ્રહ્મસંબંધ કર્યા પછી દેહ, ઇંદ્રિયો, પ્રાણ, અંતઃકરણ તથા જીવમાં અને તેના તમામ ધર્મો (ભગવાનને સર્વ અર્પણ કરવાથી) તે સર્વ ભગવત્ સંબંધી છે, એવું અનુસંધાન થાય

છે, જો તે સર્વના સ્વામી અને પ્રેરણા કરનારા ભગવાન જ છે. એવું અનુસંધાન રાખશો તો દોષોની સાથે પોતાનો સંબંધ નહિ રહે, પારકી વસ્તુના ગુણદોષનો સંબંધ પોતાને થતો નથી તેવીજ રીતે નિવેદન કરનારને તે દોષોની સાથે સંબંધ નહિં હોવાથી તેને તે દોષો કંઈ બાધ કરી શકતા નથી, માટે બ્રહ્મસંબંધ કરવાથી સર્વ દોષોની નિવૃત્તિ થાય એમ શ્રી આચાર્ય ચરણે આજ્ઞા કરી છે.

આત્મનિવેદન વિના બીજા કોઈ પણ કર્મ જ્ઞાન કે ભક્તિ રૂપ સાધને કરીને સર્વ દોષની નિવૃત્તિ થતી નથી, કેમ કે દોષના કારણરૂપ કર્મ દેશ ને કાલ વિદ્યમાન છે. તેથી તેની સાથે સંયોગ અને સ્પર્શ થવાથી. સંયોગ જ અને સ્પર્શ જ દોષોની ઉત્પતિ વારંવાર થયા કરે છે. અને આત્મનિવેદનથી. તો આ ભગવાનનું છે, એવું અનુસંધાન થવાથી તેનામાં અભિમાન નિવૃત્ત થતાં દોષો કંઈ કરી શકતા નથી. માટે આત્મનિવેદન કરવું. એજ સ્વતંત્ર દોષની નિવૃત્તિ સાધન છે. એવું બીજું નથી.

આ આત્મનિવેદન—બ્રહ્મસંબંધ દીક્ષારૂપી મહાયજ્ઞ કરો. પછી આનંદમય પ્રભુજીની સેવા રસાસ્વાદ શ્રી મહાપ્રભુજીની કૃપાથી કરી શકાશે.

બ્રહ્મસંબન્ધ પછી કર્તવ્ય

બ્રહ્મસંબંધ લીધા પછી તિલક, તુલસીમાળા આ બે ચિન્હ હંમેશાં રાખવાં, ક્ષણ પણ તે વિના રહે વૈષ્ણવતા ના કહેવાય. શિખા અને સદાચાર વેષ રાખવો. શાસ્ત્રમાં નિષેધ કરેલી વસ્તુઓ ખાવી નહિ, પીવી નહિ. અષ્ટાક્ષરમંત્રની માળા જપવી. તેમજ શુદ્ધ અસ્પર્શમાં હો તો પંચાક્ષર મંત્ર (કે જે બ્રહ્મસંબંધના મંત્રના અંતમાં આવે છે) તેનો જપ કરવો, આચાર વિચાર પાળવાથી ત્રણ ફાયદા છે. રોગ થતા નથી, આયુષ્ય દીર્ઘ થાય છે, મનોબળ વધે છે. મનોબળ વધવામાં મુખ્ય કારણ આરોગ્ય અને અંતઃકરણ શુદ્ધિ છે. આ બંને આચાર વિચારથી થાય છે. જેમાં ખોરાક પણ શુદ્ધ લેવો એ આચાર વિચારમાં આવી જાય છે. સવારમાં ઉઠી ભગવન્નામ લઈ તુલસીમાળાનું દર્શન કરવું. પછી શૌચ—દાતણ કરી સ્નાન કરવું, સ્નાન કરતી વખતે બોલવું નહિ—જુઠણ થાય, પવિત્ર વસ્ત્ર પહેરી ચરણામૃત લેવું, તિલક કરવું, મુદ્રાઓ કરવી.

પછી પ્રભુની સેવામાં બેસવું. બ્રહ્મસંબંધ લીધા પછી આપણા ઘરમાં એક પ્રભુનું સ્વરૂપ અથવા ચિત્રજી પધરાવવું અને તેમની સેવા એક કાળ દ્વિકાળ કે ત્રિકાળ કરવી.

શ્રી સર્વોત્તમજીનો પાઠ શ્રીકૃષ્ણાશ્રય અને શ્રી યમુનાષ્ટકનો પાઠ તો મુખે કરીને પ્રભુના સન્મુખ કરવા. ચિત્તની પ્રભુમાં એકતાનતા થાય એનું નામ સેવા.

સેવામાં વાતો ન કરવી થોડો સમય મળે તો તેટલો પણ એકતાન ચિત્ત રાખી કરવું સ્વલ્પ પણ સંગીન કરવું. કદાચીત્ વધારે જો જાણવાની ઈચ્છા થાય તો ઉપદેશ શંકા નિરાસવાદ, સિદ્ધાન્ત રહસ્યની ટીકા ઉપદેશ મીમાંસા ગ્રન્થો વાંચવા.

શ્રી સુબોધિનીજીનું શ્રવણ ક્વચિત્ થવાથી સેવા અને સેવામાં પધરાયેલું ભગવતસ્વરૂપનું ભાન થતું નથી. માટે સેવાના અનવસરમાં દરરોજ શ્રી સુબોધિનીના વાંચનનો પ્રચાર વધારવાની જરૂર છે. તોજ સેવા આધિ દૈવિકી થશે. આત્મનિવેદન ફલોન્મુખ થશે.

Vaishnav Saksher Shiromani Shuddhadvait Philosopher, research scholar, Shree **Mulchandra Tulshidas** Teliwala, B. A. LL, B. High Court Pleader of Bombay, says as follows in the introduction of Siddhant Rahasya about Brahma Sambandha.

Let us first see what is taught by Vallabhacharya and his grand-son Gokulanatha and others. In the Sampradaya, there are two rites generally performed, viz. शरणमन्त्रोपदेश and आत्मनिवेदन. The first gives recognition as a Vaishnava and the Second makes one Adhikari in the Seva Marga. The first initination is given by a descendant of Vallabha-charya by repetition of the mantra श्रीकृष्णः शरणं मम in the ears of the child and then putting the Tulsikanthi on his neck. The performance of the second initination is also generally through a descendant of Vallabha-charya. In both the initiations, age is not to be considered It is an accepted belief in the Sampradaya that Vallabhacharya alone is the आचार्य and all his descendants, howsoever illustrious, have never claimed anything further than being recognized as गुरुद्वार. Thus the initiation is believed to be done by Vallabhacharya himself through the instrumentality of his agnate descendants.

The dedication is to **Lord Krishna**, and not to Acharya as will be presently shown. It is monstrous to substitute the world Acharya in place of Krishna and then to charge Vallabhacharya that he preached immorality. It would be a cruel injustice to one of the greatest saints and philosophers of India. The vow repeated at the time of the आत्म निवेदन ceremony is this :—[1]ब्रह्मसंबंधमंत्र.

Above we have related the current practice and belief in the Sampradaya but we must admit that in the known writtings of Vallabha-charya it is nowhere mentioned that this initiation should take place only through him or his descendants. Vallabhacharya does not seem to insist that any particular person should initiate you. Of course it goes without saying that the person who initiates and the person initiated must be spiritually exalted. In his Nibandha, while descussing the question as to who can be a Guru, he observes as follows :—

कृष्ण सेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् । श्री भागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात् ॥ तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित । परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम् ॥

His commentator here observes as follows :—

कलेर्बलिष्ठत्वेनाग्रिमेषु गुरुलक्षणाभावमालोच्य स्वस्मिन्नेवैतन्मार्गीयगुरुत्वं नियच्छन्त आहुः

Putting together these two statements we can easily understand how the idea of Srimadacharya's presence was always considered necessary at the time of initiation. Vallabha's descendants even to this day initiate their pupils not in their own name and responsibility, but in the name and responsibility of S'ri Vallabha.

This initiation is referred to as ब्रह्मसंबन्ध by Vallabhacharya in the present work. The necessary qualification of the initiated is भगवत्कृपा, which can be inferred from one's inclination towards the Bhagavan-Marga. Thus the कृपायुक्त soul has to dedicate his everything to Lord Krishna through Shreemadacharya, and proclaim himself as the दास of Krishna. This is what is known as ब्रह्मसंबन्ध and it is in this sense interpreted by all the commentators here. Gokulnathajee says :—

ब्रह्मसंबन्धकरणं नाम एतन्मार्गीयाचार्यद्वारा भगवन्निवेदनम् ।

According to Raghunathji ब्रह्मसम्बन्ध means this :—बृहत्वात् ब्रह्मपुरुषोत्तमः तत्सम्बन्धस्तस्मिन् देहात्मनोर्निवेदनलक्षणः

Kalyanrayji says :—ब्रह्मसम्बन्धो नाम स्वमार्गाचार्यद्वारा भगवति निवेदनम् ।

Vrajotsavaji says :—ब्रह्मसम्बन्धकरणं नाम साक्षात्पुरुषोत्तमसम्बन्धकरणम् । तच्च श्रीमदाचार्यद्वारा शरणगमनपूर्वकम् ।

Gokulotsavji observes :—ब्रह्मणः श्रीपुरुषोत्तमस्य सम्बन्धिकरणात् सर्वसमर्पणेन तदीयत्वसंपादनात्

---

1 Refer Siddhant Rahasya *by Teliwala.*

We have published the Gadya after a considerable hesitation. We know that some Vaisnnavas will feel annoyed by this act of ours. But we have after long deliberation, come to the conclusion that the mission of S'ri, Vallabhacharya would be fulfilled better by the publica-
tion of the same by ourselves in correct form, rather than allow the
calumnitators of the Sampradaya to publish the same in a distorted form
and thereby heap mischievous allegations on his fair name. However,
for those who cannot see eye to eye with us on this question, we can
do no more than give a reply in the word of Shree Purushottamji, the
gréatest scholar of the Sampradaya :—

यद्यपि मदुक्तौ मार्गरहस्यप्रकाशनापराध आयाति, तथापि प्रकाशनस्यान्यैरेव
कृतत्वेन तदर्थसंदेहवारणस्यैव मत्कृतितया स्वोत्कर्षप्रकाशनार्थत्वाभावाद् भगवान् श्रीमदा-
चार्यच्चरणाश्च मदपराधं क्षमन्त्विति विज्ञापयामीति दिक् (सि. र. टीका पृ. ३७)

The followers of Gokulnathaji repeat श्रीगोपीजनवल्लभाय after the
word कृष्णाय. Some repeat देहप्राणेन्द्रिय etc. instead of देहेन्द्रिय etc. Some
repeat वित्तं दृढ पराणि instead of वित्तेहापराणि. Substantially this is the
correct reading.

Harirayaji says :—आदौ सम्बन्धकरणं कन्ययेव स्वयंवरे । स्वस्य सर्वपदार्थानां मनसा तेन योजनम् । सम्बन्धवत्या दूत्येव गुरुणा तत्कृतिर्भवेत् । सम्बन्धश्चापि निर्दोषस्तथा सर्वसमःस्मृत. । वन्हेरिवेति बोधाय प्रोक्तं ब्रह्मपदं पुनः । निर्दोष हि समं ब्रह्मेत्यत्रोक्तं तत् तथाविधम् । स्यात् प्रयुक्ते कृष्णपदे विषयत्वं गुणाहितिः । सम्बन्धे तादृशापेक्षा नास्ति दोषनिवारणात् । दोषमात्रनिवृत्यर्थं ब्रह्मसम्बन्ध उच्यते ।

Vithalarayaji says :—ब्रह्मणा मया सम्बन्धः कार्यः ।

Giridharaji defines it thus:— अस्मिन् मार्गे यशोदोत्संगलालितश्रीकृष्णस्यैवोपास्यत्वात् तस्यचात्रलोके अवतारमात्रभ्रमत्वादत्र तद्व्यावृत्यर्थं ब्रह्मपदोपादानम् + + तेन ब्रह्मणा सह देहजीवयोर्यः संबन्धः स्वमार्गीयनिवेदनेन तदीयत्वसंपादनलक्षणः ।

Lalubhatta explains it thus:—ब्रह्मणा सह संबन्धः स्वस्वामिभावलक्षणो देहेन्द्रिय प्राणान्तःकरण–दारागारपुत्रादीनामात्मनश्च तदीयत्वमिति यावत् । तस्य करणात् गद्यसहितपञ्चाक्षरनिवेदनमंत्रस्योपदेशेन स्फुटीकरणादित्यर्थः ।

According to the last Tikakara it means this:—निर्दोषं हि समं ब्रह्माहम्, तस्मिन् संबन्धस्यकरणात्, साधकतमात्, सगद्यपञ्चाक्षरकथनात् । अंशत्वेपि "पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्ध विपर्ययौ" इति भक्तिमार्गीयात्मसमर्पणापरपर्याय निवेदनद्वारा सेवकत्व करणादित्यर्थः ।

Purshottamaji has witten on almost all works of Vallabhacharya and he explains the word ब्रह्मसंबन्ध thus :—"ब्रह्मसंवन्धो नाम सर्वस्मिन् भगवत्स्वामिकत्वरूपः संबन्धः तस्य करणं नाम भगवता आचार्यान् प्रति गद्येनोक्तो य आत्मसमर्पण प्रकारः ।तद्रीत्या भगवति स्वात्मसहितस्वीयसर्व पदार्थानां भगवति तथात्व विज्ञापनम् । 'स वै नैव रेम ' इति श्रुतेः क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते स्वाम्यं तु तत्र कुधियो पर ईश कुर्यु ' रित्यादिवाक्याच्च वस्तुतः सर्वस्य भगवदीयत्वेपि 'स वै नैवे ' त्यादि श्रुत्या रमणार्थं द्वितीयनिर्माणाद्धिश्रावणात् तेना पादिता या तत्तत्पदार्थे जीवस्य स्वत्वस्वीयत्वाभिमतिः तत्परित्यागे तेषु भगवदीयत्वस्य विज्ञापनमिति यावत् ॥

Mr F. S. Growse, M. A., C. I. E., of the Bengal Civil service in his District memoir part I printed at the North western Provinces' Government Press in 1874 expresses himself about Brahma Sambandh in the following manner:—

The dogma of Brahma Sambandh, or union with the divine, upon which Vallabhacharya constructed his whole system was, as he declares, revealed to him by the Deity in person and recorded word for word as it was uttered. This inspired text is called the Sidhanta Rashasya, and being very brief and quite exceptional interest, it is here given in full. " At dead of night, on the 11th of the bright fortnight of Sravan, what is here written was declared to me, word for word, by God himself. Every sin, whether of body or soul is put away by union with the Creator; of whatever kind the sin may be, whether, 1st, original; 2nd, accidental (i. e. born of time and place); 3rd, social or ceremonial (i. e. special offences defined by custom or the Vedas); 4th, sins of abetment; or 5th, sins sensual. *No one of these is to be accounted any longer existent; but when there is no union with the creator there is no putting away of sin. Therefore, one should abstain from anything that has not been consecrated; but when once a thing has been dedicated the offerer may do with it what it what he likes; this is the rule. The God of gods will not accept any offering which has already been used by the owner. Therefore, at the outset of every action there should be unreserved offering. It is said by those of a different persuasion, ' what is once given cannot be taken away; it is all God's; but as is the practice of servants on earth, so would we act in the dedication through which everything becomes God's. Ganges water is full of impurities; and " the holy Ganges' may be predicated of bad as well as good. Precisely the same in our case. "

The last four lines are rather obscurely expressed. The idea intended is that as servants use what remains of that which they have prepared fos their masters, so what we offer to God we may afterwords use for ourselves and as dirty water flowing into the Ganges becomes assimilated with the sacred stream, **So Vile** humanity becomes purified by union with God. The practice of the sect has been modelled strictly in accordance with these instructions. A child is Krishna-ed (Christened) while still an infant by the Gosain's putting on its neck a string of beads and

repeating over it the formula called the Ashtakshar Mantra, Shri Krishna Saranam mama [Deus adjutorium meum), but before the neophyte can claim the privileges of full communion he has to undergo a rite simiiar to that of confirmation, and at the age of twelbe or thereabouts, when ready to take upon himself the responsibilities of life he initiates his career by a solemn dedication (Samarpana) of all that he has and is to the God of his devotion. This oblation of tan, man, dhan, as it is popularly expressed – that is, of body, soul, and substance – is couched in the following terms:—

" Om. The god Krishna is my refuge. Distracted by the infinite pain and torment caused by the separation from Krishna, which has extented over a space of time measured by thousands of years, I now, to the holy Krishna, do dedicate my bodily faculties, my life, my soul, and its belongings, with my wife, my house, my children, my whole substance and my ownself. O, Krishna: I am thy servant.]

એક અંગ્રેજ વિદ્વાન્, બ્રિટિશ અમલદાર મી. ઈ. એસ. ગ્રાઉઝ. એમ; એ. બી, સી, એસ, સી. આઇ. ઈ. જેઓ તત્ત્વજ્ઞાનના ઉંડા અભ્યાસી હતા, પુરાતન લેખો, પૌરાણિક વાર્તાઓ, પ્રાચીન શોધખોળની ઐતિહાસિક દૃષ્ટિથી તુલના કરવામાં બાહોશ ગણાયા છે, તેમણે મથુરા જીલ્લાનો ધાર્મિક ઈતિહાસ પણ લખ્યો છે. તેમજ વ્રજસંબંધીની પણ ઘણી ઐતિહાસિક શોધો લખી છે. અને બ્રહ્મસમ્બન્ધ વિષે પણ તેમને જે સાહિત્ય પ્રાપ્ત થયું તે ઉપર તુલનાત્મક લેખ લખ્યો છે. જે **મથુરામેમોરીયલ** પુ. માં ઈ. સ. ૧૮૭૪માં છપાવ્યો છે તે મુળલેખ અંગ્રેજીમાં તથા તેનો ગુજરાતી તરજુમો કરીને આ નીચે આપવામાં આવે છે.

બ્રહ્મસમ્બન્ધ વિષે તેમનું શું માનવું છે તે આ ઉપરથી સ્પષ્ટ સમજાશે. ધર્મનિંદકો જરા આ તરફ દ્રષ્ટિપાત કરશે કે ?

બ્રહ્મસંબંધ અથવા ઇશ્વરની જોડે ઐક્યનો મત, કે જેના ઉપર વલ્લભાચાર્યે પોતાનો બધો માર્ગ રચ્યો હતો, તે એ જાહેર કરે છે તે પ્રમાણે, ઈશ્વરે રૂબરૂ એમને જણાવ્યો હતો, અને જે પ્રમાણે તેમણે કહ્યો હતો તે અક્ષરશઃ તેમણે (વલ્લભાચાર્ય) નોંધી લીધેલો. આ ઇશ્વરપ્રેરિત વાણીને "સિદ્ધાંતરહસ્ય" કહે છે. અને બહુ જ સંક્ષિપ્ત અને બીલકુલ અસાધારણ રસવાળું હોવાથી અહીં તે સંપૂર્ણ આપ્યું છે.

શ્રાવણ માસના શુકલપક્ષની એકાદશીની મધ્યરાત્રિએ, જે અહીં લખ્યું છે તે મને સાક્ષાત્ ભગવાને અક્ષરશઃ જાહેર કર્યું હતું. બ્રહ્મસમ્બન્ધ થવાથી દેહ ને જીવના સર્વ પાપ–દોષની નિવૃત્તિ થાય છે. આ દોષ ગમે તે પ્રકારના હોય જેવા કે (૧) મૂળ (સહજ) દોષ (૨) આકસ્મિક દોષ (દેશકાલોત્થ) (૩) સાંસારિક અથવા વેદ વિધિનો [રૂઢી અથવા વેદોએ નીરૂપણ કરેલા ખાસ દોષો] (૪) સહાયરૂપ થવાથી થતા દોષો (સંયોગજ) (૫) ઇંદ્રિય જનિત દોષો [સ્પર્શજ] આમાંનો એક પણ દોષ બ્રહ્મસમ્બન્ધ થયા પછી રહેતો નથી.

પણ બ્રહ્મસમ્બન્ધ ન થયું હોય તો, આ દોષોની નિવૃત્તિ થતી નથી. માટે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. પણ જે વસ્તુ સમર્પણ થઇ હોય, તે વસ્તુનો સમર્પણ કરનાર સમર્પણ કર્યા પછીજ ઉપયોગ કરી શકે. જે વસ્તુનો તેના ધણીએ ઉપયોગ કર્યો હોય તેને દેવોનો દેવ પણ સ્વીકારશે નહિ, માટે દરેક કાર્યના આરંભમાં સંપૂર્ણ સમર્પણ થવું જોઇએ.

ભિન્ન માર્ગવાળા કહે છે કેઃ--દાન કરેલું પાછું લેવાય નહિ, તે સઘળું ઈશ્વરનું છે. પણ જે પ્રમાણે દુનીયામાં સેવક અને સેવ્યનો વ્યવહાર ગણાય છે, તે પ્રમાણે આપણે સમર્પણ કર્યા પછી તેનો ઉપભોગ કરી શકીએ.

ગંગાના પાણીમાં બીજાં મેલાં પાણી આવે છે, પણ સારૂં અને મેલું પાણી બન્નેનું વર્ણન પવિત્ર ગંગાપણાથી જ થાય છે. તેજ પ્રમાણે બ્રહ્મસમ્બન્ધ થવાથી ગમે તેવો માણસ પવિત્ર થાય છે.

મી. ગ્રાઉઝ સાહેબ હવે આ વિષે પોતાનો અભિપ્રાય જણાવે છે કેઃ--

જેમ સેવકો પોતાના સ્વામીને માટે તૈયાર કરેલી વસ્તુમાંથી જે રહે છે તેનો ઉપયોગ કરે છે, તેમ જે પદાર્થ આપણે પ્રભુને અર્પણ કરીએ તેનો ઉપયોગ પછીથી આપણે કરી શકીએ જેમ ગંગામાં આવતું મેલું પાણી પવિત્ર પાણી સાથે મળી જાય છે તેમ દુષ્ટ પ્રાણીઓ બ્રહ્મસમ્બન્ધ થવાથી પવિત્ર થાય છે.

બાલક જ્યારે નાનું હોય છે ત્યારે તેને ગોસાંઈજી દ્વારા તુલસીની કંઠી પહેરાવીને અને અષ્ટાક્ષર મંત્ર " શ્રીકૃષ્ણઃ શરણં મમ " નો ઉચ્ચાર કરીને કૃષ્ણની દીક્ષા આપવામાં આવે છે. તે પછી સંપૂર્ણ બ્રહ્મસમ્બન્ધનો અધિકાર થવા માટે બારેક વર્ષની ઉમ્મરે, જ્યારે તે સંસારની જોખમદારીઓ માથે લેવાને તૈયાર થાય છે, ત્યારે તે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કરીને વ્યવહારની શરૂઆત કરે છે. આ તન, મન અને ધન, [દેહ, જીવ અને પદાર્થ] ના સમર્પણનો ભાવાર્થ નીચે પ્રમાણે છેઃ—[1]

" ઇશ્વર કૃષ્ણ મારૂં શરણ છે. હજારો વર્ષથી કૃષ્ણથી છૂટા પડવાના અપાર દુઃખથી મૂંઝાએલો હું હવે પવિત્ર કૃષ્ણને, મારા દેહની શકિતઓ, મારૂં જીવન, મારો આત્મા, મારી વસ્તુઓ, મારી સ્ત્રી, મારૂં ઘર, મારાં છોકરાં, મારૂં બધું સર્વસ્વ, અને મારી પોતાની જાત સાથે અર્પણ કરૂં છું઼ ઓ કૃષ્ણ ! હું તારો દાસ છું.

——:×:——

॥ श्री कृष्णाय नम : ॥

બ્રહ્મસમ્બન્ધ મંત્રનું પ્રાકટ્ય શ્રાવણ સુ. ૧૧ થયું સાક્ષાત્ પ્રભુ શ્રી કૃષ્ણચંદ્રે શ્રી વલ્લભાધીશને જે આજ્ઞા કરી, એ બેની વચ્ચે જે વાર્તાલાપ થયો તેનું આપ શ્રીએ " સિદ્ધાન્ત રહસ્ય " ગ્રન્થમાં અક્ષરશઃ વર્ણન કરેલું હોવાથી અને આ ગ્રન્થમાં એ ગ્રન્થમાંનાં આ-પેલાં વચનો સંકલાએલાં, ગુંથાએલા હોવાથી " સિદ્ધાન્ત રહસ્ય " મૂળ તથા તેની ટીકા સાથે આપવાનું યોગ્ય ધાર્યું છે. જેથી વાચંકાને વધુ સરલતા થશે.

૧ અહીં બ્રહ્મસમ્બન્ધનો મૂળ મંત્ર અસલ અંગ્રેજી પુસ્તકમાં ગ્રાઉઝ સાહેબે છપાવ્યો છે.

॥ श्री सिद्धान्त रहस्यम् ॥

અનુવાદકઃ—શાસ્ત્રી ચીમનલાલ હરિશંકર " શુદ્ધાદ્વૈતભૂષણ " " સાહિત્યરત્ન " હાલ. મુકામ. સુરત

સ્વમાર્ગનો મુખ્ય સિદ્ધાન્ત એવો છે કે પ્રભુ ઈચ્છા આ સર્વ કાર્યનું કારણ છે. આ ઈચ્છાજ પુષ્ટિમાર્ગ પ્રકટ કરવો એવી સ્થિતિ ઉપર આવતાં પ્રભુએ શ્રીમદાચાર્યજીને આજ્ઞા કરી કે પુષ્ટિમાર્ગ પ્રકટ કરો. આ આજ્ઞા પ્રમાણે ભૂતલ ઉપર પધારી નિર્ગુણ સ્નેહરૂપ ભક્તિનો ઉપદેશ આપ્યો અને પોતે 'दैवोद्धारप्रयत्नात्मा' કહેવાયા, શુદ્ધ અદ્વૈતનું ભાન કરાવ્યું, પૂજામાર્ગ કરતાં શુદ્ધ ભક્તિમાર્ગ વિલક્ષણ છે, એવું જણાવી આપ્યું. સેવ્ય શ્રીકૃષ્ણ પરબ્રહ્મની સેવાનો પ્રકાર બતાવ્યો. વિગેરે સર્વ રીતે સરળ માર્ગો બતાવ્યા.

પરંતુ પોતે એક વિચાર કરવા લાગ્યા કે, આ કલિયુગ છે. અને સેવામાં પ્રથમ પ્રવર્તમાન થતા પહેલાં દોષ નિવૃત્તિનો ઉપાય બતાવવામાં આવ્યો નથી. અને તેની ખાસ જરૂર છે.

કેમકે સેવ્ય પ્રભુ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ, દોષરહિત, પૂર્ણ ગુણવાળા, આનંદરૂપ, સર્વ અવયવવાળા, સર્વોત્તમ અને નિર્દોષ છે. અને સેવા કરનાર સેવકો કલિયુગના દોષથી દુષ્ટ અને દોષથી ભરેલા છે. આવા દોષવાળાઓની સેવાને પ્રભુ અંગીકાર કેમ કરે ? અને સેવાનો જ્યારે સ્વીકાર કરે ત્યારેજ ફળ મળે. વળી સેવા સ્વીકાર ન કરે ત્યારે સેવામાર્ગ—ભક્તિમાર્ગ પણ સફલ ન થાય ? આવા વિચારની ચિંતામાં ક્ષણવાર રહ્યા છે, એટલામાં ગોકુલેન્દુ (શ્રીકૃષ્ણ) આપ પોતે જ પ્રકટ થયા. પ્રકટ થઈ પોતાની સેવામાં પ્રતિબંધ કરનારા દોષોની નિવૃત્તિ થવા માટે શ્રીમહાપ્રભુજીને આ ગ્રંથમાં કહેલું ઉપદેશ કર્યું. જે ઉપદેશ બ્રહ્મસંબંધ ગ્રહણ કરતી વખતે લેવામાં આવે છે, તેનાથી જીવના બ્રહ્મસમ્બન્ધ થતા પહેલાંના સર્વ દોષો નિવૃત્ત થાય છે, તે ઉપરાંત સેવામાં બ્રહ્મસંબંધ પછી પણ કોઈ પણ (આગળ ગણવામાં આવશે) એ દોષોનો સંબંધ થતો નથી. માટે પોતાના ભક્તો આ ઉપદેશ જાણે એવો વિચાર કરી ભગવદીયો ઉપર કૃપા કરીને ભગવાને કહેલું ગુઢ રહસ્ય આ ગ્રંથમાં શ્રીમદાચાર્ય ચરણ પ્રકટ કરે છે.

શ્રી પુરુષોત્તમજી મહારાજ આ ગ્રંથ ઉપર એક વિચાર આરંભીશંકાનું સમાધાન કરે છે.

શંકા—એકાદશસ્કંધમાં ચાર ઠેકાણે સમર્પણ—નિવેદનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. તેનો ભાવાર્થ " શરીરથી, મનથી, વાણીથી, બુદ્ધિથી, આત્માથી, જે કંઈ કરવામાં આવે તે પ્રભુનેજ અર્પણ કરવું. સ્ત્રી, પુત્ર, ગૃહ. પ્રાણ, તપ, જપ, વિગેરે પોતાને વહાલું હોય તે પરમાત્માને અર્પણ કરવું. વિગેરે બતાવી નવ યોગેશ્વરોએ નિમિરાજાને, અને ભગવાને ઉદ્ધવજીને ભક્તિનું સ્વરૂપ બતાવ્યું છે. " આજ પ્રમાણે આચાર્યશ્રીએ બ્રહ્મસંબંધ રૂપી સમર્પણનો ઉપદેશ કર્યો છે તે એકાદશ સ્કંધના વચનોનેજ અનુસરતો છે, એટલે તેનો અનુવાદ * કર્યો છે, એમ માલૂમ પડે છે, કેમકે બ્રહ્મસંબંધનો પણ ભાવાર્થ એવો જ છે, તેથી આચાર્ય-

* અનુવાદ— એટલે કોઈનાં કહેલાં વચનને પુનઃ તેજ વચન બોલવાં તે.

શ્રીએ નવું કંઇ ઉપદેશમાં આપ્યું એમ માલુમ પડતું નથી.

સમાધાન—નીચેનાં કારણથી શ્રીમહાપ્રભુજીએ એકાદશ સ્કંધનો અનુવાદ કર્યો નથી. સાંભળો!

૧. આચાર્યશ્રીને સાક્ષાત્ પરમાત્માએ પ્રકટ થઇ શ્રાવણ શુકલ એકાદશીએ કહેલું છે. તેથી અનુવાદ કરવાની જરૂર ન હતી. તેથી શ્લોકમાં ભગવાનનું કહેલું "અક્ષરે અક્ષર" કહું છું એવું વાક્ય મૂકયું છે.

૨ સેવા કરવી એવો ઉપદેશ પહેલાં બ્રહ્મસંબંધ કરવો એવો ઉપદેશ ગદ્યમંત્રમાં છે. એકાદશમાં ક્રમ આથી વિલક્ષણ છે, તેમાં આત્માનિવેદન પછી ભક્તિ થાય છે. ગદ્યમંત્રમાં તો નિવેદન પૂર્વક સેવા કરવામાં આવે તે મહાપુરુષો જે ભક્તિ શોધે છે તે ભક્તિને પ્રકટ કરી શકે છે.

૩ એકાદશમાં કહેલા સમર્પણ કરતાં અન્તઃકરણ અને વિત્ત આ બે શબ્દો વધારે છે.

૪ એકાદશના સમર્પણમાં અધિકારી સંસ્કારવાળા જોઈએ, અહિંયાં ગદ્યમંત્ર જ સર્વ સંસ્કાર પૂર્ણ કરે છે.

૫ અન્તઃકરણ ને વિત્ત બે વધારે શબ્દો ગદ્યમંત્રમાં છે, તેથી પ્રમાણ વગરના ન માનવા કારણ કે સ્કંધ ૯. અ૦ ચારમાં અંબરીષનું આખ્યાન છે. તેમાં ભગવાને કહ્યું છે કે—"જે લોકો સ્ત્રી, ગૃહ, પુત્ર, સ્વબંધુવર્ગ, પ્રાણ ને વિત્તનો ત્યાગ+ કરી મારે શરણે આવે, છે તેનો હું કદાપિ ત્યાગ કરતો નથી." માટે સપ્રમાણ છે.

૬ એકાદશ સ્કંધમાં સમર્પણ ને પુરુષ જ અધિકારી છે, અહિંઆં ગદ્યમંત્રમાં સ્ત્રી પુરુષ વિગેરે ભક્તમાત્ર દૈવી જીવો અધિકારી છે. જુઓ ભાગવત. પ્રલ્હાદની માતાને નારદે નવ પ્રકારની ભક્તિનો ઉપદેશ આપ્યો હતો. અને ભગવાન કહે છે કે વિદ્યાધર, મનુષ્ય, વૈશ્ય શુદ્ર, સ્ત્રી, અંત્યજ વિગેરે, અને રજોગુણ તમોગુણ વાળાં વૃત્રાસુર વિગેરે બહુ જ પ્રાણીઓ ભક્તિથી મને મળેલા છે." માટે આમાં સ્ત્રી વિગેરેનો અધિકાર સ્પષ્ટ શાસ્ત્રોક્ત છે, માટે ગદ્યમંત્ર સ્વતંત્ર છે.

આ સર્વ કારણોથી માલૂમ પડશે કે ગદ્યમંત્ર સ્વતંત્ર છે કોઈનાં વચનને પુનઃ બોલેલાં નથી. વળી સાક્ષાત્ પ્રભુએ કહેલું એ વેદ સમાન જ છે, વેદ પણ ઇશ્વરે કહેલો છે. આ મંત્ર પણ પ્રભુએ કહેલો છે. આ મંત્રમાં "આત્મા સાથે" એમ સાથે શબ્દ આત્માસાથે જોડેલો હોવાથી, પિતા સાથે પુત્ર આવે છે. તેમાં જેમ પિતાની મ્હોટાઇ ગણાય છે. તેમ અહિંઆં આત્માની મ્હોટાઈ છે. આ પ્રમાણે આ ગ્રંથની શંકાઓને નિર્મૂલ કરી આ ગ્રંથનો આરંભ કરાય છે. તેમાં કીયા દિવસે પ્રભુએ પ્રકટ થઇ કહ્યું તે દિવસ બતાવવામાં આવે છે.

मूलम्—श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥

અર્થ—શ્રાવણ માસના શુકલ પક્ષમાં એકાદશીની મધ્ય રાત્રિએ સાક્ષાત્ ભગવાને (પ્રકટ થઇ) જે ઉપદેશ કર્યો છે. તે અક્ષરે અક્ષર (આ ગ્રંથમાં) કહેવાય છે. એમ શ્રીમહાપ્રભુજી કહે છે

+ ત્યાગ એટલે છોડી જતું રહેવું એવો અર્થ નથી. પરંતુ સર્વ પ્રભુને અર્પણ કરવું, અને તેમાં આસક્ત ન થવું તે ત્યાગ, આશ્રના રાગ.

વિવેચન—જે ઉત્તમ કાર્ય છે. તેના આગળ પાછળના સંજોગો પણ ઉત્તમ જ હોય છે. આ નિયમાનુસાર આ દિવસ પણ વિચાર કરતાં દૈવી ભાસે છે. માસ શ્રાવણ–શ્રવણ નક્ષત્ર જે પૂર્ણિમાએ હોય તે શ્રાવણ માસ. શ્રવણ નક્ષત્ર વૈષ્ણવ છે, માસ પણ વૈષ્ણવજ છે, તેથી પવિત્ર કરનાર છે. પક્ષ. શુકલ–અજવાળીઆમાં જેમ ચંદ્ર વૃદ્ધિ પામે છે અને અંધકાર નાશ પામે છે. તેમ શરણે આવેલાનો અજ્ઞાનરૂપી અંધકાર દોષ નાશ પામે છે. ભાવ વૃદ્ધિ પામે છે.

એકાદશી તિથી–એટલે ઉપવાસથી પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગીયારમું મન મળી અગીયારે ઇન્દ્રિયોને નિર્દોષ કરનારી આ તિથિ છે. તેથી ભક્તના અધ્યાત્મિક દોષ નાશ થાય છે. સમય મધ્ય રાત્રિનો છે. તે પ્રભુ શ્રીકૃષ્ણ અંતરંગ ભક્તો ગોપીજનોના સર્વ પુરુષાર્થ સિદ્ધ કરવા અને તે દ્વારા ગોકુલવાસીયોના પણ મનોરથો સિદ્ધ કરવા મધ્ય રાત્રીએ ગોકુલમાં પ્રકટ થયા હતા. તેમ અહીંઆં પણ શ્રી આચાર્યજી માટે અને તે દ્વારા સર્વે ભગવદીયોના પુરૂષાર્થો સિદ્ધ કરવા મધ્યરાત્રીએ પ્રકટ થયા. એ ભાવ નિકળે છે,

આ પ્રમાણે જે પવિત્ર સમયમાં પ્રભુએ ઉપદેશ આપ્યો, તે સાધનરૂપ ભક્તના સર્વ દોષોને હરે છે. ભગવાન્‌ની આજ્ઞા કોઈ વખત સ્વપ્નદ્વારા થાય છે. કોઈ વખત સેવકદ્વારા થાય છે, કોઈ વખત આકાશવાણીથી થાય છે વિગેરે. પરંતુ આ આજ્ઞાઓ સાક્ષાત્ આજ્ઞા ન કહેવાય. પરંતુ આચાર્યશ્રીને તો સાક્ષાત્ પ્રભુએ પ્રકટ થઈ કહેલી છે. તે પરમકૃપાથીજ, આચાર્યશ્રીની પ્રાર્થનાથી કહેવામાં આવ્યો એમ નથી. ૧

આ પ્રમાણે ઉપક્રમ કરી હવે જે ઉપદેશ સાંભળવામાં આવ્યો તે ઉપદેશ કહેવો શરૂ કરે છે.

मूलम्–ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः ॥
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृताः ॥ २ ॥

અર્થ—બ્રહ્મસંબંધ કરવાથી સર્વેના દેહ અને જીવના સર્વે દોષની નિવૃત્તિ નિશ્ચય થાય છે, આ દોષો પાંચ પ્રકારના છે.

બ્રહ્મસંબંધ એટલે શું ?

વિવેચન—સંબંધ એટલે જોડાવવું. કાંઇ વ્યવહાર શરૂ કરવા જે સમાગમ થાય તે સંબંધ, અહિઆં સેવ્ય સેવકનો વ્યવહાર શરૂ કરવામાં આરંભમાં પ્રભુને આત્મનિવેદન (સમર્પણ) કરાય છે, એથી પરમાત્મા શ્રીકૃષ્ણ પરબ્રહ્મ સાથે જે સંબંધ થાય તે બ્રહ્મસંબંધ. આ બ્રહ્મસંબંધ પછી સેવામાં અધિકાર થાય છે. તેથી સેવ્ય સેવકનો વ્યવહાર શરૂ થાય છે. આત્મનિવેદનમાં પોતાને જગતમાં અહંતા મમતા ઉત્પન્ન કરનારી જેટલી પ્રિય વસ્તુઓ હોય તે બધી ગુરૂનીઆજ્ઞાથી ભગવદર્પણ કરી, તેમાં ભગવદ્બુદ્ધિ કરી ભગવાનનું સ્વામીપણુ સ્થાપી. સદોષ વસ્તુઓને નિર્દોષ કરી, પ્રભુ આજ્ઞાથી વ્યવહાર કરવો એ બ્રહ્મસંબંધનો ઉદ્દેશ છે. આ ઉદ્દેશ પ્રમાણે વર્તનારના દેહ અને જીવના સેવામાં પ્રતિબંધ કરનારા દોષો નિવૃત્ત થાય, એ સ્વાભાવિક છે.

અધિકારી—શ્લોકમાં સર્વના દોષની નિવૃત્તિ લખી છે. તેથી સર્વ શબ્દથી દેવ, અસુર

મનુષ્ય, ગન્ધર્વ વિગેરે સર્વ બ્રહ્મસંબંધ કરી સેવામાં અધિકારી છે. ભગવદ્આશ્રય કરવો અને પોતાના સ્વામીની સેવામાં પ્રવર્તમાન થવું, એ કોના અધિકારથી છેટું છે ?

દેહ અને જીવનો સ્ફોટ—દેહ શબ્દથી સ્થુલ અને સૂક્ષ્મ શરીર લેવું, કે જેમ દશ અથવા એકાદશ ઇન્દ્રિયોના વ્યવહારથી દોષો ઉત્પન્ન થવા સંભવ છે. અને જીવ, +પંચપર્વાત્મક અવિદ્યાથી બંધાય છે, તેથી જીવ શબ્દથી અવિદ્યાયુક્ત જીવ જ લેવો યોગ્ય લાગે છે, આ પ્રમાણે બ્રહ્મસંબંધથી દેહ અને જીવોના સર્વે દોષોની નિવૃત્તિ થઈ જાય છે, કારણ કે નિર્દોષ પૂર્ણ ગુણવાન્ પરબ્રહ્મના સંબંધનું સામર્થ્ય જ બળવાન્ છે, જેથી પુનઃદોષો થવાનો સંભવ પણ રહેતો નથી. પૂજામાર્ગના ઉપાસકોને પૂજનની શરૂઆતમાં શુદ્ધિ સારૂ દરરોજ ભૂતશુદ્ધિ નામનો પ્રયોગ કરવો પડે છે. કેમકે તે ઉપાસકોના દેવતા નિર્દોષ નથી, સદોષના સંબંધથી નિર્દોષ થાય એવું સાભળ્યું નથી.

આ ૩ શ્લોકમાં દોષોની સંખ્યા ગણાવે છે.

मूलम्-सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ॥
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथंचन ॥ ३ ॥

અર્થ—દેહની સાથે જ ઉત્પન્ન થનારા, દેશ અને સમયને અનુસરી ઉત્પન્ન થનારા, સંયોગથી ઉત્પન્ન થનારા, અને સ્પર્શથી ઉત્પન્ન થનારા, આ પાંચ દોષો લોક અને વેદમાં નિરૂપણ કર્યા છે, તે બ્રહ્મસંબંધથી નિવૃત્ત થાય છે. તેથી કોઈ પ્રકારે (અડચણ રૂપ) માનવા ન જોઇએ.

વિવેચન—નીચે બતાવેલા પાંચ પ્રકારના દોષો બ્રહ્મસંબંધ કર્યા પછી નાશ પામે છે. તેથી આ દોષોથી હું નિવૃત્ત થઈ નિર્દોષ છું, એમ માની સેવા કરવી જોઇએ. નિર્દોષ ભક્તની સેવા નિર્દોષ પ્રભુ પ્રેમથી સ્વીકારે છે.

૧ સહજદોષ—સહજ દોષ બે પ્રકારનો છે, સ્થલ દેહમાં માતા પિતાની અપવિત્રતાથી સાથે જ રોગાદિ થાય છે, તે અને પાંચ મહાભૂત (પૃથ્વી, અપ, તેજ, વાયુ, આકાશ,)ના પાંચ દોષો છે. જેને સારૂ પૂજામાર્ગીયને ભૂતશુદ્ધિ કરવી પડે છે, ૨ જીવની સાથે જ અવિદ્યા (અહંતા મમતા) થી ઉત્પન્ન થનારા દોષો છે, તે સહજ દોષ એટલે સાથે ઉત્પન્ન થનારા છે.

૨ દેશથી થનારા દોષ—પૂજાના સ્થાનમાં અપવિત્રતા હોય છે. માટે આસન શુદ્ધિ કરવી પડે છે. અને મગધ, મારવાડ, સિન્ધ વિગેરે દેશો દોષવાળા ગણેલા છે. તેથી દેશથી થનારો દોષ તે સમજવો.

૩ કાલથી થનારા દોષ—સૂર્યોદયને પાંચ ઘડી થઇ જાય તો સૂર્યને ત્રણ અર્ધ્યને બદલે એક કાલ વીતી ગયા બદલનો વધારે એક અર્ધ્ય આપવો પડે. અમુક મુહૂર્તમાં અમુક કામ કરવું, તે કાલ વીતી જાય તો તે પણ કાલ દોષ લાગે છે તે કાલ દોષ. અથવા કલિદોષ.

+ ૧ ઇન્દ્રિયાધ્યાસ ૨ પ્રાણાધ્યાસ ૩ દેહાધ્યાસ ૪ અન્તઃકરણાધ્યાસ, આ ચારથી ૫ સ્વરૂપનું વિસ્મરણ. આ પાંચ પર્વ છે. પર્વ એટલે ભાગ.

૪ સંયોગથી થનાર--બુદ્ધિપૂર્વક જે કામના કરવામાં આવે તેને સંયોગદોષ કહેવાય છે. વળી પૂજામાર્ગમાં વરુણ પૂજનથી શુદ્ધ જળ કરવામાં આવે છે. તેમાં સામાન્ય જળ ભળે તો તે પણ બેના સંયોગ (જોડવા)થી દોષ રૂપ થાય છે. તે સંયોગ દોષ જાણવો.

૫ સ્પર્શથી થનાર--પૂજાના સામાનમાં અપવિત્રતા, શુદ્ર વિગેરેનો સ્પર્શ તે સ્પર્શદોષ કહેવાય છે. આમાં અપવિત્રને અડકવાથી થનારા દોષોનો સમાવેશ થાય છે.

આ પાંચ પ્રકારના દોષો વેદમાં અને લોકમાં એટલે સ્મૃતિ વિગેરેમાં બતાવવામાં આવ્યા છે. કારણ કે તેને નિવારણ કરવા પૂજામાર્ગીય મથે છે. આ પાંચ દોષો કદાપિ પણ સેવામાં પ્રતિબંધ કરનારા થતા જ નથી, અને મનમાં વિચાર પણ ન લાવવો કે બ્રહ્મસંબંધ લીધા પછી આ પાંચ દોષો મને દોષયુક્ત કરશે. કારણ કે નિર્દોષ પૂર્ણાનન્દ ભગવાનને અર્પણ કરવાથી સર્વ વસ્તુ પવિત્ર થાય. એ સ્પષ્ટ સિદ્ધ જ છે. ભગવાન્ કહે છે કે ચાંડાલ, સ્ત્રી, શુદ્ર, પણ જો મારામાં નિષ્ઠા રાખી ભક્તિ કરે તો તે પવિત્ર થાય છે, તો આ દોષો નિવૃત્ત થાય એમાં નવાઇ શી? માટે આ દોષો પૂજામાર્ગીયને જ લાગુ થાય છે.

પૂજામાર્ગ અને ભક્તિમાર્ગમાં બહુ જ તફાવત છે. પૂજામાર્ગમાં જેની સેવા થાય છે તે પુરુષોત્તમથી ઉતરતા દરજાના એટલે ભગવાન્‌ની વિભૂતી છે. ભક્તિમાર્ગમાં પરબ્રહ્મ પુરુષોત્તમની જ સેવા થાય છે, તેથી નિર્દોષ થાય છે. પૂજામાર્ગનો કર્મમાર્ગમાં સમાવેશ થાય છે, ભક્તિનો સ્નેહ માર્ગમાં થાય છે. પૂજામાર્ગમાં તે દેવને બોલાવે છે ને કામ પુરુ થયે વિસર્જન કરે છે. તેથી મંત્ર બોલ્યા કે આવે, ને વિસર્જનનો મંત્ર બોલ્યા કે જાય, તેથી તે મંત્રને તાબે છે, પુરુષોત્તમ તો જ્યાં ભક્તનો પ્રેમ દેખે ત્યાં વગર બોલાવે પણ તેના હૃદયમાં સ્થિર થાય છે. પૂજામાર્ગમાં અમુકનો જ અધિકાર છે. ભક્તિમાર્ગમાં સર્વ ગન્ધર્વ, મનુષ્ય, પશુ, ગજ વગેરે સર્વ પ્રભુમાં સ્નેહથી અધિકારી છે. ભક્તિમાર્ગમાં ભક્ત બ્રહ્મસંબંધ થયા પછી પોતે દેહ, ઈન્દ્રિય, પ્રાણ, જીવ, ધન, દ્રવ્ય, ગૃહ, બાર વિગેરે સર્વ ભગવાન્‌નું જ છે. એવી ભગવદીયત્વ બુદ્ધિ થાય છે. માટે જ ભક્તિમાર્ગીય ભક્તને આ દોષો દોષવાળા કરતા નથી. પૂજામાર્ગમાં આવો ભાવ લેશ પણ નથી. ૩

બ્રહ્મસંબંધ કર્યા સિવાય દોષ નિવૃત્ત કરવાનો કોઇ પણ ઉપાય નથી.

मूलम्—अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ॥
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥

અર્થ--પ્રભુને નિવેદન કર્યા સિવાય સર્વ દોષની નિવૃત્ત. કર્મ જ્ઞાન કે પ્રાયશ્ચિત્ત વિગેરે કોઈપણ પ્રકારથી થતી નથી, તેટલા માટે ન સમર્પેલી વસ્તુઓનો ઉપયોગ કરવો નહિ.

વિવેચન--ભગવાન્‌ને અર્પણ કરવાથી જેવી રીતે સર્વ દોષની નિવૃત્તિ થાય છે. તેવી રીતે બીજા કોઇ પ્રકારથી થતી નથી. જુઓ ભાગવત ચોથા સ્કંધમાં "સુખની પ્રાપ્તિ કર્મથી થનાર નથી." એમ કહ્યું છે.

પ્રાયશ્ચિતથી સમૂલદોષની નિવૃત્તિ થતી નથી. ષષ્ટ સ્કંધમાં કહે છે કે હે પરિક્ષિત! પ્રાયશ્ચિત્ત તો અવિદ્વાન્‌ને સારૂ એક કારણ છે. પરંતુ તેનાથી દોષની નિવૃત્તિ થતી નથી.

જ્ઞાનથી–સર્વ દોષોની નિવૃત્તિ થાય છે એવું ગીતાજી વિગેરેમાં કહ્યું છે, પરંતુ જ્ઞાન થવામાં પ્રથમ યમ, નિયમ, દમ એટલે ઇંદ્રિયનિગ્રહ, તપ, બ્રહ્મચર્ય, શમ, તિતિક્ષા વિગેરે નિયમો પાળે અને વેદ વેદાન્તનું પૂર્ણજ્ઞાન સંપાદન કરે ત્યારે કંઇક જ્ઞાન સંપાદન થાય, ત્યારબાદ દોષ નિવૃત થાય, એ આ કલિકાલમાં તીવ્રવૈરાગ્ય વિના ઉત્પન્ન થવું મુશ્કેલ હોવાથી જ્ઞાનથી દોષ નિવૃત્ત થવાની આશા રાખવી એ નકામી છે. માટે જ ભાગવતમાં કહે છે કે "જ્ઞાનમાર્ગથી કંટાળી સર્વથી શ્રેષ્ઠ ભક્તિમાર્ગમાં પ્રવેશ કરે છે. અને સૂર્યના ઉદયથી ઝાકળ નાશ પામે છે તેમ ભક્તિના ઉદયથી થર્વ દોષની નિવૃત્તિ થાય છે."

માટે નિર્દોષ પ્રભુને દેહ–પ્રાણ–જીવ–ધન–દ્રવ્ય વિગેરે સર્વ પદાર્થો અર્પણ કરી, દોષ વગર કરવાં. અને આ સર્વ ભગવાનનાં છે. એવી બુદ્ધિ રાખવી અને પ્રભુમાં ચિત્ત રાખી સેવામાં જોડાવવું. તેથી જ નિર્દોષ થાય છે. સેવા પ્રવર્તમાન થયા પછી પણ એક એવો નિયમ રાખવો, કે પ્રભુને અર્પણ કર્યા સિવાયની કોઇ પણ વસ્તુ ઉપયોગમાં લેવી નહિ. કે જેથી આ કલિકાળમાં દેશ અને કાળના કોઇ દોષ લાગુ થાય નહિ, માટે સર્વ વસ્તુઓ ભુપ્રને અર્પણ કરવી યોગ્ય છે.

પ્રભુને અર્પણ કર્યા પછી તેમાંથી પોતે અન્નાદિકનો ઉપયોગ કરે, તો અર્પણ કરેલું વપરાય તેથી દોષવાળું થવાય કે કેમ ? તેનો ખુલાસો કરે છે, અને નિવૃત્તિનો ઉપાય બતાવે છે–

मूलम्–निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादितिः स्थितिः॥
न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम् ॥ ५ ॥

અર્થ—જેણે પ્રભુને નિવેદન કર્યું છે, તેણે તો પ્રભુને સર્વ અર્પણ કરીનેજ સર્વ કાર્ય કરવાં. એવી ભક્તિમાર્ગની મર્યાદા છે. દેવના પણ દેવ શ્રીકૃષ્ણપ્રભુને અર્ધ ભોગવેલી વસ્તુ અર્પણ કરવી એ યોગ્ય નથી.

વિવેચન–આ ભક્તિમાર્ગીય ગુરુદ્વારા જેણે ભગવાનને ધન, ગૃહ, સ્ત્રી, પ્રાણ, પુત્ર, વિત્ત વિગેરે સર્વ અર્પણ કર્યુ છે, અને સ્ત્રી, પુત્ર વિગેરે સ્વકુટુંબવર્ગને સેવામાં યોજેલાં છે, તેણે તો સર્વ ભગવાનનેજ અર્પણ કરી સર્વ કાર્ય કરવાં, અર્થાત્ દરરોજ ખાવાનાં અન્ન વિગેરે પ્રભુને અર્પણ કરીનેજ ઉપયોગ કરવો, વસ્ત્ર–અલંકાર સર્વ તેમને અર્પણ કરવાં, એવો આ માર્ગનો ખાસ નિયમ છે. શ્રાદ્ધ હોય ત્યારે પિતૃઓને પણ પ્રસાદી અન્નથી તૃપ્ત કરવા. યજ્ઞ કરવો હોય તો પ્રભુને અર્પણ કરીને જ હુત દ્રવ્ય ઘી વિગેરે વાપરવું. લગ્ન વિગેરે પ્રસ્તુતમાં બ્રાહ્મણભોજન પણ ભગવાન્‌ને અર્પણ કરીને વાપરવું. સૂર્યને અર્ધ્ય વિગેરેમાં જલ પણ પ્રસાદીજ વાપરવું જોઇયે, એવો ખાસ નિયમ રાખવો જોઇયે.

અર્ધ ભોગવેલી વસ્તુ ભગવાનને અર્પણ કરવી નહિ–પ્રભુને અર્પણ કરવા આણેલી વસ્તુમાંથી બાલક કે સ્ત્રી વિગેરેએ અજ્ઞાનથી ઉપયોગ કર્યો હોય તો તે અર્પણ કરવી નહિ. અથવા એક વસ્તુ આણી અને અર્ધો ભાગ પોતે ઉપયોગમાં લીધો હોય આમ વાપર્યા પછી તે વસ્તુ પ્રસાદી કરવા અર્પણ કરવી નહિ, માટે તેની ખાસ મના કરે છે. ભગવાનને સારૂં

ચીજ લાવતી વખતે તે સારી છે કે ખોટી તેની પરીક્ષા કરવા સારૂં સુંઘવી કે ચાખવી તે અર્ધી ભોગવેલી ન કહેવાય. પરંતુ તેને લાવ્યા પછી તેના ઉપર ઉપયોગ કરવાની ઇચ્છા કરી ખાવાની હોય તો ખાવી, અને પહેરવાની હોય તે પહેરવી, તે અર્ધી ભોગવેલી કહેવાય. માટે આણેલી વસ્તુઓ ઉપર પ્રસાદી થયા વગર કોઈ પણ પ્રકારની લાલસા કરવી નહિ, અને ભૂલેચૂકે લાલસા થઈ જાય તો પ્રભુની ક્ષમા માગવી કે મારાથી જે અપરાધ થયો છે તે પુનઃ હવે નહિ કરૂં, પછી મનનો નિગ્રહ કરી અન્ન જે રીતે ઘરમાં રંધાતું હોય તે, અને વસ્ત્ર–અલંકાર, ફળ, ફુલ, મેવો વિગેરે જે કાંઈ હોય તે પોતે લાલસા કર્યા સિવાય પ્રભુને અર્પણ કરી ઉપયોગમાં લેવું.૫

માટે હંમેશાં અર્પણ કરવું કહી, હવે શંકાનું સમાધાન કરે છે.

मूलम्—तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ॥
दत्तापहारवचनं तथा च सकलं हरेः
न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥
सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्धयति ॥ ७ ॥
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥

અર્થ—માટે હમેશાં વૈદિક કે લૌકિક સર્વ કાર્યના આરંભમાં પ્રભુને સર્વ વસ્તુનું અર્પણ કરવું. વળી શ્રીમદ્ ભાગવત્‌માં કહે છે કે "આપેલું દાન, અને પ્રભુનું કંઇ પણ ગ્રહણ કરવું નહિ" આ શ્રીભાગવતનું વચન અન્ય પૂજા માર્ગને લાગુ પડે છે. ભક્તિમાર્ગના સમર્પણનો પ્રકાર જુદીજ રીતનો છે–

સેવકોનો જેવી રીતે વ્યવહાર ચાલતો હોય–અર્થાત્ જે વ્યવહાર પ્રસિદ્ધ હોય તે પ્રમાણે સમર્પીનેજ કાર્ય કરવું તેથીજ સર્વ વસ્તુ નિર્દોષ અને બ્રહ્મરૂપ બને છે.

વિવેચન—સર્વ વસ્તુ ભગવાનને અર્પણ કરવી, એવો ખાસ નિયમ છે, પરંતુ એક શંકા થાય છે કે, ભગવાને કહ્યું છે કે "મને અર્પણ કરેલો એક દીવો હોય તે અને તેનો પ્રકાશ પણ ઉપયોગમાં ન લેવો" એવું ભાગવત્‌માં કહ્યું છે તો ભગવાન્‌ને સમર્પણ કરેલી વસ્તુઓનો ઉપયોગ કેવી રીતે થાય ? તેનું સમાધાન કરે છે.

સમાધાન—સમર્પણ અને દાન, એમાં બહુજ તફાવત છે. જે વસ્તુ જેની હોય તે તેને સોંપની કે અર્પણ કરવી, એ સમર્પણ, અને પોતાનો હક્ક વસ્તુ ઉપરથી ઉઠાવી લઇ સામા પાત્રનો હક્ક બેસાડવો એ દાન કહેવાય છે. દાન કરેલી વસ્તુનો ઉપયોગ લેવો એ શાસ્ત્રથી વિરૂદ્ધ છે. એક રીતે વિચાર કરતાં પૂજામાર્ગમાં સમર્પણનો ખ્યાલ પણ નથી, અને તેમાં આ બીજા દાનની વ્યાખ્યા કહી તેનો પ્રચાર છે, તેથી તેમાં પાત્રને દાન આપે છે. તે કોઇ બ્રાહ્મણ કે દાન લેવા અધિકારી મનુષ્યજ હોય છે. ભક્તિમાર્ગમાં તો અર્પણ કરવાનું સાક્ષાત્ પ્રભુનેજ છે. અને તે સર્વ ભગવાન્‌ની બનાવેલી વસ્તુઓજ ભગવાનને અર્પણ કરવાની છે. અને ભગવાન્‌ના પ્રસાદથીજ ભક્ત નિર્વાહ કરી પોતે પવિત્ર બને છે. એ ભક્તનું ભૂષણ છે. પ્રભુ પોતે પણ કહે છે કે, મને પત્ર, પુષ્પ, ફળ વિગેરે જો ભક્તિથી અર્પણ કરે છે તો હું સર્વ અંગીકાર કરૂં છું. उच्छिष्ट भोजिनो दासास्तव मायां जयेम हि ॥ અને ભક્તો કહે છે કે હે ભગવાન્ !

તમારી પ્રસાદી વસ્તુઓનો ઉપયોગ કરી અમે તમારી માયાને પણ તરી જઇએ છીએ. આ પ્રમાણે ભક્તિમાર્ગમાં સમર્પણથી સર્વ વસ્તુ પવિત્ર પ્રભુ રૂપ થાય છે, અને અર્પણ કરીનેજ વાપરવાનો પ્રચાર છે. અને પાછું ન લેવું એવું જે વચન છે તે પૂજામાર્ગના—દાનના વિષયને લાગુ પડે છે. ભક્તિમાર્ગમાં તેનો લેશ પણ નથી.

શંકા—પ્રસંગોપાત્ કોઇએ જમવા કે કોઈ ફલાદિકને ખાવા સારૂ આગ્રહ કર્યો તો ત્યાં આગળ કેવી રીતે સમર્પણ કરવું ?

સમાધાન—સેવા કરનારનો ×સેવકોનો વ્યવહાર લોકોમાં પ્રસિદ્ધજ હોય છે. તે પ્રમાણે વર્તવું. શિષ્ય ગુરૂની આજ્ઞા શિવાય કંઇ કાર્ય ન કરે એવો રીવાજ શાસ્ત્રોક્ત છે, તેમ પ્રભુને પણ ભક્ત સર્વ કાર્યના સમારંભમાં વિજ્ઞાપન કરે છે. અથવા મનથી પણ સમર્પિત કરે છે, તે પણ સમર્પિત કહેવાય છે.

આ પ્રમાણે સમર્પિત કરવાથી બ્રહ્મતા થાય છે. દોષરહિતપણું થાય છે, ભગવદીય થાય છે. અને કલિ વગેરેનો કોઇ પણ પ્રકારનો દોષ દોષિત કરતો નથી. તેથી સેવામાં અધિકારી હોઈ સેવા પણ પ્રભુના પ્રેમથી સ્વીકારે છે.

હવે આ ઉપસંહારમાં આખા ગ્રંથનો સાર બતાવી આપવા દૃષ્ટાન્ત આપે છે.

મૂલમ્—गंगात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥
गंगात्वेन निरूप्यास्यात्तद्वदत्रापि चैव हि ॥ ९ ॥

અર્થ—ગંગાજીમાં મળેલા દોષિત જળ કે સારા જળના દોષ કે ગુણ ગંગામાં મળ્યા પછી જુદા ગણાતા નથી. તેમ અહિંઆં પણ જ્યાં સુધી બ્રહ્મસંબંધ લઈ ભગવદીય થયા નથી ત્યાં સુધીજ તેને દોષ બાધ કરે છે. પછી બાધ થવાનો સંભવ પણ નથી.

વિવેચન—ગંગાજીમાં પરનાળનું જળ જાય છે. અને સારૂ જળ પણ જાય છે. પરંતુ જ્યાં સુધી પરનાળનું જળ જુદું હોય છે ત્યાં સુધી અપવિત્ર વગેરે રહે છે, પરંતુ ગંગાજીમાં મળી ગયા પછી જેમ ગંગાજીરૂપ થતાં પવિત્ર થાય છે, અને બિલકુલ આ પરનાળનું જળ અને ગંગાજળ જુદું પડતું નથી, પણ પવિત્રજ જણાય છે. તેવી રીતે અહિંઆં પણ જ્યાંસુધી ભક્તિમાર્ગીય આચાર્યદ્વારા નિવેદન નથી, ત્યાં સુધીજ તેને પહેલા ગણાવેલા પાંચ દોષો તથા કલિના દોષો બાધ કરી શકે છે, પરંતુ આત્મા અને દેહ સુદ્ધાં પરમાત્માને અર્પણ કરી સર્વ શુદ્ધ વસ્તુઓનો ઉપયોગ કરી પવિત્ર બ્રહ્મરૂપ જ્યારે બને છે, ત્યારે તેને દોષ કંઇ પણ બાધ કરી શકતા નથી. માટે આચાર્ય પાસે ગદ્યમંત્ર ગ્રહણ કરી સેવાનો અધિકાર મેળવી. આત્મનિવેદનને હમેશાં સ્મરણમાં રાખી, દીનતાપૂર્વક સેવા કરવી જેથી બ્રહ્મભાવ અને પરમાનન્દ ફળ સહેલાઇમાં મેળવી શકે.

જેને દેવમાં જેવી શ્રદ્ધા, તેવીજ ગુરુમાં હશે તેને તો આ કહેલા સિદ્ધાન્તો અમૃતરૂપ લાગે છે, નહિ તો ખાટા લાગે છે.

॥ इतिश्रीमद्वल्लभाचार्यविरचितं सिद्धान्तरहस्यं संपूर्णम् ॥

× ચરણામૃત પધરાવી પવિત્ર કરે છે. એવો રીવાજ પણ સ્વમાર્ગીયોમાં પ્રચલિત છે.

॥ श्रीकृष्णाय नमः ॥

[1]ગુરૂ શિષ્ય સંવાદ.

અર્થાત્

(બ્રહ્મસંબંધ વિષે થતા આક્ષેપોનો સપ્રમાણ પ્રત્યુત્તર.)

[લેખકઃ—શાસ્ત્રી જયેષ્ટારામ હરિજીવન જોશી શુદ્ધાદ્વૈત ભૂષણ-હાલ પેટલાદ]

શિષ્ય—પ્રશ્ન-બ્રહ્મસંબંધ એટલે શું ?

ગુરૂ—ઉત્તર-બ્રહ્મ એટલે સર્વવ્યાપક, બાહ્યાભ્યંતર આનંદાવિષ્ટ, રસઘન, પરમકાષ્ટાપન્ન નિર્ગુણ, પરિપૂર્ણ પુરૂષોત્તમ અને તદીય વૈષ્ણવનો જ સંબંધ તેનેજ "બ્રહ્મસંબંધ" કહેવામાં આવે છે. सम्यक् बंधः संबंधः । ब्रह्मणः संबंधः ब्रह्म संबंधः ॥

સમ્યક્ કદાપિ શિથિલ ન પડે એવો બંધ તે સંબંધ, અને નિર્દોષ સર્વ સમ બ્રહ્મ સાથે કદાપિ શિથિલ ન પડે એવી ગ્રન્થી તેજ બ્રહ્મસંબંધ, અર્થાત્ સ્થુલ સૂક્ષ્મ દેહથી ભિન્ન આ જીવ પરબ્રહ્મનો અંશ છે. સૃષ્ટિની આદિમાં જ ભગવદિચ્છાથી અંશરૂપ ઉત્પન્ન થઇ માયા શક્તિદ્વારા ભિન્ન થાય છે, માટે આ જીવ જન્મ મરણાદિ દુઃખોને ભોગવે છે, એ દુઃખથી નિર્મુક્ત થવા શાસ્ત્રકારોએ ભિન્ન ભિન્ન ઉપાયો કહેલા છે, પરંતુ ભક્તિમાર્ગમાં એ અવિદ્યાકૃત બંધમાંથી છુટી પરબ્રહ્મની સાથે સંબંધ કરાવનાર વેદ, ગીતા, ભાગવતાદિને અનુસરી જે ઉપાય કહેવામાં આવેલો છે, તેને જ આત્મનિવેદન, સમર્પણ, અથવા બ્રહ્મસંબંધ કહેવામાં આવે છે.

શિષ્ય—પ્રશ્ન—(૨) બ્રહ્મસંબંધ લેવાથી ફળ શું ?

ગુરૂ—ઉત્તર—શ્રીમન્મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ "બાલબોધ" નામના ગ્રન્થમાં આજ્ઞા કરી છે કે—समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम् ।

જીવ પોતાનો દેહ, પ્રાણ, ઈન્દ્રિય, અંતઃકરણ, આત્મા સર્વ પ્રભુને નિવેદન કરે તો જીવ નિશ્ચય વૈષ્ણવ, ભગવદીય એટલે ભગવત્સંબંધી થાય છે. "સિદ્ધાન્તરહસ્ય" માં પણ આજ્ઞા કરી છે કે-ब्रह्मसंबंध करणात् सर्वेषां देहजीवयोः ॥ सर्व दोष निवृत्तिर्हि ।

નિર્દોષ સર્વ સમ બ્રહ્મનો સંબંધ કરવાથી દ્વિજ માત્રના જ નહિ પણ સર્વના, માત્ર દેહના જ નહિ પણ દેહ અને જીવના, એકાદ દોષ નહિ પણ દોષ માત્રની નિવૃત્તિ નિશ્ચય થાય છે જ. મહાનુભાવી શ્રી હરિરાયજીએ પણ સ્પષ્ટ આજ્ઞા કરી છે કે—

ब्रह्मसंबंधतः कृष्ण साक्षात्संबंध योग्यता । ततस्तत्सेवयास्वीय सर्वस्व विनियोगतः
गृहीतः परमानन्द निधिः कृष्णोऽक्षयः स्वतः ॥

નિર્દોષ સર્વ સમ બ્રહ્મનો સંબંધકરવાથી ફલરૂપ સદાનંદ શ્રીકૃષ્ણના સાક્ષાત્સંબંધની યોગ્યતા થાય છે. ત્યાર પછી બ્રહ્મના સંબંધથી શ્રીકૃષ્ણના સાક્ષાત્સંબંધની યોગ્યતા પ્રાપ્ત કરીને સ્વકીય સર્વ પદાર્થનો વિનિયોગ શ્રીકૃષ્ણની સેવા દ્વારા શ્રીકૃષ્ણમાં કરવાથી અક્ષય પરમાનન્દ નિધિ

૧ બ્રહ્મસમ્બન્ધ વિષે શાસ્ત્રી જ્યેષ્ટારામનો આ લેખ વૈષ્ણવોને-વાચકોને ઉપયોગી થઇ પડશે એમ ધારી અહીં આપવામાં આવે છે.

શ્રીકૃષ્ણનું સ્વતઃ ગ્રહણ થઇ જાય છે. અર્થાત્ પ્રભુ વશીકરણ થઈ જાય છે. એ મુખ્ય ફળ છે.

બીજું બ્રહ્મસંબંધ રહસ્ય એ છે કે—અન્ય માર્ગોદ્વારા સદ્ગતિને પ્રાપ્ત થયલા જીવો પુણ્ય ક્ષીણ થવાથી પુનઃ સંસારમાં પ્રાપ્ત થઇ ચોરાશી લક્ષ યોનિમાં પ્રાપ્ત થાય છે. પરંતુ બ્રહ્મ સંબંધ કરનારને ચોરાશી લક્ષ યોનિમાં પુનઃ જન્મ લેવો પડતો નથી. કદાચિત્ અપરાધ વશાત્ જન્માન્તરની અંતરાય ભગવત્પ્રાપ્તિમાં થાય છે. કિન્તુ ચોરાશી લક્ષ યોનિમાં ભ્રમણ કરવું પડતું નથી. એજ પરમ નિગુઢ આશયથી બ્રહ્મસંબંધનો મંત્ર ચોરાશી અક્ષરનો શ્રીહરિએ ઉપદેશ કરેલો છે. અર્થાત્ ચોરાશી લક્ષ યોનિમાંથી નિર્મુક્ત થઇ પ્રભુને વશીકરણ કરવા એ બ્રહ્મસંબંધનું ફળ છે.

શિષ્ય—પ્રશ્ન—(૩)—બ્રહ્મસંબંધ લેવાની આવશ્યક્તા શી? ગુરૂ—ઉત્તર—" મંત્ર સાર " નામના ગ્રન્થમાં કહ્યું છે કે—दीक्षिताय विशेषेण प्रसीदेन्नान्यथा हरिः। ब्राह्मणः क्षत्रियो वापि वैश्यः शूद्रोऽथवा पुनः। एवं स्त्रियो वा यत्नेन गुरुमेव समाश्रयेत् ॥

દીક્ષા (મંત્રોપદેશ) ગ્રહણ કરવાવાળાને વિશેષે કરીને શ્રીહરિ પ્રસન્ન થાય છે. અન્યથા મંત્રોપદેશ વિના શ્રીહરિ પ્રસન્ન થતા નથી, માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રો અને સ્ત્રીઓએ પ્રયત્નપૂર્વક ગુરૂ દ્વારા મંત્રોપદેશ ગ્રહણ કરવો જ જોઈએ. મંત્રોપદેશ વિના રહેનારને પ્રત્યુત દોષ કહેલો છે—

अदीक्षितस्य वामोरु कृतं सर्वमनर्थकम्। पशुयोनि मवाप्नोति दीक्षा हीनो नरो मृतः॥

મંત્રોપદેશ વિના રહેલા પુરૂષનાં સર્વસત્કર્મો નિષ્ફળ થાય છે, અને મંત્રોપદેશ વિના મનુષ્ય મરણ પામે તો તે પશુ યોનિને પ્રાપ્ત થાય છે. માટે ભગવત્પ્રાપ્તિની અભિલાષાવાળાઓએ શ્રીહરિને પ્રસન્ન કરવા બ્રહ્મસંબંધની આવશ્યક્તા છે,

શિષ્ય—પ્રશ્ન—(૪) કેટલાએક કહે છે કે, બ્રાહ્મણાદિ વર્ણત્રયને દ્વિજત્વ સિદ્ધ કરનાર ગાયત્રી મંત્રનો ઉપદેશ લીધા પછી કોઇ પણ અન્ય મંત્રનો ઉપદેશ ગ્રહણ કરી શકાય જ નહિ. તો વૈષ્ણવ શૈવાદિ મંત્રોપદેશ કેવી રીતે લઇ શકે?

ગુરૂ—ઉત્તર—ગાયત્રી મંત્રનો ઉપદેશ ગ્રહણ કર્યા પછી અન્ય મંત્ર ગ્રહણ કરવાને શાસ્ત્રમાં કોઇ ઠેકાણે નિષેધ જોવામાં આવતો નથી પ્રત્યુત ગાયત્રી મંત્રના ઉપદેશ પછી " જ્યોતિષ્ઠોમ " યજ્ઞ કરવાનો અધિકાર પ્રાપ્ત કરવા સારૂ સૌમિક દીક્ષા લેવી જ જોઈએ તેનું વેદાદિકમાં વિધાન છે. તેવીજ રીતે સંન્યાસ ગ્રહણ કરવા સારૂ " પ્રૈષ " મંત્રના ઉપદેશનું વિધાન છે અને તે મંત્રના ગ્રહણ પછીજ તે સંન્યાસી કહેવાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ગાયત્રી મંત્રના ઉપદેશથી દ્વિજત્વની સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી પણ અન્ય અધિકાર સિદ્ધ કરવા માટે અન્ય મંત્રનો ઉપદેશ ગ્રહણ કરવો જ જોઇએ. એ વેદ શાસ્ત્રની મર્યાદા છે. તેથી ગાયત્રી મંત્રના ઉપદેશ પછી પણ શિવ વિષ્ણુ વિગેરે દેવોની ભક્તિ કરવા માટે વૈષ્ણવ શૈવાદિ મંત્રોની અતીવ આવશ્યક્તા છે. અને તે તે દેવોની ભક્તિ સિદ્ધ કરવાની ઇચ્છા વાળાઓએ તે તે મંત્રો ગ્રહણ કરવા જ જોઈએ. એટલાજ માટે કહ્યું છે—

यथा द्विजत्वं गायत्र्या श्रुतौ श्रौतेऽधिकार कृत्। वैष्णवत्वं तथा ताभ्यां ततः सेवाऽधिकारिता ॥

જેવી રીતે બ્રાહ્મણાદિક ત્રિવર્ણને ગાયત્રી મંત્રના ઉપદેશથી દ્વિજત્વ અને વેદ તથા શ્રૌત સ્માર્ત કર્મમાં અધિકાર પ્રાપ્ત થાય છે, તેવી રીતે શરણ અને નિવેદન (બ્રહ્મસંબંધ) એ બે મંત્રોથી વૈષ્ણવત્વ અને શ્રી હરિની સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. અર્થાત્ જેવી રીતે દ્વિજત્વની સિદ્ધિ માટે ગાયત્રી મંત્રોપદેશની આવશ્યક્તા છે તેવી રીતે શિવ વિષ્ણુ વિગેરે દેવોની ભક્તિ સિદ્ધ કરવા માટે તે તે દેવતાઓના મંત્રો ગ્રહણ કરવાની આવશ્યક્તા છે.

શિષ્ય—પ્રશ્ન-(૫) બ્રહ્મસંબંધનો મંત્ર વેદાદિક કોઇ પણ ગ્રન્થમાં નહિ હોવાથી તે મંત્રને વૈદિક શી રીત કહેવાય?

ગુરૂ—ઉત્તર-(૬) બ્રહ્મ સંબંધ (આત્મનિવેદન) નું સ્વરૂપ વેદમાં બૃહદારણ્યક ઉપનિષદ્‌ના અધ્યાયના ૪ ના ૫ મા બ્રાહ્મણમાં, તથા ગીતાજીના અધ્યાય ૯ શ્લોક ૨૭ માં, અને અધ્યાય ૧૨ ના શ્લોક ૧૪ માં, તથા શ્રીમદ્ ભાગવતના સ્કંધ. ૧૧–અધ્યાય ૨–૩–૧૧–૧૯ માં પણ એ પ્રકારે આત્મ નિવેદનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. તેમજ આ બ્રહ્મસંબંધનો મંત્ર પણ "શાંડિલ્ય સંહિતા" ના ભક્તિ ખંડમાં નિરૂપણ કરવામાં આવેલો છે. અતએવ વેદ, ગીતા, ભાગવત, સંહિતાદિક ગ્રંથોમાં બ્રહ્મસંબંધનું નિરૂપણ હોવાથી તે મંત્ર સર્વથા વૈદિકજ છે. વળી આ સ્થળે ખરૂં રહસ્ય એ સમજવાનું છે કે–જયારે શ્રીમદ્ આચાર્ય ચરણ પ્રથમ પૃથ્વી પરિક્રમા કરતા કરતા વ્રજમાં શ્રી ગોકુળ પધાર્યા ત્યારે તેમના મનમાં એવી રીતનો વિચાર આવ્યો કે, આ કલિકાળમાં સર્વ સાધનો નષ્ટ થયાં છે, તેવા સમયમાં કેવળ ભગવાન્‌ની ભક્તિજ સર્વનો ઉદ્ધાર કરનારી છે, પરંતુ ભગવાન્ નિર્દોષ છે, તેમની ભક્તિ કરવાનો અધિકાર સદોષ જીવને કેમ પ્રાપ્ત થાય? એવી ચિન્તાથી વ્યાકુળ થઇ શ્રી ભગવાનનું ધ્યાન કરી ભગવદ્વિરહથી આતુર થયા, ત્યારે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાને પ્રકટ થઇ શરણ મંત્ર તથા નિવેદન મંત્ર એ બન્ને મંત્રોનો ઉપદેશ કરી શ્રી આચાર્ય ચરણને આજ્ઞા કરી કે–આ બે મંત્રોનો ઉપદેશ જીવોને કરો! એટલે સર્વ જીવોને મારી ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થશે. એમ સિદ્ધાંતના ગ્રંથોથી નિશ્ચય થાય છે. અને સર્વ સંપ્રદાય પ્રવર્ત્તક આચાર્યોએ પોત પોતાના અનુભવની હકીકત જે જે લખેલી છે તે તે હકીકત તે તે સંપ્રદાયને અનુસરનાર શિષ્ય વર્ગોને વેદાદિકથી પણ અધિક છે. જેમ શ્રી શંકરાચાર્યને વ્યાસજીનો સમાગમ થયો ત્યાં શ્રી શંકરાચાર્યજી તથા શ્રીવેદવ્યાસજીનો પરસ્પર શાસ્ત્રાર્થ થયો તેમાં ગણેશજી મધ્યસ્થ થયા ત્યાંનો શ્લોક છે કે—

व्यासो नारायणः साक्षात शंकरः शंकरः स्वयम् ।
तयोर्विवादे संप्राप्ते किंकरः किं करोम्यहम् ॥

અર્થાત્ વ્યાસજી સાક્ષાત નારાયણ છે. અને શ્રીશંકરાચાર્યજી પોતે શંકર છે. તે બેનો વિવાદ પ્રાપ્ત થયો. તેમાં કિંકર હું શું કરૂં? અર્થાત મધ્યસ્થપણું શું કરી શકું, એવું ગણેશજીનું વાકય છે એમ તે સિદ્ધાંતવાળાઓ માને છે. માધ્વસંપ્રદાયમાં શ્રીમધ્વાચાર્યજીને વાયુનો

અવતાર લખ્યા છે. તેવી રીતે સર્વ સંપ્રદાયવાળાઓ પોતપોતાના આચાર્યને ઈશ્વરાવતાર માને છે. તેવી રીતે સર્વ સંપ્રદાયને વેદાદિકથી પણ અધિક માને છે. અને તે પ્રમાણે માનવું તે-

यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ॥

એ શ્વેતાશ્વતરની શ્રુતિ પ્રમાણે યોગ્ય છે. તેમ વેદ એ ભગવાનના નિઃશ્વાસરૂપ છે. અને નિઃશ્વાસ તો સ્વાભાવિક રીતે પ્રવર્ત્યાજ કરે છે. તે નિઃશ્વાસ કરતાં શ્રીઆચાર્ય ચરણ જે ચિંતામાં વ્યાકુલ થઇ ભગવાનનું ધ્યાન કરતા હતા, તેજ ચિંતા નિવૃત્ત કરવા માટે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાને પ્રકટ થઈ જે મંત્રોનો ઉપદેશ કરેલો છે તે મંત્રો સાક્ષાત્ શ્રી કૃષ્ણ ભગવાનના મુખારવિન્દથી પ્રકટ થયેલા હોવાથી તે વેદથી પણ અધિક માન્ય અર્થાત્ પરમ વૈદિકજ છે.

શિષ્ય-પ્રશ્ન-(૬) શરણ તથા આત્મ નિવેદન (બ્રહ્મ સંબંધ)ના મંત્રો જ્યારે વૈદિકજ છે ત્યારે તે મંત્રો વેદના અનધિકારી સ્ત્રિ શૂદ્રાદિકોને કેમ આપવામાં આવે છે?

ગુરૂ-ઉત્તર-શરણ તથા આત્મ નિવેદનના મંત્રો સાક્ષાત્ ભગવન્મુખારવિન્દથી પ્રકટ થયેલા હોવાથી વેદ કરતાં પણ અધિકજ છે. કિંતુ તે મંત્રો શ્રીહરિએ પોતાની ભક્તિ સિદ્ધ કરવા પ્રકટ કરેલા છે, અને ભગવદ્ ભક્તિનો સર્વ વર્ણને અધિકાર છે, જેથી તે મંત્રના પણ જેટલા ભગવદ્ભક્તિના અધિકારીઓ છે તેટલા એ મંત્રો ગ્રહણ કરવાના અધિકારીઓ છે. પરંતુ મંત્રોપદેશ ગ્રહણ કરવા આવનાર શિષ્ય વેદનો અધિકારી હોય તો ગુરૂ તેને ઉપદેશ કરતી વખતે વેદના પ્રમાણોના અર્થનું અનુસંધાન અંતઃકરણમાં રાખી તેને ઉપદેશ કરે છે, તેથી તે મંત્ર વૈદિક ગણાય છે; જ્યારે વેદના અધિકારીઓ સ્ત્રિ, શૂદ્ર, તથા વ્રાત્યો મંત્રોપદેશ ગ્રહણ કરવા આવે છે ત્યારે ગુરૂ પોતાના અંતઃકરણમાં સ્મૃતિ, પુરાણ, કે તંત્રનાં પ્રમાણોના અર્થનું અનુસંધાન રાખીને ઉપદેશ કરે છે તેથી તે મંત્ર ભાવનાના ભેદથી પૌરાણિક કે તાંત્રિક ગણાય છે. દૃષ્ટાંત તરીકે "તત્વમસિ" "અહં બ્રહ્માસ્મિ" એવો ઉપદેશ શાંકર સિદ્ધાંતમાં કરવામાં આવે છે, જે ઉપદેશ જેઓને વેદનો અધિકાર નથી તેવાઓએ રચેલા "વિચાર સાગર" તથા "વૃત્તિ પ્રભાકર" વિગેરે ગ્રંથોમાં જોવામાં આવે છે, જે ગ્રંથોને સર્વ વર્ણવાળાઓ વાંચે છે. અને તે ગ્રંથોને શાંકર સિદ્ધાંતના અનુયાયી સારા પંડિતો પણ માનની દૃષ્ટિથી જુએ છે. તેમજ વેદનો "નમઃ શિવાય" એ વૈદિક મંત્રનો ઉપદેશ પણ શાંકર સિદ્ધાંતના આચાર્ય તરફથી જેમને વેદનો અધિકાર નથી તેવી સ્ત્રિઓને પણ કરવામાં આવે છે, તો તે શાંકર સિદ્ધાંતના મંત્રો પણ અવૈદિક કેમ નહિ?

શિષ્ય-પ્રશ્ન-(૭) ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં સ્ત્રિઓએ પણ દીક્ષા લેવી જોઇએ એમ કહેવામાં આવ્યું પરંતુ "पतिरेव गुरुः स्त्रिणाम्" એ વાકયથી સ્ત્રિઓને તો પતિ જ ગુરૂ છે તો પછી સ્ત્રિયોને બીજા ગુરૂ કરવાની આવશ્યકતા શી છે?

ગુરૂ-ઉત્તર-આપના વાકયનો અભિપ્રાય એમ સમજવાનો છે કે-સ્ત્રિઓને પતિ એજ ગુરૂ એટલે પૂજ્ય છે અર્થાત્ પતિમા સર્વોત્તમ ભાવ પતિવૃતા સ્ત્રિઓએ રાખવો જોઇએ, પરંતુ તે વાકયનો એવો અભિપ્રાય નથી કે સ્ત્રિઓએ પતિ સિવાય દેવાદિકને માનવા નહિં, અથવા પતિ પાસેજ મંત્ર શાસ્ત્રમાં "न पत्नीं दीक्षयेद् भर्त्ता" અર્થાત્ પોતાની સ્ત્રીને તેના પતિએ દીક્ષા અર્થાત્ મંત્રોપદેશ નહિ કરવો જોઇએ એમ સ્પષ્ટ નિષેધ કરેલો છે, માટે સ્ત્રિઓએ ભક્તિની સિદ્ધિ માટે મંત્રોપદેશ લેવા બીજા ગુરૂ અવશ્ય કરવાજ જોઇએ.

॥ श्री कृष्णः शरणं मम ॥

સમગ્ર વેદ, પુરાણો, ને શાસ્ત્રોના સારભૂત આ અષ્ટાક્ષરમંત્ર પ્રકટ કરી, શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કેઃ—

આ કલિકાળમાં, દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્મ અને કર્ત્તા આ છ વસ્તૂઓ શુદ્ધ નહિ હોવાથી, કળિયુગના જીવો યજ્ઞો કરી શકશે નહિ.

" अधूना तु कलौ सर्वे विरुद्धाचार तत्पराः "

હાલના મનુષ્યો તો, વેદ વિરુદ્ધ આચારમાં તત્પર, નિત્ય કર્મહીન, આચાર વિચારથી વિમુખ, વિક્ષિપ્ત મનવાળા, અને કેવળ કામ, ક્રોધાદિ વિષયોથી પરાયણ, અને તેમાં જ રચ્યા પચ્યા રહેલા છે; એવા જીવો યજ્ઞ, કર્મ વગેરે કયાંથી કરી શકે? કદાચ કરે તો તે ફલીભૂત પણ કયાંથી થાય? અને ભગવાન તો કેવળ.

" आनन्द मात्र कर पाद मुखोदरादि "

આનન્દ સ્વરુપ, રસરુપ સ્વરૂપ, પૂર્ણાનન્દ, શુદ્ધ અને નિત્ય અખંડ ઐશ્વર્યવાળા છે. અને જીવ આનન્દથી રહિત, માયામાં રચ્યો પચ્યો, ઐશ્વર્યથી હીન-દુઃખી છે, તો આવા વિકટ સમયમાં જીવને ભગવદ્ શરણ શિવાય બીજો રસ્તો હવે રહ્યો નથી જ.

" कलौकेशव कीर्तनात् " કળિયુગમાં તો કેવળ કૃષ્ણ ભજન-સ્મરણ ને શરણ શિવાય બીજો ઉપાય જીવ પાસે નથી.

આચાર્યશ્રીએ જીવની આ સ્થિતિ જોઈ, તેથી એ પરમકૃપાળુ પ્રભુએ અષ્ટાક્ષર મંત્રદ્વારા જીવનો કળિકાળના દુઃખમાંથી ઉદ્ધાર કરવા માંડયો. આ દ્વારા ભક્તિનું જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું.

વેદાન્ત ચિન્તામણિમાં કહ્યું છે કેઃ—ઘોર કળિકાળ હોવાથી, એકદમ ભગવાનને પામી શકાય એવો આ શરણ મંત્રનો ઉપદેશ ગુરૂદ્વારા શ્રદ્ધાપૂર્વક લેઇને શાંતીથી હરિનું ભજન કરવું, અષ્ટાક્ષરમંત્રનું સતત સ્મરણ કરવું.

શ્રીગીતાજીમાં પણ ભગવાને એજ આજ્ઞા કરી છે કેઃ—

"સર્વ ધર્મનો ત્યાગ કરીને મને એકલાનેજ શરણે આવ" જે મારે શરણે આવે છે તે આ મારી દુરત્યય માયાને પણ તરી જાય છે.

" मामेकम् एव शरणम्, आत्मानं सर्वदेहिनाम् " [શ્રી ભાગવતજી]

સર્વ દેહીના આત્મા રૂપ એવા મારા શરણે સર્વ ઠેકાણે, આત્મ દષ્ટિ રાખીને આવ' તેથી તું ભય વગરનો થઈશ, કામ, ક્રોધાદિ વિકારોથી દૂર રહીશ.

શ્રી ભાગવતમાં ભગવાનની પ્રતિજ્ઞા છે કે—

" ये दारागार पुत्राप्तान् प्राणान् वित्तमिमं परम् हित्वा मां शरणं याता कथं तॉं स्त्यक्तु मुत्सहे "

જે સ્રી, ઘર, પુત્ર, પ્રાણ, પૈસો, વગેરે છોડી દઈને મારે શરણે આવે તેનો હું કેમ તિરસ્કાર કરૂં? અર્થાત્ જે મારે શરણે આવશે તેને હું ખરેખર સંસારસાગરમાંથી તારીશ.

 શ્રીકૃષ્ણચન્દ્રને શરણે સર્વ કાર્ય

જે મનુષ્ય સર્વાત્મભાવથી શરણ કરવા લાયક પ્રભુ
છોડીને આવે, તે માણસને દેવ, મનુષ્ય, પિતૃ વગેરેનું ઋણ રહેતું નથી. [શ્રી. ભા. ૧૧-૪૧]
માટે આ કલિકાળમાં ભગવાનની શરણાગતિ શિવાય બીજું કોઈ સાધન નથી. એજ ફલ રૂપ છે.

વેદાન્તચિન્તામણિમાં કહ્યું છે કે:—

કૃષ્ણમંત્ર એજ શ્રેષ્ટ છે.

सर्वेषु मन्त्रवर्गेषु वैष्णवं श्रेष्ठमुच्यते । वैष्णवेषु च मंत्रेषु कृष्णमंत्र, फलाधिकाः ।

સર્વ મંત્રોમાં વૈષ્ણવમંત્રો શ્રેષ્ટ છે. અને સર્વ વૈષ્ણવ મંત્રોમાં કૃષ્ણમંત્રજ શ્રેષ્ટ છે.
તેજ મંત્ર અધિક ફળ આપનાર છે.

कृष्णमन्त्रोपासकानां शुद्ध पादोऽकं सुत । पुनाति सर्व तिर्थानि वसुधामपि पार्वति ॥

[શ્રી નારદ પંચરાત્ર]

શ્રી મહાદેવજી શ્રી પાર્વતિજી પ્રત્યે કહે છે કે:—હે પાર્વતિ ! શ્રીકૃષ્ણ મંત્રની ઉપાસના કરનારા કૃષ્ણ ભક્તોનાં પાદોદક પણ સર્વ તીર્થોને અને પૃથ્વીને પણ પવિત્ર કરે છે.
" मंत्रग्रहण मात्रेण नरो नारायणात्मकः " ભગવાનના મંત્રને જપનારો નારાયણ મય થાય છે આથી નિશ્ચય થાય છે કે, અન્ય દેવની ઉપાસનાના મંત્રો કરતાં શ્રી કૃષ્ણમંત્રજ શ્રેષ્ઠ છે.

શ્રી સત્ સિદ્ધાન્ત માર્તંડમાં આજ્ઞા કરે છે કે:—

विना श्री वैष्णवीं दीक्षां प्रसादं सद्गुरोर्विना । विना श्री वैष्णवं धर्मं कथं भागवतो भवेत् ॥

વૈષ્ણવી દીક્ષાવગર, વૈષ્ણવધર્મ વગર, સદ્‌ગુરૂ—આચાર્યના પ્રસાદ વગર—કૃપા વગર, મનુષ્ય કેમ ભગવાન્ રૂપ થાય ? માટે વૈષ્ણવી દીક્ષા દરેકે સ્ત્રી પુરૂષે લેવીજ જોઇએ. અર્થાત્ દીક્ષાવાળા જીવ ઉપરજ ભગવાન્ પ્રસન્ન થાય છે. દીક્ષાપૂર્વક મંત્ર ગ્રહણ કરવાથી કોટિ જન્મનાં પાપ નાશ પામે છે. અને અસાર સંસાર સાગરને સ્હેજે તરી શકે છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે—

अस्मिन्नात्मनि सर्वे प्राणाः सर्वेलोकाः सर्वे देवाः
सर्वाणि भूतानि सर्वे एव आत्मनः समर्पिताः

આ પરમાત્મામાં સર્વ પ્રાણ, સર્વ લોકો, સર્વ દેવો, તમામ ભૂત—તમામ જીવો, તમામ તમામ સ્થૂલ પદાર્થો અને તમામ જીવોનું સમર્પણ કર્યું છે.

શ્રીકૃષ્ણ શરણાગતિ માટે વેદ, ભાગવત, ગીતા આદિ પ્રમાણો આપણે જોયાં આથી સિદ્ધ થાય છે કે, કલિયુગમાં કેવળ શ્રીકૃષ્ણ શરણાગતિ શિવાય, પ્રભુ પ્રાપ્તિનો એક પણ ઉપાય, એક પણ સાધન જીવ પાસે નથી. તો એવા પ્રભુને શરણે જઇ, તે પ્રભુની સેવા કરવી. તે સેવાનો અધિકાર પ્રાપ્ત થવા માટે સદ્‌ગુરૂ દ્વારા આત્મનિવેદનની જરૂર છે. આત્મનિવેદન સિવાય પ્રભુ સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત થતી નથી. તો એ આત્મનિવેદન એ શું છે તેનો વિચાર કરીએ.

આત્મનિવેદન બ્રહ્મસમ્બન્ધ

આત્મનિવેદન એટલે બ્રહ્મસમ્બન્ધ. જીવનો બ્રહ્મની સાથે સમ્બન્ધ થવો એ જ બ્રહ્મ સમ્બન્ધ. એવો સંબંધ કરાવી આપનાર કોઈ એક વ્યક્તિ હોવી જોઈએ. સંબંધ એટલે જોડાણ એ કંઈ એકલાથી થઈ શકે નહિ. તે જોડાણ ગુરૂ દ્વારા થયું હોય તો, વધારે લાભ દાયી–ફળદાયી થાય છે. કારણ કે ગુરૂદ્વારા સંબંધ થાય તો, સંબંધ કરનાર જીવનામાં જો કંઇ પણ દોષ આડા આવતા હોય તો તે ગુરૂ દૂર કરી શકે. "जीवाः स्वभावतो दुष्टाः" જીવતો દોષથી ભરેલો છે ને પ્રભુ તો કેવળ આનંદ સ્વરૂપ છે, એ બેનો મેળ કેવી રીતે મેળવવો, તેનો વિચાર શ્રી આચાર્ય ચરણ કરી રહ્યા હતા. તેવામાં સાક્ષાત્ પ્રભુએ પ્રકટ થઇને આચાર્યશ્રીને આજ્ઞા કરી, બ્રહ્મસમ્બન્ધ મંત્ર આપ્યો. આ મંત્ર આપી તમે જીવોને શરણે લ્યો, તેનો ઉદ્ધાર થશે ને તેને હું અંગિકાર કરીશ. (જુઓ શ્રી સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થ) (આ વિષય ઉપર આ પુસ્તકમાં અન્યત્ર ઘણું કહેવામાં આવ્યું છે) આ બ્રહ્મસમ્બન્ધ, આ આત્મનિવેદન ભગવદ્ શરણાગતિ સિદ્ધ કરનારો છે. શ્રીભગવદ્ગીતા જણાવે છે કે, હે અર્જુન! સ્ત્રીયો, વૈશ્યો, શુદ્રો પણ ગમે તે પાપવાળા હોય તો પણ મારે શરણે આવે તો તે શ્રેષ્ટ ગતિને પામે છે.

જેમ બ્રાહ્મણ ગાયત્રી મંત્ર ગ્રહણ કરીને વેદોક્ત કર્મનો અધિકારી થાય છે, તેમ બ્રહ્મસમ્બન્ધ મંત્ર ગ્રહણ કરીને જીવ ભગવત્સેવાનો અધિકારી થાય છે.

જીવ ઈશ્વરનો અંશ છે, તેનામાં ઐશ્વર્યાદિ ગુણોનો તિરોભાવ થયો છે, તેથી અહંતા મમતા વધી ગઈ છે, તેનો ત્યાગ કરવાનો આ એકજ ઉપાય બ્રહ્મસમ્બન્ધ છે. એ મંત્રની અધિકતા એટલીજ છે કે, એનું સ્મરણ કરતા રહે તો જીવને એમ સ્પષ્ટ સમજાય છે કે, આ સઘળા દૃષ્ટપદાર્થ, સ્ત્રી, પુત્ર, ધન, ઘર વગેરે મારૂં નથી, પરંતુ ઈશ્વરનું છે. માટે મારે એ પદાર્થો ઉપર અહં મમત્વ રાખવું યોગ્ય નથી. આવું ભાન જ્યારે મનુષ્યને થાય ત્યારે જ એ આત્મનિવેદન સિદ્ધ થયું છે એમ જાણવું.

"निवेदनं तु स्मर्त्तव्यं सर्वथा तादृशैर्जनैः"

આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે, આ મંત્રનું તાદૃશી વૈષ્ણવો પાસે બેશી નિરંતર સ્મરણ કરવું. કારણ કે તેથી એમ ભાન થાય છે કે–આ સર્વ પ્રભુનું છે, હું પ્રભુનો દાસ છું, પ્રભુ એજ મારૂં સર્વસ્વ છે, હું પ્રભુને આધીનછું, તેમની આજ્ઞા પ્રમાણે મારે વર્તવાનું છે, એવું દાસત્વ સ્વીકારવાથી, અહં મમ દૂર થઈ દીનતા પ્રાપ્ત થશે. "दैन्यंत्वत्तोषसाधनम्" એ દીનતા એજ પ્રભુને મેળવવાનું સાધન છે. દીનતાથીજ પ્રભુ મળશે એ નિશ્ચય જાણવું.

આ વિષય ઉપર આ ગ્રન્થમાં અન્યત્ર ઘણું કહેવામાં આવ્યું છે. તે વાંચી તેનું મનન કરતા રહીએ તો પ્રભુ પ્રસન્ન થશે. અસ્તુ.

——:x:——

ભગવત્કૃપા અને બ્રહ્મસંબંધ

(લેખક: અમૃતલાલ હરજીવનદાસ પારેખ. મહુવા)

છે. ભગવાન પરમકૃપાળુ, સર્વશકિતમાન,
ભગવાનને શરણે ગએલો ભકત ભગવત્કૃપાનું મહત્વ સમજે છે. ભગવાન પરમકૃપાળુ, સર્વશકિતમાન,
ભગવાનને શરણે ગએલો ભકત ભગવત્કૃપાનું મહત્વ સમજે આદિ કાર્યો કરવાની જરૂર
સમદર્શી હોવાના કારણથી તેમના શરણદ્વારા જીવાત્માને કશી ક્રીયા (કર્મકાંડ) આદિ કાર્યો કરવાની જરૂર
સમદર્શી હોવાના કારણથી તેમના શરણદ્વારા જીવાત્માને કશી ક્રીયા (કર્મકાંડ) આવિર્ભાવ થાય છે.
રહેતી નથી. પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક પ્રભુને શરણે જવાથી ભકતના હીત માટે કૃપાનો આવિર્ભાવ થાય છે.
રહેતી નથી. પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક પ્રભુને શરણે જવાથી ભકતના લોકહિતાર્થ—નિરંતર વહન થયા કરે
જેવી રીતે જગત્તારિણી, પતિતપાવની, શ્રીયમુનાજીનો જળપ્રવાહ લોકહિતાર્થ—નિરંતર વહન થયા કરે
જેવી રીતે જગત્તારિણી, પતિતપાવની, શ્રીયમુનાજીનો હૃદયમાં શ્રદ્ધા-ભકિત પ્રકટ નહિ થવાના કારણથી,
છે, તથાપિ શ્રીયમુનાજીના પ્રભાવને નહિ જાણનારના હૃદયમાં શ્રદ્ધા-ભકિત પ્રકટ નહિ થવાના કારણથી,
છે, તથાપિ શ્રીયમુનાજીના પ્રભાવને નહિ જાણનારના હૃદયમાં દિવ્ય પ્રભાવનો લાભ મળી શકતો નથી,
સ્નાનપાનાદિ ન કરવામાં આવે તો, તેનો અલૌકિક માહાત્મ્યયુકત દિવ્ય પ્રભાવનો લાભ મળી શકતો નથી,
સ્નાનપાનાદિ ન કરવામાં આવે તો, તેનો અલૌકિક પ્રમાણે સર્વત્ર વહન થઈ રહ્યો છે.
એજ માફક પરમાત્માની દયાનો પ્રવાહ અહર્નિશ શ્રીયમુનાપ્રવાહ પ્રમાણે સર્વત્ર વહન થઈ રહ્યો છે.
એજ માફક પરમાત્માની દયાનો પ્રવાહ અહર્નિશ પ્રભાવના સ્વરુપને નહિ જાણવામાં આવતા,
ત્યારે મનુષ્ય શ્રદ્ધાયુકત ભકિતના અભાવથી તે અલૌકીક પ્રભાવના સ્વરુપને નહિ જાણવામાં આવતા,
ત્યારે મનુષ્ય શ્રદ્ધાયુકત ભકિતના અભાવથી તે અલૌકીક નથી કરતો. શ્રદ્ધા-ભકિતપૂર્વક ભગવદ્દશરણ
ભગવદ્દશરણ પ્રાપ્ત કરી, ભગવત્કૃપાનો લાભ ઉઠાવવાની ચેષ્ટા નથી કરતો. શ્રદ્ધા-ભકિતપૂર્વક ભગવદ્દશરણ
ભગવદ્દશરણ પ્રાપ્ત કરી, ભગવત્કૃપાનો લાભ ઉઠાવવાની કૃપાનાં દર્શન થયા
માહાત્મ્યનો વિચાર કરવાથી, ક્ષણ ક્ષણમાં, હરએક અવસ્થામાં,—મનુષ્યને ભગવાનની કૃપાનાં દર્શન થયા
માહાત્મ્યનો વિચાર કરવાથી, ક્ષણ ક્ષણમાં, હરએક જીવનનિર્વાહ થઈ રહ્યો છે.
કરે છે. દરેક જીવાત્માનો જળ, વાયુ, પ્રકાશ આદિ તત્વોથી સુખભોગપૂર્વક જીવનનિર્વાહ થઈ રહ્યો છે.
કરે છે. દરેક જીવાત્માનો જળ, વાયુ, પ્રકાશ આદિ મહાન્ કૃપા વ્યાપ્ત છે.
અર્થાત્ ખાનપાનાદિ કાર્યથી સ્થૂળ શરીરનું પોષણ થાય છે. એ સર્વમાં ઈશ્વરની મહાન્ કૃપા વ્યાપ્ત છે.
અર્થાત્ ખાનપાનાદિ કાર્યથી સ્થૂળ શરીરનું પોષણ થાય છે. જવાનો જે કાયદો
જપ, ધ્યાન, અને સત્સસંગ કરવાથી, મનુષ્યના જન્મજન્માન્તરના પાપોનો નાશ થઈ જવાનો જે કાયદો
જપ, ધ્યાન, અને સત્સસંગ કરવાથી, મનુષ્યના જન્મજન્માન્તરના પ્રેમ અને દૈન્યથી
પરમાત્માએ બનાવ્યો છે, તેમાં પણ અપાર ભગવત્કૃપા ભરેલી છે. ભગવાનને શરણે જઈ પ્રેમ અને દૈન્યથી
પરમાત્માએ બનાવ્યો છે, તેમાં પણ અપાર ભગવત્કૃપા ભરેલી છે. પ્રકારના દુઃખ સંકટોને
ભકિત કરવામાં આવે તો પ્રત્યક્ષ પ્રકટ થઈ દર્શન આપે; તેમજ ભક્તના હરએક પ્રકારના દુઃખ સંકટોને
ભકિત કરવામાં આવે તો પ્રત્યક્ષ પ્રકટ થઈ દર્શન આપે; તેમજ નાંખી, પોતાની કૃપાનું
દૂર કરી "શરણાગત"ની રક્ષા કરે છે. તેમજ જીવના પાપકર્મો બાળી ભસ્મ કરી નાંખી, પોતાની કૃપાનું
દૂર કરી "શરણાગત"ની રક્ષા કરે છે. તેમજ જીવના પાપકર્મો ગ્રહણ કરી પ્રહ્લાદ
જ્વલંત સ્વરુપ પ્રકટ કરે છે. અને કોઈપણ જાતની કામના વગર, ભગવદ્દશરણ ગ્રહણ કરી પ્રહ્લાદ
જ્વલંત સ્વરુપ પ્રકટ કરે છે. અને કોઈપણ જાતની કામના વગર, પોતાનો કરી રાખે છે.
માફક ભક્તિ કરવામાં આવે તો, પોતાની દિવ્ય કૃપાદ્રષ્ટીથી ભગવાન તે ભકતને પોતાનો કરી રાખે છે.
માફક ભક્તિ કરવામાં આવે તો, પોતાની દિવ્ય આદિ સાંસારિક પદાર્થોની
સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ વિલાસ, વાડી બગીચા, અને આલેશાન બંગલાઓ આદિ સાંસારિક પદાર્થોની
સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ વિલાસ, વાડી બગીચા, અને આલેશાન શરીર સ્વાસ્થ્ય ઠીક રહે,
પ્રાપ્તી, અગર તો તેનો વિનાશ થવાથી, હર્ષ શોક કરવો ઉચિત નથી. એવં શરીર સ્વાસ્થ્ય ઠીક રહે,
પ્રાપ્તી, અગર તો તેનો વિનાશ થવાથી, હર્ષ શોક કરવો હરએક અવસ્થામાં,
અગર ન રહે, રોગ, સંકટ, આદિની પ્રાપ્તિ, સુખ સંપત્તિ અને દુઃખોની પ્રાપ્તિમાં, હરએક અવસ્થામાં,
અગર ન રહે, રોગ, સંકટ, આદિની પ્રાપ્તિ, સુખ સંપત્તિ આદિ સંસારોપયોગી ભૌતિક
ભગવદ્દકૃપાના દિવ્ય દર્શન કરવાનો અભ્યાસ કરવો. સ્ત્રી, પુત્ર, ધન, મકાન, આદિ સંસારોપયોગી ભૌતિક
ભગવદ્દકૃપાના દિવ્ય દર્શન કરવાનો અભ્યાસ કરવો. સુખોપભોગના સાધન તરીકે
પદાર્થોમાં એવી બુદ્ધિ રાખી સમજવું રહ્યું કે, ભગવાને આપણને તે વસ્તુઓ સુખોપભોગના સાધન તરીકે
પદાર્થોમાં એવી બુદ્ધિ રાખી સમજવું રહ્યું કે, ભગવાને પદાર્થો ભગવદીયોની
વાપરવા નથી આપી, પણ પૂર્વકૃત પૂણ્યકર્મોના ફલસ્વરુપ એ ભૌતિક સુખ અર્પનાર પદાર્થો ભગવદીયોની
વાપરવા નથી આપી, પણ પૂર્વકૃત પૂણ્યકર્મોના "શ્રીનાથજીની ધ્વજા" જેવા
સેવા કરવામાં, કે ભગવત્સેવા, સ્મરણ, છપ્પનભોગ આદિ મનોરથો અને "શ્રીનાથજીની ધ્વજા" જેવા
સેવા કરવામાં, કે ભગવત્સેવા, સ્મરણ, છપ્પનભોગ આદિ વધારવા ખાતર હર
મહાન્ મનોરથોરુપી શ્રેષ્ઠ કર્મ કરવા માટે, તેમજ તે વસ્તુઓદ્વારા ભગવદ્પ્રેમ-શ્રદ્ધા વધારવા ખાતર હર
મહાન્ મનોરથોરુપી શ્રેષ્ઠ કર્મ કરવા માટે, તેમજ તે આપણને પ્રાપ્ત
પ્રકારથી તે ભૌતિક સુખોપભોગની સામગ્રીઓને ભગવદ્દ ભકિતમાં યોજવા માટે આપણને પ્રાપ્ત
પ્રકારથી તે ભૌતિક સુખોપભોગની સામગ્રીઓને ભગવદ્દ પ્રત્યેનો મોહ
થએલ છે. એમ સમજવામાં આવતાં, તે સ્થૂળ શરીરના સુખ માટે યોજાએલી વસ્તુઓ પ્રત્યેનો મોહ
થએલ છે. એમ સમજવામાં આવતાં, તે સ્થૂળ શરીરના સુખ માટે **રહસ્ય સમજવું.**
નિર્મૂળ થતાં, ભગવદ્દ પ્રિત્યર્થે વાપરવા મન ઉત્સુક થાય, તે **ભગવત્કૃપાનું રહસ્ય સમજવું.**

અને જે ભૌતિક પદાર્થોને પોતાના તન. મનની ક્ષણિક કામનાઓને રીઝવવા, સુખોપભોગના વિલાસી માર્ગે વ્યય કરે છે. તે ભગવત્કૃપાનું તત્ત્વ કદાપિ કાળે સમજી શકતો નથી. એટલે ભગવદ્દશરણ ગતિથી દૂર રહી, પ્રભુથી વિમુખ બને છે. નાણું બેંકમાં ધલાઈ જાય, અગર તો વેપારમાં ખોટ આવે. સ્ત્રી, પુત્ર આદિનો નાશ થાય, તેને અન્તે જો જીવ એમ સમજે કે મ્હારી અનુરકતીપૂર્વકની અનહદ આસકિતયુકત ભોગ બુદ્ધિના પરિણામથી, તે વસ્તુઓ ભગવદ્દભકિતમાં બાધક નિવડવાથી, આ બધું થયું છે, તે એક સારા માટે થાય છે. કારણ કે માયાના મદમાં છકી ગએલો હું, તેને આ માયાની મોહજાળમાંથી કહાઢવા માટે, પરમ-કૃપાળુ પરમેશ્વરે આ યુકિત કરી. પોતાના શરણમાર્ગ તરફ વાળવા માટે એ સર્વ લૌકિક મોહ પમાડનારી

વસ્તુઓને હટાવી દીધી છે. જેમકે બત્તીની પુરબાર રોશનીના આકર્ષણથી પતંગીઆઓ મોહવશ બની જઈ, તે રોશનીની પાવક જ્વાળામાં આવીને પડે છે, તેને એમ ભાન નથી હોતું કે, આ રોશની એ જીવનનો કરુણ અંત લાવનાર અગ્નિજ્વાળા છે. તેમાં પડતાં આપણું સર્વનાશ થઈ બળી ભસ્મીભૂત બની જઈશું. પણ આ વખતે તે પતંગીઆઓની બુરી દશા જોઈ, કોઈ દયાળુ મનુષ્ય ત્યાંથી બત્તિને હટાવી, અગર તો બુઝવી દયે, તે કાર્ય પતંગીઆની કરુણ દશા ઉપર મહાન્ દયા સમાન છે. પણ મોહવશ પતંગીઆઓ તો રોશની હટાવનાર કે બુઝાવનારને પોતાનો એક મહાન્ નિર્દય શત્રુ તરીકે લેખે, તે તેમનું એક અજ્ઞાન માત્ર છે. એવં એક ગંભીર પ્રકારની ભૂલ છે. તે માફક અમારા ભલા ભોળા ભાઈ એ ઈશ્વરની કૃપાનું રહસ્ય નહી જાણતાં, સ્ત્રી, પુત્ર, ધન આદિનો નાશ થઈ જતાં, છાતીફાટ રુદન કરી, ભગવાન્ ઉપર દોષારોપણ કરે છે, પણ ભગવાન કૃપાસાગરનું સ્વરુપ હોવાથી તે અપરાધને ક્ષમ્ય કરે છે. અર્થાત્ તે અપરાધ સામે જોતા નથી. આવા ટાઈમે જીવાત્માએ એમ સમજવાનું રહ્યું કે ભગવાને મ્હારા ઉપર દયા કરી પૂર્વકૃત પાપકર્મોથી ઉઋણ કરવા માટે, અને ભવિષ્યમાં થતા પાપોથી બચવા માટે, મ્હારી સાંસારિક સ્ત્રી, પુત્ર, ધન આદિ સુખોપભોગ સામગ્રીને પ્રત્યક્ષ ક્ષણભંગુર દેખાડી અહં મમનો નાશ કરાવી આત્મનિવેદનના પુણ્યપંથે શરણાગતિ તરફ વાળવાની યુક્તિથી, સાંસારિક સુખના લૌતિક પદાર્થોનો વિયોગ કરાવ્યો છે. અને તે વિયોગમાં, "ભગવત્કૃપાનાં" દર્શન કરી, કૃપાતત્ત્વ જાણવા સમર્થ થયો છે. તેમ પોતાની શરીર સ્થિતિ આરોગ્યતાને પ્રાપ્ત હોય ત્યારે એમ સમજે કે, ભગવદ્સેવા, સત્સંગ, ભજન કીર્તન, ભગવદીય સેવા અને ભગવદ્ તત્વ રહસ્ય સમજવા માટે મ્હારા ઉપર દયા કરી ભગવાને મ્હને નિરોગી રાખી આરોગ્ય બક્ષેલું છે. એમ સમજી આ ક્ષણભંગુર શરીરને ભગવદ્કાર્યોમાં નિયોજવા બુદ્ધિ ઉત્પન્ન થાય તેજ **ભગવત્કૃપા સમજવી.**

શરીર રોગગ્રસ્ત દશામાં હોય ત્યારે હતાશ થઈને એમ ન સમજવું કે, હું આધિ વ્યાધિના મહાન્ સંકટમાં આવી પડયો છું, પણ તે વખતે મન સાથે એવો વિચાર કરવો કે પૂર્વકૃત પાપકર્મોના ઋણમુક્ત થવા માટે, તથા ભવિષ્યના પાપોથી બચવા માટે, અને સુખ, દુઃખ, શોક, મોહને તપબુદ્ધિદ્વારા હટાવી, પોતાની સ્મૃતિમાં ઉપર્યુક્ત વિચાર લાવી, તેનું રહસ્ય સમજવું કે, ભગવાને મ્હારી ઉપર પરમ દયા કરી, દુઃખ સંકટોમાં ભગવદાશ્રય સિદ્ધ કરવા માટે, વ્યાધિ-ગ્રસ્ત અવસ્થામાં મને મુકયો છે. તેમ માની લઈ રોગાદિ પ્રાપ્તિમાં કોઈપણ પ્રકારની ચિન્તા નહિ કરતાં, આનંદપૂર્વક પોતાના મનને નિરન્તર ભગવાનના ચરણકમળના ચિત્તમાં લગાવી દેવું. અને અસ્વાસ્થ્ય દશામાં પણ પરમકૃપાળુ પરમેશ્વર મારું હીતજ કરે છે, તેવી બુદ્ધિદ્વારા ભગવત્કૃપાની દિવ્યતા સમજવી. સુખી, અને દુઃખી. સાધારણ આપ્તજનો કે, મહાન્ ભગવદીય પુરુષો, તથા દોષપાત્રો જીવોના મીલાપથી, અગર તો તેનાથી વિખુટા પડવાથી મનમાં કોઈપણ પ્રકારની લૌકિક લાગણી નહિ લાવતાં, વિચાર કરવો કે ભગવદીયોના મિલાપ પ્રસંગ પ્રભુએ આપણા કલ્યાણ અર્થેજ યોજ્યો છે. સંબંધિ કે આપ્તજનોના વિયોગથી સમજી લેવું કે ભગવાન પોતાની કૃપાદ્વારા આપણને સંબંધિ જનોથી વિખુટા પાડી કોઈ ચિર: સંબંધિ. આપ્તજન (પ્રભુ) પ્રત્યે પ્રેમ બાંધી તેમને મળવાની ઉત્કટ ઈચ્છા ઉત્પન્ન કરાવવા માટે દુન્યવી સગાસંબંધિથી વિયોગ કરાવ્યો છે. દુષ્ટ દુરાચારી પુરુષોના મેળાપથી એમ સમજવું રહ્યું કે, ભગવાને મ્હારા પર દયા કરી, આવા પુરુષોના મીલાપ કરાવી, તેના દુર્ગુણોની હાનીયો પ્રત્યક્ષ દેખાડી, દુર્ગુણ અને દુરાચારી વર્તન ઉપરથી આસક્તિ ઉઠાવવા માટે, અને ભવિષ્યમાં જીવ તેવી ગેરવર્તણુંકમાં ફસાઈ ન પડે તે માટે, આવા પુરુષોનો ભેટો કરાવ્યો છે. અને છુટા પડતાં એમ સમજવું કે દુઃસંગના દોષથી બચાવવા માટે તે દુરાચારીઓથી મ્હારો વિયોગ કરાવ્યો છે. આ પ્રમાણે અન્ય બધી ઘટનાઓમાં, તેમજ સદા સર્વદા જે જે સુખી દુઃખી અવસ્થાઓ પ્રાપ્ત થાય તેમાં ભગવત્કૃપાનાં દર્શન કરવાનો અભ્યાસ રાખવો. દુનીયાના તમામ જીવો પર ભગવાનની અપાર દયાનો અદૃશ્ય પ્રવાહ વહન થઇ રહ્યો છે. તેનું જ્ઞાન દૃષ્ટિથી નિરિક્ષણ કરી રહસ્ય સમજવું. લોકો ભગવાનને દયાસાગર કહે છે. કિન્તુ વિચાર કરવાથી તે ઉપમા પર્યાપ્ત નથી. એ તો પ્રભુની અપાર દયા (કૃપા)નો કિંચિત્ પરિચય માત્ર છે. સમુદ્ર પરિચિત

સીમા બદ્ધ છે. પણ ભગવાન તો દયાસાગર અસીમ અને અપાર છે. કેમકે સંસારમાં સમુદ્રથી કોઈ મોટી વસ્તુ નહિ હોવાના કારણથી લોકો આ ઉપમા આપી ભગવતકૃપાનું મહત્વ સમજવાની ચેષ્ટા કરે છે. આ પ્રકારે સર્વ જીવો પર ભગવાનની અપાર દયા તો છે જ, પણ તેનું તત્ત્વ નહી સમજવાથી, મનુષ્ય "ભગવત કૃપા"નો લાભ ઉઠાવી શકતો નથી, અને પોતાની મૂર્ખતાના કારણરૂપ નિરન્તર દુઃખોમાં મગ્ન રહે છે. ભગવત્ કૃપાનો પ્રભાવ, અને તાત્ત્વિક રહસ્ય જો જાણવામાં આવે તો એક પારસમણિ સમાન અમુલ્ય રત્નના સ્વરુપમાં દશ્યમાન થશે. એટલું જ નહિ પણ તે દિવ્ય પારસમણિના અલૌકીક પ્રભાવથી, લૌકીક મોહમાં નહી ફસાતાં, જગતના પરમ તત્વ સ્વરુપ શ્રીકૃષ્ણના ચરણારવિંદ સેવવાની આકાંક્ષા પ્રકટ થતાં, સેવામાર્ગ તરફ વળે છે. જેવી રીતે કોઈ દરીદ્રિ મનુષ્યના ઘરમાં પારસમણિ હોય પણ તેનું મહત્વ નહિ સમજવામાં આવતાં, તેને મન પત્થર લાગે અને તે અજ્ઞાનના અભાવથી તેના દિવ્યફળથી વંચિત રહેવાના કારણથી તેને પત્થરના કામમાં ઉપયોગ કરે છે પણ તેમ કરતાં કરતાં જો લોહનો સ્પર્શ થાય અને તેનાથી વિશેષ લાભ પ્રાપ્ત થતો જોવાના ચમત્કારથી, તેને તે પત્થરનું રહસ્ય જાણવાની જીજ્ઞાસા થતાં, કોઈ ગુણજ્ઞ મનુષ્યના સમજાવવાથી તેની દિવ્યતાનો પરિચય થતાં, તે પત્થરને પારસમણિના સ્વરુપમાં માનવા લાગશે અને તેના ગુણ તથા પ્રભાવને લક્ષમાં રાખશે. તેવી રીતે આપણને કોઇ મહાનુભાવી પરમ ભગવદીયનો સત્સંગ થતાં હરિ સ્વરુપ જે પારસમણિ છે તેના પ્રભાવિક ગુણનું દિગ્દર્શન જો તે ભગવદીય કરાવે તો અલૌકીક ફળ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બનીએ. આ પ્રમાણે ભગવદીયના સત્સંગથી, ભગવત્કૃપાનું દિવ્ય સ્વરુપ રહસ્ય, તત્ત્વપ્રભાવનું જ્ઞાન થતાં, ભગવદ્ સેવારુપી પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. તેના દષ્ટાંત તરીકે આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ કે, કોઈ રાજા મહારાજા, જમીનદાર, કે શેઠ શાહુકારમાં ઉપર્યુક્ત વિશ્વાસ હોય અર્થાત્ આપણને શાંતિ અને આશ્વાસન આપશે તેવી લાલચથી કોઈ દયાળુ સ્વભાવના રાજા કે શેઠ પાસે જતાં વિચાર આવે કે અમુક રાજા કે શેઠ બહુ દયાળુ છે, મને ઓળખે છે, એવં મળવાની ચાહના રાખે છે. આવું જાણવા માત્રથી આપણને આનંદ અને શાંતિનો અનુભવ થાય છે. અને તેમને કોઈ પણ પ્રકારે મળી તેની દયાળુતાનો લાભ ઉઠાવવાની ચેષ્ટા કરવામાં આવે છે. ત્યારે અહિં તો સર્વ શક્તિમાન, અસંખ્ય કોટી બ્રહ્માંડોના માલિક, શ્રીરાધિકાનાથ પ્રત્યેના અનુરાગપૂર્વક દ્રઢ આશ્રય રાખી વિશ્વાસ પ્રાપ્ત કરી સેવા થાય તો જરુર તે પરમ કૃપાળુ આપણી ઉપર કૃપાદષ્ટિ કરી સ્વયં પ્રકટ થશે. અને પોતાનો પ્રિય જન કરી રાખશે આ પ્રકારે તે પરમકૃપાળુ સુહૃદ સર્વ શકિતમાન પરમેશ્વરની અપાર કૃપા અમારા લોકો ઉપર સ્વભાવીક છે. ક્ષણ ક્ષણમાં તેની કૃપાનો લાભ મળતો રહે છે. આપ સ્વયં સાડાચારસો વર્ષ ઉપર અવતાર ધારણ કરી **कृपादृगवृष्टी संहृष्ट......**ના સ્વરુપથી તે **महाकारूणीक प्रभु** એ કૃપાના દિવ્ય સ્વરુપના પ્રત્યક્ષ દર્શન કરાવી ગયા છે. તેની તરફ દષ્ટિપાત કરી, તે કૃપાનું રહસ્ય, તત્ત્વ, પ્રભાવ જાણવા માટે અમારી હરેક પ્રકારે ઉત્કટ ઈચ્છા છે. આ માનવશરીર તે મહાપ્રભુની નિર્હેતુકી કૃપાથી પ્રાપ્ત થયું છે. તેથી ભગવદ્ કૃપાના સ્વરુપને સમજી શરણાગતિના માર્ગે પ્રભુપ્રેમના પાત્ર બનવું જોઇએ. ક્ષણક્ષણમાં આયુષ્ય નષ્ટ થઈ રહ્યું છે. ફરીથી આવો અમુલ્ય સમય મળવો અસંભવીત છે, જે સમય જાય છે તે ફરીથી પ્રાપ્ત થઈ શકતો નથી. માટે આ અમુલ્ય માનવદેહને વિષયભોગ ભોગવવામાં કે, દુન્યવી મોજશોખની વિલાસી વસ્તુઓમાં કે, આલસ્ય, પ્રમાદમાં વ્યર્થ ખપાવી નાખવો નહિ.

બ્રહ્મસંબંધ

ભગવદ્ કૃપા જ્યારે જીવ ઉપર થાય છે ત્યારે તે જીવાત્મા આત્મનિવેદનપૂર્વક "બ્રહ્મસંબંધ" મંત્રથી દિક્ષીત થઈ ભગવતસેવાના કર્તવ્યમાં લાગી જશે સેવાના અનવસરમાં મસ્તક ઉપર બિરાજતા શ્રી ઠાકુરજીના દર્શન સુખનો દિવ્ય આનંદ પ્રાપ્ત નહિ થતાં વિપ્રયોગાત્મક તાપકલેશ યુક્ત રહેવું તે પુષ્ટિમાર્ગનું ફલીત કર્તવ્ય હોઇને ભગવદ્ અનુસંધાન રાખવું તે દરેક વૈષ્ણવનું પ્રથમ કર્તવ્ય છે. આ વાત થઈ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તની, પણ સાંપ્રદાયિક વ્યવહારમાં તે સિદ્ધાન્તને કયા પ્રકારની વ્યવસ્થાથી

લાવ્યા તે વિચાર કરવો અતિ આવશ્યક છે. વ્યવહારીક સ્વરુપમાં તે સિદ્ધાન્તને કયી વિધીથી મુકવામાં આવ્યું. તેનો ઉંડો વિચાર કરતાં માલુમ પડશે કે "બ્રહ્મસંબંધ"ના અલૌકિક વિધીથી વિશ્વધર્મના પ્રથમ પગથીયા પર પગ મુકાવવામાં આવ્યો અને તે અનુષ્ઠાનનું વિધાન શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સ્વયં શ્રી ઠાકુરજીએ બતાવેલું છે તેમનો ઉલ્લેખ સાંપ્રદાયિક તવારિખના ઈતિહાસમાં સુપ્રસિદ્ધ "સિદ્ધાન્ત રહસ્ય" નામક ગ્રંથમાં કરેલો છે. તે મંત્રના અનુષ્ઠાનદ્વારા ગુરુ (શ્રીમદ્વલ્લભવંશ) પ્રત્યે સેવકને ભગવાન સાથેનો દિવ્ય સંબંધ કરાવી આપે છે. "મારે શરણમાત્ર એક શ્રીકૃષ્ણનું જ છે" આવી ભાવનાયુક્ત અષ્ટાક્ષર "શ્રીકૃષ્ણઃશરણં મમ" મંત્ર અહર્નિશ જપવાનો ઉપદેશ કરે છે. તેને શરણમંત્રના નામથી ઓળખવામાં આવે છે. શ્રી વલ્લભાર્યજીએ નવરત્ન ગ્રંથમાં સ્વયં તે મંત્ર માટે કહ્યું છે કે "તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ। વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ આ નામમંત્ર કરાવ્યા બાદ ગુરુદેવ સેવકવર્ગને વિગ્રહ સ્વરુપ ભગવાન પાસે તુલસીપત્ર હસ્તમાં આપી નિવેદન મંત્રની દિક્ષાથી વિભુષિત કરાવે છે. અર્થાત્ તુલસીપત્ર રાખેલો હસ્ત ગ્રહણ કરી શ્રી ગુરુદેવ નિવેદન મંત્રનો આપણ (જીવ) પાસે સ્પષ્ટ શબ્દોચ્ચાર કરાવી તુલસી ભગવદ્ ચરણારવિંદમાં સમર્પિત કરાવે છે. તે વખતે જે મંત્ર બોલવામાં આવે છે. તે ગોપ્ય રાખવામાં આવે છે કારણ કે અસ્પર્શ સીવાય તે મંત્રોચ્ચારણ થઈ શકે તેવી દેશકાલિન પરિસ્થિતિ નથી. વળી વિધર્મી રાજ્ય અમલના સબબથી વાતાવરણ પણ શુદ્ધિ નહિ હોવાથી, તલાવ, અગર તો નદીના જળમાં ઉભા રહી, તે મંત્રનુ અનુષ્ઠાનપૂર્વક જીવાત્માને પરમાત્મા સાથેના દિવ્ય સંબંધની યાદ દેવડાવી, પોતાનું માની લીધેલી જે સાંસારિક વસ્તુઓનો ઉપભોગ કરે છે, તેને શ્રી ઠાકોરજીના ચરણારવિંદમાં સમર્પિત કરી, નિઃસાધન બને છે. તે મંત્ર શ્રી ઠાકુરજીએ, શ્રીમદ્ આચાર્યચરણને સ્વયં ઠકુરાણી ઘાટપર બતલાવેલો છે. તે મંત્રથી દિક્ષિત થનાર વૈષ્ણવ ભક્તો ગોપીઓને પોતાના આદર્શતરીકે માની, તેમના જેવું સમર્પિતજીવન વિતાવવા ચાહના કરે છે, પછી તેમને પોતાના જીવન ઉપર જરા જેટલી પણ મમતા નહિ. સ્વતંત્રતા નહિ બસ તે તો ભગવાનનો દાસ બની પોતાનું જીવન પણ ભગવાન છે એવો દ્રઢ આશ્રય રાખે છે. અને તેમના કર્મ (સેવા) જેટલાં મન વચન કર્મથી જે વિવિધ વિધાનયુક્ત છે તે સર્વ શ્રીકૃષ્ણને સમર્પણ કરી આપે છે. આ પ્રકારે સર્વાત્મના ભગવાનના દાસ બની જઈ પોતાની ઐહિક લીલાની સમાપ્તી કર્યાં પછી, ભગવદ્ અનુગ્રહથી ગોલોકની વિપુલ શાંતિ સમી દિવ્ય સ્થળમાં સ્થિત થાય છે.

બ્રહ્મસંબંધ અને મહારાજ લાયબલ કેસ.

[લેખક—અમૃતલાલ હરજીવન પારેખ. મહુવા.]

"બ્રહ્મસંબંધ" મંત્ર વૈદિક હોઈને હિન્દની આર્ય સંસ્કૃતિના ઈતિહાસમાં અસંખ્ય મનુષ્યોને કલીયુગમાં સંસાર સાગર તરવાના એક મહાસાધનરુપ છે. પુષ્ટિ ભક્તિ માર્ગમાં તેનું સ્થાન અનુપમ છે. શરણાગતી વગર ભગવત્સેવા કરવામાં આવે તો તે નિરર્થક છે. અને ભગવદ્ શરણાગતી પ્રાપ્ત કરવામાં "બ્રહ્મસંબંધ" મંત્ર એ દિવ્ય આદર્શ માર્ગદર્શક છે. એટલું જ નહિ પણ ભગવત્ સેવામાં તેમનું અનુસંધાન પૂર્વક ચિત્તવૃતિ લગાવવામાં આવે તો જે ફળ જપ, તપ, યોગ આપવા સમર્થ નથી તે ફળ "આત્મનિવેદન" યુક્ત શ્રી ઠાકોરજીની સેવાથી મળી શકે છે. તેથી તે દિવ્ય મંત્રમાં શબ્દે શબ્દે પ્રભુ પ્રત્યે જીવાત્માનો સંબંધ દ્રઢ કરવા માટેની એક અલૌકિક અદ્રશ્ય શકિત રહેલી છે. આવા ભગવદ્ શરણાગતીનાં અલૌકિક સાધન રુપ મંત્ર ઉપર આજથી શીત્તેરેક વર્ષ ઉપર એક ભયંકર હુમલો સુધારકો તરફની "મહારાજ લાયબલ કેસ"માં વિચિત્ર શબ્દાર્થના રુપમાં કરવામાં આવેલો હતો, "મહારાજ લાયબલ" કેસ એટલે આર્યત્વ સિદ્ધાન્તોનું ઉન્મુલન કરી, પરદેશી સંસ્કૃતિની ફ્રેંચ પોલીસ નીતિને પ્રકટ કરનાર પુસ્તક છે. ૭૦ વર્ષ ઉપર સુધારકમાં ખપવા નીકળેલા કેટલાક સુધારકો હિન્દની

સંસ્કૃતિની દિવ્યતા હણનારની ડાયરીમાં પ્રથમ નંબરે છે. તેઓએ પોતાના વંશપરંપરાગત હિન્દુધર્મની આબરૂ ઉઘાડવા પ્રયત્ન કરી હિંદની ધાર્મિક 'સ્વાતંત્ર્યતા ને ગુલામીના સકંજામાં ધકેલી ધર્મદ્રોહ, દેશ-દ્રોહ કરવામાં અપવાદ રૂપ નીવડવામાં આવ્યા છે. હીન્દનો ઈતિહાસ વાંચો! ભારત સમ્રાટ અકબર ધાર્મિક ન્યાય ધર્મગુરુ આચાર્ય શ્રી વિઠ્ઠલેશ્વરજી પાસે કરાવતો, જહાંગીરની પણ ન્યાય પદ્ધતિ તેવી જ હતી. અને તે આખરી ફેંસલાનો નિર્ણય કબુલ રાખી ધાર્મિક ક્ષેત્રમાં શાહી દખલગીરી કરતો નહી. અત્યારે તો આપણા જ હિન્દુભાઈઓ પરદેશી ન્યાયકોર્ટોમાં ધારાસભાઓમાં જઈ પોતાના બાપદાદાના ધર્મનો ધ્વંસ કરવા ઉભા થાય છે. આવી અધમ મનોદશાએ પોતાનું પરિબળ હિન્દી માનસમાં જમાવી આર્યસંસ્કૃતિના આદર્શ સ્વરુપ પવિત્ર ભારત વર્ષને ગુલામીમાં મુકી દીધું છે.

આર્ય સંસ્કૃતિની દિવ્યતા યુકત ચમત્કારીક-ઘટનાથી સિકંદર લોદી જેવા ધર્માંધ મુસલમાન બાદશાહ ઉપર પોતાનો પ્રભાવ પાડી, વિશ્વોપકારક "પુષ્ટિમાર્ગ"ના સિદ્ધાન્તોનો પ્રચાર કરી, 'બ્રહ્મસંબંધ' મંત્રદ્વારા જીવ અને પરમાત્માના સંબંધમાં વિજ્ઞાન દર્શન કરાવી, હિન્દના ઈતિહાસમાં જેની પ્રતિમા અજોડ છે એવા મહાન્ આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આદર્શ સિદ્ધાન્ત સમા "બ્રહ્મસંબંધમંત્ર" ઉપર નીચ અને ગલીચ હુમલો કરી, હીન્દની ધાર્મીક ગૌરવતામાં પીછે હઠ કરી છે. તેનો પુરાવો "સત્ય પ્રકાશ" "મહારાજ લાયબલ કેસ" વગેરેમાંથી મળી આવે છે.

ન્યાયની દેવડીએ.

લાયબલ કેસમાં "બ્રહ્મસંબંધ" ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. અને તે મંત્રના ઉપર શ્રી ગોકુળનાથજીના નામથી બનાવટી ટીકા લખાવી પુરાવામાં ઉપયોગમાં લીધી હતી. ને તે મંત્રના અર્થને વિકૃત સ્વરુપમાં રજુ કર્યો હતો. જે અસલ સંસ્કૃત હસ્ત લીખીત પુસ્તકમાં નથી. "પુષ્ટિ મારગ અથવા મહારાજોનો પંથ" એ પુસ્તકમાં તો વળી મંત્રમાં ઘણા શબ્દો બીજા ઘુસાડી દીધા છે. આ રહ્યા તે શબ્દો.

"एक मेवाऽद्वितियं ब्रह्म ++ ओं ++ द्वाविमौ पुरुषौदासौ संपूज्यौ सखायौ काम पूर्वक अरुक्षा धर्म कामास्तु नित्यधर्माश्च"

આ શબ્દો વધારાનાં ઘુસાડી દેઈ ભોળીજનતાને ઉંધું સમજાવવા પ્રયત્નો કરી રહ્યા હતા. તેવી જ રીતે લાયબલ કેસમાં પણ વધારાના શબ્દો લખાયા છે.

ઉપરની સમીક્ષા ઉપરથી ન્યાયપ્રિય વાંચકો પોતેજ ન્યાય કરી શકશે કે વિરોધી પક્ષે કેસમાં સફળતા પ્રાપ્ત કરવા ખાતર યુક્તિપૂર્વક બનાવટી શબ્દ દાખલકરી ન્યાય કોર્ટને પણ ખરી વસ્તુ સ્થિતિથી અજાણમાં રાખી છે.

"બ્રહ્મ સંબંધમાં" બ્રહ્મનો વિચીત્ર અર્થ ગુરુ શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત્ "ગુરુને તન, મન, ધન, આ સંપ્રદાયમાં સમર્પણ કરવામાં આવતુ હોવાથી સ્ત્રીઓનું પાતિવ્રત્ય ભ્રષ્ટ થાય તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે. વળી સાક્ષીઓદ્વારા ન્યાયાસનના જજજો સમક્ષ જુઠી સાહેદીઓ પુરાવી જગતના એક મહાન્ વિશ્વધર્મ સમ પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તને મારી મચડી. અવળા અર્થમાં રજુ કરવાનો બનાવ પહેલ વહેલો રજુ કરી ધાર્મીક ઇતિહાસમાં જેની કીર્તિ અચલ છે. તેવા વિશુદ્ધ વૈષ્ણવ સંપ્રદાયને ઉતારી પાડવાનો અધમ પ્રયાસ કરવાની ચેષ્ટા કરી છે. તેમ જ કર્મ ધર્મ સંજોગે તે વખતે વિદ્વાનોનો અભાવ હોવાથી કોર્ટમાં સંપ્રદાય સંરક્ષક તરીકે શ્રીયદુનાથજી મહારાજ સીવાય કોઈ નહિ હતું જેથી તેનું પરિણામ એ આવ્યું કે "મહારાજ લાયબલ" કેસમાં કરસનદાસને ફતેહ મળી, સંપ્રદાયના આદર્શ સિદ્ધાન્તો ને આધુનિક અભ્યાસની કસોટીએ ચઢાવતાં વિજ્ઞાન, ફીલોસોફી, અને શાસ્ત્રની દૃષ્ટિએ હરકોઈ તટસ્થ જીજ્ઞાસુને માન ઉત્પન્ન થાય તેવા હતા તેને પશ્ચિમની સંસ્કૃતિના અભ્યાસથી અંધારામાં રાખી પૂર્વ સંસ્કૃતિના આદર્શોનું અપમાન કર્યું.

સાઠ વર્ષ પછી વિદ્વાન્ ગોસ્વામી બાલકો, અને પ્રો. મગનલાલ શાસ્ત્રી, ગો. વાસી. તેલીવાળા, તથા–રા. રા. રણછોડદાસ વૃંન્દાવનદાસ પટવારી બી, એ, એલ, એલ બી, તેમજ રા. વસંતરામભાઈ શાસ્ત્રી, અને–મહા ગુજરાતના અદ્વિતીય પત્રકાર, સાક્ષર શ્રી મણિલાલ દેસાઈ. B. A., એ પોતાના અથાગ પ્રયત્ને મહારાજ લાયબલ કેસમાં અન્યાય પામેલા "બ્રહ્મ સંબંધ મંત્ર" ના દિવ્ય સિદ્ધાન્તોની પવિત્રતાને ન્યાય આપ્યો.

બ્રહ્મ સંબંધ રહસ્ય

"બ્રહ્મ સંબંધ" એટલે પરમાત્મા શ્રી કૃષ્ણ સાથે હજારો વર્ષથી વિખુટા થએલા જીવાત્માનો સંબંધ (connection) જોડવો. અને જીવાત્માએ જગતમાં જન્મીને પોતાનું જે માની લીધેલું હોય તે પ્રભુને સમર્પણ કરીને અહંતા મમતાનો ત્યાગ કરવો. પ્રભુ પ્રાપ્તિ માટે એક શ્રી કૃષ્ણનું શરણ ગ્રહણ કરી કૃષ્ણ સેવામાં અનુરક્ત રહેવું. સ્ત્રી, પુત્ર, ઘર, બાર વગેરે ઉપરથી આસક્તિ ઉઠાવી તેનો ઉપયોગ પ્રભુ સેવાના કાર્યમાં કરી પરમાત્માના દિવ્ય સંબંધ યુક્ત થવું. અર્થાત્ કૃષ્ણને તન, મન, ધન સમર્પણ કરવું તેનું નામ "બ્રહ્મ સંબંધ" "બ્રહ્મ" સાથેનો સંબંધ જીવાત્માને આજકાલનો નથી પણ જગતની ઉત્પત્તિથી એટલે કે હજારો વર્ષથી છે કારણ કે જગતની ઉત્પત્તિ સ્વયં ભગવાને કરી અને પોતાના અંશ અંશીભુત જીવોને સર્જ્યા. જેમકે અગ્નિના મોટા તણખાને લઇને ટાકર મારતાં ન્હાના ન્હાના વિસ્ફુલીંગો પ્રગટ થશે. તે વિસ્ફુલીંગો અગ્નિના અંશ સમાન હોવાથી તેમનો સંબંધ "અગ્નિ" જ છે. તે પ્રમાણે જીવાત્મા પરમાત્મા સંબંધમાં સમજવાથી "બ્રહ્મ સંબંધ" મંત્રનું તત્ત્વ દર્શન થતાં શંકિત હૃદયની શંકાઓ દૂર થઈ. જેણે જન સમૂહના કલ્યાણ અર્થે આ સિદ્ધાન્તને જગતમાં પ્રવર્તાવ્યો છે. તે જગત ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની અપ્રતિમ પ્રભાવિક દૈવી શક્તિનાં દર્શન થતાં તેના ચરણકમળમાં નત—મસ્તક થશે.

બ્રહ્મનું સ્વરૂપ

"બ્રહ્મ" શબ્દ શ્રી કૃષ્ણચંદ્રના દિવ્ય સ્વરુપ પ્રત્યે છે. વેદ, ઉપનિષદ્, શાસ્ત્ર, પુરાણોમાં તેનાં બહુ પ્રમાણો છે. તે લેખ વીસ્તાર ભયથી અત્ર વધારે નહિ આપતાં માત્ર સુધારક મહોદયો જે "બ્રહ્મ" નો અર્થ "ગુરુ" કરે છે તેને માટે ખરો શબ્દાર્થ વૈદિક પ્રમાણો સહ અત્ર રજુ કરવામાં આવે છે જેથી– "બ્રહ્મ સંબંધ" વૈદિક વિધી યુકત મંત્ર છે તેમ સિદ્ધ થશે.

न मृत्युरासीदमृतं × × × × × तदेकं तस्माद्धान्यन्नं पर : किंचनास.

અર્થાત્ જે વખતે મૃત્યુ કે જીવન, રાત્રિ કે દિવસ નહોતા તે વખ્તે ફકત પરબ્રહ્મ પરમાત્માજ હતા.

विश्वतश्चक्षुः × × × × × द्यावांभूमी जनयन् देव एकः

સર્વ વિશ્વના કર્તા પ્રભુ એકજ છે. (યજુ. અ–૧૭ મં. ૧૯

कः परमोदेवः। कुतो मृत्युर्बिभेति॥ कस्य विज्ञाने–नाखिलं विज्ञातं भवति॥ આ પ્રમાણે બ્રહ્માજીને મુનીઓની સભામાં પુછવામાં આવેલું કે મૃત્યુ કોનાથી બીએ છે ? કોનું વિજ્ઞાન થવાથી તમામનું વિજ્ઞાન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં " **कृष्णो वै परमंदैवतम्** ॥ (કૃષ્ણ પરમ દૈવત છે એ નિશ્ચય છે.) **गोविन्दान्मृत्युर्बिभेति** ॥ (ગોવિન્દથી મૃત્યુ ભય પામે છે.) **गोपीजनवल्लभज्ञाने नैतद्विज्ञातं भवति** ॥ (શ્રી ગોપીજન વલ્લભનું જ્ઞાન થવાથી, તમામનું જ્ઞાન થવાથી તમામનું જ્ઞાન થઇ જાય છે. આ પ્રમાણે બ્રહ્માજીએ કહ્યું. (ગોપાલપૂર્વ તાપનીય ઉપનિષત્) તેમજ આદ્ય શંકરાચાર્યે ભ. ગી. અ. ૪ શ્લો. ૫ શાંકરભાષ્યથી અનિશ્વરત્વની શંકાલાવનાર પ્રત્યે "**या वासुदेवेऽनीश्वरा सर्वदा शंका मूर्खाणाम्** ।" (શ્રી કૃષ્ણ વાસુદેવને વિષે લોકો અનિશ્વરત્વ અને અસર્વજ્ઞત્વની શંકા કરે છે અને ભૂતપૂર્વ શંકરાચાર્ય શ્રી મધુસુદન સરસ્વતીએ પણ પરબ્રહ્મના સ્વરૂપ વિષે " **कृष्णात् परंकिमपि तत्त्वमहं न जाने** " શ્રી કૃષ્ણથી ઉત્તમ બીજું શું તત્ત્વ છે ? તે હું જાણતો નથી." આ સર્વ પ્રમાણો જોતાં લાયબલ કેસમાં થએલો અર્થ બરાબર નથી એમ તટસ્થ જીજ્ઞાસુ વાંચક જરુર

નિર્ણય કરશે. સુધારકોએ હિન્દુ શાસ્ત્રના આદર્શ સિદ્ધાન્તોની ઉપર હુમલો કર્યો છે તે વસ્તુ સત્ય સ્વરુપે પ્રતિત થશે. પોતાનાજ હિન્દુ ધર્મશાસ્ત્ર મર્યાદા ઉલ્લંઘન કરનાર સુધારકોની અધમ મનોદશાથી થતું ધર્મધ્વંસક કામથી હિન્દુ હૃદય કંપી ઉઠશે.

હિન્દુ શાસ્ત્રાભિમાની પુરુષો પાસે એક ન્યાય માગુ છું. આપને શાસ્ત્રના ગૌરવનું અભિમાન હોય તો તટસ્થ વૃત્તિ ધારણ કરી "મહારાજ લાયબલ" કેસથી હિન્દુ શાસ્ત્રનું શું ખુન કરવામાં નથી આવ્યું ? ન્યાય કરજો. વિરોધી ચશ્મા દૂર કરજો શાસ્ત્રની ગૌરવતાના વસ્ત્ર ખેંચનાર દુષ્ટ દુઃશાસનોની કાન પટ્ટી પકડી જગત સમક્ષ રજુ કરો. અફસોસની વાત છે કે, આજ અમારા કહેવાતા સનાતની ભાઈઓ, પોતાને મહાન્ પુરુષ, લેખક, કે શાસ્ત્રજ્ઞ લેખાવાનો દંભ કરી વખત આવે પુષ્ટિમાર્ગના નિર્મળ સિદ્ધાન્તો સામે "મહારાજ લાયબલ કેસ" જેવા હિન્દુ ધર્મ સિદ્ધાન્ત વિઘાતક પુસ્તકો રજુ કરી અગર તેમાંના ઉતારાઓ આપી પૈશાચિક કૃત્ય કરી, પોતાનીજ બેસવાની ડાળ ઉપર કુહાડો મારવાની અધમ ચેષ્ટા કરનાર પોતાના શંકર સ્વરુપને રૌદ્ર પૂર્ણ બનાવી "શાસ્ત્રના" અર્થોને પણ વિચિત્ર અનુમોદનના શસ્ત્રવડે સંહારવાનો પ્રયત્ન કરી, "સૂર્ય" સામે ધુળ ઉરાડવાનો મિથ્યા પ્રયાસ કરી, ધર્મ દ્રોહ કરવામાં અપવાદ રૂપ થાય છે.

કરસનદાસ શતાબ્દિ.

સાંપ્રદાયિક ગ્રંથોના અભ્યાસ વગર, મંદિરમાં જેમણે એકાદ વખત જાણે અજાણયે પગ મુકી વૈષ્ણવ સંપ્રદાયનો અનુયાયી ગણાવી, "મહારાજ લાયબલ" કેસમાં જેમણે સંપ્રદાયના આદર્શ સિદ્ધાન્તોને કિલષ્ટ સ્વરુપમાં મુકેલ છે. તે સુધારકની શતાબ્દિ જયંતિ ઉજવવાનો દંભ તેમની સુધારક પાર્ટીના ચેલાઓએ સંવત ૧૯૯૦ ની સાલમાં ભજવ્યો. ત્યારે પ્રકાશયુગમાં વિચરતા વિદ્વાન્ અગ્રગણ્ય વૈષ્ણવોના મહાન્ પ્રયાસથી સિદ્ધાન્ત સંરક્ષણ અર્થે મુંબાઈમાં તા. ૮-૪-૩૪ થી તા. ૧૫-૪-૩૪ સુધી શ્રીમાન્ ગોસ્વામી પૂજ્યપાદ શ્રી ગોકુલનાથજી મહારાજના અધ્યક્ષ સ્થાને પહેલા દિવસે સભા મળી અને "શ્રીમદ્વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાન્તો ઉપર" વિદ્વત્તાયુક્ત પ્રો. મગનલાલ શાસ્ત્રીએ ભાષણ કરેલું. અને બીજા દિવસે તો સંપ્રદાયની ઐતિહાસિક તવારીખમાં નોંધવા જેવી યાદગાર સભા પ્રો. મગનલાલ શાસ્ત્રી એમ. એ. ના પ્રયાસથી મુંબાઈના અગ્રગણ્ય વિદ્વાનો, ધારાશાસ્ત્રીઓ, ન્યાયમૂર્તિઓ, પ્રોફેસરોની હાજરીથી સંપ્રદાયની ગૌરવતામાં અપૂર્વ વધારો થયો હતો. જેમાં હાજર રહેલાઓમાં ન્યાયમૂર્તિ, ના. દીવેટીઆ, ઈલાકેદાર મેજીસ્ટ્રેટ મી. ઇંદ્રવદન મહેતા, પ્રો. ગજેન્દ્ર ગડકર, પ્રો. પી. વી. કાળે, ડૉ. શુથી, તેમજ અન્ય ધારાશાસ્ત્રીઓ વગેરેની સારી સંખ્યા નજરે પડતી હતી. અને તે દિવસની સભાનું પ્રમુખસ્થાન મુંબાઈ હાઈકોર્ટના ના. વડા ન્યાયમૂર્તિ, ઑન જસ્ટીસ સર જોન બોમંટને આપવામાં આવ્યું હતું. અને પ્રો. શાસ્ત્રી મગનલાલે સારામાં સારા સિધ્ધાંત યુકત વિષય ઉપર અંગ્રેજીમાં ભાષણ કર્યું હતું જે સાંભળીને પ્રમુખ ના. વડા ન્યાયાધીશે પ્રસન્નતા બતાવી હતી. આ પ્રમાણે ૭ દિવસ સુધી વકતાઓએ વ્યાખ્યાન દ્વારા માર્ગ સિધ્ધાન્ત દર્શન કરાવેલ હતું. ત્યાર બાર સુધારકો તરફથી મોટા પાયા ઉપર શતાબ્દિ વખતે થઈ રહેલ આક્રમણ સામે ટાઉનહોલમાં પડકાર કરવામાં આવ્યો હતો.

"સુધારકોને પડકાર"

"કરસનદાસ શતાબ્દી"ની આડમાં રહી, અધમતાની પરાકાષ્ઠાની સીમા ઓળંગીને વિશ્વધર્મ પુષ્ટિમાર્ગના આદર્શ દિવ્ય સિદ્ધાન્તો સામે આક્ષેપો કરી, બીચારી ભલીભોળી પ્રજાને ભ્રમમાં નાંખવાનું જે નીચ કાર્ય આરંભવામાં આવેલું, તે વખતે હિન્દુ હૃદયની આંતરડી કકળી રહી હતી. કારણ કે સુધારક કહેવાતા આધુનીક સમાજ બગાડકો, તરફથી આજે તેના પવિત્ર સિદ્ધાન્તનું ખુન કરવામાં આવતું હતું, આ પ્રસંગે વૈષ્ણવ ધર્મની વ્હારે જે વિદ્વાનોએ દોડી પહોંચી સિદ્ધાન્ત સેવા કરી છે. અર્થાત્ આક્રમણકારો સામે થઈ વૈષ્ણવ સિદ્ધાન્તો ઉપર હુમલો કરનારની મનોદશાના દિગ્દર્શનો કરાવ્યાં છે. તેનો આ ટુંકો સાર આલેખવામાં આવે છે.

શ્રીગોસ્વામી શ્રી ગોકુલનાથજી મહારાજ શું કહે છે !......સુધારકોએ પોતાના હુમલા ઘણા ખરાબ શબ્દોમાં વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક અને પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સંબંધમાં ફરી ટીકા કરવા માંડી છે, આશ્ચર્યની વાત છે કે વેદાનુકુલ ધર્મ સંપ્રદાયના સંબંધમાં આ યદ્વા તદ્વા ગમે તેવી ટીકાઓ કરવામાં શોભા માનવામાં આવે છે. સંપ્રદાયના સિદ્ધાન્તનો નિર્ણય વેદના આધારે જ કરવામાં આવે છે. એમ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતેજ લખ્યું છે. વૈષ્ણવ સંપ્રદાયમાં વેદ વિરુદ્ધ એક શબ્દ પણ નથી. સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ કર્યા વિનાજ લોકો આપણા સંપ્રદાય ઉપર ગમે તેવા આક્ષેપો કર્યા કરે છે...બ્રહ્મસંબંધ વિષે પણ ટીકા કરી છે શાસ્ત્રો કહે છે કે સ્ત્રી વર્ગને પણ ભગવત્ક્રિયામાં સામેલ કરવો પણ જો તેમનુંચિત્ત તેમાં ના લાગતું હોય તો જાતે તે કાર્ય કરી લેવું. એમ બ્રહ્મસંબંધ માટે સ્પષ્ટ જણાવ્યું છે તેમાંથી આચાર્યને અર્પણનો અર્થ નીકળી શકે એવો એક પણ શબ્દ નીકળી શકે તેમ નથી. વિના કારણ નિંદા કરવી અને એક માત્ર "મહારાજ લાયબલ કેસ"નું નામ લઈ વિદ્વાન્ બની જવું એ યથાર્થ નથી......આચાર્યો કૃષ્ણ બની બેસે છે એમ કહેવું એ પણ એટલું જ ખોટું છે. જો પોતે જ કૃષ્ણ બની બેસતા હોય તો પછી આચાર્યો કૃષ્ણની ઉપાસના શા માટે કરે ? શ્રીમદ્વલ્લભાચાર્યે પોતે પોતાને પણ "શ્રી કૃષ્ણના દાસ" તરીકે ઓળખાવ્યા છે. વગેરે.

સર મનમોહનદાસ રામજી શું કહે છે. ?

સુધારકોએ ઉપસ્થિત કરેલા વાતાવરણ પર ઉંડો વિચાર કરવા ભેગા થયા છીએ. આ શતાબ્દી ઉત્સવનો લાભ લઈ તેમણે "મહારાજ લાયબલકેસની જાહેર ચર્ચા કરવા માંડી છે. અને સાથે સાથે વૈષ્ણવોના પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાન્તોને વખોડી કહાડવા માંડયા છે. તેવા વૈષ્ણવોના પ્રચલિત શ્રીમદ્ વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગના બ્રહ્મસંબંધ આત્મનિવેદન નામના બે મંતવ્યો પર સખ્ત પ્રહાર શરુ કર્યો છે. બ્રહ્મસંબંધ અને આત્મ નિવેદન પ્રભુમાં સ્વર્વસ્વનું સમર્પણ. મહા ગુજરાતના અદ્વિતીય પત્રકાર, જાણીતા સાક્ષર શ્રી મણિલાલ ઈ. દેશાઈ. B. A. એ મહારાજ લાયબલ કેસમાં જય મેળવનારાઓની શતાબ્દીમાં ગીત ગાનારા મહાશયો માટે એ મહાન્ વિચારક તંત્રીએ પોતાના "નવી રોશની" ના તા. ૧ લી તથા ૮ મી એપ્રીલના અંકમાં જે હૃદયસ્પર્શી સમાલોચના કરેલી છે તેમાં તેઓ શ્રી જણાવે છે કે........આચાર્યોને ઈશ્વર સ્વરૂપમાની અનીતિ આચરવાનું સંપ્રદાય કહેતો નથી, પણ લોકોની અજ્ઞાનતાનો કોઇ લાભ લે તેથી સંપ્રદાય પર હલ્લો કરવો એ વાંધા પડતું છે, કરસનદાસ મૂળજીના લાયબલ કેસમાં ધર્મના સિદ્ધાંતો વિષે ન્યાયાસન પર બેસી સર મેથ્યુ સોસ અને આર્નોલ્ડે જે વાત કહી છે તે સદંતર ખોટી છે. કરસનદાસ મૂળજીએ તેથીજ કહી શકાશે કે સુધારકનું નહી પણ સ્વધર્મ નિંદકનું કામ કર્યું છે.

સંપ્રદાયના સિદ્ધાંતોનું રક્ષણ કરવા માટે જેમણે પોતાના તન, મન, ધન, ની દરકાર કર્યા વિના બહાદૂર સૈનિક પેઠે સુધારકો સામે લડતમાં અજેયતા પ્રાપ્ત કરી છે. અને "પ્રહસ્તવાદ" શાણ્ડીલ ભક્તિસુત્ર "આદિ ગ્રન્થો બહાર પાડી વૈષ્ણવ સંપ્રદાયની મહાન્ સેવા કરી છે તે વિદ્દવર્ય શાસ્ત્રી **વસંતરામ હરિકૃષ્ણ** "શુદ્ધાદ્વૈત" વર્ષ ૩ જાના અંક ૧૧ માં ૪૮૩ પૃષ્ઠ ઉપર લખે છેઃ—

......જોત જોતામાં તો આ દેશમાં એક એવો વર્ગજ ઉભો થયો કે જેણે વિધર્મી સંસ્કૃતિની ગુલામી સ્વીકારીને, પોતાની જન્મભૂમિની વિશ્વોત્તમ સંસ્કૃતિપર હુમલા કરવા માંડયા ! આ વર્ગ ખ્રીસ્તી મીશનરીઓના વિચારોને અંધ વિશ્વાસથી અનુસરી રહ્યો હતો. એવી રીતે આત્મ હત્યા કરી રહેલા 'સુધારક' નામ ધારીઓને દેશના ધર્મ પ્રાણ સમૂહે ઘણાજ ખંખેરી નાખ્યા. પણ તેમનો આત્મ પલટો થયો નહિ. આ વિધર્મી સંસ્કૃતિના ગુલામો અને ભારતીય આદર્શના આજ્ઞા ધારકો વચ્ચે રણ સંગ્રામ શરૂ થયો. સુધારકોએ આર્યસંસ્કૃતિના મૂળ તરફ પ્રહારો શરુ કર્યા. તેમણે જાણ્યું કે, ભારતીય સંસ્કૃતિના મૂળ તેના છેલ્લામાં છેલ્લા સ્થાપક જગદ્ગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ ખૂબ મજબૂત કર્યા છે.

અને તેમના અનુયાયીઓનો વૈભવ વધતો જાય છે તેથી એ લોકોએ શ્રી વલ્લભીય સંપ્રદાયપર હુમલો શ
કર્યો. એમના હાથમાં રાજસત્તા તો હતીજ નહિ. તેથી નવા યુગમાં હથિયારોનો ઉપયોગ કરવા માંડ
આ હથિયાર તે કાગળ, કલમ અને ખડીઓ છે. ! ખેર. આવા શસ્ત્રોથી સંપ્રદાય ડરીને પાછો હઠે તે
નથી......સુધારકોના આ હુમલામાં કેવળ હીચકારાપણુંજ તરવરી રહ્યું છે, પુષ્ટિમાર્ગના આદર્શો સંસ્કૃ
કે સભ્યતા આદિ પર હુમલો તેમનાથી થઇ શકયો નહિ એટલે અનુયાયીઓનાં ખરાંખોટાં કલ્પિત વ્ય
ક્તિગત છિદ્રોપર પ્રહાર કરવા માંડયા., આ પ્રહારમાં, આ પિશાચયુદ્ધમાં તેઓ કાંઇક ફાવ્યા હશે, પ
તેમનું મન ધાર્યું તો નજ થયું. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના આદર્શે ધીરે ધીરે પોતાનો પ્રકાશ સંગીનપ
ફેલાવવા માંડયો. એક વખત દશલાખ જેટલી સખ્યા ધરાવતો સંપ્રદાય અત્યારે કરોડની સંખ્યા ધર
વે છે. સંપ્રદાયના સ્થાપક જગદ્‌ગુરુ શ્રી વલ્લભાધીશ્વરનું કુલપણ જગત્‌માં અજોડ સિદ્ધ થયું. એ
દુનિયામાં એક પણ કુલ નહિ હોય કે જેના નરરત્નોએ સાડાચારસો વર્ષ સુધી લાગલાગટ ઉમદા તત્ત્વજ્ઞાની
સંસ્કૃત અને ભક્તિમાર્ગીય સાહિત્ય અર્પ્યું હોય. આ સર્વ સાહિત્ય બહાર પડવા માંડયું. તેનો અભ્યા
વધ્યો. સંપ્રદાયના સિદ્ધાન્તો જાણનારા વધવા માંડયા. નવ શિક્ષિત યુવકોમાં પણ સાંપ્રદાયિક વિદ્યાન
પ્રચાર થયો ફરીને સંપ્રદાયની પતાકા આર્ય સંસ્કૃતિના મહાભવ્ય મહામંદિરપર ફર હરી રહી. સુધાર
નિસ્તેજ થયા, સંપ્રદાયના વધતા વૈભવે તેમના અંતઃકરણમાં દાવાનળ સળગાવ્યો. अस्तु.

સમાપ્ત.

શ્રીમદ્‌ વલ્લભકુળના બાળકોના જન્મ દિવસની નોંધ ગુજરાતી માસ પ્રમાણે

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી	ચૈત્ર વદી ૧૧
શ્રી ગોપીનાથજી	ભાદરવા વદી ૧૨
શ્રીગુસાંઇજી	માગશર વદી ૯

શ્રીગુસાંઇજીના સાત બાળકો કે જે સાત ગાદીના ટિકત કહેવાય છે તેમનાં નામ તથા જન્મ દિવસ.

૧ શ્રીગિરિધરજી	કારતક સુદી ૧૨
૨ શ્રીગોવિન્દરાયજી	,, વદી ૮
૩ શ્રીબાલકૃષ્ણલાલજી	ભાદરવા વદી ૧૩
૪ શ્રીગોકુલનાથજી	માગશર સુદી ૭
૫ શ્રી રઘુનાથજી	કારતક સુદી ૧૨
૬ શ્રીયદુનાથજી	ચૈત્ર સુદી ૬
૭ શ્રીઘનસ્યામજી	કારતક વદી ૧૩

હાલમાં ભૂતળ ઉપર ૬૦ બાળકો બિરાજે છે તેમના જન્મ દિવસ.

શ્રીગિરધરજીના વંશના ૪૮ તથા શ્રીયદુનાથજીના વંશમાં ૧૨

૧ શ્રીજીદ્વારમાં

૧ શ્રીગોવિન્દરાયજી	કારતક વદી ૭

૩ શ્રી કાંકરોલીમાં

૧ શ્રીવ્રજભુષણલાલજી	મહા વદી ૨
૨ શ્રીવિઠ્ઠલનાથજી	પોષ વદી ૯
૩ શ્રીયદુનાથજી	ચૈત્ર સુદી ૯

૪ શ્રી કોટામાં

૧ શ્રીદ્વારકેશલાલજી (શ્રીગિરિધરજી)	જેઠ સુદી ૯
૨ શ્રીરણછોડલાલજી	વૈશાખ કૃષ્ણ ૫
૩ શ્રીગોવિંદરાયજી	
૪ શ્રીપુરુષોત્તમલાલજી	માગશર વદી ૧૩

૧ શ્રી મથુરાં.

૧ શ્રીદામોદરલાલજી	ભાદરવા વદી ૩

૬ શ્રી કામવન

૧ શ્રીવલ્લભલાલજી	અષાડ સુદી ૩
૨ શ્રીગોવિંદરાયજી	કારતક સુદી ૧૩
૩ શ્રીરઘુનાથજી	ફાગણ સુદી ૪
૪ શ્રીરમણલાલજી	કારતક વદી ૯

૫	શ્રીવલ્લભલાલજી	શ્રાવણ વદી ૧૩
૬	શ્રીઘનસ્યામલાલજી	ફાગણ સુદી ૪

૨ શ્રી રાજનગર-અમદાવાદ

૧	શ્રીરણછોડલાલજી	પોષ વદી ૧૧
૨	શ્રીનટવરગોપાલજી	આસો વદી ૧૧

૩ શ્રી ઇંદાર

૧	શ્રીદેવકીનંદનલાલજી	વૈશાખ વદી ૧૧
૨	શ્રીકૃષ્ણરાયજી (બચુબાવા)	અષાડ વદી ૧૩
૩	શ્રીગિરધરલાલજી	માગસર સુદી ૧૩

૧ શ્રી વડોદરા

૧	શ્રીવલ્લભલાલજી	ભાદરવા વદી ૭

૧ શ્રી કાશી

૧	શ્રીમુરલીધરલાલજી	ચૈત્ર સુદી ૧૩

૪ શ્રી સુરત

૧	શ્રીવ્રજરત્નલાલજી	ભાદરવા સુદી ૭
૨	શ્રીગોવિંદરાયજી	ફાગણ સુદી ૧૧
૩	શ્રીમધુસુદનલાલજી	ફાગણ સુદી ૧૪
૪	શ્રીછોટાબાવા (શ્રીબાલકૃષ્ણલાલજી)	અશાડ વદ ૧૧

૯ શ્રી ચાપાસેની તથા માંડવી

૧	શ્રીવિઠ્ઠલેશરાયજી	શ્રાવણ વદી ૧૨
૨	શ્રીદ્વારકેશલાલજી	માગશર સુદી ૧૪
૩	શ્રીવ્રજનાથલાલજી	શ્રાવણ વદી ૧૦
૪	શ્રીદામોદરલાલજી	અશાડવદી ૨૫
૫	શ્રીનટવરલાલજી	મ ૧
૬	શ્રીઅનિરૂદ્ધલાલજી	માઘ વદી ૯
૭	શ્રીવ્રજભૂષણલાલજી	પોસ વદી ૧૨
૮	શ્રીવલ્લભલાલજી	પોસ સુદી ૧૦
૯	શ્રીમુરલીધરલાલજી	ચૈત્ર સુદી ૧૫

૨ શ્રી જુનાગઢ

૧	શ્રીપુરૂષોત્તમલાલજી	કારત સુદી ૨
૨	શ્રીવ્રજભુષણલાલજી	પોષ વદી ૧૨

૩ શ્રી પોરબંદર

૧	શ્રીઘનસ્યામલાલજી	અશાડ સુદી ૮
૨	શ્રીદ્વારકેશલાલજી	ચૈત્ર વદી ૧
૩	શ્રીગોવંદરાયજી	માઘ કૃષ્ણ ૩૦))

૨ શ્રી મુંબઇ (અમરેલી)

૧	શ્રી પુરૂષોત્તમલાલજી	ભાદરવા સુદી ૪
૨	શ્રી વિઠ્ઠલેશરાયજી	શ્રાવણ સુદી ૫

૪ શ્રી મુંબઇ

૩	શ્રી ગોપીકાવલ્લભજી	અશાડ સુદી ૨
૪	શ્રીગોકુલનાથજી	પોષ સુદી ૨
૫	શ્રીમુરલીધરજી	કારતક સુદી
૬	શ્રીવલ્લભલાલજી	પોષ વદી ૧

૧૪ શ્રી મુંબઇ

૧	શ્રી ગોકુલનાથજી	ભાદરવા સુદી ૧૨
૨	શ્રીકૃષ્ણજીવનજી	શ્રાવણ વદી ૯
૩	શ્રીદિક્ષિતજી	વૈશાખ વદી ૧૨
૪	શ્રીગોપીનાથજી	શ્રાવણ સુદી ૧૨
૫	શ્રીમુકુન્દરાયજી	અશાડ સુદી ૫
૬	શ્રીકલ્યાણરાયજી	પોષ શુદી ૧૦
૭	શ્રીમથુરેશજી	અશાડ સુદી ૩
૮	શ્રીમાધવરાયજી	વૈશાખ સુદી ૧૫
૯	શ્રીકૃષ્ણચંદ્રજી	ફાગણ વદી ૩૦))
૧૦	શ્રીજીવનેશજી	કારતક સુદી ૭
૧૧	શ્રીહરિરાયજી	આસો સુદી ૭
૧૨	શ્રીવ્રજાધીશજી	વૈશાખ વદી ૧૪
૧૩	શ્રીદ્વારકાનાથજી	કારતક વદી ૧૧
૧૪	શ્રીશ્યામસુંદરલાલજી	કારતક સુદી ૧૧

વૈષ્ણવોના નિત્યનિયમના ૫૦ પાઠ.

(શ્રી પુરૂષોત્તમ સહસ્રનામ સાથે)

શ્રી પુરુષોત્તમ સહસ્ત્ર સ્તોત્ર, ષોડશગ્રન્થ, આદિ હંમેશ પાઠ કરવાનાં ભાવવાહી સ્તોત્રો ઘણા મોટા અક્ષરથી છપાવ્યા છે. આ ગ્રન્થ સેવામાં ઉપયોગી હોવાથી રેશમી પાકુ પુઠું કર્યું છે. ન્યો. રૂ. ૦-૧૦-૦

અમારા તરફથી પ્રગટ થયેલાં પુસ્તકો.

૧	વિવિધ ધોળ તથા પદસંગ્રહ ભાગ ૧ લો. (આવૃત્તિ ૫ મી)	૧—૦—૦
૨	વિવિધ ધોળ પદ સંગ્રહ ભાગ ૨ જો (આવૃત્તિ ૪ થી)	૧—૦—૦
૩	શ્રી ગોકુલેશજીનાં ધોળ તથા પદ	૧—૦—૦
૪	નિત્ય નિયમના પાઠ તથા ધોળ (આવૃત્તિ ૭ મી)	૦—૪—૦
૫	શ્રીગોકુલનાથજીનાં ૨૪ વચનામૃત (ગુજરાતી)	૦—૪—૦
૬	પ્રબ્રહ્મસંબંધ કાવ્ય (આવૃત્તિ ૩ જી)	૦—૪—૦
*૭	જરૂર આટલું તો વાંચજો (આ. ૨ જી)	૦—૨—૦
૮	ભક્તિ પોષણ	૦—૨—૦
૯	શ્રી ગોવર્ધનનાથજીનું પ્રાકટ્ય (આવૃત્તિ ૨ જી)	૦—૫—૦
૧૦	શ્રીષોડશ ગ્રન્થો સરળ ગુજરાતી ટીકા (આવૃત્તિ ૨ જી)	૩—૦—૦
૧૧	શ્રીગુસાંઈજીકૃત વિજ્ઞપ્તિ (આવૃત્તિ ૨ જી)	૦—૪—૦
૧૨	શ્રીગોકુલનાથજીનાં ૨૪ વચનામૃત (વ્રજભાષા)	૦—૫—૦
૧૩	શ્રી મહુજીમહારાજ કૃત ૩૨ વચનામૃત (આવૃત્તિ ૨ જી)	૦—૪—૦
૧૪	નિત્યનિયમના ૪૯ પાઠ મૂળ શ્લોક માત્ર (આવૃત્તિ ૪ થી)	૦—૮—૦
૧૫	૮૪ વૈષ્ણવની વાર્તા ગુજરાતી (આવૃત્તિ ૩ જી)	૧—૪—૦
૧૬	શ્રી યમુના સ્તોત્ર રત્નાકર (આવૃત્તિ ૨ જી)	૦—૮—૦
૧૭	શ્રી સ્વરૂપદર્શન (૧૪૦ ફોટાવાળું) (આવૃત્તિ ૪ થી)	૨—૦—૦
*૧૮	કીર્તનસંગ્રહ ભા. ૧ લો વર્ષોત્સવકે કીર્તન (મોટા અક્ષરથી)	૧૦—૦—૦
૧૯	શ્રીવલ્લભાખ્યાન મુળપુરૂષ વ્રજભાષા	૦—૨—૦
૨૦	શ્રીયમુનાજીનાં ૪૦ પદ (વ્રજભાષા) વનયાત્રા, નિત્યલીલા સાથે	૦—૨—૦
*૨૧	વનયાત્રા	૦—૧—૩
૨૨	શ્રીગિરિરાજ ભૂષણ ગ્રન્થ સટીક	૦—૧૦—૦
*૨૩	શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર (બે ભાગમાં માળા પ્રસંગ સાથે)	૨—૦—૦
૨૪	શ્રીહરિરાયજી કૃત બડે શિક્ષાપત્ર(ગુજરાતી ટીકા)આવૃત્તિ ૩ જી	૧—૦—૦
*૨૫	તીર્થયાત્રાનો હેવાલ (આખા હિંદુસ્તાનમાં આવેલાં વૈષ્ણવ સંપ્રદાયનાં સઘળાં તીર્થોની સંપૂર્ણ માહિતિવાળુ)	૨—૦—૦
૨૬	ભાવસિન્ધુ વ્રજભાષા	૧—૪—૦
૨૭	નિજવાર્તા, ઘરૂવાર્તા, બેઠક ચરિત્ર (આવૃત્તિ ૨જી)	૨—૦—૦
૨૮	શ્રીસર્વોત્તમસ્તોત્ર સટીક (આવૃત્તિ ૪ થી)	૦—૨—૦
૨૯	શ્રીપુરૂષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્ર	૦—૪—૦
૩૦	શ્રીવલ્લભાષ્ટક, ગુજરાતી ટીકા	૦—૬—૦
*૩૧	શ્રીઅષ્ટાક્ષર નિરૂપણ અષ્ટાક્ષર મહામંત્રનું ગુજરાતી ભાષાન્તર	૦—૬—૦
૩૨	પંચામૃત	૦—૮—૦
૩૩	રાસપંચાધ્યાયી (નંદદાસજી કૃત) ...	૦—૨—૦
૩૪	દીનતા આશ્રયનાં પદ	૦—૨—૦
*૩૫	શ્રીગિરિધરલાલજી મહારાજ કાંકરોલી વાળાનાં ૧૨૦ વચનામૃત	૩—૦—૦
૩૬	બસોબાવન વૈષ્ણવની વાર્તા અનેક ટીપ્પણ, ટીકા સાથે ગુજરાતી (આવૃત્તિ ૩ જી) ...	૨—૦—૦
૩૭	વૈષ્ણવના નિત્ય નિયમના ૫૦ ગ્રન્થો મૂળ શ્લોક માત્ર ઘણા મોટા અક્ષરથી ...	૦—૧૦—૦
૩૮	શ્રીકાકાવલ્લભજી મહારાજનાં વચનામૃત ...	૦—૮—૦
૩૯	શ્રીદ્વારકાનાથજીના પ્રાગટ્યની વાર્તા ...	૧—૦—૦
૪૦	શ્રીસુરદાસજીનું જીવન ચરિત્ર	૧—૦—૦
૪૧	શ્રીગોસ્વામી બાળકોની વંશાવળી ૭ ઘરની દરેકના	૦—૨—૦
*૪૨	પુષ્ટિપ્રવેશ	૦—૨—૦
૪૩	કન્યાશિક્ષણ (આવૃત્તિ ૩ જી)	૦…૨—૦

* આ નિશાનીવાળાં પુ. મળતાં નથી.